આચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા

ગ્રન્થાંક ૫

# ધર્મ-શ્રદ્ધા

## Faith in Religion

—: લેખક અને સંગ્રાહક :—

પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

આચાર્યશ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી જૈનગ્રન્થમાળા

ગ્રન્થાન્ક ૫.

# ધર્મ-શ્રદ્ધા.

# Faith in Religion.

श्रद्धावाँल्लभते ज्ञानम्

संशयात्मा विनश्यति

વીર સંવત ૨૪૬૮ ∴ વિક્રમ સંવત ૧૯૯૮

ઇસ્વી સન ૧૯૪૨ ∵ આત્મ સંવત ૩૬

પ્રકાશક:-
કેસરબાઈ જ્ઞાનમંદિર,
નગીનભાઈ હૉલ, પાટણ.

अज्ञश्चाऽश्रद्दधानश्च
संशयात्मा विनश्यति ।
नाऽयं लोकोऽस्ति न परो
न सुखं संशयात्मनः ॥१॥

મુદ્રક:-હીરાલાલ દેવચંદ શાહ
શ્રી શારદા મુદ્રણાલય,
જુમામસીદ સામે-અમદાવાદ.

# પ્રકાશકનું નિવેદન.

અમારા તરફથી આજ સુધીમાં અનેક ગ્રન્થરત્નો બહાર પડી ચૂકયાં છે. તેમાં **‘ધર્મ–શ્રદ્ધા’** નામના આ એક પુસ્તકથી ઉમેરો થાય છે. અમારા તરફથી આવા પ્રકારનું શુદ્ધ શ્રદ્ધાને પોષક એવું વાંચન ધર્મી સમાજને મળતું રહે એવી અમારી આગ્રહ ભરી વિનંતિને લક્ષ્યમાં લઇ પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટપ્રભાકર, પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, મહારાષ્ટ્ર દેશોદ્ધારક, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજે આ પુસ્તક તૈયાર કરી આપવાની કૃપા કરી છે. અર્થી આત્માઓ તેનો લાભ લઇ પોતાની ધર્મ શ્રદ્ધાને દીપ્તિમંત બનાવે તથા પરિણામે સુગતિના ભાગી બને, એજ એક હાર્દિક અભિલાષા.

પાટણ.
સં. ૧૯૯૮
વૈશાખ સુદ ૧૫ ને ગુરૂવાર
તા. ૩૦–૪–૧૯૪૨.

**શ્રી પાટણ કેસરબાઈ જ્ઞાનમંદિરના**
વ્યવસ્થાપક
**સંઘવી નગીનદાસ કરમચંદ.**

# પ્રાક્-કથન

દશપૂર્વધર વાચકમૂખ્ય શ્રી **ઉમાસ્વાતિજી** મહારાજ સ્વરચિત "શ્રી **અર્હત્પ્રવચન સંગ્રહ**" અપરનામ "**શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર**" નો પ્રારંભ કરતાં, પ્રથમ સૂત્રમાં જ ફરમાવે છે કે-

"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । १–१ ।"

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, એ ત્રણની એકત્રિતતા એ મોક્ષનો માર્ગ છે. મુક્તિ માર્ગમાં જેટલી જરૂર જ્ઞાન અને ચારિત્રની છે, તેટલી જરૂર દર્શનની પણ છે. જ્ઞાન અને ચારિત્રની સફળતાનો આધાર, દર્શન ઉપર છે. સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન એ વસ્તુતઃ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. એજ રીતિએ સમ્યગ્દર્શન વિનાનું ચારિત્ર, એ વસ્તુતઃ ચારિત્ર નથી પણ કાયકષ્ટ છે. સમ્યગ્દર્શનના અનેક અર્થો થાય છે. પરન્તુ સામાન્ય રીતિએ એમ કહી શકાય કે- સમ્યગ્દર્શન એટલે શ્રી વીતરાગ અને સર્વજ્ઞ ભગવન્તોનાં કથનો ઉપરની અવિચળ શ્રદ્ધા. એ શ્રદ્ધાથી વિહીન આત્માનું સાડાનવ પૂર્વનું જ્ઞાન અને નિરતિચાર ચારિત્ર પણ ભવની પરમ્પરાને ઘટાડી શકાતું નથી. મુક્તિ માર્ગમાં જ શ્રદ્ધાની ઉપયોગિતા છે, એમ નથી. હરકોઇ પ્રવૃત્તિમાં શ્રદ્ધા વિનાના માણસો સફળતા મેળવી શકતા નથી. બાળક માતા ઉપર શ્રદ્ધા રાખે તો જ મોટું થઇ શકે છે. વિદ્યાર્થી શિક્ષક ઉપર શ્રદ્ધા રાખે તો જ વિદ્વાન બની શકે છે. નોકર શેઠ ઉપર શ્રદ્ધા રાખે

તો જ સુખી થઇ શકે છે. તેજ રીતિએ પત્ની પતિ ઉપર, પતિ પત્ની ઉપર, પ્રજા રાજા ઉપર, રાજા પ્રજા ઉપર, શિષ્ય ગુરૂ ઉપર, ગુરૂ શિષ્ય ઉપર, એમ પરસ્પર શ્રદ્ધા અને વિશ્વાસના યોગે જ પરસ્પરનો સુખપૂર્વક વ્યવહાર ચાલી શકે છે. જે ક્ષણે એક બીજા ઉપર અવિશ્વાસ અને અશ્રદ્ધાની નજરે જોવું શરૂ થાય છે, તેજ ક્ષણે વ્યવહાર બગડે છે, કાર્યસિદ્ધિ અટકે છે અને અવ્યવસ્થા ઉભી થાય છે. એક જ ભવ પુરતાં અને સામાન્ય કોટિનાં કાર્યો પણ જ્યારે શ્રદ્ધા કે વિશ્વાસ વિના સિદ્ધ થતાં નથી, તો પછી–" અનેક ભવોમાં ઉપયોગી નિવડે તેવાં અને કોઇ પણ ભવમાં સિદ્ધ નહિ થયેલાં એવાં આત્મિક સિદ્ધિને લગતાં મહત કાર્યોની સાધના શ્રદ્ધા કે વિશ્વાસ વિના થઇ શકે "–એમ માનવું, એ પ્રત્યક્ષ અનુભવનો ઇન્કાર કરવા બરાબર જ ગણાય !

આત્મશ્રેયકારી લોકોત્તર ઉપકારી ધર્મસાધનાને લગતાં કાર્યોની સિદ્ધિ શ્રદ્ધા વિના થવી અશક્ય છે. એજ કારણે, મુક્તિમાર્ગના વર્ણનમાં જ્ઞાન અને ચારિત્રની પણ પહેલાં, દર્શનની જરૂરીયાત ઉપર ભાર મૂકયો છે. જ્ઞાનાભ્યાસ ઘણો હોય અને ચારિત્રપાલન કષ્ટપૂર્ણ હોય તો પણ, જેને તેના પર શ્રદ્ધા નથી બેઠી, તેને તે છાર ઉપર લીંપણ સમાન છે. અંક વિનાનાં મીડાઓનું જેટલું મૂલ્ય છે, તેટલું જ મૂલ્ય શ્રદ્ધા વિનાના જ્ઞાનનું અને શ્રદ્ધા વિનાના ચારિત્ર પાલનનું છે. આજે ધર્મ થાય છે, ધર્મનાં અનુષ્ઠાનો સેવાય છે, જ્ઞાન પણ ભણાય છે, ચારિત્ર પણ પળાય છે, છતાં જેવી પ્રગતિ દેખાવી જોઈએ તેવી પ્રગતિ કેમ દેખાતી નથી ? ધર્મ પ્રત્યે, ધર્મસ્થાન પ્રત્યે, ધર્માનુષ્ઠાન પ્રત્યે, ધર્મના ધોરી

ધુરંધર પુરૂષો પ્રત્યે કે તેમને અનુસરનારાઓ પ્રત્યે જગતનું જેવું આકર્ષણ થવું જોઇએ તેવું આકર્ષણ કેમ થતું નથી ? શું જ્ઞાનની ખામી છે ? ચારિત્રની ખામી છે ? ક્રિયાઓની ખામી છે ? હશે, પણ તેટલી તો નહિ જ કે જેટલી શ્રદ્ધાની છે. અને એ શ્રદ્ધાની ખામીના પ્રતાપે જ, બીજી બધી ખામીઓ તેટલા પ્રમાણમાં પુરાતી નથી. કૃષિક્રિયાને વિકસાવવામાં મુખ્ય હેતુ જેમ પાણી છે, તેમ જ્ઞાન, ચારિત્ર કે ધર્મનિમિત્તક અનુષ્ઠાનોને શોભાવનાર, દીપાવનાર કે વિકસાવનાર મુખ્ય હેતુ શ્રદ્ધા છે. શ્રદ્ધા જ્ઞાનને શોભાવે છે, ચારિત્રને દીપાવે છે અને ક્રિયાઓને વિકસાવે છે: અથવા તો તે સર્વની સફલતા માટે શ્રદ્ધા એ એક અનિવાર્ય વસ્તુ છે. ધર્મોન્નતિ અને તેને પરિણામે થતી વિશ્વોન્નતિને મેળવવી હોય, તો બીજા પ્રયત્નોને ગૌણ બનાવીને, સમ્યક્ શ્રદ્ધાને સુદૃઢ બનાવવાના પ્રયત્નોને જ સૌથી વધુ અગત્ય આપવાની જરૂર છે.

શ્રદ્ધાને સુદૃઢ બનાવવાનો સહેલામાં સહેલો અને સર્વોત્તમ ઉપાય અધિકારી પુરૂષોના મુખે સમ્યગ્ જ્ઞાનના ભંડાર સમા શ્રીજિનાગમોનું નિયમિત શ્રવણ કરવું એ છે. એ સિવાય, બીજા બધા ઉપાયો ભય ભરેલા અને જોખમી છે. પુસ્તક–વાંચનથી, કહેવાતા આધુનિક કે અન્ય શિક્ષણથી કે જેના તેના મુખેથી ધર્મવિષયક વક્તવ્યોનાં શ્રવણથી ધર્મ શ્રદ્ધા વધે, એમ માનવું મિથ્યા છે. શ્રદ્ધા શ્રદ્ધાળુથીજ વધે, અશ્રદ્ધાળુથી નહિ જ. આગમના જ્ઞાતા એવા શ્રદ્ધાસંપન્ન અને ચારિત્રપાત્ર મહર્ષિઓનાં મુખ કમલદ્વારા સદુપદેશોના શ્રવણ વિના, શ્રદ્ધાની પ્રાપ્તિ જગતમાં દુર્લભ છે. એ કારણે એવા શ્રદ્ધાળુ મહર્ષિ-

ઓને શાસ્ત્રોમાં નિશ્ચળ બેટ અને સ્થિર દીપક સમાન કહેલા છે. ચારિત્ર પાલનમાં ધીર હોવાથી નિશ્ચળ બેટ સમાન છે. સમ્યગ્જ્ઞાનના પ્રચારક હોવાથી સ્થિર દીપક સમાન છે. જેમ દીવા જ બીજા દીવાને સળગાવી શકે છે, તેમ સ્થિર દીપક સમાન તેવા સત્પુરૂષો જ શ્રી જિનાગમ રૂપી પ્રકાશ પાથરીને, બીજાં અશ્રદ્ધાળુ અને અજ્ઞાન હૈયાંઓમાં પણ, શ્રદ્ધા અને જ્ઞાનનો પ્રકાશ પહોંચાડી શકે છે.

પરન્તુ સર્વ કોઇને સર્વ કાળે અને સર્વ સ્થળે સ્થિર દીપક સમા સમ્યગ્ જ્ઞાની મહર્ષિઓનો સત્સંગ પ્રાપ્ત થવો સુલભ નથી. તેવા આત્માઓને પણ યત્કિંચિત્ ઉપકાર થાય તે ખાતર, તેવા જ જ્ઞાની મહર્ષિઓનાં મુખ કમળો-માંથી નીકળેલાં શ્રદ્ધાપોષક વચનો પુસ્તક રૂપે પ્રચારવા એ બીજો ઉપાય છે. એવાજ એક પ્રયત્ન રૂપે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં જ્ઞાન પૂર્વકની શ્રદ્ધા ઉત્પન્ન કરવાને માટે અત્યંત જરૂરી અને શ્રદ્ધા રૂપી દેહના પ્રાણસમા અગત્યના વિષયો, જેવા કે ધર્મ, આત્મા, સર્વજ્ઞ, સ્યાદ્વાદ, ભક્તિ, મુક્તિ આદિનું સુગ્રાહ્ય થાય તે રીતે પ્રશ્નોત્તરાત્મક વિવેચન આપેલું છે, જે વાંચ-નારને રસદાયી થવા સાથે ઉપયોગી તત્ત્વજ્ઞાન પૂરું પાડે છે. એ વિવેચન વર્તમાનમાં ઉત્પન્ન થતાં સંદેહો, કે જેનું નિરા-કરણ પૂરૂં પાડવું જરૂરી અને હિતાવહ છે, તે સંદેહોનું નિરાકરણ કરનાર હોવાથી, શ્રદ્ધા રૂપી સદ્ગુણને પુષ્ટ બનાવે છે. ગ્રન્થની છેવટે અને અંતિમ-કથનની પહેલાં આપેલા અંગ્રેજ લેખકોના ઉદ્ગારો પણ શ્રદ્ધાને સુદૃઢ બનાવે તથા ધર્મ અને સદાચાર પ્રત્યે સદ્ભાવ જગાડે તેવા પ્રકારના

ચૂંટીને દાખલ કરવામાં આવ્યા છે. આ નાનકડું પુસ્તક કેવળ વાંચવા માટે નહિ, કિન્તુ શ્રદ્ધા જગાડવા માટે તથા એકવાર નહિ કિન્તુ અનેકવાર વાંચવાની ભલામણ છે. ધર્મ-શ્રદ્ધાને સુદૃઢ બનાવવા માટે, પ્રાથમિક ભૂમિકામાં આજના સમયે જરૂરી એવી ઘણી વાતો આલેખાયેલી આમાં મળી આવશે.

આજે જ્યારે અશ્રદ્ધાનુ જોર વધતું જાય છે, ત્યારે જેના યોગે જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા ઉત્પન્ન થવા પામે તેવા સાહિત્યના પ્રકાશન અને પ્રચારની ખાસ જરૂર ઉભી થઇ છે. સંવત ૧૯૯૭ના અંધેરીના ચાતુર્માસ દરમ્યાન અંધેરી-નિવાસી સંઘવી **નગીનદાસ કરમચંદ** તરફની વિનંતિના પરિણામે આ એક સ્વલ્પ પ્રયાસ કરવામાં આવ્યો છે.

એમાં રહેલી ત્રૂટિઓ અને અશુદ્ધિઓ વિગેરે ઉપર લક્ષ્ય નહિ આપતાં, પ્રકાશક અને લેખકના આશયની શુભતા ઉપર લક્ષ્ય દઇ, સમ્યક્ શ્રદ્ધા રૂપી અમૂલ્ય સદ્ગુણનો વિકાસ કરવા માટે જ, આનો ઉપયોગ કરવામાં આવે એવી સો કોઇ વાંચકને લેખકની ભલામણ છે.

સં. ૧૯૯૮, મહા વદી ૫, શુક્રવાર
**ઘાટકોપર.** તા. ૫-૨-૧૯૪૨. } **મુનિ ભદ્રંકરવિજય.**

# વિષયાનુક્રમ.


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| ધર્મ | ૩ |
| સર્વજ્ઞ | ૩૧ |
| સ્યાદ્વાદ | ૪૫ |
| આત્મા | ૫૯ |
| કર્મ | ૬૯ |
| મુક્તિ | ૭૬ |
| ભક્તિ | ૮૫ |
| શ્રદ્ધા | ૯૯ |
| અહિંસા | ૧૧૮ |
| માનવ કર્તવ્ય | ૧૩૨ |
| સુખ અધિક કે દુઃખ ? | ૧૪૪ |
| પ્રાર્થના | ૧૫૫ |
| સૃષ્ટિ કર્તા | ૧૬૬ |
| વારસો | ૧૭૭ |
| શ્રી જિનાગમ | ૧૯૧ |
| પરમાત્મ-દ્વાત્રિંશિકા | ૧૯૬ |
| Faith in Religion | 207 |
| વિચાર અને વર્તન | ૨૨૨ |
| અન્તિમ કથન | ૨૩૮ |



# ધર્મ—શ્રદ્ધા

( १ )

**छिन्नमूलो यथा वृक्षो, गतशीर्षो यथा भटः ।**
**धर्महीनो धनी तद्वत्, कियत्कालं ललिष्यति ॥**

મૂલરહિત જેમ વૃક્ષ તથા મસ્તકરહિત જેમ સુભટ તેમ ધર્મ-રહિત ધનાઢ્ય કેટલો કાળ ટકી શકશે–સમૃદ્ધ રહી શકશે ?

( २ )

**धराऽन्तःस्थं तरोर्मूलमुच्छ्रयेणाऽनुमीयते ।**
**अदृष्टोऽपि तथा प्राच्यधर्मो लक्षेत संपदा ॥**

ધરતીની અંદર રહેલ મૂલ જેમ વૃક્ષની ઉંચાઇથી માપી શકાય છે, તેમ અદૃશ્ય એવો પણ ધર્મ પૂર્વોપાર્જિત પુણ્ય સંપત્તિ વડે ઓળખી શકાય છે.

( ३ )

**धर्मादधिगतैश्वर्यो, धर्ममेव निहन्ति यः ।**
**कथं शुभगतिर्भावी, स स्वामिद्रोहपातकी ॥**

ધર્મથી ઐશ્વર્યને પામેલો જે ધર્મનેજ હણે છે, તે સ્વામિ દ્રોહનો પાતકી શુભગતિને કેવી રીતે પ્રાપ્ત કરવાનો છે ?

( ४ )

**धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।**
**फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥**

મનુષ્યો ધર્મના ફલને ઇચ્છે છે પણ ધર્મને ઇચ્છતા નથીઃ પાપના ફલને ઇચ્છતા નથી પણ પાપને આદરપૂર્વક કરે છે.

( ५ )

**चला लक्ष्मीश्चलाः प्राणाश्चलं चंचलयौवनम् ।**
**चलाऽचलेऽस्मिन् संसारे, धर्म एको हि निश्चलः ॥५॥**

લક્ષ્મી ચંચલ છે. પ્રાણો ચંચલ છે. યૌવન પણ ચંચલ છે. ચલાચલ આ સંસારને વિષે ધર્મ એક જ નિશ્ચલ છે.

# ધર્મ—શ્રદ્ધા

## ધર્મ

### (૧)

**પ્રશ્ન૦** જગત્‌માં ધર્મ એ શું ધતીંગ નથી?

**ઉત્તર૦** જગતમાં ધર્મ એ ધતીંગ નથી, પણ ધર્મની પાછળ વિચાર અને ચોગ્ય ધોરણુ રહેલું છે. ધર્મના કોઇ કોઈ આચરનારામાં કે કોઇ કોઇ આચરણમાં દોષ હોય, તેથી ધર્મ દોષિત ઠરતો નથી. જીવનમાં જેમ ખાનપાન, ઇન્દ્રિય-સુખોપભોગ, નિદ્રા, કૌટુમ્બિક જીવન, સામાજિક જીવન, રાષ્ટ્રિય જીવન આદિને સ્થાન છે, તેમ ધાર્મિક જીવનનું પણ અવશ્ય સ્થાન છે. માત્ર ખાઇને બેસી રહેવું, એજ જીવનની સાર્થકતા હોત, તો જંગલી જાનવર કે મનુષ્યમાં કશો તફાવત જ ન હોત. જંગલી મનુષ્ય કે જાનવર પણ કટોકટીની વખતે ધર્મની પ્રેરણા મેળવવા માટે પ્રયાસ કરતો

જોવામાં આવે છે. ધર્મ ઉપર ભાર દેવામાં જ્ઞાનીઓની જન-સમાજ પ્રત્યે હિતની દૃષ્ટિ છે, કિન્તુ તેમાં ગતાનુગતિકતા, અંધ અનુકરણ કે અવિચારિત-પ્રવૃત્તિ નથી: માનવીને તેના સુખ માટે જ્યાં-ત્યાં ફાંફાં મારતો બચાવી યોગ્ય માર્ગે ચઢાવવાનો જ્ઞાનીઓનો એ દ્વારા પ્રયત્ન છે. સદાચરણ એ ધર્મનું સ્થૂલ શરીર છે. સદ્વિચાર એ ધર્મનું સૂક્ષ્મ શરીર છે. કેટલાક નીતિને જ ધર્મનું સર્વસ્વ માને છે, પણ વસ્તુતઃ નીતિ એ ધર્મનું ફળ છે. ધર્મ વિના નીતિની ઇમારત રેતીના પાયા ઉપર ઉભેલી છે. ધર્મભાવનાવડે જ નીતિ ઉપર અખંડ શ્રદ્ધા ટકી રહે છે. જીવનના કટોકટીના પ્રસંગોમાં સહાય-ભૂત થનારાં નીતિનાં સૂત્રો નથી, કિન્તુ ધર્મભાવના છે. ધર્મને સાચા સ્નેહથી ભેટેલો કોઇ અતૃપ્ત રહ્યો નથી. પરા કોટિની બુદ્ધિના વિદ્વાનો ધર્મમાં જ શાન્ત થઈ ગયા છે. તેનું કારણ ધર્મ આત્મા ઉપર સીધી અસર કરે છે, અને આત્મા એજ આ જગતમાં અમૃતતત્ત્વ છે.

**પ્રશ્ન૦** ધર્મના જૂદા જૂદા વાડાઓ ઈર્ષ્યા, અસૂયા અને અસહિષ્ણુતાદિને ફેલાવી અધર્મની વૃદ્ધિ નથી કરતા ?

**ઉત્તર૦** વાડા, વંડીઓ કે સંપ્રદાયોની અનિષ્ટતા જેમ આગળ કરવામાં આવે છે, તેમ તેની અનિવાર્યતા તરફ પણ લક્ષ્ય આપવું જોઈએ. જંગલના પશુઓની જેમ કુદરતના નૈસર્ગિક મહેલમાં વિચરવાનો વિચાર ઘણો સુંદર લાગે છે, તો પણ માનવીઓ રહેવા માટે ઘર સર્જે છે, રાજકીય કે સામાજિક પક્ષોમાં જુસ્સાભેર ભળે છે, જૂદા જૂદા દેશો અને રાષ્ટ્રોના વાડાઓ બાંધે છે અને તેની રક્ષાના નામે લાખો મનુષ્યોની આહુતિઓ પણ આપે છે. એ બધા

વાડાઓને બાંધવા, પોષવા અને ટકાવી રાખવા અને કેવળ ધર્મના વાડાઓ ઉપર જ કટાક્ષ કરવો, એ વાડાનો કંટાળો નથી પણ ધર્મને ધકકે ચઢાવવા માટેનો પ્રયત્ન છે. પ્રત્યેક ક્ષેત્રમાં વાડાઓ બાંધવા તરફ મનુષ્યનું સ્વાભાવિક વલણ છે અને એ વાડાની મમતા જ મનુષ્યમાં ઉત્સાહ અને ઉમંગને પ્રેરે છે. એનાથી અનિષ્ટો નિપજે છે, પણ એ અનિષ્ટોને આગળ કરી વાડાબંધી નાબૂદ કરવાનો પ્રયાસ કરનાર ધર્મથી સર્વથા વંચિત રહી જાય છે. ધર્મ એ માનવીને મન એક શાકભાજી જેવી ચીજ નથી કે જે હોય તે ચાલે. પ્રેમ એ જેમ સ્વયંભૂ છે, તેમ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા એ પણ સ્વયંભૂ છે. ધર્મના વિષયમાં સર્વનાં મન એક જગ્યાએ ઠરતાં નથી. ભૌતિક પ્રેમની જેમ ધર્મ શ્રદ્ધામાં પણ જેનાં મન જ્યાં ઠર્યાં ત્યાં જ ઠરે છે. ધર્મના સંબંધમાં બધા વાડાઓનું ઐકય કરવાને મથતો આદમી એક નવા જ વાડાને ઉભો કરનારો થાય છે અથવા કોઇ પણ પ્રકારના ધર્મથી સર્વથા વંચિત રહી જાય છે.

**પ્રશ્ન૦** ધર્મ પ્રત્યે આજે આટલી બેદરકારી શાથી છે ?

**ઉત્તર૦**ધર્મ પ્રત્યેની અત્યારની બેદરકારીનાં કારણો અનેક છે. જડવાદની વૃદ્ધિ અને એને પોષતું જ શિક્ષણ પ્રચાર પામવાથી કેળવણી પામેલા ઘણાઓની ધર્મશ્રદ્ધા પડી ભાંગી છે. વિલાસપ્રિયતા વધવાના કારણે સંયમના માર્ગો સાથે વર્તમાનના જીવોને ફાવટ આવતી નથી. ધર્મ એ આરોહણ અને સયંમનો માર્ગ છે, તેથી અઘરો છે. જડવાદના અંગે પ્રદીપ્ત થયેલી બાહ્ય અહંતા પણ ધર્મ પ્રત્યે રીસામણાનું કારણ છે. અહંતાના યોગે કેટલાકો એમ માને છે કે–'માનવું

એટલે પાળવું. અને જો પાળવું નહિ તો માનવું નહિ.' માન્યા પછી નહિ પાળવામાં અહંતા ઘવાય છે. એ કારણે સ્વયં સ્વીકારેલી અહંતાને જાળવી રાખવા માટે પણ ધર્મ પ્રત્યે આંખમીંચામણાં કરવામાં આવે છે. વસ્તુતઃ માનવું અને પાળવું, એ બે એક વસ્તુ નથી. માનવું એટલે પાળવાની હાર્દિક ભાવના રાખવી. પાળવું એટલે તો અસ્ખલિત જીવન ગાળવું. પણ એ તો માનવીનું અભિલષિત છે, લક્ષ્ય છે. સત્યને, દયાને કે શીલને સંપૂર્ણ ન પાળી શકીએ, ત્યાં સુધી તેને માનવા, પૂજવા અને વંદવાનો પણ શું માનવીને અધિકાર નથી ? અવશ્ય છે. ધર્મની મુખ્ય પ્રવૃત્તિ મનુષ્યના વિકારોને મર્યાદિત કરવા પ્રત્યે છે. ધર્મમાં મર્યાદાના ગીત-ગાન છે, પણ સ્વચ્છંદતાના નહિ. મનુષ્યના મોટા ભાગને બંધનો ગમતા નથી. તે કહે છે કે–મનુષ્ય થયા પછી તે બંધનો શા ? મનુષ્યને દરેક વાતમાં સ્વાતંત્ર્ય કેમ નહિ ? પણ એ પ્રશ્નો કરનારા ભૂલી જાય છે કે–એવું સ્વાતંત્ર્ય તો પશુ અવસ્થામાં ઘણું છે, એથી પશુઓને કેટલી શાંતિ છે ? ઈંદ્રિયોની નિરંકુશ પ્રવૃત્તિ તો અશાંતિને ઢસેડી લાવનારી છે. એ જાતિના નિરંકુશ અને સ્વચ્છંદ વર્તનમાંથી માનવીને મુક્ત કરવા માટે તો ધર્મની જરૂર છે. ધર્મના પ્રત્યેક આદેશ માનવીના વિલાસોને મર્યાદિત બનાવે છે. દયા, હિંસાને મર્યાદિત કરે છેઃ સત્ય, વાણીને મર્યાદિત કરે છેઃ બ્રહ્મચર્ય, ઇન્દ્રિયોને મર્યાદિત કરે છેઃ તપ, વિકારોને વશ કરે છેઃ અને પરોપકાર, લોભ અને પ્રમાદને હઠાવે છે. એ મર્યાદાઓની સાધનામાં જ મનુષ્જીવનનું ગૌરવ છે. ઇન્દ્રિયજન્ય સુખોથી પર એવી કોઇ શાન્તિ અને સુખ માટે મનુષ્યનું હૃદય હમેશાં

તલસે છે. તે તરફ મનુષ્યને લઇ જવો, એ ધર્મનું કાર્ય છે. બાહ્ય ઇન્દ્રિયોની ગુલામીમાં જેઓની બુદ્ધિ વ્યામોહિત થયેલી છે, તેઓના અંતરમાં ઉન્નત ભાવનાઓને ઉત્પન્ન કરનાર અનેક પ્રકારની મર્યાદા અને અંકુશોવાળું ધાર્મિક જીવન કદી પણ પ્રિય થઇ શકતું નથી. અહંકારના ઉન્માદમાં એવા આત્માઓને પોતાનો કે પરનો કલ્યાણ માર્ગ ધ્યાનમાં આવી શકતો જ નથી.

**પ્રશ્ન૦** ધર્મની સર્વસાધારણ ભૂમિકા શું ?

**ઉત્તર૦** ધર્મની સર્વસાધારણ ભૂમિકા સર્વજ્ઞની બુદ્ધિ છે. સર્વજ્ઞબુદ્ધિ જ મૌલિક બૃહત્ સત્યોનો યથાર્થ નિર્ણય આપી શકે. સર્વજ્ઞપ્રેરિત શાસ્ત્રો, એ ધર્મનો મૂખ્ય આધાર છે. એ શાસ્ત્રો સદાચાર, ઈશ્વરભક્તિ અને તત્ત્વનાં વર્ણનોથી ભરપુર હોય છે. સત્ય, દયા, તપ, બ્રહ્મચર્ય અને પવિત્રતાના અનેકવિધ માર્ગોનું તે સંગ્રહસ્થાન છે. એનાથી ઉદ્દ્ભવ પામેલા ધર્મના ત્યાગ પછી માનવની કાંઇ વિશિષ્ટતા નથી. કામવાસના-ઓના અનિયંત્રિત વ્યવસાયવાળી પશુતા તો પશુમાં પણ નથી. ધર્મનું અમૂક અંગ મનુષ્યને ફાવતું ન આવ્યું, તેટલા ઉપરથી તે ધર્મ ઉપર જ ઘા કરવા બેસી જાય, તો જે ડાળ ઉપર તે બેઠો છે, તેના ઉપર જ ઘા કરનારો તે બને છે. સ્નેહ, સદ્દગુણ કે સજ્જનતાના આદર્શો ધર્મ ઉપર નહિ તો બીજા શાના ઉપર રહેલા છે ? ધર્મ એ કોઈ હવાઈ બંધારણ નથી, પણ જગતના સર્વશ્રેષ્ઠ માનવોથી ઘડાયેલું, પળાયેલું અને જીવનમાં સર્વત્ર ઓતપ્રોત થએલું મહા સત્ય છે.

**પ્રશ્ન૦** જૈનશાસ્ત્રોમાં ધર્મને કયા કયા વિશેષણોથી સંબોધવામાં આવ્યો છે ?

**ઉત્તર૦** જૈનોના **શ્રીમહાનિશીથ** નામના અતિ ગહન છેદસૂત્રમાં કહ્યું છે કે–

'धम्मे य णं इट्ठे, पिए, कंते, परमत्थसुही, सयण–जण–मित्त–बन्धु–परिवग्गो, धम्मे य णं दिट्ठिकरे, धम्मे य णं पुट्ठिकरे, धम्मे य णं बलकरे, धम्मे य णं उच्छाहगरे, धम्मे य णं निम्मलकित्तीपसाहगे, धम्मे य णं माहप्पजणगे, धम्मे य णं सुट्ठुसोक्खपरंपरादायगे । से य णं सेवणिज्जे, से य णं आराहणिज्जे, से य णं पोसणिज्जे, से य णं पालणिज्जे, से य णं चरणिज्जे, से य णं अणुट्ठिज्जे, से य णं उवइसणिज्जे, से य णं करणिज्जे, से य णं भणणिज्जे, से य णं पण्णवणिज्जे, से य णं कारवणिज्जे । से य णं धुवे, सासए, अक्खए, अच्चुए, सयलसोक्खनिही धम्मे ॥'

'ધર્મ ઇષ્ટ પ્રિય અને મનોહર છે. ધર્મ જ પરમાર્થ-સુખી, સ્વજન, મિત્ર, બંધુ અને પરિવાર છે. ધર્મ દૃષ્ટિકર છે, ધર્મ પુષ્ટિકર છે, ધર્મ બળકર છે તેમ જ ધર્મ ઉત્સાહકર છે. ધર્મ નિર્મળ કીર્તિ પ્રસાધક છે, ધર્મ માહાત્મ્યજનક છે, તથા ધર્મ એ સુષ્ઠુ સુખની પરંપરાને દેનાર છે. ધર્મ જ સેવવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે, પોષવા યોગ્ય છે, પાળવા યોગ્ય છે, આચરવા યોગ્ય છે, અનુષ્ઠાન કરવા યોગ્ય છે, ઉપદેશવા યોગ્ય છે, કરવા યોગ્ય છે, ભણવા યોગ્ય છે, પ્રરૂપણા કરવા યોગ્ય છે અને કરાવવા યોગ્ય છે. તે ધર્મ ધ્રુવ છે, શાશ્વત છે, અક્ષય છે, અચળ છે અને સકલ સુખનું નિધાન છે.'

**પ્રશ્ન૦** ધર્મને સૌથી વધુ અગત્ય શા માટે આપવામા આવે છે?

**ઉત્તર૦** પ્રાણી માત્રની પહેલી જરૂરીયાત આહાર છે. આહાર મળ્યો એટલે પહેલી જરુરીયાત પૂરી થાય છે, પણ આહાર લીધો તેની સાથે શરીર બંધાય છે. એ શરીરને ટાઢ, તાપ, વરસાદ અને હિંસક પશુઓ આદિથી રક્ષવા માટે યોગ્ય સ્થાનની જરૂર પડે છે. સ્થાન મળ્યા બાદ એ શરીરની મર્યાદાની રક્ષા, સભ્યતા કે શોભા માટે વસ્ત્ર જોઈએ છે. એ મળ્યા પછી કામવાસનાની પૂર્તિ માટે અને દરેક ઇંદ્રિયોની વિષયેચ્છા પૂર્ણ કરવા માટે તેને ધનની અને એવી જ બીજી સામગ્રીઓની જરૂર પડે છે. એ જરૂરીયાતોને પહોંચી વળવા માટે માણુસ ગામડાં વસાવે છે. શહેરો બંધાવે છે. રાજ્ય ચલાવે છે અને એ માટે સઘળો પરિશ્રમ ઉઠાવે છે. મૂખ્યતયા માનવીઓને પૈસાની જરૂર ખાવા, પહેરવા, રહેવા અને વિષય ભોગવવા માટે પડે છે, પણ માણુસને તે સિવાય નૈતિક વલણ પણ હોય છે. નૈતિક કાર્યો માટે પણ તે પોતાના ધનનો ઉપયોગ કરે છે. પૈસાનો ઉપયોગ તેને વારંવાર કરવો પડતો હોવાથી તે પૈસાનો સંચય કરે છે, એટલું જ નહિ પણ બીજી પણ કિંમતી ચીજોનો સંગ્રહ કરે છે. મુશ્કેલીના પ્રસંગે એ સંગ્રહમાંથી પૈસાથી ચાલે તેમ હોય તો તે રૂપિયો ઘરમાંથી કાઢતો નથી. રૂપિઆથી ચાલે તેમ હોય તો તે સોનામહોર કાઢતો નથી અને સોનામહોરથી ચાલે તેમ હોય ત્યાં સુધી ઝવેરાતને તો તે અડતો જ નથી. કુદરતી રીતે જ મનુષ્યોમાં આ જાતની વૃત્તિ રહેલી છે નૈતિક જીવનમાં આગળ વધ્યા પછી પણ મનુષ્યોને શાંતિ, આશ્વાસન કે માનસિક સંતોષ માટે કોઇ અન્ય વસ્તુની જરૂર પડે છે. જે વખતે તેને સગાં-સંબંધી, ભાઈ-ભાંડુ, ધાન્યના કોઠારો કે

ધનના ભંડારો, સ્વજન-પરિવાર કે સ્નેહી-ભાર્યાઓ, ઘર-બાર, કપડા-લત્તાં કે દર-દાગીના, કિંમતી જવાહીર કે નૈતિક સિદ્ધાંતો આશ્વાસન નથી આપી શકતા અથવા તો નાશ પામી જાય છે, ત્યારે તેને સંતોષ આપનાર જે કોઈ બાકી રહે છે, તેનું જ નામ ધર્મ છે. દીલના ગુપ્ત ઘા રૂઝવનાર અન્તે ધર્મ સિવાય અન્ય કોઇ નથી. એવા ખાસ પ્રસંગોએ માનવીઓને કામ આવે એ માટે ધર્મની કે અધ્યાત્મની શોધો ઉપયોગી છે. એ શોધો પૂરી પાડનારી વ્યક્તિઓ અને સંસ્થાઓની પણ તેટલી જ ઉપયોગિતા છે. કોઇક જ પ્રસંગે આ આધ્યાત્મિક જીવનની જરૂર પડે છે, તો પણ તેને જો પહેલેથી જ મેળવ્યું કે સંગ્રહ્યું ન હોય તો નિરાશ થવું પડે છે. જગત્‌ની સર્વશ્રેષ્ઠ વસ્તુઓ કવચિત્ જ કામ આવે છે, તો પણ તેનો સંગ્રહ, સંચય અને સંરક્ષણ તો હરહંમેશાં-જ કરવું પડે છે. હીરા, માણેક, પન્ના, મોતી કે સુવર્ણ આદિ પદાર્થોની માણસને રોજ જરૂર પડતી નથી: ચાલુ ખાન-પાનમાં શરીર-રક્ષામાં કે લાજ-આબરૂ ઢાંકવામાં તેની આવશ્યકતા રહેલી નથી: અથવા ઘી-તેલ, ગોળ-ખાંડ કે અનાજ વિગેરે ખરીદવામાં પણ તેનો સીધી રીતે ઉપયોગ થતો નથી. તો પણ દીર્ઘદૃષ્ટિવાળા પુરૂષો તેનો સંચય, સંગ્રહ અને સંરક્ષણ કરવામાં લેશ પણ બેદરકારી દર્શાવતા નથી: એટલું જ નહિ પણ તેની સંભાળ માટે અસાધારણ કાળજી ધરાવે છે. તેજ રીતિએ ધાર્મિક જીવન કહો કે આધ્યાત્મિક જીવન કહો, એ પૌદ્‌ગલિક કે નૈતિક જીવન કરતાં અતિ ઉચ્ચ કોટિનું જીવન છે અને બીજા બધા જીવનો જ્યારે *નિષ્ફળ નિવડે છે, ત્યારે આત્માને શાંતિ, સંતોષ અને*

આશ્વાસન તેજ આપે છે. તેથી તેનો સંગ્રહ પણ પહેલાં-થી જ ચાલુ રાખવો જોઇએ. આધ્યાત્મિક જીવન, એ ઉચ્ચ પ્રકારની જ્ઞાનશક્તિથી થયેલી માનવજાતની કલ્યાણકર એક અદ્‌ભુત શોધ છે. આધ્યાત્મિક જીવન એ આત્માની વિકાસ-વાળી સ્થિતિ છે. જીવનમાં એ અનિવાર્ય છે. કોઇને પણ *એ સ્થિતિ પ્રાપ્ત કર્યા વિના ચાલી શકે તેમ જ નથી.* તેનો નિષેધ કરનારા પણ બીજી રીતે તેને જ કબૂલે છે, કારણ કે–તે *આત્માની સ્વાભાવિક અવસ્થા છે:* તો પછી તેના પ્રત્યે બેદરકારી કે ઉપેક્ષા સેવવી, એ બુદ્ધિમાન માણસને શોભતું કાર્ય કેમ કહેવાય? એની પ્રત્યે ઉપેક્ષા વૃત્તિથી શાંતિ નહિ પણ અશાંતિ જ છે. અશાન્તિને ટાળી આપનાર અને સાચી શાન્તિને લાવી આપનાર આત્મવિકાસને સાધક ધર્મ જ છે, એ વાતમાં કોઇ પણ વિચારકના બે મત છે નહિ.

**પ્રશ્ન૦** ધર્મની જરૂરીયાત સ્વીકાર્યા પછી પણ કયા ધર્મને સાચો માનવો? ધર્મમાં કલહો, કંકાસો અને મતમતાંતરો એટલા બધા છે કે–તેમાં સત્ય ધર્મ કયો તે કઇ રીતિએ નક્કી કરવું?

**ઉત્તર૦** ધર્મના મત–મતાંતરો, ભેદ–પ્રભેદો કે કલહ–કંકાસો જોઇને ધર્મથી ઉભગી જવાની જરૂર નથી. માનવ-પ્રકૃતિ જ જૂદી જૂદી વિકાસભૂમિ ઉપર સ્થિત થયેલી હોય છે: તેથી તે તે પ્રકૃતિને અનુકૂળ ધર્મને તે સ્વીકારી જ લે છે. દરેકે દરેક મનુષ્ય એક જ ધર્મ કે એક જ રીત સ્વીકારે એ કદી બન્યું નથી અને બનવાનું પણ નથી. જૂદા જૂદા માણસોને જૂદા જૂદા સાધનો વિના ચાલે જ નહિ. પરન્તુ એ સાધનો બધાં જો એક જ માર્ગે લઇ જનારાં હોય

તો તેથી ડરવાની જરૂર નથી. ધર્મ જગત્માં એક જ છે. માત્ર તેની જૂદી જૂદી શાખાઓ જૂદા જૂદા ધર્મ રૂપે ભાસે છે. એક મોટી વ્યાપારી પેઢી કે જનસમાજને ઉપયોગી એક મોટી સંસ્થાને જેમ મુખ્ય મથક ઉપરાંત શાખા-પ્રશાખાઓ હોય છતાં એ બધી મળીને એક જ પેઢી કે એક જ સંસ્થા ગણાય છે, તેમ આત્માના વિકાસસાધક જેટલા રસ્તાઓ છે તે બધા જો મહાવિકાસ-મોક્ષરૂપ મથકને મળનારા હોય, તો તે બધા તેના જ ભેદો-પ્રભેદો હોવાથી એક જ છે. એ બધા ભેદો-પ્રભેદોની સેવાથી મૂખ્ય ધર્મની જ સેવા થાય છે.

[ ૨ ]

**પ્રશ્ન૦** બધા ધર્મો એક જ મહાધર્મની શાખાઓ હોય, તો પરસ્પર લડે છે શા માટે ?

**ઉત્તર૦** લડાઇ થવામાં કારણ ભેદ-પ્રભેદો હોતા નથી, પણ તેને અનુસરનારી વ્યક્તિઓની વિપરીત સમજણ કે અન્ય નિર્બળતાઓ હોય છે. વળી પોતપોતાની મર્યાદાઓ સાચવવા ખાતર પ્રસંગ પામીને લડવું પડે, તો તેમાં વાંધો લેવા જેવું પણ શું છે ? રેલ્વે, પોસ્ટ કે પોલીસખાતું એક જ ગવર્મેન્ટની માલિકીનું હોવા છતાં, એક-બીજાની મીલ્કતો એક-બીજાની ઑફીસમાં ઉલટા-સુલટી જમા-ઉધાર થઇ ગઇ હોય અને તેનો સીધી રીતે નિકાલ આવતો ન હોય, તો નુકશાનીનો દાવો માંડી કૉર્ટે ચઢે કે ઉપરી અમલદાર ઉપર ફરીયાદ લઇ જાય, તેમાં તેઓ ખોટું શું કરે છે ? વહીવટની વ્યવસ્થા વાંધો ન પડે તેવી હોવી જોઇએ. પરન્તુ દરેક બાબતમાં એવી વ્યવસ્થા પહેલેથી જ થઈ જાય, એવી આશા શી

રીતે રાખી શકાય ? અને પહેલેથી એવી વ્યવસ્થા ન થઇ શકે તો અથડામણી ઉભી થવાનો પ્રસંગ પણ કેમ ન આવે ? પ્રસંગે પરસ્પરની ભૂલો નભાવી લેવી અને વહીવટનો ગોટાળો દબાવી રાખવો એ સારૂં કે તેની ચોખવટ કરવા માટે જરૂરી ઝઘડો કરવો એ સારૂં ? જેઓ ઝઘડાથી ડરીને એ ચોખવટ કરવા પ્રયાસ નથી કરતા, તેઓ મુખ્ય સંસ્થાને-જ નુકશાન કરનારા છે અને જેઓ ઝઘડા વહોરી લઇને પણ ચોખવટ કરે છે, તેઓ જ મૂખ્ય સંસ્થાની સેવા કરનારા છે. લડાઇ, મત-મતાંતરો કે ભેદ-પ્રભેદોથી નુકશાન જ થાય છે અને મૂળ વસ્તુને ધોક્કો જ પહોંચે છે, એવી માન્યતા એકતરફી અને ગેરસમજવાળી છે. ધાર્મિક લડાઇઓએ જન-સમાજને નુકશાન કર્યું હોય તો પણ કેટલું ? બીજી બાજુ ધર્મે માનવસમાજનું ભલું કેટલું કર્યું છે ? એ બેનો હિસાબ મેળવવામાં આવશે તો નુકશાન તો મોટે ભાગે કલ્પિત અને આરોપિત માલુમ પડી આવશે અને ફાયદો અનન્તગુણો દેખાઇ આવશે. સર્વત્ર પતનના અસાધારણ દબાણ નીચે મંગલ અંશોવાળી જે કાંઇ સ્થિતિ જગત્માં નજરે ચઢતી હોય, તે એક ધર્મરાજની મહાસેવાનું જ પરિણામ છે. એ મોટા પરિણામ સામે ઇતિહાસના પાને થોડી લડાઇઓ, ખોટી કે સાચી રીતે નોંધાઇ હોય, તેની શું કિંમત છે ? જો કે એટલું પણ નુકશાન ન હોય તો સારૂં, પણ કુદરતના કાનુનમાં એવું સંભવિત કયાં છે ? એક જ કપડું હોય તેવી કટોકટીની સ્થિતિમાં તે કપડું એકાદ-બે સ્થળે ફાટેલું છે, એમ માનીને ફેંકી દેવું, એ શું યુક્તિયુક્ત છે ? ઉઘાડા-નાગા ફરવા કરતાં, સાંધી લેવાની સગવડ ન હોય તો પણ,

તે ફાટેલા કપડાથી શરીરનું ટાઢ-તડકા સામે રક્ષણ કરવું, એ જ ડહાપણભર્યું છે. તદ્દન કારણ વિના કદી લડાઇઓ ઉત્પન્ન થતી નથી અને કવચિત્ કારણ વિના પણ ઉત્પન્ન થાય તો ધર્મ સિવાયના પ્રસંગોમાં પણ એવી માનવ વ્યક્તિઓ કે સંસ્થાઓ નથી લડતી ? માનવસ્વભાવની ભિન્ન રૂચિઓ, અનેક નિર્બળતાઓ, સ્વાર્થ, ઉતાવળીયાપણું વિગેરે ઝઘડાઓનું મૂળ છે. એ માનવપ્રકૃતિ મૂળથી ન બદલાય ત્યાં સુધી ઝઘડાઓ સર્વથા બંધ થઈ જાય, એ કેવી રીતે શકય છે ? પશુ કે રાક્ષસો કરતાં મનુષ્યસમાજમાં લડાઇઓ ઓછી થતી હોય તો એ ધર્મનો જ પ્રભાવ છે, એમ માનવું જોઈએ. લડાઈઓ અને મત-મતાન્તરો રૂપ ક્ષુદ્ર દૂષણો જોઈ ધર્મની સેવાથી પરાઙ્મુખ બનવું, એમાં જાણતાં-અજાણતાં પણ ધર્મના મહાન ઉપકાર તળે દબાયેલા માનવીઓ કૃતઘ્નતા આચરે છે. આત્માનો મહાવિકાસ જે મોક્ષ, તેને સાધે તે ધર્મ છે. જગત્માં વિકાસમાર્ગ એક જ છે. તે તરફ લઇ જનાર જૂદા જૂદા ફાંટાઓ તે એક જ ધર્મના પેટાભેદો છે. એ પેટાભેદો જો આત્માના મહાવિકાસ-મોક્ષને સહાયક હોય, તો તેથી નુકશાનનો લેશ પણ સંભવ નથી. મોક્ષને બાધક માર્ગોને ધર્મના પેટાભેદો ગણી શકાય નહિ, એટલે અહીં એ વાત અપ્રસ્તુત છતાં ધ્યાનમાં રાખવાની છે.

**પ્રશ્ન૦** શું બધા ધર્મો મટીને એક જ ધર્મ ન બની શકે ?

**ઉત્તર૦** તકરારની ખાતર માની લઇએ કે-તેમ બને: તો પણ તે ધર્મ લોકોપયોગી તો નહિ જ બને. ધર્મને લોકોપયોગી બનાવવા માટે તો તેની જૂદી જૂદી શાખા-

પ્રશાખાઓ ઉત્પન્ન કરવી જ પડશે. જગતનું બધું જ પાણી નદી–નાળાં વિગેરેમાંથી લઇને એક જ સમુદ્રમાં ભરી દેવામાં આવે તો સમુદ્ર મોટો તો લાગશે, પણ લોકના ઉપયોગમાં આવતું તે પાણી અટકી જશે. સરોવરનું પાણી પણ ઘેર ઘેર પહોંચાડવા માટે જૂદી જૂદી ટાંકીઓ અને નળીઓ દ્વારાએ-જ લઈ જવું પડે છે. તેમ એક જ ધર્મને સર્વ મનુષ્યો પાસે પહોંચાડવા માટે જૂદાં જૂદાં સાધનો વિના ચાલી શકવાનું નથી. એ સાધનોને પછી સંપ્રદાય, પંથ, મત, સંસ્થા કે ખાતું કોઇ પણ નામ આપો. એ ખાતાંઓ તરફ સુગ ધરાવવી એ વસ્તુસ્થિતિનું અજ્ઞાન છે. ધર્મના વાડાઓ મીટાવવાની વાતો કરનારા આજના સુધારકો પણ એ વાડાઓ મિટાવવાને બદલે નવા જ વાડાઓ ઉભા કરે છે. મનુષ્યસમાજમાં વસીને સર્વત્ર એક જ રીત દાખલ કરી શકાતી જ નથી. વિદ્યમાન વસ્તુઓ ઉપર અણગમો ઉત્પન્ન કરાવવા માત્રથી તે નાબૂદ થતી નથી પણ એકના બદલે તેની જગ્યાએ બીજી આવીને ઉભી રહે છે.

દાખલા તરીકે–નાતોના જમણવારો સામે અણગમો બતાવનારાઓ ટીપાર્ટી, ઈવનીંગ પાર્ટી અને ગાર્ડનપાર્ટીઓ ગોઠવે જ છે. વરઘોડાઓના બદલે સરઘસો કાઢે જ છે. નાતો અને પોળોનો વિરોધ કરનારાઓ મંડળો અને સોસાયટીઓ સ્થાપે જ છે. યુવકોને માબાપો તથા ગુરૂઓના અંકુશોથી છોડાવી શિક્ષકો, પ્રીન્સીપાલો કે કાયદાઓના અંકુશ તળે મૂકવા જ પડે છે. સ્ત્રીઓના કામનો બોજો ઓછો કરવા જતાં પટેલો, ઘાટીઓ અને રસોઇયાઓને તે કામ સોંપવું જ પડે છે. ભરત, ગુંથણ અને શીવણ વિગેરે ઘુસાડવાથી

પાપડ, સેવ અને અથાણું વિગેરે ઘરગથ્થુ ચીજો માટે બજારો ઉપર આધાર રાખવો જ પડે છે. કુટુંબ-કલહોને વધારે પડતું મહત્ત્વ આપી જૂદા રહેવાનું શીખવવાથી સુવાવડ આદિ ખાસ પ્રસંગોએ ડૉકટરો, મ્યુનિસીપૅલીટીઓ અને સુવાવડખાતાંઓને આધીન રહેવું જ પડે છે. સાદું જીવન ગાળી માત્ર નાત-જાત કે ધાર્મિક પ્રસંગોમાં જ ખર્ચ કરનારા પૂર્વજોની ટીકાઓ કરનારાઓ, ખર્ચ ટૂંકું કરવાના બદલે, તેના કરતાં કેઇગુણું ખર્ચ મોજ-શોખ, કપડાં-લત્તાં, નાટક-સીનેમા તથા અન્ય ટાપ-ટીપમાં વધારતા જ જાય છે. ભાટ-ચારણો, ભાંડ-ભવૈયા અને ભટ-બ્રાહ્મણોના ઠેકાણે સાચા-ખોટા સમાચારો ફેલાવનારા અને કૃત્રિમ ઉશ્કેરણી કરનારા છાપાઓ ગોઠવાઈ જાય જ છે. પુરાણ કે ધર્મશાસ્ત્રોની કથાઓના સ્થાને નૉવેલો દ્વારાએ નાની-મોટી કલ્પિત કથાઓનો વર-સાદ વરસી રહ્યો છે. સ્વર્ગની લાલચ અને નરકની બીક દેખાડનારા યાચકોના બદલે, ઉન્નતિ અને સ્વરાજ્યની લાલચો દેખાડી સંસ્થાઓનાં ફંડો માટે રીતસર માંગનારાઓનો ઢગલો થઈ પડ્યો છે. જ્ઞાતિ-પંચાયત અને મહાજન-પંચાયતના લાંબા ઝઘડાઓથી કંટાળીને તેનાથી દૂર ભાગવા જતાં, કૉર્ટોમાં વર્ષો સુધી ચાલતા કેસોમાં ફસી પડવાનું થયું છે. ઝગડાળુ સમાજ પાસેથી હજુરીયા, ખુશામતખોરો કે ચોવટીયાઓ રળી ખાતા હતા, તેના બદલે વકીલો, સૉલીસીટરો અને બૅરીસ્ટરોએ પોતાનું સ્થાન જમાવી લીધું છે. ડોસીઓ અને હજામોના ઉંટવૈદાની ટીકા કરવા જતાં, તેના કરતાં પણ ભયાનક-બીનઅનુભવી-ડીગ્રી-ધારી ડૉકટરોના હાથે પારાવાર નુકશાન સહવું પડે છે. સાફ

જાજરૂઓના બદલામાં ગટરોનો ગંદકી અને રોગનું પ્રમાણ વધી ગયું છે. મંદિરોમાં આદર્શ પુરૂષોનાં દર્શન બંધ કરવા જતાં, નમાલી ચોપડીઓ અને છાપાંના પીકચર્સો જોવામાં આંખો ખુવાર થતી જાય છે. ગુરૂઓનાં દર્શનથી કંટાળીને દૂર ભાગવા જતાં ઑફીસરો અને અધિકારીઓનાં દર્શન તથા નમન માટે પડાપડી કરવી પડે છે. હોકા, ચલમો કે હોકલીઓની જગ્યા જાતજાતની બીડી, ચીરૂટ અને સીગારેટોએ રોકી લીધી છે.

એ રીતે એક વસ્તુ છોડી, તો તેને લગતી બીજી વસ્તુમાં ગોઠવાયા સિવાય માણસથી રહેવાતું જ નથી. સર્વ ધર્મ–ઐક્યની વાતો કરવા જતાં, દરેક ધર્મમાં નવા નવા ભેદ ઉલટા વધતા જ જાય છે. ખ્રિસ્તીઓમાં થીઑસોફીસ્ટ, વૈદિકોમાં આર્યસમાજ, જૈનોમાં ત્રણ ફિરકાઓને નહિ માનનાર ચોથો વર્ગ–એમ સર્વત્ર ભેદ વધે છે. ભેદ–પ્રભેદો પ્રત્યે સૂગ ધરાવવા માત્રથી તે મટી શકતા નથી. એને મીટાવવાની વાતો કરવી, એ માનવસ્વભાવનું અજ્ઞાન છે. માનવસમાજના મહાવિકાસ–મોક્ષમાં સહાયક થવા માટે એક જ મહા ધર્મનાં અનેક અંગપ્રત્યંગોની દેશ, કાળ અને પુરૂષની ભિન્ન ભિન્ન યોગ્યતા મુજબ આવશ્યક્તા છે. એ પેટાભેદોની સહાય વડે જ કેટલાક માનવીઓ અનેક જન્માન્તરો કરી ચોક્કસ મહાવિકાસ–મોક્ષની નજીક આવી પહોંચે છે, એ સત્ય સમજવાની જરૂર છે.

**પ્રશ્ન૦** ધાર્મિક લડાઇઓ થવામાં મુખ્ય કારણો કયાં છે?

**ઉત્તર૦** ધર્મ સંબંધી વાદવિવાદો તથા ઝઘડાઓની

આવશ્યક્તા નહિ હોવા છતાં, નીચેનાં કારણોએ ઝઘડાઓ ઉપસ્થિત થયા સિવાય રહેતા પણ નથી:-

૧-અમુક જ પરિસ્થિતિના માનવોને ઉપયોગી થઈ શકે તેવા સાધન-સંયોગવાળો હોવા છતાં તે ધર્મ સર્વ માનવો માટે લાગુ કરવાની તેના અનુયાયીઓની વધારે પડતી લાલચોથી ઘર્ષણ ઉત્પન્ન થાય છે.

૨-ધર્મનું મૂળ તત્ત્વજ્ઞાન છે. જે ધાર્મિક આચારોની પાછળ માનવીને સંતોષ આપી શકે તેવું તત્ત્વજ્ઞાન નથી, તે આચારો પાળવા માટે માનવી ધૈર્ય ધારણ કરી શકતો નથી. સમસ્ત વિશ્વની ઘટમાળ કયી રીતે ચાલે છે? એનો રીતસર ખુલાસો કરવામાં ન આવે, તો ધર્મના જિજ્ઞાસુને કદી પણ સંતોષ થાય નહિ. આ રીતે ધર્મ અને તત્ત્વજ્ઞાનને નિકટનો સંબંધ હોવાથી, તત્ત્વજ્ઞાન સંબંધી જે મતભેદો ઉભા થાય છે, તેને અજ્ઞાનથી ઝઘડાઓ તરીકે કલ્પી લેવામાં આવે છે; પરન્તુ એ ઝઘડાઓ તો તત્ત્વબોધ માટે અત્યંત જરૂરી છે. વર્તમાન સાયન્સના શોધક વિદ્વાનોમાં પણ ગંભીર મતભેદ અને વાદવિવાદો હોવા છતાં, તેને સાયન્સની પ્રગતિના રોધક માનવામાં નથી આવતા, કિન્તુ જરૂરી માનવામાં આવે છે.

૩-ધર્મપ્રચારનાં સાધનો અને ગોઠવણોમાં તફાવત હોવાથી પણ ઝઘડા ઉત્પન્ન થાય છે. બધી જ પેઢીના વહીવટદારો બાહોશ, વ્યવસ્થિત કે નિયમિત હોતા નથી, તેથી તે પ્રચારકો સમાજમાં અસંતોષ પેદા કરે છે અને એ કારણે પણ ઝઘડા હોઇ શકે છે.

જગતમાં એક જ ધર્મ રહે અને બીજા બધા લોપ

થઇ જાય, એ વાત પ્રથમ દર્શને બહુ સારી લાગે છે, તો પણ માનવસ્વભાવ તેવો કદી બનતો જ નથી. એકનો લોપ કરવા જતાં બીજી લપ ઉભી થાય જ છે. મહાધર્મ—મોક્ષસાધક ધર્મની એકતા કે વ્યાપકતાને ક્ષતિ ન પહોંચે, તે રીતે ધર્મોની શાખા પ્રશાખાઓ વધતી રહે, તેથી મુખ્ય પેઢીને કાંઈ નુકશાન નથી. બધા એક બને એ વાત માનવપ્રકૃતિ જોતાં અસંભવિત છે, પરન્તુ બધામાં એક રહે એ વસ્તુસ્થિતિ સર્વથા સુસંભવિત છે. બધા ધર્મને એક કરવાની વાતો, એ એક પણ ધર્મના આચરણમાં જેને નથી રહેવું, તેઓને છટકવાના બ્હાના રૂપ છે. જેને કોઇ ને કોઈ ધર્મનું આચરણ કરવું જ છે, તેના મુખમાંથી એવી વાતો કદી બહાર નીકળે જ નહિ. તે તો એમ જ કહેશે કે—બધા ધર્મોમાં મારા આત્માનો વિકાસ શીઘ્ર સાધી શકે, એવો ધર્મ કયો છે ?—તેની પરીક્ષા કરીને મને તે સ્વીકારવા દ્યો. ધાર્મિક લડાઇઓ મટાડવાનો આ એક જ ઉપાય છે. દરેક ધર્મો પોતપોતાના સ્થાને અપેક્ષાએ સાચા છે, એમ માનવું, પણ તેથી—'દરેક ધર્મો સરખા છે'—એમ સિદ્ધ થતું નથી. દરેક ધર્મોના ચઢતા—ઉતરતા દરજ્જા અવશ્ય છે. સાધકે પોતાને યોગ્ય ઉચ્ચ કોટિનો ધર્મ કયો ? તેની સ્વયં શોધ કરવી જોઇએ અને મધ્યસ્થ દૃષ્ટિથી-પક્ષપાત રહિતપણે જે શોધાય તેને સ્વીકારવા તત્પર રહેવું જોઇએ.

**પ્રશ્ન૦** સર્વ ધર્મને સરખા માનીએ તો શું હરકત ? ધર્મમાં મારૂં—તારૂં કરવાની શી જરૂર છે ?

**ઉત્તર૦** એ વાત બોલવામાં બહુ સુંદર છે પરન્તુ માનવોમાંથી જ્યાં સુધી ભેદબુદ્ધિનો નાશ થયો નથી, ત્યાં સુધી એવી ઉદારતાની વાતો કરવામાં વાલો કરનારને જ

ગુમાવવાનું છે. મનુષ્યોના દરેક વ્યવહારો ભેદથી જ ચાલે છે. વિદ્યાર્થિઓના વર્ગો, પેટા-વર્ગો, અનુક્રમ-નંબર, ભેદથીજ ચાલે છે. ધંધાઓમાં, અમલદારોમાં, ઑફીસોમાં, સંસ્થાઓમાં, તથા દાતારોના ફોટાઓ અને બાવલાંઓને ગોઠવવામાં વર્ગો અને અનુક્રમ રાખવામાં આવે જ છે. ત્યારે માત્ર ધાર્મિક બાબતોમાં જ એ ભેદ ટાળી દેવાની વાતો કેમ કરવામાં આવે છે? એવી વાતો પાછળ ગાઢ અજ્ઞાન અથવા ગુપ્ત સ્વાર્થ સમાયેલો છે. એ સ્વાર્થ કોઈ પણ પ્રકારના ધર્માચરણમાંથી છટકવાની બારી મેળવવા પૂરતો જ છે. પરન્તુ એ રીતે ધર્માચરણમાંથી છટકબારી મેળવનારાઓનું ભવિષ્ય સારૂં નથી.

**પ્રશ્ન૦** ધર્મનું સત્યસ્વરૂપ શું?

**ઉત્તર૦** ધર્મના સ્વરૂપમાં અનેક મતમતાંતર છે. કોઈ કહે છે કે વેદમાં જે કરવાનું કહ્યું છે તે કરવું, એ ધર્મ છે. કોઇ કહે છે કે સ્મૃતિમાં જે કરવાનું કહ્યું છે, તે કરવું, એ ધર્મ છે. કોઇ કહે છે કે પુરાણમાં જે કરવાનું કહ્યું છે, તે કરવું, એ ધર્મ છે. એ રીતે કોઇ ગીતા તો કોઈ ભાગવત, કોઈ કુરાન તો કોઇ બાઇબલ, એમ ભિન્ન ભિન્ન શાસ્ત્રોની ભલામણ કરે છે અને એમાં બતાવ્યું હોય તે પ્રમાણે વર્તવું, એ ધર્મ છે, એમ પ્રતિપાદન કરે છે. શ્રી જૈનશાસ્ત્રોએ એ માટે જે નિર્ણય આપ્યો છે, તે નીચે મુજબ છે.

"वचनाद्यदनुष्टान,–मविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥१॥"

'પૂર્વાપર અવિરૂદ્ધ એવા વચનોથી પ્રતિપાદન કરાયેલ મૈત્ર્યાદિ ભાવયુક્ત યથોક્ત જે અનુષ્ઠાન, તેને ધર્મ કહેવાય છે.'

ધર્મનું આ વાસ્તવિક સ્વરૂપ છે. વેદ, શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ગીતા, ભાગવત, કુરાન કે બાઇબલ કોઇપણ હો, પરન્તુ જો તેનું કથન પૂર્વાપર વિરોધવાળું હોય, તો તેનું આચરણ ધર્મરૂપ નજ બની શકે, એમ શ્રી જૈનશાસ્ત્રો ભાર પૂર્વક ફરમાવે છે. એ કારણે સત્યસ્વરૂપવાળા ધર્મના અર્થિ આત્માઓએ સૌથી પ્રથમ પ્રયત્ન પૂર્વાપર અવિરૂદ્ધ કથનવાળા શાસ્ત્રની શોધ માટે કરવો જોઇએ, અને એવાં શાસ્ત્ર જે કોઈ હોય, તેના કથન મુજબ ધર્મને આચરવો જોઇએ. એ શાસ્ત્ર ધર્મના નામે જે કાંઈ અનુષ્ઠાન આચરવાનું કહે, તે મૈત્રી આદિ ભાવનાઓથી સંયુક્ત જ હોયઃ શુદ્ધ સ્વરૂપવાળા ધર્મને ઓળખવાનું એ બીજું લક્ષણ છે. તીર્થંકર–ગણધરો દ્વારા પ્રકાશિત થયેલ શ્રીજિનોક્ત ધર્મમાં એ ઉભય પ્રકારનાં લક્ષણો ઘટે છે. તેનું આચરણ પૂર્વાપર અવિરૂદ્ધવચનવાળાં શાસ્ત્રોદ્વારા પ્રકાશિત થયેલું છે અને જગત્‌ના તમામ જીવો પ્રત્યે મૈત્રીઆદિ ભાવનાઓથી ઓતપ્રોત થયેલું છે.

જગત્‌માં મતમતાંતર ધર્મના ફળની બાબતમાં નથી પણ સ્વરૂપની બાબતમાં જ છે. ધર્મના ફળની બાબતમાં સમસ્ત દુનિયા લગભગ એકમત છે. દુર્ગતિમાં પડતા જંતુને ધારી રાખે અને શુભ ગતિમાં સ્થાપન કરે તે ધર્મ. જેનાથી અભ્યુદયની સિદ્ધિ થાય અને નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય તે ધર્મ. જેનાથી અહિત–અકલ્યાણનો માર્ગ છૂટી જાય અને હિત–કલ્યાણનો માર્ગ નિર્વિઘ્ન બને એ ધર્મ. એ વિગેરે ધર્મનાં ફળો બતાવનાર વાકયોમાં સૌની એકવાકયતા છે. જે મતભેદ છે, તે ધર્મના સ્વરૂપને ઉદ્દેશીને જ છે. વસ્તુનું ફળ સમજે પણ સ્વરૂપ ન સમજે તો ઈષ્ટની સિદ્ધિ થઈ શકતી

નથી. હીરા મોતી કે પન્નાની કિંમત સમજે પણ સ્વરૂપ ન સમજે, તો ઠગાયા સિવાય રહે નહિ. દરેક વિષયમાં ફળ સમજવાની સાથે :સ્વરૂપનું જ્ઞાન પણ મેળવવું જ પડે છે: અન્યથા સમજેલું ફળ નિરર્થક જાય છે અગર અનર્થકર પણ થાય છે. ક્ષુધા અને તૃષા મટાડવી એ ખોરાક અને પાણીનું ફળ છે, એમ જાણ્યા પછી પણ ખોરાક અને પાણી કોને કહેવાય ? એનું સ્વરૂપ જે ન જાણે તે ખોરાક અને પાણીને પ્રાપ્ત કરી શકતો નથી અથવા તેથી વિપરીત વસ્તુને જ ખોરાક અને પાણી સમજી બેસે છે, તો ક્વચિત્ પ્રાણનો પણ નાશ કરનારો થાય છે. તેમ ધર્મના ફળ સંબંધી સંદેહ રહિત થયા પછી પણ ધર્મના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવવું જોઈએ અને એ મેળવે તો જ યથાર્થ ધર્મની પ્રાપ્તિ કરી, તેનું દુર્ગતિથી બચવા સ્વરૂપ કે સ્વર્ગાપવર્ગને પામવા સ્વરૂપ યથાર્થ ફળ મેળવી શકે. એટલાજ માટે ધર્મના સત્ય-સ્વરૂપનું પ્રતિપાદન કરતાં શ્રી વીતરાગનું શાસન ફરમાવે છે કે—

'કેળળજ્ઞાનીઓના અવિરોધી એવા વચનોના અનુસારે મૈત્રી આદિ ચાર ભાવનાઓવાળું જે પ્રવર્તન થાય છે તે ધર્મ છે અને એ વચનોને અનુસારે મૈત્રી આદિ ચાર ભાવનાઓવાળું જીવન જેઓ જીવે છે તેઓ યથાર્થ ધર્મી છે.

**પ્રશ્ન૦** ધર્મના સ્વરૂપ સાથે મૈત્રી આદિ ચાર ભાવનાને શું સંબંધ છે ?

**ઉત્તર૦** ધર્મના હેતુ, સ્વરૂપ અને ફળને સમજી જે સત્યનિષ્ઠાથી તેનું સેવન કરવાને ઈચ્છે છે, તેનામાં મૈત્રી આદિ ચાર ભાવનાઓ પ્રાદુર્ભાવ પામ્યા સિવાય રહેતી જ

નથી. એક વસ્તુ અમૂલ્ય છે, એમ સમજાયા પછી પોતાના સ્નેહીઓને તે વસ્તુ પ્રાપ્ત થાય અગર જગતના તમામ જીવો તે વસ્તુ પ્રાપ્ત કરે, એવી ઇચ્છા કોને થતી નથી ? જેને તે વસ્તુ પ્રાપ્ત થયેલી છે, તે ખરેખરો સુખી છે, એવો ભાવ કોને પ્રગટતો નથી ? જેઓને તે વસ્તુ મલી નથી, તેઓ દયાને પાત્ર છે એમ કોણ માનતું નથી ? જેઓ તે વસ્તુનો વિરોધ કરે છે, તેઓ ઉપેક્ષણીય છે, એમ કોણ નથી સ્વીકારતું ? એ ચાર પ્રકારની વૃત્તિનું નામજ મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે. પૂર્વાપર અવિરૂદ્ધ વચનવાળાં શાસ્ત્રોએ ફરમાવેલું અનુષ્ઠાન એ કર્મરોગનું ઔષધ છે, ભવરોગનું રસાયણ છે, સ્વર્ગ સુખનું સોપાન છે, નિર્વાણનગરનું યાન છે, મોક્ષસુખને મેળવવાનું વિમાન છે, એ વિગેરે નિશ્ચય જેને થાય છે તેની વૃત્તિ, એ ધર્મ સૌ કોઈ પામો, પામેલા જ પુણ્યવાન છે, નહિ પામેલા પુણ્યહીન છે, અને ઉપેક્ષા કરનારા અજ્ઞાન છે, એ જાતિની ભાવના થયા સિવાય રહી શકતીજ નથી. ધર્મની પીછાન જેટલી અધિક તેટલી એ વૃત્તિઓ ઉત્કટ: ધર્મની પીછાન જેટલી મંદ તેટલી એ વૃત્તિઓ પણ મંદ હોય છે. જેનામાં એ વૃત્તિઓનો સર્વથા અભાવ છે, તેનામાં ધર્મનો પણ અભાવ છે, એમ કહેવું ખોટું નથી.

૧–સૌ કોઇ અધર્મથી બચો અને ધર્મને પામો એ મૈત્રી ભાવના છે.

૨–જે કોઇ અધર્મથી બચેલા છે અને ધર્મને પામેલા છે, તેઓ જ ખરેખરા સુખી છે, એમ સમજી તેમના સુખમાં આનંદ માનવો તે પ્રમોદ ભાવના છે.

૩–અધર્મથી બચાવવા અને ધર્મને પમાડવા શક્તિ મુજબ પ્રયાસ કરવો, તે કરૂણા ભાવના છે.

૪–પ્રયાસ કરવા છતાં જેઓ પોતાનું હિત ન સમજી શકે તેવાઓ પ્રત્યે ઉપેક્ષાભાવ ધારણ કરવો એ માધ્યસ્થ્ય ભાવના છે.

**પ્રશ્ન૦** ધર્મનું મૂળ શું?

**ઉત્તર૦** ધર્મનું મૂળ દયા છે. જેમ આપણે દુઃખથી ત્રાસ પામીએ છીએ, તેમ બીજા પ્રાણી પણ દુઃખથી ત્રાસ પામે છે. આ જાતિના નિશ્ચિત તત્ત્વજ્ઞાન પર દયાનાં મંડાણ છે. બીજાને દુઃખ આપનાર કે ત્રાસ પમાડનાર ધર્મ કરે છે, એમ કોઈથી પણ કહી શકાય નહિ. પોતાના શરીરને પ્રહાર લાગવાથી પ્રત્યક્ષ વેદનાનો અનુભવ થવા છતાં, ધર્મના નામે બીજા પ્રાણીઓની હિંસાનું વિધાન કરનારા ધર્મશાસ્ત્રકારો જેવા ઘાતકી બીજા કોઇ પણ ન હોઇ શકે. હિંસાથી પણ જો ધર્મ થઈ શકતો હોય, તો પછી દયાથી ધર્મ કેમ થાય? દયા અને હિંસાને પ્રકાશ અને અંધકારની જેમ વિરોધ છે. ધર્મ નિમિત્તે પશુઓની હિંસા કરનાર હિંસક અને તેનો ઉપદેશ કરનાર ઉપદેશક દુષ્ટ મનોવૃત્તિના કારણે પોતે દુર્ગતિમાં જાય છે, એટલું જ નહિ પણ હિંસ્ય પશુને પણ દુર્ધ્યાન કરાવી દુર્ગતિમાં મોકલે છે. વધ સમયે તત્કાળ જેની જીભ અને આંખના ડોળા બહાર નીકળી આવ્યા છે, એવા પશુનું મૂક, દીન અને દયામણું મુખ જ એના દુર્ધ્યાનની અને અસમાધિની પ્રતીતિ કરાવે છે. તે જોવા છતાં પણ જેઓના મનોમંદિરમાં દયાનો અંકુરો નથી પ્રગટતો, તેવા ધર્મશાસ્ત્રકારોના હૃદયની કઠોરતાની અવધિ જ નથી.

**પ્રશ્ન૦** પશુ વધનો ઉપદેશ કોઈ ધર્મશાસ્ત્ર કરે છે?

**ઉત્તર૦ પશુ** વધાદિનો ઉપદેશ કરનાર હોવાથી જ વેદ-શાસ્ત્ર પ્રમાણભૂત નથી. કેટલાક તેને અપૌરૂષેય કહે છે, તે પણ અસત્ય છે. કારણ કે વેદ વર્ણાત્મક છે અને વર્ણો કંઠ–તાલુ વિગેરે સ્થાનોના અભિઘાતથી ઉત્પન્ન થાય છે. એ સ્થાનો પુરૂષને હોય છે. વળી વચનની પ્રમાણતા આપ્તને આધીન છે. અપૌરૂષેય વેદ આપ્તપ્રણીત બની શકતો નથી, તેથી તે પ્રમાણભૂત કેમ મનાય? વેદનું અપ્રા-માણ્ય તેના ઉપદેશથી પણ સિદ્ધ થાય છે. પશુવધ, વૃક્ષપૂજન, પિતૃતર્પણ, ગોસ્પર્શવિધાન અને અગ્નિની આહુતિ વડે દેવ–પ્રીતિસંપાદન વિગેરેનો ઉપદેશ આપનાર વેદશાસ્ત્ર પ્રામાણિક પુરૂષોને માનવા લાયક કેવી રીતે બની શકે?

**પ્રશ્ન૦** વેદ શાસ્ત્રના ઉપદેશમાં પરસ્પર વિરોધ છે?

**ઉત્તર૦** હા. દયાને ધર્મ કહીને, એ જ વેદ પાછો યજ્ઞાદિ નિમિત્તે પશુવધને પણ ધર્મ તરીકે સમજાવે છે. પશુવધથી સ્વગ પ્રાપ્ત થતો હોય, તો મનુષ્યવધથી કેમ નહિ? પશુ મનુષ્યથી ઉતરતા દરજ્જાનું પ્રાણી છે, તો મનુષ્ય પણ દેવ કરતાં તો નીચા દરજ્જાનું પ્રાણી છે. જે માણસ દયા પાળે છે, સત્ય બોલે છે, કામને વિષે આસક્ત મનવાળો નથી, સંતપુરૂષોનાં ચરણોની સેવા કરે છે અને પરમાત્માને વિષે ભક્તિવાન છે, એવો માણસ પશુહિંસા ન કરે તો શું તેને સ્વર્ગ ન મળે? અવશ્ય મળે. તેમ છતાં પણ જે શાસ્ત્ર ધર્મ નિમિત્તે હિંસાનું વિધાન કરે, તે શાસ્ત્રને બનાવનાર પાષાણ, લોખંડ કે વજ્રથી પણ કઠિન હૈયાવાળો ક્રૂર કેમ ન હોવો જોઇએ?

'પોતે કરેલાં કર્મનું ફળ પોતે જ ભોગવે' એવું વિધાન કર્યા પછી પણ બ્રાહ્મણોએ કરેલું ભોજન મરણ પામેલા પિતૃ-લોકને તૃપ્ત કરે છે, એવું વિધાન કરનાર વેદ વિરૂદ્ધભાષી કેમ ન કહેવાય? સંસારમાં આત્મા જેવું કર્મ કરે છે, તેવું ફળ તે ભોગવે છે. કોઇની ખાધેલી વસ્તુ કોઈને પહોંચતી નથી, તો મરેલાને તો ક્યાંથી જ પહોંચે? અને મરણ પામેલા પિતૃલોક જો સ્વર્ગગતિમાં ગયા હોય તો ત્યાં તો કવલાહારનો સંભવ જ નથી. નરકગતિમાં એકાન્ત દુઃખનો જ અનુભવ છે અને મનુષ્ય તથા તિર્યંચ ગતિમાં તો કોઈને ક્યાંય પણ આકાશમાંથી ભોજન મળ્યું હોય, તેવું દેખાતું નથી. બ્રાહ્મણોએ ખાધેલું અન્ન વિષ્ટામાર્ગે નીકળી જતું તો પ્રત્યક્ષ દેખાય છે: તેમજ મરેલો જીવ કઇ ગતિમાં ગયો છે તેનું પણ બ્રાહ્મણોને જ્ઞાન નથી: તો પછી તેણે ખાધેલું પિતૃવર્ગને પહોંચે છે, એમ કયા પ્રમાણથી માનવું?

ગાયને અપવિત્ર વસ્તુ ખાનારી અને પોતાના પુત્ર સાથે પણ મૈથુન સેવનારી તથા મનુષ્યોથી મરાતી, પીટાતી અને ગુલામી ભોગવતી, તેમજ શીંગડાં, પૂંછડા વિગેરેથી અન્ય જન્તુઓને પીડા કરતી પ્રત્યક્ષ જોવા છતાં તેના સ્પર્શ માત્રથી પાપનો નાશ થાય છે, એવું વિધાન કરનાર વેદ કોને પ્રમાણભૂત હોઈ શકે? ગાય ઉપકાર કરનાર છે તેમ ગધેડો શું ઉપકાર કરનાર નથી? અથવા ગાય દૂધ આપે છે, તો શું ભેંસ પણ દૂધ આપતી નથી? જો ગાયના સ્પર્શથી પાપ નાશ પામે, તો ઘણા પુણ્યથી પ્રાપ્ત થતી મનુષ્યગતિ મેળવ-નાર મનુષ્યના સ્પર્શથી પાપ કેમ નાશ ન પામે? ગાય એ તીર્થ, ઋષિ અને દેવતાનું સ્થાન છે, તો પછી તેનું અન્ય

પશુઓની જેમ વેચાણ, દોહન કે પીડન આદિ કેમ થઈ રહ્યું છે ? ગાયની જેમ લીમડો, આકડો, પીંપળો, જળ, મૂસલ, ઉખલ કે દેહલી–ઉંબરો વિગેરે વસ્તુઓને પૂજવાનું વિધાન કરનાર કે તે તે વસ્તુઓને દેવ તરીકે ઓળખાવનાર વેદશાસ્ત્ર, એ સંપૂર્ણ જ્ઞાનીનું નહિ પણ અલ્પજ્ઞનું રચેલું છે, એમ કહેવામાં ખોટું શું છે ?

અગ્નિમાં નાંખેલું દ્રવ્ય શીઘ્ર ભસ્મીભૂત થાય છે, એમ નજરે દેખવા છતાં, એનાથી દેવતાઓ તૃપ્ત થાય છે, એમ કહેવું, એના જેવું વિસંવાદી વચન બીજું કયું હોઇ શકે ? દેવતાઓને કવલાહાર હોતો જ નથી. આહારની અભિલાષા થતાં જ દેવોને શરીરમાં અમૃતાહાર વ્યાપી જાય છે અને તેનાથી જ તેઓની તૃપ્તિ થઇ જાય છે. તે છતાં દેવોનું તર્પણ અગ્નિ દ્વારાએ માનવું, એમાં વિરોધ નથી ? અગ્નિને દેવતાનું મુખ કહેવું, એ પણ ગેરવ્યાજબી છે. એક જ મુખથી ખાવામાં દેવતાઓને પરસ્પર ઉચ્છિષ્ટ (એઠું) ભોજન નહિ પ્રાપ્ત થાય ? અથવા અગ્નિમાં જેમ ઉત્તમ પદાર્થો પડે છે, તેમ અશુચિ–અપવિત્ર પદાર્થો પણ નથી પડતા ? તે પણ દેવતાઓને પહોંચે છે, એમ માનવાથી દેવોની આશાતના નથી થતી ?

મૈથુન અને પરિગ્રહસેવનમાં પાપ છે એમ કહ્યા પછી '**कन्यादानं महापुण्यम् !**' તથા બ્રાહ્મણ–શ્રમણને કરેલું લક્ષ્મી, ભૂમિ કે રાજ્યાદિકનું દાન પણ ધર્મ માટે થાય છે, એમ કહેવું એ સ્પષ્ટ વિરોધી નથી ?

આ રીતે પરસ્પર વિરોધી વાતોનો ઉપદેશ કરનાર

વેદ આપ્તપુરૂષ-પ્રણીત સાબીત થતો નથી: અને તેને અપૌરૂષેય માનવો, એ તો '**माता मे वन्ध्या!**' ની જેમ સર્વથા વિરૂદ્ધ છે.

ઇતરોનાં ધર્મશાસ્ત્રોમાં મુખ્ય પ્રમાણભૂત વેદ જ જ્યારે પરસ્પર વિરોધી વસ્તુઓના ઉપદેશથી ભરેલો છે ત્યારે તેના ઉપરથી ઉત્પન્ન થયેલ અન્યશાસ્ત્રો અને તેમાં પ્રતિપાદન કરેલ હકીકતો એ અપ્રમાણભૂત અને અસત્ય હોય એમાં આશ્ચર્ય નથી. ધર્મના વિષયમાં કોઈપણ પ્રકારના વિરોધ વિનાનું જૈનશાસ્ત્ર એજ પ્રમાણભૂત છે અને તેમાં પ્રતિપાદન કરેલ ધર્મ એજ ઉપાદેય છે. વેદાદિ અન્ય શાસ્ત્રોમાં જે પરસ્પર અવિરૂદ્ધ અને અવિસંવાદી ઉપદેશો પણ મળી આવે છે, તે શ્રી જિનાગમરૂપી મહાસાગરમાંથી ઉછળેલા વચનરૂપી બિંદુઓ છે.

આચાર્ય **શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિ** ફરમાવે છે કે-

सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु,
स्फुरन्ति या काश्चन सूक्तसम्पदः ।
तवैव ताः पूर्वमहार्णवोत्थिता,
जगत्प्रमाणं जिन ! वाक्यविप्रुषः ॥१॥

હે જિનેશ્વર ! અમને એ સુનિશ્ચિત છે કે અન્ય મતના શાસ્ત્રોની યુક્તિઓને વિષે જે કોઈ સારા વચનોની સમ્પદાઓ જોવામાં આવે છે, તે આપના જ ચૌદ પૂર્વોરૂપી મોટા સમુદ્રમાંથી ઉછળેલા જગતમાં પ્રમાણભૂત વાક્યરૂપી બિન્દુઓ છે. (૧)

**પ્રશ્ન૦** જૈન ધર્મનું ટૂંકમાં લક્ષણ શું ?

ઉત્તર૦ જૈન ધર્મનું લક્ષણ સંક્ષેપમાં જાણવા: માટે નીચેનો એક જ શ્લોક બસ છે.

स्याद्वादो वर्तते यस्मिन्, पक्षपातो न विद्यते ।
नाऽस्त्यन्यपीडनं किञ्चित्, जैनो धर्मः स कथ्यते ॥१॥

જેમાં સ્યાદ્વાદ રહેલો છે: કોઈનો પણ પક્ષપાત નથી: તથા કિંચિત્ પણ અન્યને પીડા નથી, તે ધર્મને શ્રી જૈન ધર્મ કહેવાય છે.

( १ )

**वीतरागोऽस्ति सर्वज्ञः, प्रमाणाबाधितत्वतः ।**
**सर्वदा विदितः सद्भिः, सुखादिकमिव ध्रुवम् ॥१॥**

વીતરાગ અને સર્વજ્ઞની હયાતી અબાધિત પ્રમાણો વડે સિદ્ધ છે. સર્વદા સત્પુરૂષોને તે સુખાદિકની જેમ નિશ્ચિતપણે વિદિત છે.

( २ )

**क्षीयते सर्वथा रागः, क्वापि कारणहानितः ।**
**ज्वलनो हीयते किं न, काष्ठादीनां वियोगतः ॥२॥**

કારણના નાશથી કવચિત્ રાગ સર્વથા પણ ક્ષયને પામે છે. કાષ્ઠાદિના વિયોગથી શું અગ્નિ ક્ષય પામતો નથી ?

( ३ )

**प्रकर्षस्य प्रतिष्ठानं, ज्ञानं क्वापि प्रपठ्यते ।**
**परिमाणमिवाकाशे, तारतम्योपलब्धितः ॥३॥**

તારતમ્યની ઉપલબ્ધિથી આકાશના પરિમાણની જેમ જ્ઞાનના પ્રકર્ષની પ્રતિષ્ઠા કોઈપણ જગ્યાએ હોવી જોઈએ. જ્ઞાનના પ્રકર્ષની જ્યાં પ્રતિષ્ઠા છે, તેનું જ નામ સર્વજ્ઞ છે.

( ४ )

**सामायिकविशुद्धात्मा, सर्वथा घातिकर्मणः ।**
**क्षयात्केवलमाप्नोति, लोकालोकप्रकाशकम् ॥४॥**

સામાયિક વડે વિશુદ્ધ થયેલો આત્મા ઘાતિકર્મનો સર્વથા ક્ષય કરી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને પામે છે.

( ५ )

**आत्मनस्तत्स्वभावत्वा,-ल्लोकालोकप्रकाशकम् ।**
**अत एव तदुत्पत्ति,-समयेऽपि यथोदितम् ॥५॥**

આત્માનો કેવળજ્ઞાનમય સ્વભાવ હોવાથી ઉત્પત્તિના પ્રથમ સમયે પણ તે યથોદિત લોકાલોક પ્રકાશક હોય છે.

**[ શ્રીહરિભદ્રસૂરીજી. ]**

# સર્વજ્ઞ.

'આ વિશ્વમાં કોઇ સર્વજ્ઞ થયું હશે કે નહિ?'–એ જાતિની શંકા આજે કેટલાકોના હૈયાને ધર્મના નિશ્ચિત–પથ પરથી ચળવિચળ કરી રહી છે. સર્વજ્ઞના અસ્તિત્વ સંબંધી નિશ્ચલ શ્રદ્ધા અને તેઓ દ્વારા પ્રકાશિત તત્ત્વો ઉપર અચળ વિશ્વાસ, વિશ્વના સમગ્ર માનવીઓની ઉન્નતિનું બીજ છે. વિશ્વ અનંત છે. માનવીઓની શક્તિ અલ્પ છે. અલ્પ શક્તિ અને અલ્પ બુદ્ધિને વરેલા માનવીઓથી વિશ્વના ત્રિકાલવર્તિ સમગ્ર પદાર્થોની શોધખોળ થવી કે તેનું સાચું જ્ઞાન મેળવવું અસંભવિત છે. ત્રિકાલવર્તિ વિશ્વના સમગ્ર ભાવોનું સંગીન જ્ઞાન મેળવવા માટે તો શ્રી સર્વજ્ઞનાં વચનોનો જ એક આધાર છે. પરંતુ તે પહેલાં સર્વજ્ઞો થયા છે કે નહિ, તે બાબતનો અવિચળ વિશ્વાસ હૈયામાં સ્થિર થવો જોઇએ નિશ્ચિત સર્વજ્ઞની હયાતી સિદ્ધ કરનારાં પ્રમાણો અને યુકિતઓ અહીં નીચે આપવામાં આવે છે. વિષય ગહન હોવા છતાં તેને બની શકે તેટલી સરળ ભાષામાં ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**મૂળ પ્રકાશક સર્વજ્ઞ–**

**ઇશ્વરને વિશ્વનો કર્તા માનવામાં જેમ અનેક પ્રામાણિક બાધાઓ ઉત્પન્ન થાય છે, તેમ વિશ્વની સમગ્ર વસ્તુ-**

ઓને જાણનાર અને જોનાર ઈશ્વરને નહિ માનવાથી પણ, અનેકવિધ પ્રમાણબાધો ઉત્પન્ન થાય છે. વિશ્વની સમગ્ર વસ્તુઓને જાણનાર કોઇ ઇશ્વર નજ હોય, તો જગત્‌માં જે વિવાદ વિનાની અનેક માહિતીઓ આજે મળી આવે છે, તે મળત નહિ. કોઇ પણ વક્તા સર્વ વસ્તુનો જ્ઞાતા થયા સિવાય પૂર્ણ સત્ય બોલી શકેજ નહિ. સૂર્યચન્દ્રાદિ જ્યોતિષ્ચક્ર અને ગ્રહોના ચારનું, વૈદ્યકશાસ્ત્રનું અને નિમિત્તશાસ્ત્રનું તથા બીજા પણ સૂક્ષ્મ, દૂર અને અન્તરિત પદાર્થોનું જ્ઞાન જે આજે ઉપલબ્ધ થાય છે, તે સર્વજ્ઞને માન્યા સિવાય સંભવે નહિ. ગણિતશાસ્ત્રનો કે વૈદ્યકશાસ્ત્રનો સારો કે અનુભવી અભ્યાસી પણ, મૂળ જ્યોતિષ્શાસ્ત્ર કે વૈદ્યકશાસ્ત્રની સહાય વિના ગ્રહચાર કે રોગનિદાનાદિનું જ્ઞાન કરી શકે નહિ. એ મૂળ જ્ઞાન જેના વડે પ્રકાશિત થયું હોય, તે જ સર્વજ્ઞ છે. છદ્મસ્થો વડે તે મૂળ જ્ઞાન પ્રકાશિત થઈ શકતું હોય, તો આજે પણ થવું જોઇએ. ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલ આત્મા, પરલોક, કર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક આદિ પદાર્થોની સૂક્ષ્મ હકીકતો પણ છાદ્મસ્થિક જ્ઞાનથી જાણી શકાય એવી નથી. આજે તે બધી વસ્તુઓની બારીકમાં બારીક માહિતીઓ શાસ્ત્રમાં ઉપલબ્ધ છે, તો તેને જણાવનાર અતીન્દ્રિય જ્ઞાનિનું અસ્તિત્વ પણ સ્વીકારવું જ પડે.

**સર્વજ્ઞનો નિષેધ ન થાય—**

આ દેશ અને આ કાળમાં કોઈ તેવો અતીન્દ્રિય જ્ઞાની નથી, એ કથન જ અન્ય દેશ અને અન્ય કાળમાં તેની હયાતીને પૂરવાર કરે છે. સર્વદેશ અને સર્વકાળમાં કોઈ પણ

સર્વજ્ઞ–અતીન્દ્રિય જ્ઞાની થયેલ નથી, એમ અસર્વજ્ઞ શી રીતે કહી શકે? અને કહે તો પણ તેનું તે વચન પ્રામાણિક પરિષદ્‌માં માન્ય પણ કેવી રીતે થઈ શકે? સર્વદેશ અને સર્વકાળનું જેને જ્ઞાન નથી, તે સર્વદેશ અને સર્વકાળમાં એક વસ્તુ નથી–એમ કેવી રીતે કહી શકે? વિસંવાદી વચનોના અનુમાનથી કપિલ, બુદ્ધાદિ કે અમૂક પુરૂષ સર્વજ્ઞ નથી, એમ કહી શકાય: પણ કોઇ પણ વ્યક્તિ સર્વજ્ઞનથી એમ અસર્વજ્ઞથી શી રીતે કહી શકાય? તેમાં પણ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અવિરૂદ્ધ એવાં અવિસંવાદી વચનોથી ભરેલાં સેંકડો શાસ્ત્રો સર્વજ્ઞના અસ્તિત્વને સિદ્ધ કરનાર વિદ્યમાન હોય, તેવા વખતે તો સર્વજ્ઞનો નિષેધ કોઈ પણ પ્રામાણિક પુરૂષથી ન જ થઈ શકે.

**દેશક્ષય થાય તો સર્વક્ષય થાય–**

જૈનશાસ્ત્રો કહે છે કે–મલિન આત્મા પણ ક્રમશઃ જ્ઞાન, તપ અને દયાદિના અભ્યાસથી નિર્મળતાને પામી સર્વજ્ઞ થઈ શકે છે. અનાદિમાન રાગાદિ દોષોનો ક્ષય શી રીતે થાય, એમ ન કહેવું. રાગાદિ દોષો અનાદિમાન હોવા છતાં પ્રતિપક્ષ ભાવનાથી તેનો હ્રાસ થતો પ્રત્યક્ષ અનુભવાય છે. એજ પ્રતિપક્ષ ભાવનાના પ્રકર્ષથી રાગાદિ દોષોનો સર્વક્ષય પણ સંભવે છે. કાંચનનો મલ અને શરીરનો રોગ ક્રમશઃ નાશ પામે છે, તેમ જેનો દેશક્ષય જે હેતુથી થાય, તે હેતુના પ્રકર્ષથી તેનો સર્વક્ષય પણ થાય, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી.

**દોષનાશક ભાવનાઓ–**

રાગાદિ દોષોનો નાશ કરનારી પ્રતિપક્ષ ભાવનાઓ

વિચિત્ર પ્રકારની હોય છે. પ્રમત્ત, અપ્રમત્ત આદિ ગુણસ્થાનકોમાં તે ભાવનાઓ પલટાતી જાય છે. કહ્યું છે કે–

"नाणी तवम्मि निरओ, चारित्ती भावणाजोग्गो ।
सा पुण विच्चित्तरूवाऽवत्थाभेदेण निद्दिट्ठा ॥१॥"

હેયોપાદેય વસ્તુના યાથાત્મ્યને જાણનારો, યથાશક્તિ બાહ્ય–અભ્યન્તર ભેદ-ભિન્ન-દ્વાદશવિધ તપમાં નિરક્ત, સદસત્–ક્રિયા–પ્રવૃત્તિ–નિવૃત્તિ–લિંગગમ્ય— શુભ–પરિણામ–વિશેષવાન્ અને ચારિત્રધર આત્મા રાગાદિ દોષોનો નાશ કરનાર પ્રતિપક્ષ ભાવનાઓ ભાવવાને યોગ્ય છે. તે ભાવનાઓ અવસ્થાભેદે વિચિત્ર પ્રકારની બતાવેલી છે. જેમકેઃ–

રાગાદિ દોષોનું નિદાન શું? પ્રકૃતિ–વિશુદ્ધ જીવને કુત્સિત કર્માંશનો સંબંધ.

રાગાદિ દોષોનું સ્વરૂપ શું? પરમાનન્દ રૂપ પ્રશમ સુખનાં પ્રત્યનીક અભિષ્વંગ, અપ્રીતિ અને અજ્ઞાનાદિ.

રાગાદિ દોષોનો વિષય શું? ગુણરહિત, ક્ષણવિપરિણામી, નિષ્ફળ અને અનર્થના કારણભૂત સ્ત્રી, શરીર, ધન, યૌવન, રૂપ, રસાદિ પદાર્થો: ગુણરહિત એટલે જે ગુણનો આરોપ તે પદાર્થોને વિષે કરવામાં આવે છે, તે ગુણથી શૂન્ય. અર્થાત્ આરોપેલો સુખ રૂપ ગુણ તે પદાર્થોમાં હોતો નથી: અન્ય ગુણ તો હોય જ છે.

રાગાદિ દોષોનું ફળ શું? પંડિત પુરૂષોને નિર્વેદનું કારણ જન્મ–જરા–મરણાદિ વિચિત્ર પ્રકારનો ચતુર્ગતિરૂપ સંસાર.

આ પ્રકારની પ્રતિપક્ષ ભાવનાઓથી રાગાદિ દોષો

પાતળા થાય છે અને ભાવનાના પ્રબળ પ્રકર્ષથી નિર્મૂળ ક્ષય પણ થાય છે. (૧)

—અથવા—

"नाणं पयासगं सोहओ, तवो संजमो अ गुत्तिकरो।
तिण्हंपि समाओगे, मोक्खो जिणसासणे भणिओ ॥१॥"

પ્રકાશક જ્ઞાન, શોધક તપ અને આશ્રવનિરોધક સંયમ, એ ત્રણેના સમ્યગ્ યોગથી શ્રી જિનશાસનમાં મોક્ષ પ્રતિપાદન કરેલો છે. (૧)

ગૃહમાં ભરાયેલા કચરાને દૂર કરવા માટે જેમ દીપક આદિની જરૂર પડે છે, તેમ આત્મગૃહમાં ભરાયેલ કર્મરૂપી કચવરને દૂર કરવા માટે દીપકની જગ્યાએ કર્મકચવરને બતાવનાર જ્ઞાન છે. ઘર સાફ કરનાર કર્મકર પુરૂષની જગ્યાએ બાહ્યાભ્યન્તર તપ છે અને ઘરમાં આવતા નવા કચરાને રોકનાર બંધ બારી-બારણાંની જગ્યાએ આશ્રવોનાં છિદ્રોને નિરોધ કરનાર સંયમ છે. એ રીતે જ્ઞાન, તપ અને સંયમના પ્રકર્ષ યોગે આત્મારૂપી ઘર, કર્મરૂપી કચરાથી સર્વથા શુદ્ધ બને છે. રાગાદિ દોષોનો ક્ષય કરવા માટેની આ પણ એક પ્રતિપક્ષ ભાવના છે. એ વિગેરે પ્રતિપક્ષ ભાવનાઓના દીર્ઘકાળ પર્યંત, સતત્ અને સત્કારપૂર્વકના આસેવનથી રાગાદિ દોષોનો ક્ષય થાય છે અને આત્મા શુદ્ધ સ્વભાવે પ્રકાશે છે.

**દોષો નિર્મૂળ થાય એટલે ફરીથી ઉત્પન્ન ન થાય—**

આત્માનો શુદ્ધ સ્વભાવ સ્ફટિક જેવો નિર્મળ, અસંદિગ્ધ અને સ્વપર પ્રકાશવાન છે. સૂર્ય કે ચંદ્રના તેજને આવરનાર વાદળોનો પ્રચંડ પવન વડે સર્વથા વિલય થયા

બાદ, જેમ સૂર્ય અને ચંદ્રનું તેજ પ્રકાશી ઉઠે છે, તેમ આત્માના અસંદિગ્ધ જ્ઞાનાદિ ગુણોને આવરનાર જ્ઞાનાવરણીયાદિ કર્મના ગાઢ વાદળો શુક્લધ્યાન રૂપી તપના પ્રચંડ પવન વડે વિલય થતાંની સાથે જ, અનન્તજ્ઞાનાદિ ગુણો પ્રકાશિત થાય છે.

એક વાર નિર્મૂળ ક્ષયને પામેલા તે રાગાદિ દોષો સહકારી કારણોના અભાવે ફરી વાર ઉત્પન્ન થતા નથી. રાગાદિ વેદનીય કર્મના વિપાકોદયો, એ રાગાદિ દોષનું સહકારી કારણ છે. એ કર્મના ઉદયથી જીવને અશુભ અધ્યવસાય રૂપ સંકલેશાદિ થાય છે. સંકલેશાદિનું કારણ રાગાદિ છે. રાગાદિ વિના જ સંકલેશ થતો હોય, તો સર્વદા સર્વત્ર થવો જોઇએ અથવા સર્વદા સર્વત્ર ન થવો જોઇએ. અકારણિક વસ્તુઓને દેશકાલનો નિયમ હોતો નથી. કહ્યું છે કે-'**आकस्मिकस्य देशकालनियमाऽयोगात्** ।' રાગાદિના અભાવે સંકલેશ થતો નથી અને સંકલેશના અભાવે કર્મબન્ધ થતો નથી. રાગાદિ વેદનીય કર્મના અભાવથી રાગનો અભાવ, રાગના અભાવથી સંકલેશનો અભાવ અને સંકલેશના અભાવથી કર્મનો અભાવ: એ રીતે રાગાદિ દોષોનો એક વાર નિર્મૂલ અપગમ થવા બાદ ફરી કોઈ વાર પણ તે દોષો ઉત્પન્ન થતા નથી.

### પ્રાતિભજ્ઞાન-

સર્વ દોષોનો નિર્મૂળ અપગમ થવાથી, આત્મામાં સર્વજ્ઞપણું પ્રગટે છે. જે વસ્તુ તારતમ્યવાળી હોય છે, તેનો આકાશના તારતમ્યની જેમ સર્વોત્તમ પ્રકર્ષ પણ હોય છે.

જ્ઞાન તારતમ્યવાળું છે, માટે તેનો પણ સર્વોત્તમ પ્રકર્ષ હોવો જોઇએ. એ સર્વોત્તમ પ્રકર્ષનું નામ જ અતીન્દ્રિય કેવળજ્ઞાન છે. આત્મદ્રવ્યના જ્ઞાનનો તરતમભાવ અધ્યયનાદિમાં સ્પષ્ટ દેખાય છે. કેટલાક એક વાર સાંભળીને જાણી શકે છે: કેટલાક બે, ત્રણ, ચાર કે બહુ વાર સાંભળીને જાણી શકે છે: કેટલાક અલ્પ–અલ્પતર જાણી શકે છે: કેટલાક બહુ–બહુતર જાણી શકે છે. આ રીતે જ્ઞાનનું તારતમ્ય હોવાથી તેનો અતિશય પ્રકર્ષ પણ સંભવે છે. ઇન્દ્રિયજ્ઞાનનો જેમ પ્રકર્ષાપકર્ષ છે, તેમ પ્રાતિભજ્ઞાનનો પણ પ્રકર્ષાપકર્ષ દેખાય છે. પ્રાતિભજ્ઞાન ઇન્દ્રિય અને મનની સહાયતા વિના થાય છે, તેથી અતીન્દ્રિય છે. મારૂં હૃદય કહે છે કે–' આજે આમ થવું જ જોઈએ. '–અથવા 'આવતી કાલે આમ થશે.'–અથવા 'દશ દિવસ બાદ મારૂં મૃત્યુ છે.'–એ વિગેરે પ્રતિભાવંત આત્માઓને થતા પ્રાતિભજ્ઞાનનાં ઉદાહરણો છે.

## સામાન્ય અને વિશેષ જ્ઞાન–

જીવ અસંદિગ્ધ–જ્ઞાન–સ્વભાવવાળો સિદ્ધ થયા પછી, એના ઉપરનાં આવરણો સર્વથા ચાલ્યાં જાય, તો પછી તે જીવ સર્વ વસ્તુને અસંદિગ્ધપણે કેમ ન જાણી શકે? અવશ્ય જાણી શકે: કારણ કે–એને જાણવામાં અંતરાય કરનાર પછી કોઈ છે જ નહિ.

આવરણ ગયા પછી પણ દેશકાલનો વિપ્રકર્ષ જાણવામાં પ્રતિબન્ધક કેમ ન થાય?–એવી શંકા નહિ કરવી. વસ્તુનું જ્ઞાન બે પ્રકારે થાય છે. સામાન્યથી અને વિશેષથી. સમચક્ષો પ્રાયઃ સર્વ વસ્તુઓને સામાન્યથી જાણતા હોય છે.

માત્ર તેના સર્વ વિશેષોને જાણતા હોતા નથી: પણ સામાન્યથી વસ્તુને જાણ્યા પછી એના વિશેષો અનુમાનથી સમજી શકાય છે. આથી ઉડ્ડયન કે ભોજન ક્રિયામાં તારતમ્ય હોય છે, તો પણ તે ક્રિયાઓ સર્વ વિષયક પ્રકર્ષવાળી કદી હોતી નથી, એમ કહીને જેઓ સર્વ વિષયક જ્ઞાનક્રિયાનો નિષેધ કરે છે, તેઓ ખોટા છે એમ સિદ્ધ થાય છે: કારણ કે–ઉડ્ડયન ક્રિયા કે ભોજનક્રિયાને જ્ઞાનક્રિયા સાથે દૃષ્ટાંતમાં સર્વ વિષયનું સામ્ય નથી. જ્ઞાનક્રિયા સામાન્યથી સર્વ વસ્તુ વિષયક થઇ શકે છે, જ્યારે ઉડ્ડયન કે ભોજનક્રિયા સામાન્યથી પણ સર્વ પ્રકર્ષવાળી સંભવતી નથી. જ્યાં સામાન્યથી સર્વ વસ્તુનું જ્ઞાન સિદ્ધ થાય છે, ત્યાં સામગ્રી યોગે વિશેષથી પણ સર્વ વસ્તુનું જ્ઞાન અવશ્ય સિદ્ધ થાય છે: કારણ કે સામાન્ય વિનાનું વિશેષ કે વિશેષ વિનાનું સામાન્ય આ જગત્માં છે જ નહિ.

**એક સાથે પણ ભાસે–**

કેટલાકો કહે છે કે–સંસાર અનંત છે, તેમાં રહેલી ચીજો પણ અનંત છે, તો એકેક ચીજનું જ્ઞાન કરતાં સર્વજ્ઞને સર્વ ચીજનું જ્ઞાન અનંતકાળે પણ કેમ થઇ શકે ? તેઓનું આ કહેવું અજ્ઞાનતાભર્યું છે. ભણેલા માણુસને જેમ બધું જ્ઞાન હૃદયમાં એક સાથે ભાસે છે, તેમ સર્વજ્ઞ ભગવાનને ત્રિકાલ અને ત્રિલોક વિષયક સર્વ વસ્તુ અને તેના પર્યાયોનું જ્ઞાન એક સાથે ભાસે તેમાં શું આશ્ચર્ય છે ?

**વાચા અને સર્વજ્ઞતા વિરોધી નથી–**

કેટલાકો કહે છે કે–'વક્તૃત્વની સાથે સર્વજ્ઞતાને વિરોધ

છે. જેટલા વક્તા છે, તેટલા બધા અસર્વજ્ઞ દેખાય છે. વળી બોલનાર જે કાંઇ બોલે છે, તે વિવક્ષા પૂર્વક જ બોલે છે. વિવક્ષા એ ઈચ્છાસ્વરૂપ છે. ઇચ્છા એ રાગ છે અને રાગ છે ત્યાં સુધી સર્વજ્ઞતાનો સંભવ નથી.' તેઓનું આ કહેવું પણ વસ્તુતત્ત્વનું અજ્ઞાન સૂચવે છે. વચન વિવક્ષાપૂર્વક જ હોય, તો સ્વપ્ન, મદ, મૂર્ચ્છા, અન્યમનસ્કાદિ અવસ્થાઓમાં જે બોલાય છે, તે કેમ ઘટે? વચનમાં વિવક્ષાની જરૂર પડે-જ છે, એવો નિયમ નથી. વચન બોલવામાં માત્ર આત્મ-પ્રયત્ન અને ભાષાદ્રવ્યની અનિવાર્ય આવશ્યક્તા છે: વિવ-ક્ષાની નહિ. કેવળજ્ઞાની ભગવાનને ભાવ–મન નથી, માત્ર દ્રવ્ય–મન જ છેઃ તેથી ભાવ–મનપૂર્વકની વિવક્ષા તેમને છે નહિ. આત્મપરિસ્પન્દ રૂપ તેમના આત્મપ્રયત્નને વિવક્ષા કહેવી હોય તો હરકત નથી. પરન્તુ તે ઇચ્છા રૂપ નહિ હોવાથી રાગસ્વરૂપ નથી, તેથી સર્વજ્ઞપણામાં બાધક નથી. સમ્યગ્વચન, એ તો સર્વજ્ઞપણાનું અસાધારણ ચિહ્ન છે. પ્રકૃષ્ટતર જ્ઞાનયુક્તનું વચન પણ પ્રકૃષ્ટતર હોય છે. એ રીતે વચન–શક્તિ જ્ઞાનની વિરોધિની નથી, પણ જ્ઞાનની પ્રકૃષ્ટ-તાને સૂચવનારી છે. અપ્રત્યક્ષ એવો આત્મા જેમ ઇહા, અપાય, ધારણાદિ લિંગોથી જાણી શકાય છે, તેમ છદ્મ-સ્થોને અગોચર એવી વીતરાગતા અને સર્વજ્ઞતા પણ સત્ય-ભાષાદિ લિંગવડે સ્ફુટ રીતિએ જાણી શકાય છે. જ્ઞાની જ સત્ય અને સર્વ સંશયોને છેદનારૂં વચન બોલી શકે છે, માટે બોલવાની ક્રિયાનો સર્વજ્ઞપણા સાથે લેશ માત્ર વિરોધ નથી.

**અતીત-અનાગત જાણી શકાય-**

કેટલાકો કહે છે કે-કેવલજ્ઞાની ભગવાન ત્રણે કાળના ભાવોને જાણે છે, એ વાત શી રીતે ઘટે? અતીતકાળના ભાવો નાશ પામી ગયા છે, અનાગતકાળના ભાવો હજુ ઉત્પન્ન જ થયા નથી, તો તેને સર્વજ્ઞ ભગવાન કેવી રીતે જાણી શકે? તેઓનું આ કથન પણ અણુસમજવાળું છે. વસ્તુ માત્ર દ્રવ્ય પર્યાયાત્મક છે. વર્તમાન વસ્તુ પરમ્પરાએ સકલ અતીત અવસ્થાઓ વડે જન્ય છે અને પરમ્પરાએ અનાગત સઘળી અવસ્થાઓની જનક છે. એ દૃષ્ટિએ અતીત-અનાગત અવસ્થાઓ પણ વર્તમાનમાં કથંચિત્ વિદ્યમાન છે. વસ્તુને પર્યાય માત્ર માનીએ, તો વસ્તુનો અભાવ સિદ્ધ થાય છે. કારણ કે મૂળ દ્રવ્ય વિના પર્યાય કોનો? માટે પૂર્વભાવનો નિરન્વય વિનાશ થાય છે, એમ માનવામાં વસ્તુનો લાભ સર્વથા ઘટે નહિ.

વસ્તુને દ્રવ્ય માત્ર માનીએ તો વસ્તુમાં કાલભેદ પણ નહિ ઘટે. પૂર્વ સમયની વસ્તુ જૂદી, વર્તમાન સમયની જૂદી, અનાગત સમયની જૂદી, એમ દ્રવ્યવાદિથી નહિ કહી શકાય. તેમ કહેવા જાય તો પર્યાય સિદ્ધ થઇ જાય છે. આથી સર્વજ્ઞભગવાન સકલ અતીત અવસ્થા વડે જન્ય અને સકલ અનાગત અવસ્થાની જનક સર્વ વર્તમાન વસ્તુને જાણે છે અથવા સકલ અતીત ભાવોને અતીતપણે, સકલ અનાગત ભાવોને અનાગતપણે તથા સકલ વર્તમાન ભાવોને વર્તમાનપણે જાણે છે, એમ માનવામાં કોઇ બાધક નથી.

અતિ અતીત ભાવો કે અતિ અનાગત ભાવોને સ્પષ્ટ-

તયા શી રીતિએ જાણી શકે?—એમ પણ ન કહેવું. પ્રતિભાશાળી પુરૂષ વર્તમાનમાં પણ પરોક્ષ વસ્તુઓને યથાસ્થિત સ્ફુટ રીતિએ જાણી શકે છે, તો પછી કેવળજ્ઞાની ભગવાન અતિ અતીત કે અતિ અનાગત ભાવોને સ્ફુટ રીતિએ જાણી શકે, એમાં શી નવાઈ?

**શાસ્ત્રીય પ્રમાણો—**

પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યભગવાન શ્રીમદ્ **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજ શ્રી **પ્રમાણ-મીમાંસા** નામના શાસ્ત્રરત્નમાં સર્વજ્ઞ ભગવાનના કેવલજ્ઞાનની સિદ્ધિમાં અનેક પ્રમાણો આપતાં ફરમાવે છે કે—

(૧) પ્રજ્ઞાનું અતિશય—સર્વોત્કર્ષ તારતમ્ય કોઈ પણ સ્થાને વિશ્રાન્ત થયેલું છે. તે વિશ્રાન્તિના સ્થાનનું નામજ કેવળજ્ઞાન છે.

(૨) સૂક્ષ્મ, અન્તરિત અને દૂરસ્થ પદાર્થો પ્રમેય હોવાથી કોઈને પણ પ્રત્યક્ષ હોવા જ જોઇએ. એ જેને પ્રત્યક્ષ છે તેજ સર્વજ્ઞ છે.

(૩) સર્વજ્ઞ ભગવાનની સિદ્ધિમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ સંવાદવાળું શાસ્ત્ર એજ પ્રમાણ છે. શાસ્ત્રનો વિષય સ્યાદ્વાદ છે અને એજ પ્રત્યક્ષાદિ પ્રમાણોનો પણ વિષય છે.

(૪) જ્ઞાન, બાહ્ય પદાર્થની જેમ પોતાને પણ જણાવનારૂં છે, તેથી અતીન્દ્રિય જ્ઞાનને ધરનારા યોગીપુરૂષોને કેવલજ્ઞાનસ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન પણ સ્વપ્રત્યક્ષ છે.

(૫) દીર્ઘકાલ પર્યંત નિરંતર સત્કારપૂર્વક આસેવન કરેલ રત્નત્રયીના પ્રકર્ષયોગે એકત્વવિતર્કઅવિચાર રૂપી દ્વિતીય શુકલધ્યાનના બળે સમસ્ત પ્રકારે જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોનો

ક્ષય થવાથી આત્માના સ્વપરપ્રકાશક ચૈતન્ય સ્વભાવનો સંપૂર્ણ આવિર્ભાવ થવો, તેનું જ નામ કેવળજ્ઞાન છે. તે જ્ઞાન સર્વ જ્ઞાનોમાં મુખ્ય છે. તે ઇન્દ્રિયાદિની સહાયથી નિરપેક્ષ, સકલ વસ્તુઓને વિષય કરનારૂં તથા અસાધારણ છે: તેથી તેને આગમમાં 'કેવળ' (એક અથવા અસાધારણ) કહેવામાં આવેલ છે.

**પ્રકાશ-સ્વભાવવાળો આત્મા-**

'આત્મા પ્રકાશ-સ્વભાવવાળો છે, એમ કેવી રીતિએ માનવું?'-તેનો ઉત્તર આપતાં પણ, પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજ ફરમાવે છે કે—

આત્મા અસંદિગ્ધ સ્વભાવવાળો હોવાથી, પ્રકાશસ્વભાવી છે. જો ઘટ પ્રકાશ-સ્વભાવી નથી, તો અસંદિગ્ધ સ્વભાવવાળો પણ નથી. આત્માના અસંદિગ્ધ સ્વભાવમાં પ્રમાણ તે છે કે-કોઈ પણ આત્માને 'હું છું કે નહિ?'-એવો સંદેહ કદી પણ હોતો નથી. 'હું છું'-એવું પ્રત્યેક આત્માને થતું સ્વ-સંવેદ્ય જ્ઞાન અસંદિગ્ધ હોય છે અને તેજ આત્માના અસંદિગ્ધ સ્વભાવને સિદ્ધ કરે છે.

આત્મા જ્ઞાનસ્વભાવવાળો હોવાથી, પ્રકાશસ્વભાવવાળો છે. ઘટ જ્ઞાનસ્વભાવવાળો નથી, તેથી પ્રકાશ-સ્વભાવવાળો પણ નથી. આત્મા જ્ઞાનસ્વભાવવાળો નથી, એમ કોઇ રીતિએ કહી શકાય તેમ નથી: કારણ કે આત્મા જ્ઞાનસ્વભાવવાળો છે, એ વાત પ્રત્યેકને સ્વાનુભવસિદ્ધ છે.

જે, જે ક્રિયાનો કર્તા હોય છે તે, તે ક્રિયાનો વિષય

હોઇ શકતો નથી. ગતિક્રિયાનો કર્તા ચૈત્ર ગતિક્રિયાનો વિષય નથી. એ રીતે જ્ઞપ્તિક્રિયાનો કર્તા આત્મા પણ જ્ઞપ્તિક્રિયાનો વિષય બની શકે નહિ. જ્ઞપ્તિક્રિયા પ્રકાશ–સ્વભાવવાળી છે, તેથી આત્મા પણ પ્રકાશસ્વભાવવાળો છે.

**આત્મા અને કર્મ–**

'પ્રકાશ–સ્વભાવવાળો હોવા છતાં આત્મા કેમ સર્વ વસ્તુને જાણી શકતો નથી?'–એવી શંકા નહિ કરવી: કારણ કે–જ્યાં સુધી આત્મા ઉપરથી જ્ઞાનાવરણીયાદિ કર્મોનું આવરણ સંપૂર્ણપણે ખસ્યું નથી, ત્યાં સુધી આવરણવાળા સૂર્ય ચન્દ્રની જેમ આત્મા પણ સંપૂર્ણ પ્રકાશ કરનાર બની શકતો નથી. પ્રબલ પવનના પ્રહારથી વાદળ દૂર થઈ ગયા બાદ જેમ સૂર્ય–ચન્દ્ર સંપૂર્ણ પ્રકાશે છે, તેમ પવન તુલ્ય ધ્યાન અને ભાવનાના બળથી આત્મા ઉપરનાં આવરણો પણ જ્યારે વિલય પામે છે, ત્યારે તે પણ સંપૂર્ણ પ્રકાશી ઉઠે છે. જેમ સુવર્ણનો અનાદિ મલ, ક્ષાર અને માટીના પુટ-પાકાદિ વડે નાશ પામે છે, તેમ અનાદિ પણ જ્ઞાનાવરણીયાદિ કર્મની સન્તતિ, પ્રતિપક્ષભૂત રત્નત્રયીના સતત્ અભ્યાસથી નાશ પામે છે.

'અમૂર્ત ચેતનાશક્તિને મૂર્ત કર્મો કેવી રીતે આવરણ કરી શકે?'–એવી શંકા પણ નહિ કરવી: કારણ કે–અમૂર્ત ચેતનાશક્તિને મૂર્ત મદિરા, કોદ્રવ આદિથી થતું આવરણ પ્રત્યક્ષ અનુભવાય છે. પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થતી વસ્તુને સિદ્ધ કરવા માટે અન્ય પ્રમાણોની આવશ્યકતા નથી. સર્વ જ્યેષ્ઠ આગમપ્રમાણ તો એનું સમર્થન કરે છે જ.

सर्वज्ञाप्रतिपत्तिर्यन्मोहः सामान्यतोऽपि हि ।
नास्त्येवाभिनिवेशस्तु, महामोहः सतां मतः ॥१॥

સર્વજ્ઞનો અસ્વીકાર એ સામાન્યથી પણ મોહજ છે. પરંતુ 'સર્વજ્ઞ છેજ નહિ' એ જાતિનો અભિનિવેશ તો 'મહામોહ' છે એમ સત્પુરૂષોએ માનેલું છે. (૧)

अस्माच्च दूरे कल्याणं, सुलभा दुःखसंपदः ।
नाऽज्ञानतो रिपुः कश्चिदत एवोदितं बुधैः ॥२॥

'સર્વજ્ઞ છેજ નહિ' એ જાતિના અભિનિવેશવાળાને કલ્યાણ દૂર છે અને દુઃખની સમ્પદાઓ સુલભ છે. કારણકે અજ્ઞાન કરતાં કોઇ બીજો દુશ્મન નથી, એમ બુધ પુરૂષોએ ફરમાવ્યું છે. (૨)

महामोहाभिभूतानामित्यनर्थो महान् यतः ।
अतस्तत्त्वविदां तेषु, कृपाऽवश्यं प्रवर्त्तते ॥३॥

મહામોહથી અભિભૂત થયેલા પ્રાણીઓને મહાન્ અનર્થ થાય છેઃ એ માટે તત્ત્વવેત્તાઓને તેવા આત્માઓ ઉપર અવશ્ય કરૂણા પ્રવર્તે છે. (૩)

वाक्यलिङ्गा हि वक्तारो, गुणदोषविनिश्चये ।
क्रियालिङ्गा हि कर्त्तारः, शिल्पमार्गे यथैव हि ॥४॥

જેમ શિલ્પ માર્ગમાં ક્રિયા એજ કર્તાનું લિંગ છે તેમ ગુણ-દોષના નિશ્ચય માટે તત્ત્વ માર્ગમાં વાક્ય એજ વક્તાનું લિંગ છે. (૪)

दृष्टशास्त्राविरुद्धार्थं, सर्वसत्त्वसुखावहम् ।
मितं गम्भीरमाल्हादि, वाक्यं यस्य स सर्ववित् ॥५॥

પ્રત્યક્ષ અને આગમથી અવિરૂદ્ધ અર્થને કહેનારૂં, સર્વ પ્રાણીઓને સુખ કરનારૂં, મિત, ગંભીર અને આહ્લાદિ એવું વાક્ય જેનું હોય, તે સર્વવિત્–સર્વજ્ઞ છે. (૫)

# સ્યાદ્વાદ.

एवभूतं तु यद्वाक्यं, जैनमेव ततः स वै ।
सर्वज्ञो नान्य एतच्च, स्याद्वादोक्त्यैव गम्यते ॥१॥

એ પ્રકારનું વાકય કેવળ શ્રી જિનેશ્વર દેવનુંજ છે. એટલા માટે તેઓજ સર્વજ્ઞ છે પણ બીજા નહિ. અને એ વાત સ્યાદ્વાદ ઉકિત-વડેજ પ્રત્યક્ષ થાય છે. (૧)

**પ્રશ્ન૦** સ્યાદ્વાદ એટલે શું ?

**ઉત્તર૦** એક વસ્તુનું જૂદા જૂદા દષ્ટિબિન્દુથી અવલોકન અથવા કથન કરવું, તેને 'સ્યાદ્વાદ' કહેવામાં આવે છે. એક જ વસ્તુમાં અમૂક અમૂક અપેક્ષાએ જૂદા જૂદા ધર્મોનો સ્વીકાર કરવો, એ સ્યાદ્વાદનો રહસ્યાર્થ છે. સ્યાદ્વાદને અનેકાન્તવાદ પણ કહેવામાં આવે છે. એક જ વસ્તુમાં નિત્યત્વ, અનિત્યત્વ, સત્ત્વ, અસત્ત્વ વિગેરે વિરૂદ્ધ ભાસતા ધર્મો અપેક્ષાદષ્ટિએ સ્વીકારવા, એ સ્યાદ્વાદ દર્શન યાને અનેકાન્તવાદ દર્શનનું ફળ છે. એ સ્યાદ્વાદને સમજવાની રીત નીચે મુજબ છે.

દરેક વસ્તુ સત્ કહેવાય છે, તે પોતાના ગુણોને લઇને. બીજાના ગુણોથી કોઇ પણ વસ્તુ સત્ હોઇ શકતી નથી.

કેરીના રૂપ, રસ, આકાર આદિથી કેરી સત્ છે, પણ લીંબો-ડીના રૂપ, રસ, આકાર આદિથી નહિ. પોતાના રૂપ, રસ, આકારાદિથી કેરી જેમ સત્ છે, તેમ પરના રૂપ, રસ, આકારાદિથી કેરી અસત્ પણ છે. બાપ કહેવાય છે તે પોતાના પુત્રથી જ. અન્યના પુત્રથી બાપ બની શકાતું નથી. પોતાના પુત્રથી જે બાપ કહેવાય છે, તે જ પારકા છોકરાથી બાપ કહેવાતો નથી. સ્વપુત્રથી જે પિતા છે તે જ અન્યના પુત્રથી અપિતા પણ છે. એ જ રીતે જે પદાથ પોતાના ધર્મો અને પોતાના ગુણોથી સત્ છે તે જ પદાર્થ બીજાના ધર્મો અને બીજાના ગુણોથી અસત્ છે, એમ આપોઆપ સિદ્ધ થાય છે. એ જ વસ્તુને વિગતથી સમજવા માટે ઘટનું દૃષ્ટાન્ત લ્યો. ઘટ, એ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી સત્ છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી અસત્ છે. સ્વદ્રવ્ય જે માટી તે રૂપે ઘટ 'સત્' છે અને પરદ્રવ્ય જે જળ તે રૂપે ઘટ 'અસત્' છે. સ્વક્ષેત્ર જે **પાટલિપુત્ર** તે રૂપે ઘટ 'સત્' છે, પરક્ષેત્ર જે **અયોધ્યા** તે રૂપે ઘટ 'અસત્' છે. સ્વકાળ જે શીશિર-ઋતુ તે રૂપે ઘટ 'સત્' છે, પરકાળ જે વર્ષાઋતુ તે રૂપે ઘટ 'અસત્' છે. સ્વ-ભાવ જે રક્તવર્ણ તે રૂપે ઘટ 'સત્' છે અને પર-ભાવ જે શ્વેતાદિ વર્ણ તે રૂપે તે જ ઘટ 'અસત્' છે. આનું નામ જ સ્યાદ્વાદ છે.

એ રીતે નિત્યત્વ-અનિત્યત્વ ધર્મ પણ ઘટમાં ઘટાવી શકાય છે. એક જ માટીમાંથી ઘટ, કુંડું વિગેરે બને છે. ઘટ ફોડીને તે જ માટીથી કુંડું બનાવવામાં આવે ત્યારે તેને કોઇ ઘટ કહેતું નથી. માટી તેની તે જ હોવા છતાં આકાર બદલાયો તેથી તેને કોઇ ઘડો કહેતું નથી. ઘડો એ માટીનો

અમૂક આકારવિશેષ છે, તો પણ તે આકારવિશેષ માટીથી તદ્દન જૂદો નથી. ઘડાનો આકાર અને માટી એ બન્ને ઘડાનાં સ્વરૂપો છે. એમાં ઘડાનો આકાર એ વિનાશી છે અને બીજું સ્વરૂપ જે માટી તે વિનાશી નથી પણ ધ્રુવ છે. આથી એ સિદ્ધ થાય છે કે–ઘડાનું વિનાશી રૂપ જે આકાર-વિશેષ તેનાથી ઘટ અનિત્ય છે અને ઘડાનું ધ્રુવ રૂપ જે મૃત્પિંડ તેનાથી ઘટ નિત્ય છે. આવી રીતે એક જ વસ્તુમાં નિત્યત્વ અને અનિત્યત્વ રૂપ વિરૂદ્ધ ભાસતા ધર્મો રહી શકે છે.

બીજા પણ પરસ્પર વિરૂદ્ધ ધર્મો એક જ વસ્તુમાં કેવી રીતે રહેલા છે તે સમજવા માટે એ જ ઘટના ઉદાહરણને બીજી રીતે જોઇએ. દરેક વસ્તુમાં સમાન અને વિશેષ ધર્મો રહેલા છે. હજારો ઘડાઓમાં 'આ ઘડો' 'આ ઘડો'–એવી સમાનાકાર બુદ્ધિ ઉત્પન્ન થાય છે, એ એમ બતાવે છે કે–તમામ ઘટમાં એક સામાન્ય ધર્મ (ઘટત્વ) રહેલ છે. વળી એ હજારો ઘડાઓમાં દરેક મનુષ્ય પોતપોતાનો ઘડો ઓળખી શકે છે: તેથી તે પ્રત્યેક ઘડાઓમાં વિશેષ ધર્મો પણ રહેલા છે કે જેનાથી પ્રત્યેકની પૃથક્ પૃથક્ ઓળખાણ થઇ શકે છે. આ પ્રમાણે વસ્તુ માત્રમાં સમાનતા અને અસમાનતા રૂપ ઉભય પ્રકારના ધર્મો રહેલા છે. એ બન્ને ધર્મો એક જ વસ્તુમાં માલુમ પડે છે, તેથી તે ધર્મો વસ્તુથી અલગ નથી. આથી સ્યાદ્વાદ–દર્શન પ્રત્યેક વસ્તુને સામાન્ય–વિશેષ ઉભયાત્મક માને છે.

સ્યાદ્વાદને કેટલાક સંશયવાદ કહે છે તે અયુક્ત છે. 'આ સર્પ છે કે રજ્જુ ?'–એ સંશયાત્મક જ્ઞાન છે, કારણ કે–તેમાં સર્પ કે રજ્જુ, બેમાંથી એકનો પણ નિશ્ચય નથી.

સ્યાદ્વાદમાં તેવું ડોલાયમાન જ્ઞાન નથી, પરન્તુ એક જ પદાર્થમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ રહેલા ભિન્ન ભિન્ન ધર્મોનું સ્થિર અને નિશ્ચિત જ્ઞાન છે. જેમકે–એક જ પુરૂષમાં પિતાની અપેક્ષાએ પુત્રત્વ છે અને પુત્રની અપેક્ષાએ પિતૃત્વ છે, એવું નિશ્ચિત જ્ઞાન છે: પણ પુત્રત્વ કે પિતૃત્વનું સંશયુક્ત જ્ઞાન નથી.

સ્યાદ્વાદને વધારે સ્પષ્ટતયા સમજવા માટે દરેક પદાર્થો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય, એ ત્રણે ધર્મવાળા છે, એ સમજવું જોઈએ. સુવર્ણનું કુંડલ ભાંગીને કટક બનાવ્યું ત્યારે કુંડલનો નાશ થયો, કટકની ઉત્પત્તિ થઇ અને સુવર્ણ તો કાયમ જ રહ્યું. કટક સર્વથા નવીન જ ઉત્પન્ન થયું છે, એમ કહી શકાય નહિ. કુંડલની કોઈપણ વસ્તુ કટકમાં ન આવી હોત તો કટકને તદ્દન નવીન ઉત્પન્ન થયેલું માની શકાત: પણ તેમ તો છે નહિ. કુંડલનું તમામ સુવર્ણ કટકમાં આવી ગયું છે. માત્ર કુંડલનો આકાર બદલાયો છે. કુંડલનો નાશ કુંડલની આકૃતિ પુરતો છે. કટકની ઉત્પત્તિ કટકના આકાર પુરતી છે. કુંડલ અને કટકનું સુવર્ણ તો એક જ છે. કુંડલાકારે નાશ, કટક રૂપે ઉત્પત્તિ અને સુવર્ણ રૂપે સ્થિતિ, એ રીતે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ, એ ત્રણે ધર્મો એક જ પદાર્થમાં એક જ સમયે રહેલા સિદ્ધ થાય છે. દૂધનું દહીં થાય છે, પણ ગોરસ રૂપે કાયમ રહે છે, દૂધ રૂપે નાશ, દહીં રૂપે ઉત્પત્તિ અને ગોરસ રૂપે અવસ્થિતિ. એ રીતે દરેક પદાર્થો મૂળ રૂપે કાયમ રહે છે, પરન્તુ તેમાં અનેકાનેક પરિવર્તનો થયા કરે છે. પૂર્વપરિણામનો નાશ અને નવીન પરિણામની ઉત્પત્તિ વારંવાર

થવા છતાં મૂળ વસ્તુ નાશ પામતી નથી. એ મૂળ વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે અને તેના પરિવર્તનોને પર્યાય કહેવામાં આવે છે. વસ્તુ માત્ર દ્રવ્યપર્યાય ઉભયાત્મક છે, એમ માનવું તે સ્યાદ્વાદ–દર્શનનું બીજ છે. દરેક દર્શનકારો શબ્દથી સ્યાદ્વાદને નહિ માનવા છતાં અર્થથી સ્યાદ્વાદની અપ્રતિહત આજ્ઞાને સ્વીકારે જ છે. જેમકેઃ–

**સાંખ્ય**મતવાળા સત્વ, રજસ્, અને તમસ્–એ ત્રણ પરસ્પર વિરૂદ્ધ ધર્મોને પણ એક જ પ્રકૃતિમાં રહેલા માને છે.

**નૈયાયિક** અને **વૈશેષિકો** એક જ પૃથ્વીને પરમાણુ રૂપે નિત્ય અને ઘટપટાદિ સ્કંધ રૂપે અનિત્ય માને છે. દ્રવ્યત્વ–પૃથ્વીત્વ વિગેરે ધર્મોને સામાન્ય રૂપે સ્વીકારે છે, તેમ ગુણ-ક્રિયાદિથી તથા જલ–અગ્નિ–વાયુ વિગેરેથી ભિન્ન હોવાથી વિશેષ રૂપે પણ સ્વીકારે છે.

**બૌદ્ધો** અનેક વર્ણવાળા ચિત્રજ્ઞાનને એક જ જ્ઞાન તરીકે સ્વીકારે છે.

**મીમાંસકો** પ્રમાતા, પ્રમિતિ અને પ્રમેય–એમ ત્રણ આકારવાળા જ્ઞાનને એક જ જ્ઞાન તરીકે મંજૂર રાખે છે.

**ભટ્ટ** અને **મુરારિ** વસ્તુ માત્રને જાતિ રૂપે પણ ઓળખાવે છે અને વ્યક્તિ રૂપે પણ ઓળખાવે છે.

**બ્રહ્મવાદીઓ** એક જ આત્માને વ્યવહારથી બદ્ધ અને પરમાર્થથી અબદ્ધ માને છે. એમ કરીને સૌ કોઈને સ્યાદ્વાદ–ચક્રવર્તિની આજ્ઞાનો સીધી કે આડકતરી રીતે સ્વીકાર કર્યા સિવાય ચાલતું નથી.

**પ્રશ્ન૦** સપ્તભંગી એટલે શું?

**ઉત્તર૨૦** વસ્તુના પ્રત્યેક ધર્મને લગતી સ્યાદ્વાદની વિવેચનાને 'સપ્તભંગી' કહેવામાં આવે છે. સાત વચન-પ્રકારોનો સમૂહ, તેનું નામ સપ્તભંગી છે. શબ્દ યા વાક્યનું કામ અર્થનો બોધ કરાવવાનું હોય છે. વસ્તુનું સંપૂર્ણ પ્રકારે જ્ઞાન તે 'પ્રમાણ' અને તેને જણાવનારૂં વાક્ય તે 'પ્રમાણવાક્ય'. વસ્તુના અમૂક અંશનું જ્ઞાન તે 'નય' અને તેને જણાવનારૂં વાક્ય તે 'નયવાક્ય.' આ પ્રમાણવાક્યો અને નયવાક્યોને સાત વિભાગોમાં વહેંચવા, એ સપ્તભંગી છે. વસ્તુના પ્રત્યેક ધર્મની વિવેચના સાત પ્રકારે જ થ શકે છે: તેથી ઓછા કે અધિક પ્રકારે નહિ. ઘટ વસ્તુનો એક અનિત્ય ધર્મ લઇએ, ત્યારે તે સંબંધમાં ની પ્રમાણે વ્યવહાર થઇ શકે છે.

(१) घटः स्यादनित्य एव।

(२) ,, स्यान्नित्य एव।

(३) ,, स्यादनित्यः स्यान्नित्य एव।

(४) ,, स्यादवक्तव्य एव।

(५) ,, स्यादनित्य एव स्यादवक्तव्य एव।

(६) ,, स्यान्नित्य एव स्यादवक्तव्य एव।

(७) ,, स्यादनित्य एव, स्यान्नित्य एव, स्यादवक्तव्य एव।

દરેક વસ્તુમાં અસ્તિત્વાદિ અનંત ધર્મો રહેલા છે. આ ધર્મોનો કાલાદિથી ભેદ માનવામાં આવે ત્યારે એક શબ્દથી અનેક ધર્મોનો બોધ થઇ શકે નહિ. તેથી પ્રત્યેક ધર્મ ક્રમશઃ અનેક શબ્દો દ્વારા કહેવા પડે, તેનું નામ ક્રમ કથન છે. પરન્તુ જ્યારે કાલાદિથી તમામ ધર્મોનો અભેદ માનવામાં

આવે, ત્યારે એક શબ્દ દ્વારા એક ધર્મના પ્રતિપાદન પુરઃસર સમસ્ત ધર્મોનું પ્રતિપાદન થઇ જતું હોવાથી તેને 'યુગપત્' કથન કહેવામાં આવે છે. આ ક્રમ અને યૌગપદ્ય કથનનો ભેદ પડે છે, તેનું કારણ ધર્મોની ભેદાભેદ વિવક્ષા છે. વિવક્ષાભેદથી એક કથનને ક્રમ કહેવામાં આવે છે અને બીજાને યૌગપદ્ય કહેવામાં આવે છે. કાલ, આત્મ રૂપ, અર્થ, સંબંધ, ઉપકાર, ગુણિદેશ, સંસર્ગ અને શબ્દ, એ કાલાદિ આઠ પદાર્થો છે. એ આઠની સાથે ધર્મોની ભેદાભેદ વૃત્તિ સ્યાદ્વાદ નીતિથી ઘટાવી શકાય છે.

પ્રશ્ન૦ પ્રમાણ એટલે શું ?

**ઉત્તર૦ 'प्रमीयतेऽनेनेति प्रमाणम् ।'** અર્થાત્—જે વડે વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણય થાય તે પ્રમાણ છે. યથાર્થ જ્ઞાન, એ સંદેહ, ભ્રમ અને અજ્ઞાનને દૂર કરે છે તથા વસ્તુનું ખરૂં વસ્તુસ્વરૂપ સમજાવે છેઃ માટે તે યથાર્થ જ્ઞાન પ્રમાણ કહેવાય છે. એ પ્રમાણ સન્નિકર્ષાદિ જડ વસ્તુ હોઇ શકે નહિ, પણ સ્વ–પર પ્રકાશક જ્ઞાન જ હોઈ શકે.

જૈનોએ માનેલા બે પ્રમાણોનું સ્વરૂપ નીચે મુજબ છે. સ્પષ્ટ પ્રતિભાસી જ્ઞાનને પ્રત્યક્ષ પ્રમાણ કહેવામાં આવે છે. તેના બે ભેદો છે–સાંવ્યાવહારિક પ્રત્યક્ષ અને પારમાર્થિક પ્રત્યક્ષ. સાંવ્યાવહારિક પ્રત્યક્ષના પણ બે ભેદો છે–ઇન્દ્રિય-નિબન્ધન અને અનિન્દ્રિય–નિબન્ધન. ઇન્દ્રિયદ્વારાએ બોધ થાય, તે ઇન્દ્રિય–નિબન્ધન અને મનદ્વારાએ બોધ થાય, તે અનિન્દ્રિય–નિબન્ધન. એ બન્નેના ચાર–ચાર ભેદો છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા. અર્થનું સામાન્ય ગ્રહણ

તે અવગ્રહ. ત્યાર બાદ વસ્તુનો પરામર્શ તે ઇહા. ત્યાર બાદ વસ્તુનું અવધારણ તે અવાય. અને અવધારણની–અવિચ્યુતિ વાસના અને સ્મરણ રૂપ અવસ્થા, તે ધારણા છે. ખરી રીતે જોતાં ઇન્દ્રિય અને મનદ્વારાએ થતું જ્ઞાન એ અનુમાનાદિકની જેમ (આત્મા સિવાય ઇન્દ્રિયાદિ) અન્ય નિમિત્તોથી ઉત્પન્ન થાય છે, તેથી પ્રત્યક્ષ કહી શકાય નહિ. તો પણ વ્યવહારમાં તે જ્ઞાન (રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, શબ્દ, સુખ, દુઃખ આદિનો સાક્ષાત્કાર) યથાર્થ પ્રવૃત્તિ–નિવૃત્તિમાં મુખ્ય કારણ હોવાથી પ્રત્યક્ષ કહેવાય છે.

જેમાં ઇન્દ્રિયાદિ અન્ય સહાયકોની અપેક્ષા નથી અને જે કેવળ આત્મશક્તિ દ્વારા ઉત્પન્ન થાય છે, તેને પારમાર્થિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે. તેના બે ભેદો છે–સકલ અને વિકલ. સકલ પારમાર્થિક–પ્રત્યક્ષ તે કેવલજ્ઞાન છે. વિકલ પારમાર્થિક–પ્રત્યક્ષના બે ભેદો છે–અવધિ અને મનઃપર્યાય. અવધિજ્ઞાન, જ્ઞાનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમ ઉપર આધાર રાખનારૂં છે અને તે રૂપી દ્રવ્યોને ગ્રહણ કરનારૂં છે. તેના બે ભેદો છે–ભવપ્રત્યય અને ગુણપ્રત્યય. ભવપ્રત્યય અવધિજ્ઞાન દેવો અને નારકોને હોય છે. ગુણપ્રત્યય અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચોને હોય છે. મનઃપર્યાય જ્ઞાનનો આધાર પણ જ્ઞાનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમ ઉપર રહેલો છે. તે જ્ઞાન મનુષ્યક્ષેત્રમાં રહેલા સંજ્ઞીજીવોએ ગ્રહણ કરેલા મનોદ્રવ્યના પર્યાયોને પ્રકાશિત કરનારૂં છે.

જૈન શાસને માનેલ પરોક્ષ પ્રમાણના પાંચ ભેદો છેઃ સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ. અમુક

વસ્તુનો અનુભવ કરવાથી તેના સંસ્કારો હૃદયમાં સ્થાપિત થાય છે. એ સંસ્કારો જ્યારે જાગ્રત થાય ત્યારે તે વસ્તુનું સ્મરણ, થઈ આવે છે. એ સ્મરણ અનુભૂત વસ્તુ ઉપર યથાર્થ પ્રકાશ નાખતું હોવાથી પ્રમાણ મનાય છે.

ખોવાઈ ગયેલ વસ્તુ જ્યારે હાથ આવે છે, ત્યારે 'તેજ આ' એવું જે જ્ઞાન સ્ફુરે છે, તે પ્રત્યભિજ્ઞાન છે. સ્મરણ થવામાં પૂર્વ અનુભવ જ કારણ છે, જ્યારે પ્રત્યભિજ્ઞાન થવામાં અનુભવ અને સ્મરણ બન્નેની જરૂર પડે છે. સ્મરણમાં 'તે ઘડો' એવું જ્ઞાન થાય છે, જ્યારે પ્રત્યભિજ્ઞાનમાં 'તે આ ઘડો' એવો પ્રતિભાસ થાય છે. તેમાં 'તે' સ્મરણસ્વરૂપ છે અને 'આ' અનુભવસ્વરૂપ છે. સાદૃશ્યજ્ઞાન, એકત્વજ્ઞાન, તુલનાત્મકજ્ઞાન આદિ પ્રત્યભિજ્ઞાનપ્રમાણના જ પેટા પ્રકારો છે.

કોઈ પણ બે વસ્તુના સાથે રહેવાના સંબંધની પરીક્ષા કરવાનો અધ્યવસાય તે તર્ક છે. તેને 'ઉહ' પણ કહે છે. અવિનાભાવ સંબંધ કે જેને વ્યાપ્તિ કહેવાય છે, તેના જ્ઞાનને તર્ક કહેવાય છે. વ્યાપ્તિ એટલે અન્વયવ્યતિરેક અથવા સાહચર્યનો નિયમ. સાધન હોય ત્યાં સાધ્યનું હોવું, તે અન્વય છે અને સાધ્ય ન હોય ત્યાં સાધનનું ન હોવું, તે વ્યતિરેક છે. દૃષ્ટાન્ત તરીકે જ્યાં ધૂમ છે, ત્યાં અગ્નિ અવશ્ય છે અને જ્યાં અગ્નિ હોતો નથી, ત્યાં ધૂમ હોતો નથી, એ ધૂમ અગ્નિનો અવિનાભાવ સંબંધ છે. બે વસ્તુઓ અનેક જગ્યાએ સાથે રહેલી દેખવા માત્રથી એનો અવિનાભાવ સંબંધ–વ્યાપ્તિનિયમ સિદ્ધ થતો નથી: કિન્તુ એ બેઉને જૂદી પાડવામાં

શું વાંધો છે, એ તપાસતાં જો વાંધો સિદ્ધ થતો હોય તો જ એ બન્નેનો વ્યાપ્તિનિયમ સિદ્ધ થાય છે. એ બે વસ્તુના સાહચર્યનિયમની પરીક્ષાનો અધ્યવસાય, તેનું જ નામ તર્ક છે. જેમકે–જો અગ્નિ વિના ધૂમ રહી શકતો હોય, તો તે અગ્નિનું કાર્ય બનશે નહિ. અને એમ થાય તો ધૂમની અપેક્ષાવાળા જે અગ્નિની શોધ કરે છે, તે કરશે નહિ. અને એમ થવાથી અગ્નિ–ધૂમની લોકપ્રસિદ્ધ કાર્યકારણતા પણ ટકશે નહિ. આ જાતિના તર્કથી અગ્નિ–ધૂમનો વ્યાપ્તિનિયમ સિદ્ધ થાય છે અને એ વ્યાપ્તિ–નિયમના બળથી અનુમાન કરી શકાય છે.

હેતુદર્શન અને વ્યાપ્તિ સ્મરણથી અનુમાન થાય છે. તેના બે પ્રકારો છે–સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન. બીજાના સમજાવ્યા વિના પોતાની બુદ્ધિથી જ હેતુ આદિ દ્વારા જે અનુમાન કરાય છે, તે સ્વાર્થાનુમાન અને બીજાને સમજાવવા જે અનુમાનપ્રયોગ રજુ કરવામાં આવે છે, તે પરાર્થાનુમાન કહેવાય છે. પ્રત્યક્ષ, સ્મરણ અથવા અનુમાનાદિ કોઇ પણ જ્ઞાન, જે શબ્દ દ્વારા રજુ કરવામાં આવે છે, તે પરાર્થ સમજવું. અનુમાનમાં સાધન યા હેતુના ત્રણ યા પાંચ લક્ષણો માનવામાં આવ્યાં છે, તે વ્યાજબી નથી. એક અવિનાભાવ લક્ષણજ સાધનનું લક્ષણ માનવું પુરતું છે. જે હેતુમાં અવિનાભાવ લક્ષણ ન હોય, તે હેતુ સાચો હોય એમ કદી બનતું નથી અને કોઇ પણ ખોટા હેતુમાં અવિનાભાવ સંબંધ હોય એમ પણ બનતું નથી.

**બૌદ્ધો** હેતુનાં ત્રણ લક્ષણો–પક્ષસત્ત્વ, સપક્ષસત્ત્વ અને વિપક્ષાસત્ત્વ માને છે તથા **નૈયાયિકો** એ ત્રણ ઉપરાન્ત

અબાધિતત્વ, અને અસત્પ્રતિપક્ષત્વ, એ બે વધારે માને છે: પરન્તુ એમ માનવાથી અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષો આવે છે. જેમકે–પક્ષધર્મત્વને હેતુનું લક્ષણ માનવાથી અવ્યાપ્તિ દોષ આવે છે. પક્ષનો ધર્મ જ હેતુ બની શકે અર્થાત્ સાધ્ય જે સ્થળે હોય તે સ્થળે જ હેતુ હોવો જોઇએ, એમ માનવાથી જલચન્દ્રના જ્ઞાનથી આકાશ–ચન્દ્રનું જે અનુમાન થાય છે, તે ઘટી શકશે નહિ: કારણ કે–જલચન્દ્રનું અધિકરણ આકાશ નથી. અર્થાત્ હેતુ અને સાધ્યનું અધિકરણ એક નથી, તેથી હેતુ પક્ષનો ધર્મ હોવો જ જોઈએ, એવો મત ટકતો નથી.

એજ રીતે '**स श्यामः, तस्याः पुत्रत्वात्।**' એ અસત્ય અનુમાનમાં હેતુના ત્રણ યા પાંચ લક્ષણો ઘટી જાય છે, છતાં અવિનાભાવ સંબંધ નહિ હોવાના કારણે તે અનુમાન સાચું ઠરતું નથી. '**तत्पुत्रत्व।**' હેતુ પક્ષધર્મ છે: તેણીના અન્ય પુત્રો રૂપ સપક્ષમાં પણ છે: અશ્યામમાં નહિ હોવાથી વિપક્ષવ્યાવૃત્ત પણ છે. અબાધિતત્ત્વ અને અસત્પ્રતિપક્ષત્વ તો સ્પષ્ટ છે. અહીં એમ શંકા થઇ શકે કે–હેતુમાં વિપક્ષવ્યાવૃત્તિ નિશ્ચિત નથી, કેમકે–શ્યામત્વ વગરનો તેણીનો પુત્ર ન જ હોઈ શકે, એવો ચોક્કસ નિયમ કરી શકાતો નથી. પરન્તુ એનું નામ જ ' અવિનાભાવ ' છે. એ 'અવિનાભાવ' નહિ હોવાથી જ પ્રકૃત હેતુ અસત્ય ઠરે છે. વિપક્ષવ્યાવૃત્તિનો નિશ્ચય, એને અનુમાનનું અંગ માનવું, એનું બીજું નામ જ 'અવિનાભાવ' છે.

એ જ રીતે અવિનાભાવશાળિ હેતુમાં ' અબાધિતત્વ '

લક્ષણ હોય જ છે. અવિનાભાવશાળિ હેતુ કદી બાધિત હોતો નથી. 'अग्निरनुष्णः द्रव्यत्वात्।' એ હેતુ અવિનાભાવના અભાવથી દૂષિત છે. અસત્પ્રતિપક્ષત્વ લક્ષણ પણ વ્યર્થ છે. હેતુ અવિનાભાવથી નિશ્ચિત હોય તો તેની સામે પ્રતિપક્ષની સંભાવના હોઇ શકતી જ નથી: અગર હેતુમાં અવિનાભાવનો-જ અનિશ્ચય હોય તો તેથી તે હેતુ સદ્‌હેતુ બની શકતો જ નથી. આ ઉપરથી એ નિશ્ચિત થાય છે કે–'અવિનાભાવ' બીજા શબ્દોમાં 'અન્યથાનુપપત્તિ' એ જ એક હેતુનું અસાધારણ લક્ષણ છે.

શબ્દપ્રમાણને અનુમાનપ્રમાણમાં અંતર્ગત કરવું તે યુક્તિસર નથી: કારણ કે–અભ્યસ્ત દશામાં શબ્દથી વસ્તુની પ્રતીતિ જલ્દી થતી હોવાથી તે 'શાબ્દજ્ઞાન' અનુમાન કહી શકાય નહિ. અનભ્યાસ દશામાં તે જ 'શાબ્દજ્ઞાન' વ્યાપ્તિ-ગ્રહણના બળ વડે અર્થનું પ્રતિપાદન કરનાર હોવાથી અનુમાન પણ છે, સુવર્ણજ્ઞાનની જેમ. અભ્યાસી માણસને સુવર્ણ જોતાં કે સુવર્ણ શબ્દ સાંભળતાં સુવર્ણનો બોધ થાય છે, તેને પ્રત્યક્ષપ્રમાણ અને શાબ્દબોધપ્રમાણ કહેવાય. પરન્તુ અનભ્યાસીને સુવર્ણ જોતાં 'આ સુવર્ણ હોવું જોઇએ, સુવર્ણને લગતી આટલી વિશેષતાઓ કળાય છે માટે'–એમ વ્યાપ્તિની અપેક્ષા પડે છે, તેથી તેનું તે જ્ઞાન અનુમાન રૂપ બની જાય છે. એ જ રીતે જે અનભ્યાસીને શબ્દ સાંભળતાં તુરત 'શાબ્દબોધ' નથી થતો પણ વ્યાપ્તિ ગ્રહણરૂપ વિચાર કર્યા બાદ 'શાબ્દબોધ' થાય છે, તે 'શાબ્દબોધ' પણ અનુમાન જ્ઞાન કહી શકાય.

અભાવ એ પ્રમાણુ તરીકે હોઇ શકે જ નહિ. અર્થાપત્તિ-પ્રમાણુ અનુમાનમાં અંતર્ભૂત થઇ જાય છે. ઐતિહ્યપ્રમાણ, સત્ય હોય તો આગમપ્રમાણુ, છે અને અસત્ય હોય તો અપ્રમાણુ છે. સંભવપ્રમાણુ અનુમાનપ્રમાણુમાં સમાવેશ પામે છે અને પ્રાતિભજ્ઞાનાદિ પ્રમાણો અનિન્દ્રિયનિબન્ધન હોવાથી માનસપ્રત્યક્ષાદિમાં અંતર્ભૂત થાય છે.

**आत्माद्यतीन्द्रियं वस्तु, योगिप्रत्यक्षभावतः ।**
**परोक्षमपि चाऽन्येषां, नहि युक्त्या न युज्यते ॥ १ ॥**

આત્માદિ પદાર્થો અતીન્દ્રિય છે. તેથી તે કેવળ યોગીઓને પ્રત્યક્ષ છે અને બીજાઓને પરોક્ષ છે. તો પણ તે યુક્તિથી નથી ઘટતા, એમ નહિ. (૧)

**अचेतनानि भूतानि, न तद्धर्मो न तत्फलम् ।**
**चेतनाऽस्ति च यस्येयं, स एवात्मेति बुध्यताम् ॥ २ ॥**

ભૂતો અચેતન છે. ચેતના તેનો ધર્મ નથી અને ફલ-કાર્ય પણ નથી. આ સ્વાનુભવ પ્રત્યક્ષથી દેખાતી ચેતના-ચૈતન્ય જેનો ધર્મ અને ફળ છે, તેજ આત્મા છે. (૨)

**यदीयं भूतधर्मः स्यात् प्रत्येकं तेषु सर्वदा ।**
**उपलभ्येत सत्त्वादिकठिनत्वादयो यथा ॥ ३ ॥**

આ ચેતના, જો ભૂતનો ધર્મ હોય તો સત્ત્વ, કાઠિન્ય આદિ ધર્મોની જેમ, પ્રત્યેક ભૂતમાં પ્રાપ્ત થવી જોઇએ. (૩)

**काठिन्यादिस्वभावानि, भूतान्यध्यक्षसिद्धितः ।**
**चेतना तु न तद्रूपा, सा कथं तत्फलं भवेत् ॥ ४ ॥**

ભૂતો એ કાઠિન્યાદિ સ્વભાવવાળા છે, એ પ્રત્યક્ષ સિદ્ધ છે. ચેતના તે સ્વરૂપવાળી નથી-તે ભૂતોનું ફળ-કાર્ય કેવી રીતે બની શકે?

**यः कर्त्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।**
**संसर्त्ता परिनिर्वाता, सह्यात्मा नाऽन्यलक्षणः ॥ ५ ॥**

મિથ્યાત્વાદિ કલુષિત પરિણામથી સાતા વેદનીયાદિ કર્મોનો જે કર્તા છે, તેના ફલ રૂપે વિશિષ્ટ શાતાદિનો જે ઉપભોક્તા છે, યથા-કર્મવિપાક નરકાદિ ભવોને વિષે જે ભટકનારો છે તથા રત્નત્રયના પ્રકર્ષ-પ્રાપ્ત અભ્યાસ વડે નિઃશેષ કર્માંશથી જે મુક્તિ મેળવનાર છે, તેજ આત્મા છે. એ લક્ષણો જેને નથી, તે આત્મા નથી. (૫)

# આત્મા.

**પ્રશ્ન૦** આત્મા છે તેની સાબીતી શું ?

**ઉત્તર૦** આત્મા સૌ કોઈને સ્વાનુભવ પ્રત્યક્ષ છે. 'હું છું' એ જ્ઞાન સૌ કોઇને સ્વાનુભવ સિદ્ધ છે, કિન્તુ 'હું નથી' એવું જ્ઞાન કોઇને પણ થતું નથી. 'હું છું' એ જ્ઞાનનો વિષય જે કોઈ છે, તેજ આત્મા છે. વળી 'હું છું' એવી પ્રતીતિ ઇન્દ્રિયોની સહાય વિનાજ થાય છે: તેથી તે આંતરિક ક્રિયા છે કિન્તુ શારીરિક ક્રિયા નથી. એ પ્રતીતિ શરીરને થતી નથી પણ અંતરને થાય છે. આત્માના ગુણો અવગ્રહાદિ પણ સૌ કોઈને પ્રત્યક્ષ છે. જ્યાં સ્મરણ થાય છે, ત્યાં તેની પૂર્વે અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા હોયજ છે. રૂપ રસાદિ ધર્મોથી જેમ ઘટપટાદિનું પ્રત્યક્ષ થાય છે, તેમ અવગ્રહાદિ ધર્મોથી આત્મા રૂપી ધર્મીનું પણ પ્રત્યક્ષ થાય છે. દર્શન,સ્મરણ,પ્રત્યભિજ્ઞાન અને આલોચન આદિ કરનાર ચૈતન્ય ધર્મયુક્ત '**अहं** ।' પ્રતીતિનો વિષય આત્મા, જડ દેહથી જૂદો છે. 'હું સ્થૂલ છું,' 'હું કૃશ છું,' ઈત્યાદિ પ્રતીતિ '**अहं** ।' પ્રત્યયાભાસ છે. કારણ કે ઉત્તર કાળમાં '**स्थूलं मे शरीरम्** ।'

'મારૂં શરીર સ્થૂલ છે,' '**कृशं मे शरीरम्**।' 'મારૂં શરીર કૃશ છે.' ઈત્યાદિ વિપરીત પ્રત્યય થાય છે.

એ રીતે હું જાડો-પાતળો છું, એવો ખ્યાલ થવાનું કારણ શરીર ઉપરનું આત્માનું મમત્વ છે. આત્માના સઘળાં કાર્ય શરીર દ્વારા થાય છે, તેથી આત્માને શરીર પર અત્યંત પ્રેમ હોય છે. પરિણામે આત્મા પોતાપણાનો આરોપ શરીરમાં કરી દે છે: અને શરીરના કેટલાક ધર્મોને પોતામાં ઘટાવી લે છે. વસ્તુત: એ સઘળા ખ્યાલો શરીરમાં થતા નથી કિન્તુ આત્મામાં થાય છે. કારણ કે ચૈતન્ય એ શરીરનો ધર્મ નથી પણ આત્માનો ધર્મ છે. જે પદાર્થ પોતે ચૈતન્યવાળો નથી તેને ચૈતન્યનો ગમે તેટલો સંબંધ થાય તોપણ તે ચેતન બની શકતો નથી. જેમકે-પ્રકાશ આપવાનો સ્વભાવ નથી, તો હજાર દીપકના સંબંધથી પણ ઘટ પ્રકાશ આપી શકતો નથી.

ચૈતન્ય એ સ્વપર પ્રકાશક છે. શરીર એ જડ છે, તેથી સ્વપર પ્રકાશક નથી. કાઠિન્ય એ પૃથ્વીનો ધર્મ છે, પણ જલનો નથી: તેમ ચૈતન્ય એ અમૂર્ત છે, તેથી તે મૂર્ત શરીરનો ધર્મ નથી પણ અમૂર્ત જીવનો ધર્મ છે. શરીરમાંથી ચૈતન્ય બનતું હોય તો નબળા શરીરમાં ચૈતન્યનો પ્રકર્ષ અને પુષ્ટ શરીરમાં ચૈતન્યનો અપકર્ષ દેખાય છે, તે બને નહિ. પ્રાણ વાયુના આધારે ચૈતન્ય હોય તો મરણ પથારીએ પડેલો વધારે શ્વાસોચ્છ્વાસ લે છે, તેથી તેનામાં ચૈતન્યની અધિકતા હોવી જોઈએ અને સમાધિસ્થ યોગી બીલકુલ શ્વાસોચ્છ્વાસ લેતા નથી, તેથી તેમનામાં ચૈતન્ય ન રહેવું જોઇએ: પરન્તુ

તેમ બનતું નથી. તેજ અને વાયુ ઉભયના અભાવે મૃત શરીરમાં ચૈતન્ય નથી એમ કહેવામાં આવે, તો તેજ મૃતકમાં ઉત્પન્ન થયેલા કીટકમાં ચૈતન્ય કેમ દેખાય છે ?

ચૈતન્ય એક ભૂતનો ધર્મ નથી તેમ ભૂત સમુદાયનો પણ ધર્મ નથી. કારણ કે પ્રત્યેકમાં જે હોતું નથી તે સમુદાયમાં પણ આવતું નથી. શરીરાકારે મળેલા ભૂતોમાંથી ચૈતન્ય થાય છે, એમ કહેવામાં આવે તો તેમાં કારણ એકલા ભૂતો જ છે કે બીજું કાંઇ છે? એકલા ભૂતોથી બનતું હોય તો સર્વત્ર બનવું જોઇએ. બીજા સહકારી કારણના મળવાથી બને છે, તો તે સહકારી કારણ, ભૂત સ્વરૂપ છે કે ભૂતથી અતિરિકત છે ? ભૂત સ્વરૂપ હોય તો પ્રથમની આપત્તિ કાયમ રહે છે. ભૂત સિવાય બીજું કાંઇ હોય, તો તેજ આત્મા છે.

મદિરાના અંગમાંથી મદ શક્તિ ઉત્પન્ન થાય છે, તેમ ભૂતોના સંયોગથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય છે, એમ કહેવું પણ ખોટું છે. મદિરાના પૃથગ્ અંગોમાં અવ્યક્ત મદશક્તિ રહેલી છે, તેમ પૃથગ ભૂતોમાં ચૈતન્ય શક્તિનો અંશ પણ નથી. વળી મદિરાના અંગમાંથી જે મદશક્તિ ઉત્પન્ન થાય છે, તે વસ્તુતઃ મદિરા કે તેના આધારમાં નથી કિન્તુ તેના પાનમાં છે. અને મદિરાના પાનમાં જે શક્તિ આવે છે, તે જીવના યોગે આવે છે. દધિના સંયોગથી જેમ નિદ્રાદિ ઉત્પન્ન થાય છે, તેમ મદિરાના સંયોગથી જીવમાં મદશક્તિ ઉત્પન્ન થાય છે કિન્તુ અજીવમાં તે ઉત્પન્ન થતી નથી. એ રીતીએ મદ શક્તિની ઉત્પત્તિ પણ જીવની જ સિદ્ધિ કરે છે.

શરીર એ રૂપી, આકારવાળું અને ઇંદ્રિયોથી જાણી શકાય એવું છે. જ્ઞાન વિગરે ગુણો અરૂપી, આકાર વિનાના

અને ઇન્દ્રિયોવડે ન જાણી શકાય તેવા છે. તેથી શરીર અને આત્મા વચ્ચે ગુણ ગુણી ભાવ પણ ઘટી શકતો નથી. ગુણનો આધાર ગુણી ગુણોના જેવો જ અરૂપી આદિ હોવો જોઇએ.

સ્વ-શરીર-ગત ચૈતન્ય સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધ છે. પર શરીર ગત ચૈતન્ય 'ચેષ્ટાવત્ત્વ' હેતુથી સિદ્ધ થાય છે. કારણ કે પ્રત્યેક સચેતન પ્રાણીમાં હિતાહિતપ્રાપ્તિપરિહારાનુકૂળ ચેષ્ટા નજરે પડે છે અર્થાત્ હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર કરવા માટે પ્રાણી માત્ર પ્રવૃત્તિશીલ દેખાય છે.

માતાનું ચૈતન્ય સુત ચૈતન્યનું ઉપાદાન હોય તો સમ્મૂર્છિમ યૂકાદિ જંતુઓને વિષે ચૈતન્ય ન હોવું જોઇએ, કારણકે તેઓને માતાદિક નથી. પરન્તુ માતાદિક નહિ હોવા છતાં યૂકાદિમાં ચૈતન્ય પ્રત્યક્ષ જણાય છે, તેથી માતાનું ચૈતન્ય સુતચૈતન્યનું ઉપાદાન નથી.

ચૈતન્યનો પ્રતિષેધ કરનાર પ્રત્યક્ષ કે અનુમાન એક પણ પ્રમાણ નથી. જ્યારે ચૈતન્યને સિદ્ધ કરનાર સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રમાણ ઉપરાંત સર્વજ્ઞ વચન સ્વરૂપ શ્રીજિનેશ્વરદેવોનું આગમ વિદ્યમાન છે. આગમ પ્રમાણ કહે છે કે-**'ઉપયોગ લક્ષણવાળો જીવ સંસારમાં અનાદિકાળથી ભટકે છે.'**

વળી જીવનો જે પ્રતિષેધ કરે છે, તેજ જીવ છે: કારણ કે અચેતનમાં પ્રતિષેધ કરવાનું સામર્થ્ય નથી.

વળી આત્માનો નિષેધ અસંભવ છે. **'माता मे वन्ध्या ।' 'अहं नाऽस्मि ।' 'सुप्तोऽहम् ।' 'मृतोऽहम् ।' 'अप्रकाश्यः सूर्यः ।'** ઇત્યાદિ વાક્યો જેમ અસંભવિત છે, તેમ આત્માના નિષેધ વાચક સર્વ વાક્યો અસંભવી દોષથી ગ્રસ્ત છે.

વ્યુત્પત્તિમત્ શુદ્ધપદનો નિષેધ પોતાથી વિરૂદ્ધ અર્થને સાબીત કરે છે. 'અઘટ' કહેવાથી ઘટની પણ સિદ્ધિ થઈ જાય છે, તેમ અજીવ કહેવાથી પણ જીવની સિદ્ધિ થઇ જાય છે. અડિત્થ 'એ પદ વ્યુત્પત્તિમત્ નથી અને 'ખર-વિષાણ' એ શુદ્ધ–અસામાસિક પદ નથી. તેથી જ તે નિષેધ હયાતિને સિદ્ધ કરતા નથી.

વિદ્યમાન વસ્તુનો જ નિષેધ થઈ શકે છે. છઠ્ઠી ઇન્દ્રિય કે છઠ્ઠા ભૂતનો કોઈ નિષેધ કરતું નથી. ષષ્ઠ ભૂતનો કોઇ નિષેધ કરતું હોય તો તે ભૂતની સાથે ષટ્ સંખ્યાના સમવાયનો નિષેધ કરે છે, પણ સંખ્યા અને ભૂતનો નહિજ. એ રીતે 'ખરવિષાણ' નથી: દેવદત્ત ગૃહમાં નથી: આકાશમાં એ ચંદ્રમા નથી: ઘડા જેવડું મોતી નથી: એ વિગેરે નિષેધો પણ અનુક્રમે વસ્તુના સમવાય, સંયોગ, સામાન્ય અને વિશેષ ધર્મોના છે કિન્તુ કોઈપણ ધર્મીના નથી. 'આત્મા નથી' એ વાકય પણ આત્માનો નિષેધ કરતું નથી કિન્તુ મૃત દેહની સાથે આત્માના સંબધનો નિષેધ કરે છે. જેમકે–મૃત શરીરમાં આત્મા નથી.

વળી આત્માની સાબીતી માટે વધુ ઉંડા ન ઉતરીએ અને માત્ર એટલું જ સમજીએ કે રૂપ રસ વિગેરે ગુણો જેમ કોઇ આધારભૂત દ્રવ્ય વિના રહી શકતા નથી, તેમ રૂપ જ્ઞાન, રસ જ્ઞાન વિગેરે ગુણોનો પણ આધાર જોઇએ જ અને તે આધાર આત્મા સિવાય બીજું કોઈ નથી. એટલું સમજવામાં આવે તો પણ સૌ કોઈને 'આત્મા છે,' એમ કબૂલ કરવું જ પડે તેમ છે.

આત્મા, એ રીતે એક સત્ દ્રવ્ય સિદ્ધ થાય છે. કોઇ પણ

સદ્ વસ્તુનો એકાંતે નાશ થતો નથી. ઘટના ઠીકરા થવાની વચ્ચે ઘટને એક ક્ષણ પણ રહેતો નથી કિન્તુ ઘટ પોતે જ ઠીકરારૂપ પરિણામ પામી જાય છે, દીપક તમ રૂપ બની જાય છે અને તળાવનું પાણી શીતળ પવનરૂપ બની જાય છે, તેમ આત્મા છોડી તુરતજ અન્ય ભવને પ્રાપ્ત કરી લે છે કિન્તુ એક એક ભવ ક્ષણવાર પણ પોતાની હયાતિ ગુમાવતો નથી.જેમ સત્નો એકાન્તે નાશ નથી તેમ અસત્નો ઉત્પાદ પણ નથી: અન્યથા કૂર્મ રોમાદિથી રજ્જુ આદિની ઉત્પત્તિ થઇ જવી જોઈએ પણ તેમ બનતું નથી. આત્મા સત્ છે, માટે પરલોક ગામી પણ છે.

**પ્રશ્ન૦** શરીરથી આત્મા અલગ છે, એની પ્રતીતિ શી રીતે કરવી ?

**ઉત્તર૦** (૧) પ્રથમ તો સુખદુ:ખની લાગણી જે શરીર-સ્પર્શી નહિ પણ અંત:સ્પર્શી છે, તે પરથી શરીરથી અલગ કોઈ શક્તિવિશેષ શરીરમાં હયાતિ ધરાવે છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે.

(૨) ઈન્દ્રિયો વિષયગ્રહણનાં સાધન છે પરન્તુ ઈન્દ્રિયોની મદદથી વિષયને ગ્રહણ કરનાર કોઇ તત્ત્વ અલગ છે, એમ સિદ્ધ થાય છે. સાધકને સાધનની અપેક્ષા રહે છે, તેથી સાધક અને સાધન એક ન હોઈ શકે.

(૩) પુદ્ગલના રૂપ–રસાદિ ગુણો જાણીતા છે. એમાં કોઈ પણ ગુણ એવો નથી કે–જે ચૈતન્ય તરીકે સાબીત થાય. ચૈતન્ય ગુણ એ સર્વ કોઇને સ્વાનુભવ સિદ્ધ છે. એ ગુણના ધર્મી તરીકે જે તત્ત્વ સાબીત થાય છે, તે જ આત્મા છે. ચૈતન્યનું ઉપાદાન મસ્તક સિદ્ધ થતું નથી, કારણકે મસ્તક એ ભૌતિક છે અને ચૈતન્યના વેદનમાં નિમિત્ત માત્ર છે.

(૪) એક જ માતાપિતાના સંતોનોમાં અગર એક જ સાથે જન્મેલ યુગલમાં ડહાપણ, અનુભવ, વર્તન વિગેરેમાં જે ફરક જોવાય છે, તેમાં કારણ તેના પૂર્વજન્મના સંસ્કારો સિવાય બીજું શું કલ્પી શકાય તેમ છે? ઐહિક કારણો અસર કરે છે, પરન્તુ એની પણ એકસરખી અસર થતી નથી, તેનું કારણ શું?

(૫) સંસારમાં નીતિ અને ધર્મના માર્ગે ચાલનાર પણ દુ:ખી અને દરિદ્ર દેખાય છે: જ્યારે અનીતિ અને અધર્મના માર્ગ પર પ્રવર્તનાર પણ સુખી અને સંપત્તિમાન દેખાય છે. એમાં પૂર્વજન્મોપાર્જિત વિચિત્ર કર્મોનાં વિચિત્ર પરિણામો સિવાય બીજું શું છે?

**પ્રશ્ન૦** પૂર્વજન્મ હોય તો તે યાદ કેમ ન આવે?

**ઉત્તર૦** વર્તમાન જીંદગીમાં જ એક અવસ્થાની ઘટના અન્ય અવસ્થામા યાદ નથી આવતી, તો પૂર્વજન્મની વાત ક્યાં કરવી? જન્મ પલટો, શરીર પલટો, ઇન્દ્રિયોનો પલટો, સ્થાનનો પલટો, વાતાવરણનો પલટો, એકસાથે સઘળો જ પલટો થઇ જાય, ત્યાં જન્માંતરની વાત ક્યાંથી યાદ આવે? છતાં કોઇ કોઈ મહાનુભાવને આજે પણ પૂર્વજન્મનાં અમૂક કૃત્યો યાદ આવે છે. છેવટમાં છેવટ પૂર્વે અનુભવેલ આહાર અને કામક્રીડા, એ તો પ્રત્યેક પ્રાણીને કોઇના પણ શીખવ્યા વિના યાદ આવે છે જ. અને એ જ જીવના પુનર્જન્મનો અચૂક પુરાવો છે. વર્તમાન જન્મમાં જન્મના પ્રથમ દિવસે જ થતી 'આહારાભિલાષા' અને બાલ્યવયમાં જ ઢીંગલા–ઢીંગલીની રમત રૂપે દેખા દેતી 'વિષયાભિલાષા,' એ કોઈના પણ શીખવ્યા

વિના જ થતી હોવાથી પૂર્વજન્મના અત્યંત અભ્યાસનું જ ફળ છે, એમ માન્યા સિવાય કોઇને પણ ચાલે તેમ નથી.

આ સંસારમાં અનેક ઘટનાઓ અકસ્માત્ બને છે, એ પણ પુનર્જન્મની સાબીતી છે. અકસ્માત્ થવામાં દૃષ્ટકારણનો યોગ નથી, એ સાચું હોવા છતાં તે ઘટના અદૃષ્ટ પણ કારણ વિના કદી બની શકે જ નહિ. કારણ વિના જે કોઇ ચીજો બનનારી હોય છે, તે સર્વદા બનવી જોઇએ અથવા કદી પણ ન બનવી જોઈએ. ક્વચિત્ અને કદાચિત્ બનનારી ઘટનાઓ કારણ વિના કદી બનનારી હોતી નથી, એ ન્યાયનો સર્વમાન્ય સિદ્ધાંત છે. જે કારણોએ એ અકસ્માતો બને છે, તે કારણો અદૃષ્ટકર્મના અસ્તિત્વને સિદ્ધ કરે છે. કર્મનું અસ્તિત્વ સિદ્ધ થતાંની સાથે જ આત્મા અને તેના પૂર્વજન્મનું અસ્તિત્વ પણ સિદ્ધ થઈ જાય છે. પૂર્વજન્મનું અસ્તિત્વ સિદ્ધ થતાંની સાથે જ પુનર્જન્મનું પણ અસ્તિત્વ સાબીત થઈ જાય છે. આત્મા, કર્મ, પૂર્વજન્મ અને પુનર્જન્મ સિદ્ધ થતાં મોક્ષ અને ઇશ્વરત્વ પણ સિદ્ધ થઈ જાય છે. આત્માની કર્મમલથી પૂર્ણ શુદ્ધિ, એનું નામ મોક્ષ છે અને એ મોક્ષ એ જ પરમાત્મપણું છે.

**પ્રશ્ન૦** પરમાત્મા છે, એની સાબીતી શું ?

**ઉત્તર૦** પરમાત્મસિદ્ધિ માટે લાંબી યુક્તિઓમાં ઉતર્યા વિના જ સમજી શકાય છે કે–અશુદ્ધ આત્માની હયાતિ એ જ શુદ્ધ આત્મા–પરમાત્માની હયાતિમાં પ્રમાણ છે. જે વસ્તુઓની અંશતઃ શુદ્ધિ જોવાય છે, તે વસ્તુઓની પૂર્ણ શુદ્ધિ પણ સંભવિત છે. આત્મા પણ એક વસ્તુ છે. એની પૂર્ણ શુદ્ધિનું નામ પરમાત્મ-

પણું છે. આત્મા મૂઢ દશામાં હોય છે, ત્યાં સુધી બહિરાત્મા કહેવાય છે. શુદ્ધિના પ્રકર્ષથી તે જ આત્મા અનુક્રમે ભદ્રાત્મા, અન્તરાત્મા, સદાત્મા, મહાત્મા, યોગાત્મા અને પરમાત્મા બને છે. પરમાત્મપણાનો ઇજારો કોઈ એક વ્યક્તિને નથી, પરન્તુ જે કોઇ આત્મા આત્મશુદ્ધિના પૂનિત પંથે આગળ વધે અને શુદ્ધિના શિખરે પહોંચે, તે આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ–ઈશ્વરસ્વરૂપ બની જાય છે.

[ १ ]

तुल्यप्रतापोद्यमसाहसानां
केचिल्लभन्ते निजकार्यसिद्धिम् ।
परे न तामत्र निगद्यतां मे
कर्माऽस्ति हित्वा यदि कोऽपि हेतुः ॥१॥

તુલ્ય પ્રતાપ, તુલ્ય ઉદ્યમ અને તુલ્ય સાહસવાળામાંથી પણ કેટલાક પોતાના કાર્યની સિદ્ધિને પ્રાપ્ત કરે છે અને બીજા પ્રાપ્ત કરતા નથી. એમાં કર્મને છોડીને જો બીજો કોઈ હેતુ હોય, તો મને કહો?

[ २ ]

विचित्रदेहाकृतिवर्णगन्ध-
प्रभावजातिप्रभवस्वभावाः ।
केन क्रियन्ते भुवनेऽङ्गिवर्गा-
श्चिरन्तनं कर्म निरस्य चित्राः ॥२॥

લોકને વિષે વિચિત્ર પ્રકારના શરીરવાળા, આકૃતિવાળા, વર્ણવાળા, ગંધવાળા, પ્રભાવવાળા, જાતિવાળા, જન્મવાળા અને સ્વભાવવાળા પ્રાણીઓ દેખાય છે. આ પ્રકારની વિચિત્રતાઓ પુરાતન કર્મને છોડીને બીજા કોના વડે કરાય છે?

[ 3 ]

विवर्ध्य मासान्नव गर्भमध्ये
बहुप्रकारैः कललादिभावैः ।
उद्वर्त्य निष्कासयते सवित्र्याः
को गर्भतः कर्म विहाय पूर्वम् ॥३॥

ગર્ભને વિષે નવ માસ સુધી બહુ પ્રકારના કલલાદિ ભાવોવડે વધારીને, ઉદ્વર્તન કરીને માતાના ગર્ભમાંથી બહાર કઢાય છે, તેમાં પૂર્વ કર્મને છોડીને બીજો કયો હેતુ છે?

# કર્મ.

પ્રશ્ન૦ જીવ પહેલાં કે કર્મ?

ઉત્તર૦ જીવ પહેલાં અને કર્મ પછી, એ વાત ઘટી શકે નહિ. કર્મ વિનાના જીવને કર્મ કરવાનું પ્રયોજન શું? કર્મરહિત જીવ પણ કર્મ કરે, તો સિદ્ધના જીવોએ પણ કર્મ કરવાં જોઇએ. કર્મ પહેલાં અને જીવ પછી, એ વાત પણ ઘટી શકે નહિ. જીવ રૂપી કર્તા વિના કર્મ થાય શી રીતે? જીવ અને કર્મ એક સાથે ઉત્પન્ન થયા, એ વાત પણ માનવા યોગ્ય નથી. કર્તા અને કર્મ સમકાળે ઉત્પન્ન થઈ શકે નહિ, કારણકે કર્મ કરનાર જીવની હયાતિ પૂર્વે જોઇએ. જગત્‌માં કર્મ નથી પણ એકલો જીવ જ છે, એ વાત પણ ઘટિત નથી. જગત્‌ની પ્રત્યક્ષ વિચિત્રતા એકલા જીવથી ઘટી શકતી નથી. જીવ અને કર્મના સંયોગથી જ જગતની ચિત્ર-વિચિત્રતા ઘટી શકે છે. જીવ અને કર્મ કાંઈ છે જ નહિ, એ વાત પણ પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધ છે. કાંઈ છે જ નહિ, એવું જ્ઞાન કોને થયું? એ જ્ઞાન જેને થયું તે તો છે જ. માટે જીવ અને કર્મનો બીજાંકુરવત્‌ અનાદિ સંબંધ છે, એમ માનીએ તો જ જગત્‌ની વ્યવસ્થા ઘટી શકે છે.

**પ્રશ્ન૦** જીવ દુઃખનો દ્વેષી છતાં અશુભ કર્મો કેમ કરે છે?

**ઉત્તર૦** સુખ મેળવવાની અતિશય ઉત્સુક્તા અને સુખના ઉપાયનું અજ્ઞાન, એ જીવને અશુભ કર્મ કરવાનું મુખ્ય નિમિત્ત છે. વળી સુખના ઉપાયનું જ્ઞાન હોવા છતાં ઘણી વખત કર્મનો પ્રેરાયો જીવ દુઃખનાં કારણોનું સેવન કરતો પણ જગત્‌માં પ્રત્યક્ષ દેખાય છે. ચોર, ચોરીના કષ્ટને જાણવા છતાં ચોરી કરે છે. વ્યભિચારી, વ્યભિચારની પીડાઓને સમજવા છતાં વ્યભિચાર કરે છે. રોગી, કુપથ્યનું દુઃખ જાણવા છતાં કુપથ્યનું સેવન કરે છે. વ્યાપારી, વ્યાપારની તકલીફો જાણવા છતાં વ્યાપારને ખેડે છે. જુગારી, જૂગટાનાં પરિણામ જાણવા છતાં જૂગટું રમે છે. એ વિગેરે જાણવા છતાં દુઃખ-ફળવાળું અશુભ કર્મ કરવાનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે. એ જ દૃષ્ટાંતે જીવ દુઃખનો દ્વેષી છતાં આગામી કાળે જેનાથી દુઃખ થવાનું છે એવાં જ કર્મો, પૂર્વકર્મ અને ભવિતવ્યતાદિનો પ્રેરાયો કરે છે, એમ સમજવાનું છે.

**પ્રશ્ન૦** જીવ અરૂપી છતાં ઇન્દ્રિયો અને હસ્તાદિની મદદ વિના કર્મોને કેવી રીતે ગ્રહણ કરે છે?

**ઉત્તર૦** સંસારી જીવ અનાદિ કર્મ-સંબંધવાળો હોવાથી એકાંતે અરૂપી નથી, તો પણ ચર્મચક્ષુને અગોચર હોવાથી તેને આપણે અરૂપી કહીએ છીએ. તે કેવી રીતે કર્મ ગ્રહણ કરે છે, એ સમજવા માટે અનેક દૃષ્ટાંતો છે. વનસ્પતિઓ, ઇન્દ્રિયો અને હસ્તપાદાદિની મદદ વિના જ આહાર ગ્રહણ કરે છે: સિદ્ધ કરેલા પારાની ગુટિકા, સ્વયમેવ દુગ્ધાદિનું પાન કરે છે: નાળીયેરનું ફળ, નાળીયેરીના

મૂળમાં રહેલું પાણી, હાથ–પગ વિના જ ગ્રહણ કરે છે: ધ્યાની પુરૂષો, ઇન્દ્રિયો અને મનની મદદ વિના જ ધ્યાન ધરે છે, જિહ્વાની મદદ વિના જાપ જપે છે, કર્ણની મદદ વિના શબ્દશ્રવણ કરે છે અને પૂજાની સામગ્રી વિના જ પૂજાદિ કરે છે: તેમ જીવ પણ જેવું ભવિષ્યત્‌કાળમાં બનવાનું હોય તેવી પ્રેરણાને વશ થઇ અથવા કાલ સમવાયાદિ પાંચ સમવાયોથી પ્રેરાઇ, ઇન્દ્રિયો અને હસ્તાદિની મદદ વિના જ કર્મોને ગ્રહણ કરે છે.

**પ્રશ્ન૦** જીવ ઉપર લાગેલાં કર્મો દેખાતાં કેમ નથી?

**ઉત્તર૦** જેમ ગંધના કે શબ્દના પુદ્‌ગલો ઘણા એકત્ર થાય તો પણ દેખાતા નથી અથવા સિદ્ધ કરેલા પારાએ પાન કરેલું ઘણું પણ સુવર્ણાદિ દેખાતું નથી, તેમ અનંત કર્મો પણ પિંડીભૂત થઈને રહેલા હોવા છતાં દેખાતાં નથી.

**પ્રશ્ન૦** અમૂર્ત આત્મા મૂર્ત કર્મોને કેવી રીતે ધારણ કરી શકે?

**ઉત્તર૦** એ માટે દૃશ્યમાન શરીર જ પ્રત્યક્ષ પ્રમાણ છે. આત્મા અમૂર્ત હોવા છતાં સ્થૂલ શરીરને ધારણ કરી શકે, તો સૂક્ષ્મ એવા કર્મોને ધારણ કરી શકવામાં હરકત જ શું? એ જ રીતે આત્મા અરૂપી છતાં વિષય, કષાય, મિથ્યાત્વ, અવિરતિ આદિ કર્મજનિત વિકારોથી વિકારી થતો પણ પ્રત્યક્ષ દેખાય છે. માટે પ્રત્યક્ષ પ્રમાણથી જ અમૂર્ત આત્માને મૂર્તકર્મના સંબંધવાળો માનવો જોઇએ.

**પ્રશ્ન૦** જીવને કર્મગ્રહણ કરવાનો સ્વભાવ અનાદિનો છે, તે શી રીતે પલટી શકાય?

**ઉત્તર૦** અનાદિ સ્વભાવ પણ પ્રયત્ન દ્વારા પલટી

શકાય છે. પારાનો ચંચળ અને અગ્નિમાં ઉડી જવાનો સ્વભાવ પણ જેમ તથાપ્રકારની ભાવના દેવાથી પલટાઇને સ્થિર થાય છે: અગ્નિની દાહકતા પણ મંત્રપ્રયોગ વડે, ઔષધિ વડે, કે સત્ય, શીલ અને તપની આચરણા વડે પલટાતી અનુભવાય છે: લોહચુમ્બક પાષાણ પણ અગ્નિથી મૃત થયા બાદ અથવા બીજી ઔષધિઓથી સંયુક્ત થયા બાદ લોહગ્રહણ કરવાનો સ્વભાવ છોડી દે છે: વાયુ ચંચલ સ્વભાવવાળો હોવા છતાં પણ પખાલમાં પુરાવવાથી સ્થિર રહે છે: બીજ અંકુરો ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું હોવા છતાં, બળી ગયા પછી અંકુરોત્પત્તિ થતી નથી, તેમ જીવનો કર્મગ્રહણ કરવાનો સ્વભાવ પણ સિદ્ધત્વ પામવા બાદ નાશ પામે છે.

**પ્રશ્ન૦** જગતના જીવો કર્મ પ્રમાણે સુખદુઃખને ભોગવે છે, તો તે કર્મગણને પ્રેરનાર કોણ છે?

**ઉત્તર૦** પ્રેરનાર કોઈ નથી. ભગવાન, દેવ દૈવત, વિધાતા, વિધિ, કાલ, યમ, કૃતાન્ત કે લેખ, એ સઘળાં કર્મનાં જ નામો છે.

કોઈની પણ પ્રેરણા વિના કર્મ પોતાના સ્વભાવે જ આત્માને સ્વ-સ્વરૂપ યોગ્ય ફળ પમાડે છે. જે જીવો અજીવ શરીરની સાથે સંબંધ રાખી હાલ જીવે છે, પૂર્વે જીવતા હતા અને ભવિષ્યમાં જીવશે, તે સર્વને કર્મોની સાથે ત્રૈકાલિક સંગમ છે. આખું જગત્ ષડ્દ્રવ્ય અને પંચસમવાયમય છે. પંચસમવાયના સામર્થ્યથી જીવ કર્મોનું ગ્રહણ, ધારણ અને ઉપભોગ આદિ કરે છે.

**પ્રશ્ન૦** કર્મો જડ છે, નિજભોગકાળને જાણતા નથી અને

આત્મા દુઃખ ભોગવવાનો કામી નથી, તથાપિ જીવ દુઃખને આશ્રિત કેમ થાય છે?

**ઉત્તર૦** કર્મો જડ છતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ આદિની સામગ્રીની તથાપ્રકારની અનિવાર્ય શક્તિથી પ્રેરાઇને સ્વકર્તા—આત્માને બળાત્કારે દુઃખ દે છે.

જેમકે—અન્ન જડ હોવા છતાં શરીરમાં કફ, પિત્ત અને વાયુ આદિના વિકારો કરે છે: ઔષધ, વિષ, ભસ્મ, પારો વિગેરે, પોતપોતાનો પરિણામકાળે સુખ—દુઃખાનુભવ કરાવે છે: સ્ત્રીએ કરેલો પુરૂષનો સંભોગ કાળે પુત્રને પ્રસવે છે: ભિન્ન ભિન્ન પ્રકારના રોગ, શીતળા, ઓરી, અછબડા, ક્ષય, પક્ષાઘાત, અર્ધાંગ, શીતાંગ, મોતીઓ વિગેરે પોતપોતાના કાળે પરિપાક પામે છે: પિત્તજ્વર ૧૦ દિવસ, કફજ્વર ૧૨ દિવસ, વાતજ્વર ૭ દિવસ, ત્રિદોષજ્વર ૧૫ દિવસ રહે છે અને પછી ચાલ્યા જાય છે: તેમ કર્મ પણ જડ હોવા છતાં તેના કાળે ફળ ચખાડે છે.

**પ્રશ્ન૦** આ જન્મમાં કરેલાં બધાં કર્મ આ જન્મમાં જ કેમ ફળ આપતાં નથી?

**ઉત્તર૦** કર્મ ચાર પ્રકારે ફળ આપે છે.

૧—આ જન્મમાં કરેલું આ જન્મમાં જ ઉદય આવે છે. જેમકે—સિદ્ધ, સાધુ અગર રાજા પ્રમુખને કરેલું દાન યા ચોરી વિગેરે આ ભવમાં જ ફળે છે.

૨—આ જન્મમાં કરેલું આવતા જન્મમાં ફળ આપે છે. જેમકે—સતીનું સતીત્ત્વ, શૂરાનું શૌર્ય, મુનિઓનો તપ—સંયમ અથવા અભક્ષ્યનું ભક્ષણ, અપેયનું પાન ઈત્યાદિ.

૩-પર-જન્મમાં કરેલું આ જન્મમાં ફળ આપે છે. જેમકે-એક પુત્ર જન્મે છે દુઃખી અને કુટુંબને પણ દુઃખી કરે છે. એક પુત્ર જન્મે છે સુખી અને કુટુંબને પણ સુખી કરે છે, ઇત્યાદિ.

૪-પર-જન્મમાં કરેલું પર-જન્મમાં જ ફળે છે. જેમકે એવા ઘણાં કર્મો છે કે જે દેવગતિ કે નરકગતિ પ્રાયોગ્ય હોય, તેથી મનુષ્યગતિમાં ફળતાં નથી. ભૂત ભવમાં ઉપાર્જન કરેલાં તેવાં કર્મ વર્તમાન ભવને છોડી અનાગત ભવોમાં જ ફળે છે. વળી શાસ્ત્રોમાં કર્મ બીજી રીતે ત્રણ પ્રકારનાં પણ કહ્યાં છે. ભુક્ત, ભોગ્ય અને ભુજ્યમાન. ગ્રહણ કરેલા કોળિયા સમાન ભુક્તકર્મ છે, ગ્રહણ કરવાના કોળીયા સમાન ભોગ્યકર્મ છે અને ગ્રહણ કરાતા કોળીયા સમાન ભુજ્યમાન કર્મ છે.

**कृत्स्नकर्मक्षयान्मोक्षो, जन्ममृत्य्वादिवर्जितः ।**
**सर्वबाधाविनिर्मुक्त, एकान्त सुखसंगतः ॥१॥**

સમસ્તકર્મના ક્ષયથી મોક્ષ થાય છે. તે જન્મ મૃત્યુ આદિથી રહિત, સર્વ પીડાઓથી વિનિર્મુક્ત તથા એકાન્ત સુખથી સંગત છે.

**यन्न दुःखेन सम्भिन्नं, न च भ्रष्टमनन्तरम् ।**
**अभिलाषापनीतं यत्, तज्ज्ञेयं परमं पदम् ॥२॥**

જે દુઃખથી મિશ્રિત નથી, જે આવ્યા પછી ચાલી જતું નથી અને જેના મળવા બાદ સર્વ અભિલાષા નિવૃત્ત થાય છે, તેનું નામ પરમપદ છે. ૨

**अपरायत्तमौत्सुक्यरहितं निष्प्रतिक्रियम् ।**
**सुखं स्वाभाविकं तत्र, नित्यं भयविवर्जितम् ॥३॥**

ત્યાં અપરાયત્ત–સ્વાધીન, ઔત્સુક્યરહિત, નિષ્પ્રતિક્રિય, સ્વાભાવિક અને સદા ભય રહિત સુખ રહેલું છે. (૩)

**परमानन्दरू ं तद्, गीयतेऽन्यैर्विचक्षणैः ।**
**इत्थं सकलकल्याण,–रूपत्वात्साम्प्रतं ह्यदः ॥४॥**

અન્ય વિદ્વાનોવડે તે પરમાનન્દ સ્વરૂપ કહેવાય છે. એ રીતે સકલ કલ્યાણરૂપ હોવાથી તેમ કહેવું, એ યુક્તજ છે. (૪)

**लोके तत्सदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते ।**
**उपगीयेत तद्येन, तस्मान्निरुपमं सुखम् ॥५॥**

સમસ્ત લોકને વિષે તેના સમાન બીજો કોઈ પદાર્થ વિદ્યમાન નથી, તેથી તેને 'નિરૂપમ' સુખ કહેવાય છે. (૫)

**प्रत्यक्षं तद्भगवतामर्हतां तैश्च भाषितम् ।**
**गृह्यतेऽस्तीत्यतः प्राज्ञैर्नच्छद्मस्थपरीक्षया ॥६॥**

તે સુખ ભગવાન અરિહંતોને પ્રત્યક્ષ છે અને તેઓએ તેનું પ્રતિપાદન કર્યું છે. તે કારણે બુદ્ધિમાન પુરૂષો વડે તેનું અસ્તિત્વ સ્વીકારાય છે, પણ છદ્મસ્થોની પરીક્ષા વડે નહિ. (૬)

# મુક્તિ.

**પ્રશ્ન૦** જૈનોએ માનેલી મુક્તિ અને તેના ઉપાયોનું સ્વરૂપ શું છે?

**ઉત્તર૦** જૈનોની માન્યતા મુજબ સંસારમાં જીવો બે પ્રકારના છે. એક ભવ્ય અને બીજા અભવ્ય. ભવ્ય એટલે મોક્ષ ગમનને યોગ્ય. અભવ્ય એથી વિપરીત. સર્વ માટી ઘટ બનવાને લાયક હોવા છતાં પણ સર્વ માટી સંયોગના અભાવે જેમ કદિ પણ ઘટ રૂપે થતી નથી, તેમ મોક્ષને લાયક પણ સર્વ જીવો કદિ પણ મોક્ષ પામતા નથી. બીજ બળી ગયા પછી જેમ અંકુરો ઉત્પન્ન થતો નથી, તેમ પુનર્જન્મના કારણભૂત કર્મબીજ બળી ગયા પછી મુક્તાત્માઓને જન્મરૂપ અંકુરો કદિ ઉત્પન્ન થતો નથી. જૈન શાસ્ત્રમાં મુક્તાત્માઓને અનન્તજ્ઞાન, અનન્તદર્શન, અનન્ત વીર્ય અને અનન્તસુખ માનવામાં આવ્યું છે. નૈયાયિકાદિ દર્શનકારોએ મુક્ત જીવોને કેવળ દુ:ખાભાવ માનેલો છે, પણ સુખ માનેલું નથી. પરન્તુ તેઓની માન્યતા પ્રમાણે જો દુ:ખાભાવનેજ મોક્ષ માની લેવામાં આવે, તો મૂર્ચ્છા, નિદ્રા યા બેભાન અવસ્થાને પણ કેમ મોક્ષ ન માનવો? એમ કહેવામાં આવે છે કે-મુક્તિમાં સુખ માનવાથી એ સુખના રાગી એવા મુનિને મોક્ષ કેમ સંભવે? પણ તેની સામે

દુઃખરહિત મોક્ષની ઇચ્છાવાળા દુઃખના દ્વેષી મુનિને પણ મોક્ષ ક્યાંથી મળે ? એ પ્રશ્ન ઉલોજ છે. પરન્તુ જેમ દુઃખને વિષે દ્વેષરહિત મુનિને મોક્ષ પ્રાપ્ત થઈ શકે, તેમ સુખને વિષે આસક્તિ રહિત મુનિને પણ મોક્ષ પ્રાપ્ત થવામાં કોઇપણ અંતરાય માનવો જોઇએ નહિ. મુક્તિમાં કેવળ સુખજ છે તેથી ત્યાં સુખદુઃખ ઉભયનો અભાવ છે, એમ કહેવું હોય તો તેમ કહેવામાં કાંઈપણ હરકત નથી. **'एकसत्वेद्वयं नास्ति।'** એકજ ઘટ વસ્તુ હોવા છતાં 'ઘટ–પટ ઉભય અત્ર નથી'–એમ કહેવામાં જેમ દોષ નથી, તેમ એકલું સુખજ મોક્ષમાં હોવાથી ત્યાં સુખદુઃખ ઉભય નથી, એમ જરૂર કહી શકાય. સાંસારિક સુખ મોહજન્ય છે, જ્યારે મોક્ષસુખ સુવિશુદ્ધ–આત્મ–રમણસ્વરૂપ હોવાથી મોહ-જન્ય દુઃખ અને ક્લેશથી રહિત છે.

કેટલાક કહે છે કે–માત્ર જ્ઞાનથી મુક્તિ મળે છે, પરન્તુ એમ કહેવું એ અસત્ય છે. સ્ત્રી, ભોજન વિગેરેના જ્ઞાન માત્રથી તેના ભોગનો આનન્દ અનુભવી શકાતો નથી. કેવળ ક્રિયાથીજ મોક્ષ મળે છે, એમ બોલવું તે પણ અયુક્ત છે: કાર-કે–મિથ્યાજ્ઞાનવાળા પુરૂષને પ્રયત્ન કરવા છતાં ફળ મળતું નથી, એ પ્રત્યક્ષ દેખાય છેઃ એટલુંજ નહિ પણ જ્ઞાનરહિત ક્રિયા તો મૂર્ચ્છાદિક અવસ્થામાં પણ હોય છે કિન્તુ તે અર્થજનક બનતી નથી. તેથી મોક્ષ માટે જ્ઞાન અને ક્રિયા ઉભયની આવશ્યક્તા છે. જૂદા જૂદા દર્શનકારો જૂદાં જૂદાં સાધનો મોક્ષને માટે બતાવે છે, પરન્તુ તે સર્વનો સમાવેશ જ્ઞાન–ક્રિયા ઉભયમાં થઇ જાય છે. કોઈ કહે છે કે–'ગુરૂ વચ-નમાં શ્રદ્ધા રાખવાથી મોક્ષ મળે.' કોઈ કહે છે કે–'પરબ્રહ્મના

જ્ઞાનથી મોક્ષ મળે.' એ રીતે કોઇ મૌન ધારણ કરવાથી, કોઈ તીર્થયાત્રા કરવાથી, કોઇ તપ કરવાથી, કોઇ જપ કરવાથી વિગેરે જે જે જૂદાંજૂદાં સાધનો બતાવે છે, તે કાંતો ક્રિયારૂપ છે, કાંતો જ્ઞાનરૂપ છે; પરન્તુ એકલી ક્રિયા યા એકલા જ્ઞાનથી કાર્ય સિદ્ધિ માનનારા વ્યાજબી નથી. કાર્યસિદ્ધિ ઉભયના સંયોગથી જ થાય છે. આથી જૈનોએ સ્વીકારેલ જ્ઞાન-ક્રિયા ઉભય એજ મોક્ષનો માર્ગ છે, એમ અબાધિત રીતિએ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન૦** સાધુપણું, એ સિદ્ધિનો માર્ગ છે, એ શાથી?

**ઉત્તર૦** સેવકે સ્વામિના શીલને અનુસરવું જોઈએ, એ ન્યાયે મુમુક્ષુ સાધુઓ સિદ્ધના ગુણોને અનુસરે છે, તેથી તેઓ સિદ્ધિના માર્ગે છે, એમ નિર્વિવાદપણે સિદ્ધ થાય છે.

સિદ્ધો અશરીરી છે, તેથી સાધુઓ પણ શરીરનું મમત્વ છોડે છે: સિદ્ધો અમૂર્ત છે, તેથી સાધુઓ પણ મૂર્ત શરીરનો સંસ્કાર છોડે છે: સિદ્ધો નિરાહારી છે, તેથી સાધુઓ પણ પર્વ-દિવસો તથા અન્ય દિવસોએ આહારનો ત્યાગ કરે છે: સિદ્ધો દ્વેષ-મુક્ત છે, તેથી સાધુઓ પણ દ્વેષ છોડી મૈત્રી ધારણ કરે છે: સિદ્ધો વીતરાગ છે, તેથી સાધુઓ પણ બંધુઓના સ્નેહનો પરિત્યાગ કરે છે: સિદ્ધો નિરંજન છે, તેથી સાધુઓ પણ રતિ અને પ્રીતિના લેપથી મુક્ત થવા પ્રયાસ કરે છે: સિદ્ધો નિષ્ક્રિય છે, તેથી સાધુઓ પણ આરંભ સમારંભના ત્યાગી બને છે: સિદ્ધો નિઃસ્પૃહ છે, તેથી સાધુઓ પણ સર્વ પ્રકારની આશા અને તૃષ્ણાઓને છોડે છે: સિદ્ધો નિર્બન્ધન છે, તેથી સાધુઓ પણ અપ્રતિબદ્ધપણે વિહાર કરે છે: સિદ્ધો

કેવળજ્ઞાની તથા કેવલદર્શી છે, તેથી સાધુઓ પણ સર્વ જગત્‌ની વિનશ્વરતાને સદા જૂએ છે: સિદ્ધો આનન્દ-પરિપૂર્ણ છે, તેથી સાધુઓ પણ સંતોષ અને સમભાવના સુખનો અનુભવ લેવા નિરન્તર પ્રયત્ન કરે છે.

એ રીતે સત્ય, શીલ, ક્ષમા, સંતોષ, પરોપકાર, નિર્દ્દૂષણતા, વીતરાગતા, નિઃસંગતા, અપ્રતિબદ્ધચારિતા, નિર્વિકારિતા, નિશ્ચલતા, અસ્વામિસેવિતા, નિર્ભિક્તા, અલ્પાશનતા, સંસારસંબંધજુગુપ્સિતા, વિગેરે મુમુક્ષુઓના અલ્પ ગુણો એ સિદ્ધાત્માઓના અનુકરણરૂપ હોવાથી વધતા વધતા સિદ્ધિક્ષેત્રમાં અનંત અને પરિપૂર્ણ થાય છે.

**પ્રશ્ન૦** સિદ્ધાત્માઓને શરીર અને ઇન્દ્રિયો વિના શું સુખ માનવું ?

**ઉત્તર૦** જેમ મનુષ્યને અદ્‌ભુત નૃત્ય દર્શનથી સુખ થાય છે, તેમ સિદ્ધ ભગવંતોને વિશ્વના વર્તાવરૂપ નાટકના પ્રેક્ષણથી નિત્ય સુખ વર્તે છે. નિંદ્રાવસ્થામાં ઇન્દ્રિયજન્ય સુખ કે હાથપગ આદિની ચેષ્ટા નહિ હોવા છતાં તે સુખી છે, એમ કહેવાય છે અથવા જાગ્રત અવસ્થામાં કોઇ સંતોષી માણસને સ્પર્શાદિ વિષયો કે તેના સાધનોનો યોગ નહિ હોવા છતાં તે પરમસુખી છે અને તેનું સુખ તેજ જાણે છે, એમ કહેવાય છે, તેમ સિદ્ધાત્માઓને ઇન્દ્રિયોના વિષયો અને હસ્તપાદાદિની ક્રિયાઓ નહિ હોવા છતાં અનંતસુખ છે અને તેમના તે સુખને તેઓજ જાણે છે પણ તે સુખના જ્ઞાનથી હીન આત્માઓ જાણતા નથી: સિદ્ધો વડે પણ તે સુખ કહેવાતું નથી માટે તે સુખ અનિર્વચનીય છે, એમ કહેવાય છે.

**પ્રશ્ન૦** સંસારનાં ભોગસુખો રોગ રૂપ શાથી કહેવાય છે ?

**ઉત્તર૦** જગતમાં જે રોગો થાય છે, તે સર્વ આહારાદિના ઉપભોગથીજ થાય છે. અનાહાર દશા પામેલાને રોગો હોતા નથી. રોગોનું કારણ આ રીતે આહારાદિનો ભોગ છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને સંસારના સુખભોગને રોગરૂપ કહેવામાં આવે છે.

રોગોની દવા કરવા માટે રોગીજ આતુર થાય છે પરન્તુ નિરોગી કદિ દવા કરાવવા ઉત્કંઠિત થતો નથી. તેમ તૃષ્ણા રૂપી રોગ થયા પછીંજ જીવ ભોગ માટે આતુર થાય છે, તેથી પણ ભોગને રોગની ઉપમા આપવામાં આવે છે.

રોગના પ્રતિકારમાં જેમ દુઃખના અભાવે સુખ બુદ્ધિ થાય છે, તેમ વિષય ભોગોમાં પણ દુઃખનો પ્રતિકારજ સુખ રૂપ મનાય છે. ખાવાનું સુખ, ભૂખનું દુઃખ શમ્યું નથી, ત્યાં સુધીજ મનાય છે. જો તેમ ન હોય તો અધિક ખાવામાં અધિક સુખ થવું જોઇએ પણ તેમ તો થતું નથી. ઉલટું અજિર્ણ-જ્વરાદિ પીડાઓ થાય છે. જળપાનનું સુખ ગળાની શુષ્કતા દૂર કરવા પુરતુંજ છે. પરન્તુ તૃષાથી અધિક જલપાન કરનારને ઉલટી કે આફરો થાય છે. ઠંડક કે તાપ તેટલા જ અનુકૂળ લાગે છે કે જેટલા પ્રમાણમાં બફારો કે શરદીનો વિકાર હોય છે. એજ રીતે અન્ય ઇન્દ્રિયોના ભોગો પણ વિપુલતાના હિસાબે સુખ કરનારા નથી કિન્તુ તૃષ્ણારૂપી દુઃખના હિસાબેજ સુખ કરનારા છે. માત્રા કે પ્રમાણથી અધિક આવેલો શબ્દ, કર્ણની બધિરતા કરે છે, તેજ, ચક્ષુની મંદતા કરે છે, ગંધ, નાસિકામાં મસા વિગેરે પીડાઓને ઉત્પન્ન કરે છે. એ રીતે પ્રત્યેક ભોગ પ્રમાણથી અધિક થ  છે, ત્યારે સુખના બદલે દુઃખ

ઉત્પન્ન કરે છે. પ્રમાણોપેત ભોગ પણ સ્વતંત્ર સુખરૂપ નથી કિન્તુ દુ:ખના પ્રતિકારરૂપ બનીને સુખનો અનુભવ કરાવે છે. તેથી ભોગ સુખનો અનુભવ એ કેવળ દુ:ખના પ્રતિકાર સ્વરૂપ છે કિન્તુ સ્વતંત્ર સુખના અનુભવ સ્વરૂપ નથી.

સાંસારિક ભોગો એ અજિર્ણાદિ યા જ્વરાદિ દ્રવ્ય રોગોનાં કારણ, મોહાદિ કે તૃષ્ણાદિ ભાવ રોગોનાં કાર્ય તથા ક્ષુધાદિ અને શીતાદિ શારીરિક વિકારોનાં શમનરૂપ હોવાથી તેને સુખ તરીકે ઓળખવા કરતાં રોગ તરીકે ઓળખવા એજ શાસ્ત્રકારોને ઇષ્ટ છે. ભોગોનું એ રોગસ્વરૂપ 'અક્ષિકલ્પ' આત્મા ઓજ જાણી શકે છે. ચામડી જેમ પોતા પર પડેલા ઘણા પણ કચરાને જાણી શકતી નથી અને ચક્ષુ પોતા પર પડેલ એકાદ રજકણને પણ સમજી શકે છે તથા ઝટ તેને દૂર કરવા પ્રયાસ કરે છે, તેમ 'અક્ષિકલ્પ' યા 'ચક્ષુકલ્પ' જ્ઞાનિ પુરૂષો સાંસારિક સુખોપભોગની પૂર્વ, પશ્ચાત્ અને વર્તમાન અવસ્થાને યથાસ્થિત રીતે ઓળખી શકતા હોવાથી તેનાથી દૂર રહેવા સતત્ પ્રયાસ કરે છે. એ જાતિની સૂક્ષ્મ બુદ્ધિ જ્ઞાની અને સંયમી આત્માઓમાં જ આવી શકે છે પણ બીજા અજ્ઞાની કે અસંયમી આત્માઓમાં તે સમજણ શક્તિ આવી શકતી નથી.

**પ્રશ્ન૦** મોક્ષમાંજ સાચું સુખ છે, તેનું શું કારણ ?

**ઉત્તર૦** મોક્ષમાં જ સાચું સુખ છે કિન્તુ સંસારમાં નથી, તેનું મુખ્ય કારણ સંસારમાં જેટલા જીવો છે, તે બધા રાગ, દ્વેષ અને મોહ સહિત હોય છે. જીવની એ ત્રણે પ્રકૃતિઓ પરમ સંકલેશ સ્વરૂપ છે. એ ત્રણની હયાતિમાં જીવને જે સુખ હોય છે, તે અસ્થિર, ચંચળ અને દુ:ખ મીશ્રિત હોય

છે. સિદ્ધાત્માઓને રાગાદિનો અભાવ હોય છે. તેથી રાગાદિના અભાવે સિદ્ધના જીવોને સંક્લેશ રહિત જે સુખ થાય છે, તેજ સાચું અને સ્થિર સુખ છે. એ સુખને રાગાદિ રહિત આત્માઓજ જાણી શકે છે. સન્નિપાતના અભાવમાં થનારા સુખને સન્નિપાતથી ગ્રસ્ત આત્મા જેમ જાણી શકતો નથી, તેમ રાગાદિથી ગ્રસ્ત–રાગાદિને પરતંત્ર એવા આત્માઓ પણ રાગાદિના અભાવથી થનારા સુખને જાણી કે અનુભવી શકતા નથી. સંસારમાં સુખીમાં સુખી ગણાતા આત્માઓના માથે પણ મરણાદિનો ભય હોય છે. સિદ્ધના આત્માઓને એ ભય નથી, તેથી પણ સિદ્ધિનું સુખ અવ્યાબાધ છે. વળી બીજ બળી ગયા પછી જેમ અંકુર ઉત્પન્ન થતો નથી, તેમ કર્મ-બીજ બળી ગયા પછી જન્મરૂપી અંકુરો પ્રગટતો નથી. અને જન્મ નથી ત્યાં જરા કે મરણાદિનો ભય પણ નથી.

સિદ્ધના જીવોને સદાકાળ ઔત્સુક્ય નિર્વૃત્તિ હોય છે. સંસારી સુખોના અનુભવનો આધાર પણ ઔત્સુક્ય નિર્વૃત્તિ ઉપર છેઃ પરન્તુ ઈન્દ્રિય વિષયોના ભોગ પર્યન્તે થનારી ઔત્સુક્ય નિર્વૃત્તિ સ્વલ્પકાળ માત્ર રહેવા વાળી છે. તથા એક નિર્વૃત્તિ અન્ય વિષયની ઉત્સુકતા ઉભી કરીને જ જાય છે. સિદ્ધના જીવોને તે નિર્વૃત્તિ સાર્વકાલિકી હોય છે, તેથી સિદ્ધિનું સુખ સર્વ સંસારી જીવોનાં સર્વ સુખો કરતાં પણ અનન્ત ગુણું અધિક હોય છે.

સંસારનું કોઈ પણ સુખ દુઃખ રહિત, સંપૂર્ણ કે અવિનશ્વર હોતું નથી. સિદ્ધિનું સુખ દુઃખ રહિત, સંપૂર્ણ અને અવિનશ્વર હોય છે.

સંસારનું સર્વ સુખ પરાધીન હોય છે. મોક્ષનું અનંતુ સુખ પણ સ્વાધીન છે અર્થાત્ આત્મા સિવાય બીજા કોઈને આધીન નથી.

સંસારનું સુખમાત્ર દુઃખના પ્રતિકાર સ્વરૂપ અને કર્મની ઉપાધિથી પ્રાપ્ત થનારૂં છે. સિદ્ધિનું સુખ નિષ્પ્રતિકાર અને સ્વાભાવિક છે તથા નિરન્તર ભય અને વ્યાબાધાથી રહિત છે. એટલા માટે શાસ્ત્રોમાં તેને પરમાનન્દ સ્વરૂપ—અને સકલ કલ્યાણ સ્વરૂપ કહેલું છે.

एक एव सुहृद् धर्मो, मृतमप्यनुयाति यः ।
शरीरेण समं नाशं, सर्वमन्यत्तु गच्छति ॥१॥

એક ધર્મજ એવો મિત્ર છે કે જે મરેલાની પણ પાછળ જાય છે. બીજું સઘળું શરીરની સાથેજ નાશ પામે છે. (૧)

विशिष्टं देवसौख्यं यत्, शिवसौख्यं च यत्परम् ।
धर्मकल्पद्रुमस्येदं, फलमाहुर्मनीषिणः ॥२॥

વિશિષ્ટ જે દેવ સુખ અને પરમ જે શિવસુખ, તે ધર્મરૂપી કલ્પવૃક્ષનાં ફળ છે, એમ પંડિત પુરૂષો ફરમાવે છે. (૨)

यत्किञ्चन शुभं लोके, स्थानं तत्सर्वमेव हि ।
अनुबन्धगुणोपेतधर्मादाप्नोति मानवः ॥३॥

લોકને વિષે જે કાંઈ સુંદર સ્થાન છે, તે સર્વને અનુબન્ધવાળા ગુણથી યુકત ધર્મવડે મનુષ્ય પ્રાપ્ત કરે છે. (૩)

धर्मश्चिन्तामणिः श्रेष्ठो, धर्मः कल्याणमुत्तमम् ।
हित एकान्ततो धर्मो, धर्म एवाऽमृतं परम् ॥४॥

ધર્મ એ શ્રેષ્ઠ ચિન્તામણિ છે. ધર્મ એ ઉત્તમ કલ્યાણ છે. ધર્મ એકાન્ત હિત કરનાર છે અને ધર્મ એજ પરમ અમૃત છે. (૪)

चतुर्दशमहारत्न-,सद्भोगान्नृष्वनुत्तमम् ।
चक्रवर्तिपदं प्रोक्तं, धर्महेलाविजृम्भितम् ॥५॥

મનુષ્યોને વિષે ચૌદ મહારત્નથી ઉત્પન્ન થતા સદ્ભોગોથી અનુત્તમ એવું ચક્રવર્તિ પદ, એ ધર્મની હેલાનું વિલસિત છે. (૫)

किंचेह बहुनोक्तेन, तीर्थकृत्त्वं जगद्धितम् ।
परिशुद्धादवाप्नोति, धर्माऽभ्यासान्नरोत्तमः ॥६॥

બહુ કહેવાથી શું ? જગતને હિતકારી એવું તીર્થંકરપણું, પરિશુદ્ધ એવા ધર્મના અભ્યાસથી, ઉત્તમ મનુષ્ય પ્રાપ્ત કરે છે. (૬)

# ભક્તિ.

પ્રશ્ન૦ શુદ્ધ દેવ-ગુરૂ-ધર્મ કોને કહેવાય ?

ઉત્તર૦ દેવ વીતરાગ, ગુરૂ બ્રહ્મચારી અને ધર્મ દયામય હોય તેજ શુદ્ધ છે. જેઓ પુણ્યથી પ્રાપ્ત થનાર મનુષ્યભવ પામીને રાગીને પણ દેવ, ઘરબારીને પણ ગુરૂ અને હિંસાને પણ ધર્મ તરીકે સ્વીકારે છે, તેઓ દૃષ્ટિરાગ રૂપી દુરાગ્રહને વશ પડી મનુષ્યભવને કોડીના મૂલ્યે ગુમાવી દે છે.

પ્રશ્ન૦ સત્ય દેવનું લક્ષણ અને તેમની પૂજાની રીત શું ?

ઉત્તર૦ સર્વ આન્તરિક શત્રુઓ ઉપર વિજય મેળવનાર, સર્વજ્ઞ, ત્રિલોકથી પૂજિત અને સત્ય અર્થના પ્રતિપાદક જે કોઈ હોય, તે સત્યદેવ યાને ઈશ્વર છે. વિષ્ણુ, બ્રહ્મા, મહાદેવ, શંકર, જિન, કેવળી, અર્હંત્ કે તીર્થંકર એ સર્વ એમનાંજ નામો છે. એવા પરમાત્મા અને પરમેશ્વરની પૂજા તેમના નામસ્મરણથી, તેમની પ્રતિમાના દર્શનથી, તેમના ચરિત્રો અને ગુણોના સ્મરણ અને કીર્તનથી થાય છે. એ ચારે પ્રકારે ભગવાનને પૂજવાથી આત્મા સ્વયં ભગવાન સ્વરૂપ બની જાય છે.

**પ્રશ્ન૦** ભક્તિનું મહાફળ શાસ્ત્રોમાં પ્રતિદપાદન કર્યું છે, તેનું શું કારણ?

**ઉત્તર૦** શાસ્ત્રોમાં શ્રી અરિહંતની ભક્તિનું ફળ સર્વથી શ્રેષ્ઠ વર્ણવ્યું છે, તેનું કારણ શ્રી અરિહંતનું નિર્મળ ચરિત્ર તથા શ્રી અરિહંતનો નિર્મળ ઉપદેશ છે. નિર્મળ ઉપદેશવાળા શ્રી અરિહંતનના શાસનને જાણીને પણ જેઓનું મન શ્રી અરિહંત પ્રત્યે અવિહડ ભક્તિવાળું બનતું નથી, તેઓનું અંતર વજ્રથી પણ કઠીન પરમાણુઓથી ઘડાયેલું છે, એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. વિશેષજ્ઞ પુરૂષોને તો શ્રી અરિહંતના શાસનનું જ્ઞાન થયા પછી, મોક્ષ કરતાં પણ શ્રી અરિહંતની સેવાની અધિક અભિલાષા રહે છે. અરિહંતની ભક્તિ એ ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટના સંયોગને હરનારી છે, વિશ્વવ્યાપી યશને ફેલાવનારી છે તથા ચક્રવર્તિપણું, દેવપણું, ઇન્દ્રપણું, અહમિન્દ્રપણું, યોગીન્દ્રપણું અને યાવત્ પરમાત્મપણું પણ આપનારી છે. શ્રી અરિહંત પ્રત્યે અશ્રદ્ધાળુ આત્માનું મનુષ્યત્વ નિષ્ફળ છે, ઉત્તમકુળ આકિંચિત્કર છે, વિદ્વત્તા અજ્ઞતારૂપ છે, અધિકારાદિની પ્રાપ્તિ એ પાપાસ્પદ છે અને તપ, જપ, જ્ઞાન, ધ્યાન વિગેરે ક્રિયાઓ કેવલ કલેશકારી છે. જેઓ શ્રી અરિહંતનો ત્યાગ કરી મોક્ષને સારૂ અન્ય દેવોને ભજે છે, તેઓ તૃષાની શાન્તિને માટે સરોવરના નીરનો પરિત્યાગ કરી ઝાંઝવાના નીર તરફ દોડે છે. શ્રીઅરિહંતના નિર્મળ મતનો જેઓ સ્વીકાર કરતા નથી, તેઓ ન્યાયને જાણનારા છે, એમ કહેવું એ ન્યાયનીજ વિડંબના છે. શ્રી અરિહંતનું સ્વરૂપ અધ્યાત્મવેત્તાઓને અગમ્ય, વાચસ્પતિ

ઓની વાચાને અગોચર તથા નિર્મળ ઈન્દ્રિયોવાળાને પણ અપ્રત્યક્ષ છે, તોપણ યોગિ પુરૂષો તેનેજ મેળવવા મથે છે. જગતનું સર્જન, પાલન અને સંહાર કરવાનું જેઓ અભિમાન ધારણ કરતા નથી, તે સત્ય બ્રહ્મ રૂપ શ્રીઅરિહંત પરમાત્મા-ઓજ સર્વ આત્મહિતૈષિઓને ધ્યાન કરવા લાયક છે. તેઓ ધન્ય છે, કૃતપુણ્ય છે અને તેઓનો જ જન્મ સાર્થક છે કે જેઓનું મન શ્રીઅરિહંતોના ગુણોમાં સદા લંપટ બન્યું રહે છે.

**પ્રશ્ન૦** ભગવાનનું નામ કે ગુણ સ્મરણ કરવાથી ફળ થાય, પણ જડ એવી મૂર્તિને પૂજવાથી શું લાભ થાય?

**ઉત્તર૦** ભગવાનનું નામ પણ જડ છે, છતાં જડ એવું નામ ભગવાનના ગુણસ્મરણમાં જેમ આલંબન રૂપ થાય છે, તેમ જડ એવી પણ ભગવાનની મૂર્તિ ભગવાનના પરમાર્થ સ્વરૂપની પિછાન કરવામાં પરમ આલંબન ભૂત બને છે. ભગવાનની મૂર્તિને નમસ્કારાદિ કરવાથી સમ્યક્ત્વરૂપી મહા-ફળની પ્રાપ્તિ થાય છે: મોક્ષમાર્ગને અનુકૂળ પૂણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે અને અનર્થના કારણભૂત અર્થ-લક્ષ્મીની સાર્થકતા થાય છે. ભગવાનની શાન્ત આકૃતિ ભગ-વાનના ગુણોનું ભાન કરાવે છે: મોક્ષરૂપી મહાકાર્યને પરં-પરાએ સિદ્ધ કરાવે છે તથા પોતે જડ હોવા છતાં ચિન્તામણિ રત્નની જેમ સર્વ ઈચ્છિતોને શિઘ્ર આપે છે. ભગવાનની મૂર્તિની પૂજા ઉપર જેઓ ઇર્ષ્યાભાવને ધારણ કરે છે, તેઓનાં અંતઃકરણો દુર્ભાગ્યથી દગ્ધ થઇ ગયાં છે, તેઓના હાથમાંથી ચિન્તામણિ રત્ન સરકી ગયું છે, તેઓને પરમ પુણ્યોદયે પ્રાપ્ત

થયેલ કામકુમ્ભઘટ ફુટી ગયો છે અથવા તેઓના ઘરના આંગણે ઉગેલ કલ્પતરૂ ઉગીને બળી ગયું છે, એમ સમજવું.

**પ્રશ્ન૦** શ્રીજિનપૂજામાં સ્થાવર જીવોની હિંસા થાય છે, તો તેનાથી પુણ્યબંધ કેમ થાય ?

**ઉત્તર૦** શ્રી જિનપૂજામાં થતો સ્થાવર જીવોનો વધ, ત્રસ–સ્થાવર ઉભય જન્તુઓની હિંસાનો જેણે પરિત્યાગ કર્યો છે, તેઓને કરવાનો હોતો જ નથી પરન્તુ જેઓએ ત્રસ જીવોની હિંસાનો પરિત્યાગ કર્યો નથી, તેઓ શ્રીજિનપૂજા અને શ્રીજિનભક્તિ નિમિત્ત થતી સ્થાવર જીવોની હિંસાથી ડરી જઇને શ્રીજિનભક્તિ નહિ કરે, તો તેવા જીવો તેટલા કાળ માટે ત્રસ જીવોની કે અન્ય સ્થાવર જીવોની હિંસામાં પરાયણ નહિ રહે, તેની શું ખાત્રી ? ત્રસ–સ્થાવર ઉભયને અભય આપનાર મુનિને ભક્તિ નિમિત્તે થતી સ્થાવર હિંસા પણ દોષ રૂપ છે કિન્તુ જેઓએ ત્રસની હિંસાના પચ્ચખ્ખાણ નથી કર્યા, તેઓને ભક્તિ નિમિત્તે સ્થાવરની હિંસા નહિ કરવાનો ઉપદેશ આપવો, તે જેઓએ રાત્રિભોજનના પચ્ચખ્ખાણ નથી કર્યા, તેઓને દિવસે ભોજન નહિ કરવાના પચ્ચખ્ખાણ આપવા બરાબર છે અથવા જેઓએ માંસાહારના પચ્ચખ્ખાણ નથી કર્યા,તેઓને વનસ્પતિ ભોજનના પચ્ચખ્ખાણ આપવા તુલ્ય છે. પરિગ્રહ અને આરમ્ભમાં રક્ત એવા ગૃહસ્થોને શ્રી જિનભક્તિ નિમિત્તે થતી સ્થાવર કાયની હિંસા, એ દોષરૂપ નથી કિન્તુ ગુણ રૂપ છે: કારણકે–શ્રીજિનભક્તિ એ પરમ્પરાએ ત્રસ–સ્થાવર ઉભયની રક્ષાના પરિણામને જાગ્રત કરે છે. સંયમની રક્ષા માટે મુનિને જેમ નદી ઉતરવાનું દોષરૂપ નહિ

પણ ગુણરૂપ માન્યું છે, તેમ પરિગ્રહ–આરમ્ભથી બચવા માટે ગૃહસ્થોને શ્રી જિનેશ્વર દેવની દ્રવ્યભક્તિ દોષરૂપ નહિ પણ ગુણરૂપ માનેલી છે. શ્રીજિનભક્તિમાં ગૃહસ્થોને જે આરંભ છે, તે શુભ પરિણામ અને શુભ પ્રવૃત્તિનો જનક હોવાથી સદારંભ માનેલો છે અને તેવા સદારંભના આલંબન વિના પોતપોતાના ગુણસ્થાનકની હદે રહેલા આત્માઓને આગળ વધવાનું થતું જ નથી. મુનિને પણ આવશ્યકાદિ ક્રિયા વખતે આરંભ રહેલો જ છે. છતાં યતનાપૂર્વક તે આરંભ દુર્ગતિનું કારણ નહિ પણ શુભ ગતિનું જ કારણ છે. તેમ ગૃહસ્થોને શ્રીજિનપૂજામાં સ્થાવર કાયનો આરંભ હોવા છતાં યતનાપૂર્વક પૂજામાં પ્રવૃત્ત થનાર ગૃહસ્થને તે આરંભ દુર્ગતિનું કારણ થતો નથી કિન્તુ સદ્‌ગતિનો હેતુજ બને છે.

**પ્રશ્ન૦** ગૃહસ્થો દ્રવ્ય પૂજા ન કરે અને કેવળ ભાવ પૂજા કરે, તો ચાલે કે નહિ ?

**ઉત્તર૦** ન ચાલે. ગૃહસ્થો હંમેશાં આરંભ અને પરિગ્રહથી યુક્ત હોય છે, તેથી હંમેશાં ચિન્તાતુર રહે છે. એ ચિન્તાથી બુદ્ધિ કુંઠિત રહે છે. એ કારણે ગૃહસ્થોનું ચિત્ત તત્ત્વત્રયીના બાહ્ય આલંબન વિના સ્થિર થતું નથી. એમના ચિત્તની સ્થિરતા માટે એમને સાકાર દેવપૂજા, નિત્ય સાધુસેવા અને સક્રિય દાનાદિ ધર્મોની પરમ અગત્યતા છે.

વળી ગૃહસ્થો પ્રાયઃ સાવદ્ય કાર્યોમાં રક્ત, સદાકાળ ઐહિક અર્થપ્રાપ્તિમાં આસકત, કુટુંબના ભરણ પોષણ માટે આજીવિકાદિનાં સાધનો મેળવવામાં પ્રસક્ત, વ્યવહારનાં કાર્યોમાં સદા આદર યુક્ત અને પરતંત્રતાદિથી ખિન્ન હોય

છે. તેથી એકલી ભાવપૂજાથી તેમના ચિત્તની સ્થિરતા થવી અશકય છે.

વળી તેઓના અન્ય સઘળાં કાર્યો દ્રવ્ય વડેજ સિદ્ધ થાય છે, તેથી દ્રવ્ય વડે કરાતા ધર્મથીજ તેમના મનની તુષ્ટિ થઇ શકે છે. સાંસારિક ચિન્તા અને ખટપટોથી સંતપ્ત તેમનાં ચિત્ત ઉપર એકલો ભાવધર્મ કાંઇ પણ અસર નિપજાવી શકતો નથી. ગૃહસ્થો દ્રવ્યવંત હોય છે, તેથી તેમને પોતાનો ધર્મ, દ્રવ્ય સેવન વિના સિદ્ધ થઇ શકતો નથી.

**પ્રશ્ન૦** નિર્જીવ પ્રતિમા શું લાભ કરે?

**ઉત્તર૦** નિર્જીવ પ્રતિમા પણ અવશ્ય લાભ કરે. જેવા આકારનું દર્શન થાય છે, તેવા આકાર સંબંધી ધર્મનું મનમાં ચિન્તવન થાય છે. સંપૂર્ણ અવયવોવાળી પુતળી જોવામાં આવતાં તેવા પ્રકારના મોહનું કારણ થાય છે. કોકશાસ્ત્રાદિમાં નિરૂપણ કરેલા કામાસનોની આકૃતિઓથી કામી પુરૂષોને કામવિકારાદિનો અનુભવ થાય છે. યોગશાસ્ત્રાદિમાં જણાવેલાં યોગાસનોને જોવાથી યોગાભ્યાસીઓને યોગાભ્યાસમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. ખગોળ તથા ભૂગોળાદિના નકશાઓથી સમગ્ર લોક અને શહેરો વિગેરેની રચનાઓ સ્પષ્ટ રીતે સમજાય છે. શાસ્ત્રના અક્ષરોને જોવાથી વિદ્વાન પુરૂષોને નવા નવા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે રીતે સ્વ-ઇષ્ટ-દેવની પ્રતિમાના દર્શનથી દર્શન કરનારને તેમના પ્રસિદ્ધ ગુણો સ્મૃતિ પથમાં આવીને ખડા થાય છે.

લૌકિક શાસ્ત્રો અને લોક વ્યવહારમાં પણ પ્રતિમા અને આકારનું મહત્વ જબ્બર મનાયેલું છે. પતિના વિયોગમાં સતી

સ્ત્રીઓ પતિના નિર્જીવ ચિત્રનું દર્શન કરી સંતોષ અને આનંદનો અનુભવ કરે છે, એ વાત સતી સ્ત્રીઓના દૃષ્ટાંતોથી સુપ્રસિદ્ધ છે. સતી **સીતાજી શ્રીરામચંદ્રજીના** વિયોગમાં તેમની મુદ્રિકાનું આલિંગન કરી શ્રી**રામચંદ્ર**ની પ્રાપ્તિ જેટલું સુખ અનુભવતા હતા અને **શ્રીરામચંદ્રજી** પણ **સીતાજીનું** આભૂષણ પામી **સીતાજીને** મળ્યા જેટલો સંતોષ અનુભવતા હતા. **શ્રીરામચંદ્રજીના** વનવાસ વખતે રાજા **ભરત શ્રીરામચંદ્રજીની** પાદુકાનું **શ્રીરામચંદ્રજી** પ્રમાણે પૂજન કરતા હતા. એજ રીતે શ્રી **મહાભારતમાં** પણ **લવ્ય** ભીલે **દ્રોણાચાર્યની** પ્રતિમાથી **અર્જુનના** જેવીજ ધનુર્વિદ્યા પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ છે.

**રામાયણ** અને **મહાભારતના** તે ઉલ્લેખોને એક વખતે ગૌણ કરીએ તોપણ નિર્જીવ આકૃતિની કેટલી અસર થાય છે, એ જાણવા પ્રત્યક્ષ પ્રમાણો પણ ઘણાં છે. ક્ષેત્રમાં ઉભી કરવામાં આવતી પુરૂષાકૃતિ નિર્જીવ છતાં ક્ષેત્રાદિની રક્ષા કરવા સમર્થ થાય છે. અશોક વૃક્ષની છાયા શોક દૂર કરે છે. કલિ (બેડાં) વૃક્ષની છાયા કજીયો કરાવે છે. ચાંડાલાદિ અસ્પૃશ્યોની છાયા પુણ્ય હાનિ કરે છે. સગર્ભા સ્ત્રીની છાયા પુરૂષત્વને હણે છે. કામણ ટુમણાદિના જાણકારો મીણાદિનાં નિર્જિવ પુતળાંઓથી જીવોને મૂર્ચ્છિત કરે છે. માલીક પોતાની મૂર્તિને ભક્તિભાવથી જોનાર સેવકાદિ ઉપર તુષ્ટમાન થાય છે.

સાકાર વસ્તુનો આકાર આ રીતે વિવિધ પ્રકારની અસરો ઉત્પન્ન કરે છે એટલુંજ નહિ પણ અનાકાર વસ્તુઓનો આકાર પણ દુનિયામાં ઘણોજ કાર્યસાધક થાય છે. શૂન્ય (૦), 'અ'

થી 'હ' પર્યંતના અક્ષરો, પૃથ્વી આદિ તત્ત્વો, સંગીત શાસ્ત્રમાં દર્શાવેલા રાગો, આકાશ મંડળ, વાયુમંડળ આદિ મંડળો વિગેરે નિરાકાર છતાં, તેના આકારોથીજ સઘળાં વ્યવહારો ચાલે છે. એજ રીતે અનાકાર ઈશ્વરનો પણ આકાર તેના પૂજકને શુભાશયથી મહાન્ ફળને આપનાર થાય છે. અનાકાર ઈશ્વરની સાકાર મૂર્તિને પૂજવાથી અનાકાર ઈશ્વરને શુભાશુભ કાંઈ ફળ મળતું નથી પરન્તુ પૂજકને અવશ્ય મળે છે. જેમ વજ્રમય દિવાલમાં કોઇ મણિ ફેંકે કે પત્થર ફેંકે, સૂર્યની સામે કોઇ કપૂર ઉડાડે કે રજ ઉડાડે, સર્વ સત્તાધીશ ચક્રવર્તી આદિની કોઈ સ્તવના કરે કે નિન્દા કરે, તેથી તે ચક્રવર્તી આદિને કાંઇ થતું નથી કિન્તુ સ્તવના અથવા નિન્દાદિ કરનારને અવશ્ય શુભાશુભ ફળ મળે છે, તેમ અનાકાર ઇશ્વરની સાકાર મૂર્તિને પૂજવાથી ઈશ્વરને કાંઇ પણ ફળ નહિ થવા છતાં પૂજનારને તેના શુભાશયથી અને નિન્દનારને તેના અશુભાશયથી સારૂં ને નઠારૂં ફળ અવશ્ય મળે છે. વળી શ્રી જૈનશાસનમાં ઇશ્વર નિરાકાર જ છે, એવો એકાંત માનેલો નથી. નિરાકાર ઈશ્વર પણ પ્રથમ સાકાર અવસ્થામાં જ હોય છે અને પછી નિરાકાર અવસ્થાને પામે છે.

**પ્રશ્ન૦** પરમાત્માની પૂજા તુરત કેમ ફળતી નથી ?

**ઉત્તર૦** પ્રત્યેક વસ્તુ તેના ફળવાના કાળેજ ફળે છે. પ્રસૂતિ નવ મહિના બાદજ થાય છેઃ મંત્રનો જાપ હજારવાર, લાખવાર કે ક્રોડ વાર થયા બાદજ ફળે છેઃ જૂદી જૂદી વનસ્પતિઓ તેના કાળેજ ફળે છેઃ રાજસેવા–વાણિજ્યાદિ ક્રિયા પણ કાળેજ ફળે છેઃ તેમ પૂજાદિ શ્રેષ્ઠ અનુષ્ઠાનોનું પરમ ફળ

જન્માંતરમાંજ મળે છે. ચિન્તામણિ આદિ પદાર્થો ઐહિક અને તુચ્છ ફળને આપનારા હોવાથી આ ભવમાંજ ફળે, પરન્તુ પૂજાનું પુણ્ય અને તેનું ફળ તેના કરતાં પણ મહાન હોવાથી તેના ફળ માટે તુચ્છ એવા મનુષ્યભવ ઉપરાન્ત દેવભવ આદિ સામગ્રીની પણ અપેક્ષા છે.

જગત્માં પુણ્ય ભિન્ન ભિન્ન પ્રકારન હોય છે. કેટલાક ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ અહીં પણ મળે છે. રાજપુત્રાદિને એકાદ વાર કોઇ પ્રસંગે અલ્પ પણ દાન કર્યું હોય, તેનું મહાન્ ફળ મળે છે—પ્રાણાન્ત કષ્ટમાંથી પણ ઉગારનારૂં થાય છે. રાજા વિગેરેની સેવા કરનાર પરિવાર સહિત સુખી થાય છે: અપરાધ કરનાર પરિવાર સહિત માર્યો જાય છે. તે રીતે ઉત્કટભાવે કરાયેલી શ્રીવીતરાગ પરમાત્માની પૂજાદિનું ફળ આ લોકમાં પણ સંપત્તિઓનું કારણ થાય છે અને પરલોકમાં તો અવશ્ય અનેક પ્રકારનાં સત્ય સુખોની પરંપરા પ્રાપ્ત કરાવવામાં હેતુભૂત થાયજ છે.

**પ્રશ્ન૦** પરમાત્માનું નામ સ્મરણ શું લાભ કરે?

**ઉત્તર૦** વિષ જેમ મંત્રના જાપથી ઉતરી જાય છે, તેમ તત્વ નહિ જાણનારનું પાપ પણ પરમાત્માના નામ સ્મરણથી નાશ પામે છે. પાપ નાશ પામે એટલે આત્મા શુદ્ધ થાય અને આત્મા શુદ્ધ થાય એટલે નિર્મળ જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય. જ્ઞાનાદિની પ્રાપ્તિ થવાથી અનુક્રમે સકલ કર્મનો નાશ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન૦** શ્રી જિન મંદિરને શું ઉપમા આપી શકાય?

**ઉત્તર૦** શ્રીજિનમંદિરને અનેક પ્રકારની સુંદર ઉપમાઓ

આપી શકાય છે. જેમકે:-શ્રી જિનમંદિર, એ આ સંસારમાં મુંગું ઉપદેશક પુસ્તક છે: ભવ અટવીમાં ભૂલા પડેલાઓને દીવા દાંડી સમાન છે: બળ્યા જળ્યા દિલોને શાન્તિનું વિશ્રામ સ્થાન છે: ઘવાયેલાઓને રૂઝાવવા માટેની સંરોહિણી ઔષધિ છે: પત્થર અને ઝાંખરાની ભૂમિમાં અપૂર્વ કલ્પવૃક્ષ છે: સળગતા વડવાનલમાં બરફનો પર્વત છે: ખારાસાગરમાં મીઠી વીરડી છે: સંતોનો જીવન પ્રાણ છે: દુર્જનોને અમોઘ શાસન છે: ભૂતકાળની પવિત્ર યાદ છે: વર્તમાન કાળનું આત્મિક વિલાસ ભુવન છે: ભાવિકાળનું ભાથું છે: સ્વર્ગની નિ:સરણી છે: મોક્ષનો સ્થંભ છે: નરકની અર્ગલા છે: આત્મ-જ્ઞાન રૂપી અમૃતનો કુંડ છે: તેમજ ચતુર્ગતિની આપત્તિઓ સામે દુર્ગમ પહાડ છે.

**પ્રશ્ન૦** શ્રીતીર્થંકરદેવોની પૂજા શા માટે?

**ઉત્તર૦** શ્રીતીર્થંકરદેવો આપણા વડવાઓ હતા અગર મોટા રાજ્યોના માલિક ચક્રવર્તિઓ આદિ હતા, માટે આપણે તેમને પૂજવાના છે, એમ નથી. તેમની પૂજા એક જ કારણે છે કે-તેઓએ આપણને મોક્ષ માર્ગ દર્શાવ્યો છે. તેઓ પોતે તે માર્ગે ચાલ્યા હતા અને આપણને તે માર્ગે ચાલવાનું બતાવ્યું છે. એટલાજ માટે આપણે તેમને પૂજીએ છીએ. જે ગુણને અંગે આપણે તેમને પૂજવાના છે, તે ગુણ આપણી દૃષ્ટિએ ઉચ્ચમાં ઉચ્ચ ન હોય, તો આપણું સન્માન એ તીર્થં-કર દેવોનું નથી પણ માત્ર તેમના બાહ્ય આકારનું છે. શ્રી તીર્થંકરદેવોના સદ્‌ગુણોને લક્ષ્યમાં રાખ્યા વિનાજ તેમનું સન્માન કરીએ, તો તે સન્માન કિંમત વિનાનું થાય છે. શ્રીતીર્થંકર

દેવો સાચા છે, તેમને ગ્રહણ કરેલો અને ઉપદેશેલો માર્ગ સાચો છે, એમ શ્રદ્ધાપૂર્વક માનીને તેમની પૂજા કરનારો, એ માર્ગ ગ્રહણ કરવા માટે સદા તત્પરજ હોય. જેઓ શ્રી તીર્થંકર દેવોના ત્યાગ માર્ગના અર્થી નથી, તેઓ શ્રીતીર્થંકર દેવોની પૂજા કરતા હોય તોપણ તે પૂજા વાસ્તવિક થઈ ગણાય નહિ શ્રીતીર્થંકર દેવોની વાસ્તવિક પૂજા તેમના ગુણોનું, અને તેમણે ઉપદેશેલા ત્યાગ માર્ગનું બહુમાન કરવા અને તે ગુણો વિગેરેને જીવનમાં નિકટ લાવવા માટે છે. એ સિવાય શોખ, રૂઢિ કે ઐહિક લાલસા ખાતર થતી શ્રીતીર્થંકર દેવોની પૂજા વાસ્તવિક નથી.

**પ્રશ્ન૦** જડને પૂજવાથી જડ જેવા ન થવાય ?

**ઉત્તર૦** કેટલાકો શ્રી જિનમૂર્તિ જડ હોવાથી, તેની પૂજા કરનારા જડ જેવા બની જાય છે, એવો આક્ષેપ કરે છે. પરન્તુ તે ખરેખર ! તેઓની–આક્ષેપ કરનારાઓની અતિશય જડ દશાને જ સૂચવે છે. જડ વસ્તુઓમાં પણ ચતન્ય પ્રગટાવવાની તાકાત હોય છે, તે તેઓના ખ્યાલમાં હોતું જ નથી. સંસારી અવસ્થામાં રહેલા જીવોની જડતાને દૂર કરવાનું સાધન એકલું ચેતન નથી પણ ચેતન સહિત કે રહિત જડજ છે. સંસારીઓને ચેતનની ઓળખાણ પણ જડ દ્વારાજ થાય છે. એ વાત સાચી છે કે–જડ જેમ ચૈતન્યનો વિકાસ કરે છે, તેમ ચૈતન્યનો નાશ પણ કરે છે. અને એટલા માટે જ જ્ઞાની પુરૂષોએ ચૈતન્યનો વિનાશ કરનાર જડ સાધનોથી જેમ બને તેમ દૂર રહેવા ફરમાવ્યું છે અને ચૈતન્યનો વિકાસ કરનારા જડ સાધનોની નિરંતર ઉપાસના કરવા ફર-

માન્યું છે. જડ એવાં શાસ્ત્રોવડે સમ્યગ્જ્ઞાનગુણનો વિકાસ થાય છે. જડ એવાં સંયમનાં ઉપકરણો–વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણાદિવડે સમ્યક્ચારિત્રગુણનો વિકાસ થાય છે. એજ રીતે શ્રી જિન ચૈત્ય, શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાદિનાં ઉપકરણો અને દ્રવ્યોના વિધિપૂર્વક ઉપયોગ વડે સમ્યગ્દર્શન ગુણનો વિકાસ થાય છે. તેથી તે તે ગુણોનો સંપૂર્ણ વિકાસ ન થાય, ત્યાં સુધી તે તે સાધનોનું સેવન કરવું આવશ્યક છે. પ્રતિપક્ષમાં ચિત્રા લેખિત જડ સ્ત્રી, કાષ્ટ કે પાષાણાદિમાં ઘડેલી પૂતળી, **વિકારપોષક** દ્રવ્યો, **શૃંગારપોષક** દશ્યો, અને બીજાં પણ પરિણામે નુકસાનજનક જડ પદાર્થો પરિત્યાજ્ય છે, કારણકે તે જડતાને વધારનારા છે. આથી જડની પૂજા જડજ બનાવે છે, એવો એકાંત નથી. જડતાને દૂર કરવા માટે પણ અમૂક જડ પદાર્થો જ સાધનરૂપ બને છે. તેથી તેની વિધિપૂર્વક ઉપાસના કરવી પરમ કર્તવ્યરૂપ છે.

**પ્રશ્ન૦** શ્રીજિનભક્તિમાં ચામડાના નગારાં વિગેરે અપવિત્ર વસ્તુઓ વાપરી શકાય?

**ઉત્તર૦** શ્રી જિનેશ્વરદેવો એ સર્વોત્કૃષ્ટ પરોપકારી તથા સર્વશ્રેષ્ટ પવિત્ર પુરૂષો છે. તેમની ભક્તિ એ પ્રાણી માત્રનું પ્રધાન કર્તવ્ય છે. તેમનાં સત્કાર અને પૂજન એ પ્રગતિનાં પ્રધાન અંગો છે. આધ્યાત્મિક તેમજ માનસિક વિજ્ઞાનની દૃષ્ટિએ તેવા પવિત્રતમ અને પરોપકારરત પ્રધાન પુરૂષોની સેવા, પૂજા અને ભક્તિમાં જગતના સર્વશ્રેષ્ઠ રત્નભૂત પદાર્થોનો વપરાશ એ ભાવ વૃદ્ધિનો જનક છે. તથા પરમ મંગળભૂત છે.

'जातौ जातौ यदुत्कृष्टं, तद्धि रत्नं प्रचक्षते । પોતપોતાની જાતિમાં જે ઉત્કૃષ્ટ હોય, તે રત્ન ગણાય છે. શ્રી જિનેશ્વર દેવો જેમ સર્વ દેવ, દાનવ અને માનવોમાં ઉત્કૃષ્ટ હોવાથી 'પુરૂષ-રત્ન' ગણાય છે, તેમ તેમની પૂજા અને ભક્તિમાં પોતપોતાની જાતિમાં ઉત્કૃષ્ટ એવી જે જે વસ્તુઓ ગણાતી હોય, તે સર્વનો ઉપયોગ કરવો ધર્મશાસ્ત્ર તથા માનસશાસ્ત્રની દૃષ્ટિએ અત્યંત ઉપકારક છે. એ કારણે શ્રી જિન ભક્તિના વિધાનમાં દાંત, કેશ અને મલ જેવા પદાર્થોનો ઉપયોગ પણ વિહિત છે. દાંતની જાતિમાં રત્નભૂત હાથીદાંત, કેશની જાતિમાં રત્નભૂત ચમરી ગાયના કેશ તથા શરીરના મલ જેવા પદાર્થમાં પણ કસ્તુરીયા મૃગની નાભિનો મલઃ જેને કસ્તુરી કહેવામાં આવે છે તેનો પણ ઉચિત ઉપયોગ વિહિત કરવામાં આવ્યો છે. કાષ્ટમાં ચન્દન, ફુલમાં કમલ તથા ફુલના તાંતણાઓમાં કેસરને સ્થાન આપવામાં આવ્યું છે. ધાતુઓમાં સુવર્ણ, રસમાં દૂધ-ઘી તથા વસ્ત્રના તાણાઓમાં રેશમ, એ વિગેરેને સ્થાન આપવામાં આવ્યું છે. સંગીત એ પણ એક સર્વોત્તમ કળા છે તેથી તેનું પણ સ્થાન શ્રી જિનભક્તિમાં હોય જ, એ નિર્વિવાદ છે. વીણા, વેણું, મૃદંગ, ઢોલ, તાંસા, નગારા વિગેરે વાજિંત્રો, એ સંગીતકળાનાં જ સાધનો છે. સંગીત માટે તે તે વસ્તુઓ અનિવાર્ય છે. તેથી શ્રી જિનભક્તિમાં તેનો ઉપયોગ એ દોષયુક્ત નથી કિન્તુ પરમ મંગળમય અને તત્ત્વ દૃષ્ટિએ સર્વથા નિર્દોષ છે.

सति चाऽस्मिन्नसौ धन्यः, सम्यग्दर्शनसंयुतः ।
तत्त्वश्रद्धानपूतात्मा, रमते न भवोदधौ ॥१॥

શુભ ભાવ વડે અતિ દારૂણ કર્મગ્રન્થિનો ભેદ કરીને કદાચિત્ કોઈ ધન્ય આત્મા સમ્ગ્દર્શનને પ્રાપ્ત કરે છે. સમ્યગ્દર્શનથી સંયુત અને તત્ત્વશ્રદ્ધાનથી પવિત્ર તે ધન્ય આત્મા ભવોદધિમાં રમતો નથી.

जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतः ।
क्लेशाय केवलं पुंसामहो भीमो भवोदधिः ॥२॥

જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ અને શોકાદિથી ઉપદ્રુત થયેલ આ ભયાનક ભવોદધિ, અહો ! પુરૂષોને કેવલ કલેશને માટે થાય છે. (૨)

सुखाय तु परं मोक्षो, जन्मादिक्लेशवर्जितः ।
भयशक्त्या विनिर्मुक्तो, व्याबाधावर्जितः सदा ॥३॥

જન્માદિ કલેશથી વર્જિત મોક્ષ એજ ભય શક્તિથી રહિત તથા સદા વ્યાબાધાથી વર્જિત હોવાથી પરમ સુખને માટે છે. (૩)

हेतुभवस्य हिंसादिर्दुःखाद्यन्वयदर्शनात् ।
मुक्तेः पुनरहिंसादिर्व्याबाधा विनिवृत्तितः ॥४॥

દુઃખાદિનો અન્વય સ્પષ્ટ હોવાથી હિંસાદિ એ ભવનાં હેતુ છે અને વ્યાબાધની વિનિવૃત્તિ હોવાથી અહિંસાદિ એ મુક્તિનાં કારણ છે.

बुद्ध्वैवं भवनैर्गुण्यं, मुक्तेश्च गुणरूपताम् ।
तदर्थं चेष्टते नित्यं, विशुद्धात्मा यथागमम् ॥५॥

એ પ્રકારે ભવની નિર્ગુણતા અને મુક્તિની ગુણરૂપતા જાણીને સમ્યગ્દર્શનથી પવિત્ર અંતઃકરણવાળો આગમોક્તવિધિ મુજબ મુક્તિ માટે નિત્ય પ્રયત્ન કરે છે. (૫)

# શ્રદ્ધા

दुष्करं क्षुद्रसत्त्वानामनुष्ठानं करोत्यसौ ।
मुक्तौ दृढानुरागत्वात्, कामीव वनितान्तरे ॥६॥

અને મુક્તિ ઉપરના દૃઢ અનુરાગથી, અન્યવનિતા ઉપર અનુરાગી બનેલા કામી પુરૂષની જેમ, ક્ષુદ્રપ્રાણીઓને દુષ્કર એવું અનુષ્ઠાન તે આચરે છે. (૬)

**પ્રશ્ન૦** જે વસ્તુ નજરે દેખાય નહિ, તે વસ્તુ કેમ મનાય ?

**ઉત્તર૦** એવી ઘણી વસ્તુઓ છે કે–જે નજરે દેખાતી નથી, છતાં અવશ્ય માનવી પડે છે. જેમકે–કોઇ એક માણસને રાત્રિએ સ્તંભ એ પુરૂષ તરીકે જણાય છે અને પુરૂષ એ સ્તંભ તરીકે જણાય છે. કોઇને દિવસે પણ શંખ પીળો લાગે છે. ઉન્મત્ત આત્માઓ સ્વબન્ધુઓને પણ ઓળખી શકતા નથી. ઈન્દ્રિયો તેની તે છે, છતાં આ વિશેષતા શાથી ? કહેવું જ પડશે કે પૂર્વે મન અવિકારી હતું, પાછળથી તે વિકારી બન્યું માટે ભેદ પડ્યો. તો એ મન દૃશ્ય છે કે અદૃશ્ય ? દૃશ્ય નથી તો પણ છે એમ સ્વીકારવું જ પડ્યું. એ રીતે શબ્દો, તેના અર્થો, સુખ, દુઃખ, વિષય, કષાય,

ઈર્ષ્યા, અસૂયા, ચાતુર્ય, ગાંભીર્ય, બુદ્ધિ, આનંદ, શોક, વિગેરે અસંખ્ય ચીજો એવી છે, કે જે દેખ્યા વિના પણ માનવી જ પડે છે. ન્યાય, અન્યાય, વિનય, વિવેક, ક્ષુધા, તૃષા, મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, માધ્યસ્થ્ય, રાગ, રતિ, સંશય, વિપર્યય, વિગેરે દરરોજના અનુભવની વસ્તુઓ પણ આંખે દેખાતી નથી, કાને સંભળાતી નથી કે બીજી કોઇ ઇન્દ્રિયો વડે ગ્રહણ થતી નથીઃ માત્ર બુદ્ધિ વડે જ જાણી શકાય છે. એ બુદ્ધિ ઈન્દ્રિયોને અગોચર છે. ઇન્દ્રિયોને ગોચર હોય તેટલી જ વસ્તુઓ માનવી અને અગોચર હોય તે ન માનવી, એવો નિયમ કરવામાં આવે તો આ રીતે વ્યવહારમાં પણ ચાલી શકે તેમ નથી. તો પછી પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, પુનર્જન્મ અને મોક્ષાદિ પદાર્થોમાં ઇન્દ્રિયગોચરતાનો આગ્રહ કરવો, એ દુરાગ્રહ છે. પરોક્ષ પદાર્થોનો સાક્ષાત્કાર ઈન્દ્રિય-જ્ઞાન વડે થઈ શકે જ નહિ. એ માટે તો અતીન્દ્રિય જ્ઞાનની જ આવશ્યકતા છે. અતીન્દ્રિય જ્ઞાન નહિ ધારણ કરનારા આત્મા-ઓએ એ પદાર્થોને અતીન્દ્રિય જ્ઞાનીઓનાં વચનોના આધારે સ્વીકારવા જોઈએ. તેમ ન કરવામાં આવે તો પરલોકનો માર્ગ સાધી શકાય નહિઃ દુરાગ્રહથી ભવિષ્યના અનંતા ભવોમાં થનારૂં સુખ હારી જવાય અને કેવળ દુઃખ જ બાકી રહે. પરોક્ષ પદાર્થોને સર્વ લોકો જાણી શકે નહિ, માત્ર તેના જ્ઞાતાઓ જ જાણી શકે. ઇન્દ્રિયોવાળા પણ વિદ્યા, મંત્ર, આમ્નાય, શિક્ષા કે પરદેશની વાર્તાઓ પરોપદેશથી જ જાણી શકે છે. ઇન્દ્રિયોને અગોચર જેટલું આ જગતમાં જ્ઞાન છે, તે બધું પરોપદેશથી જ જાણી શકાય છે. સ્વ-શરીરગત રોગોને પણ ઈન્દ્રિયો વડે જાણી શકાતા નથીઃ વૈદ્યોના કહે-

વાથી અગર ઔષધાદિ વડે શમન થવાથી જ રોગના અસ્તિત્વ વિષે ખાત્રી થાય છે. તેમ સ્વર્ગ–મોક્ષાદિ પરોક્ષ, પદાર્થો તેના જ્ઞાતા મહાપુરૂષોના વચન વડે જ જાણી શકાય. અહીં રહ્યા લંકા દેખાય નહિ, તેમ સ્વર્ગ–મોક્ષ પણ દેખાય નહિં. પરન્તુ તેટલા માત્રથી તેના અસ્તિત્વ વિષે શંકા થાય નહિ.

**પ્રશ્ન૦** મનુષ્યોને વાણી સ્વાતંત્ર્ય હોવું જોઇએ કે નહિ ?

**ઉત્તર૦** હોવું જોઇએ: પરન્તુ તે પહેલાં વાણી સ્વાતંત્ર્યની મર્યાદા પણ સમજવી જોઇએ. રસ્તે ચાલતી બેરીને વહુ કહેવાના વાણી સ્વાતંત્ર્યને કોઈ પણ સભ્ય સમાજ ચલાવી શકે નહિ. વાણીસ્વાતંત્ર્યનો એવો અર્થ ન જ થાય કે– મનમાં આવે તેવો અસંબદ્ધ કે અસભ્ય વાકયપ્રલાપ કરવો ! જે બીના સત્ય હોય અને જે બોલવાથી પરિણામ સારૂં આવે તેમ હોય, તે બોલવાની છૂટ પ્રત્યેક માણસને હોવી જોઇએ. અને એનું જ નામ સાચું વાણીસ્વાતંત્ર્ય છે. વાણીસ્વાતંત્ર્ય એટલે સંયમવાળી વાણી અથવા ખૂબ વિચાર મન્થનના અંતે સાચી લાગતી વસ્તુને ભવિષ્યના લાભ માટે નિર્ભયપણે કહેવી તે. એવા વાણીસ્વાતંત્ર્યને સૌ કોઈ ઈચ્છે, કારણકે–તેમાં વિવેક છે.

**પ્રશ્ન૦** જ્ઞાન થયા વિના ક્રિયાનું પાલન હિત કરે ?

**ઉત્તર૦** અવશ્ય કરે. ક્રિયા બે રીતે થાય છે:–જ્ઞાનથી પણ થાય છે અને શ્રદ્ધાથી પણ થાય છે. બાળકમાં સમજશક્તિ ન આવે ત્યાં સુધી એની પાસે ખાવાપીવાની ક્રિયા કરાવવામાં આવે છે જ અને તો જ એ જીવી શકે છે. જ્ઞાન હો કે ન હો પણ ક્રિયા કરી, એટલે ફળ મળવાનું જ.

'ખૂનની સજા ફાંસી'–એવું જેને જ્ઞાન ન હોય, તે ખૂન કરે તો ફાંસી મળે કે નહિ? અવશ્ય મળે. એ રીતે અગ્નિ બાળે એવું જ્ઞાન હોય કે નહિ, પણ તેના ઉપર પગ મૂકે તો પગ દાઝે કે નહિ? વિષ મારનારૂં છે એમ ન જાણે, છતાં તે ખાય તો પ્રાણ જાય કે નહિ? જ્ઞાન થયા વગર ક્રિયા ન જ કરાય અગર કરાય તો પણ ફળ તો ન જ આપે, એ માન્યતા જ ભૂલભરેલી છે. બાળક દૂધ અને ખડીનો ભેદ ન સમજે, ત્યાં સુધી તેણે પીધેલું દૂધ કાંઈ પણ ફળ નહિ જ આપવાનું? અવશ્ય આપવાનું. માંદો માણસ દવાના ગુણ કે દોષને ન સમજે, ત્યાં સુધી દવા તેને ગુણ નહિ જ કરે? અવશ્ય કરશે.

સંસારવ્યવહારમાં ડગલે ને પગલે જ્ઞાન વિનાની ક્રિયાઓ થઇ રહી છે. જ્ઞાન હો કે ન હો પણ કરેલી ક્રિયા ફળ આપ્યા સિવાય રહેતી નથી. તો પછી એ શંકા થશે કે–જ્ઞાનની જરૂર જ શી? દૂધનો સ્વભાવ જ ગુણ કરવાનો છે, તો પછી જાણો કે ન જાણો તો પણ તેના ખાનારને ગુણ થવાનો જ છે. એ વાત સાચી હોવા છતાં દૂધની જગ્યાએ ખડી પીવામાં આવે તો ફાયદો થાય? ન જ થાય. ત્યારે 'ખડી ન પીવાય અને દૂધ જ પીવાય' એટલું જ્ઞાન તો હોવું જ જોઇએ. એ જ્ઞાન પછી પોતાને હો કે બીજાને. જે વસ્તુનું જ્ઞાન પોતાને ન હોય, તે વસ્તુનો ફાયદો ઉઠાવવા માટે બીજાના જ્ઞાનની સહાય લેવી પડે છે: પણ જ્ઞાનની જરૂર તો પડે જ છે. બીજાના જ્ઞાનની સહાય લેવી, એને શ્રદ્ધા કહેવાય છે.

એક વાત યાદ રાખવા જેવી છે કે–એકબીજાની ક્રિયાનો ફાયદો એકબીજાને થતો નથી, પણ એકબીજાના જ્ઞાનનો

ફાયદો એકબીજાને જરૂર મળી શકે છે. માબાપના દૂધના જ્ઞાનથી બાળકને ફાયદો થાય છે, પણ માબાપના દૂધ પીવાથી બાળકની ક્ષુધા ભાંગતી નથી. એ જ રીતે તીર્થંકર ભગવાન સર્વજ્ઞ થયા હતા તેથી આપણે અત્યારે સર્વજ્ઞ નથી બની જતા, પરન્તુ ભગવાનના જ્ઞાનથી ફાયદો જરૂર ઉઠાવી શકીએ છીએ. ક્રિયાત્મક ફાયદો મેળવવા માટે ક્રિયા તો પોતે જ કરવી પડે છે. એ ક્રિયા કરવામાં પોતાનું કે બીજાનું જ્ઞાન માર્ગદર્શક બને છે. આ રીતે જ્ઞાન અને ક્રિયા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલાં છે. બેમાંથી એકનું પણ ખંડન થઈ શકે તેમ નથી. એકનું ખંડન કરતા જાનું પણ ખંડન થઈ જાય છે.

બીજી વાત એ છે કે–જેને શ્રદ્ધા નહિ હોય તેને જ્ઞાન થઈ શકવાનું જ નથી. એકડો ભણતી વખતે બાળકને એકડાની જરૂરીયાતનું ભાન હોતું જ નથી. એ એકડો માબાપ કે મહેતાના કહેવાથી જ ભણે છે. મહેતાના કહેવા ઉપર વિશ્વાસ રાખવાથી જ તે જ્ઞાની બની શકે છે. એ રીતે બાળક, બા, બાપા, કાકા, મામા, વિગેરે શબ્દો બીજાનો બોલાવ્યોજ બોલે છે. સમજ્યા પછી નથી બોલતો, પણ બોલ્યા પછી જ સમજે છે. તે વખતે જો શ્રદ્ધાપૂર્વક બોલવાની ક્રિયા કરી ન હોત, તો જ્ઞાન થવાનું જ શી રીતે હોત? અણુસમજણમાંથી સમજણા શ્રદ્ધાના આધારે જ થવાય છે, પરન્તુ સમજણા થયા પછી લોકો એ શ્રદ્ધાને જ વગોવવાનો ધંધો કરે છે, તે કેટલું અજ્ઞાન અને અણુસમજ ભર્યું કાર્ય છે?

શ્રદ્ધા અને જ્ઞાનની જેટલી જરૂર છે તેટલી જ ક્રિયાની

પણ જરૂર છે. ક્રિયા વિના માત્ર શ્રદ્ધા કે જ્ઞાન કાંઈ પણ ફાયદો નથી કરી શકતા. જ્ઞાન થવું સહેલું છે, તેથી જ્ઞાન તો ઘણાને હોય પણ ક્રિયા થોડા જ કરી શકે. બધા જ જાણે છે કે-સીધી લીટી કોને કહેવાય, છતાં સીધી લીટી દોરી શકે કેટલા ? ઘણા સમજે છે કે-વ્યસન ખરાબ છે, વ્યસન રાખવા ખોટા છે, બીડી-તમાકુ-પાન-સોપારી કે બીજી ટેવો નુકશાનકારક છે, છતાં એ કુટેવોથી બચનારા કેટલા ? સંસાર બૂરો છે, મિથ્યાત્વ ભયંકર છે, અવિરતિ પાપનું મૂળ છે, કષાયો સંસારના બીજ છે, આ બધું જાણવાની દૃષ્ટિએ કોણ નથી જાણતું ? પરન્તુ એ જ્ઞાન પ્રમાણે આચરણ કેટલા કરી શકે છે ? કોટ્યાધિપતિ કોને કહેવાય એ સૌ કોઈ જાણે છે, છતાં કોટિધ્વજ બને છે કેટલા ? કરોડને સમજવા એ એક વાત છે અને કરોડને મેળવવા એ બીજી વાત છે. કરોડના જ્ઞાન માત્રથી જરા માત્ર દારિદ્રય દૂર થતું નથી. એ રીતે મિથ્યાત્વાદિને જાણે, પણ ત્યજવા પ્રયાસ ન કરે તો નકામું છે. ફળનો આધાર પ્રયત્ન ઉપર છે. પ્રયત્ન કહો કે ક્રિયા કહો, બે એક જ વસ્તુ છે.

જીવ માત્ર ટેવોનો ગુલામ છે. અનાદિની ટેવોને આધીન થઇને એક વસ્તુ ખરાબ લાગવા છતાં જીવ છોડી શકતો નથી. માયા અને કપટને કોણ સારા ગણે છે ? અઢારે પાપસ્થાનકમાંથી એક પણ પાપ સેવવું સારૂં છે, એમ કોણ માને છે ? છતાં એને છોડનારા કેટલા ? સંસારની લીલા જ એવી છે કે-ખરાબ સમજવા છતાં ત્યાગ ન કરી શકાય. એ કારણે પંચપરમેષ્ઠિમાં એકલા જ્ઞાનીને નહિ, પણ જ્ઞાન *મુજબ અમલમાં મૂકનારને જ સ્થાન આપ્યું છે.* આચરણ

વિનાના મહાજ્ઞાનીઓ–અવધિ આદિ જ્ઞાનને ધારણ કરનારાને પણ સ્થાન નથી.

**પ્રશ્ન૦** સર્વજ્ઞવચનમાં શંકા, એ શું ગુન્હો છે?

**ઉત્તર૦** હા. દુનિયાના પણ કોઇ નીતિમાન માણસના ચોપડા શંકાશીલ કે ખોટા છે, એમ કોઇ કહે તો ગુન્હેગાર ગણાય છે, તો સર્વજ્ઞ ભગવાન જેવા પરમ જ્ઞાનવાન પરમાત્માના વચનમાં શંકા ધારણ કરનારો, તેને ખોટા કહેનારો કે તે ખોટા પણ હોય એવી કલ્પના કરનારો ગુન્હેગાર કેમ ન ગણાય? અવશ્ય ગુન્હેગાર ગણાય, કારણકે–તે એક પરમપુરૂષ, વીતરાગ અને દોષરહિત એવા સર્વશ્રેષ્ઠ ગુણોવાળા મહાપુરૂષોના પરમ સત્યવાદીપણા રૂપ ગુણનો તિરસ્કાર કરે છે. ગુણીના ગુણની અવગણના એ જ મોટો ગુન્હો છે. સ્વયં સત્યવાદી ન બનવું એ જેટલો ગુન્હો છે, એના કરતાં પણ જેઓ સત્યવાદી છે એમના પ્રત્યે અસદ્‌ભાવ ધારણ કરવો એ મોટો ગુન્હો છે: અને અસદ્‌ભાવ થાય એવું પ્રવર્તન કરવું, એ એથી પણ મોટો ગુન્હો છે. અસત્યવાદી સત્યવાદી થઇ શકે છે, પણ સત્યવાદી પ્રત્યે અસદ્‌ભાવ ધારણ કરનારો કદી પણ સત્યવાદી બની શકતો નથી. જેઓ પોતાના થોડા પણ ગુણનું અભિમાન ધારણ કરે છે, તેઓ બીજાના ઘણા ગુણો સામે પણ અરૂચિ બતાવે, ત્યારે તે આત્માઓ શું ગુણદ્વેષી નથી? અથવા અભિમાનરૂપી પર્વતની ટોચે ચઢેલા નથી? એ ગર્વરૂપી તીવ્ર પરિણામ તેમના અનંત સંસારને વધારનારો છે, માટે સર્વથા ત્યાજ્ય છે.

**પ્રશ્ન૦** એક શરીરમાં અનંતા જીવો કેવી રીતે રહી શકે?

**ઉત્તર૦** એ સમજવા માટે સૌથી પહેલાં એ સમજવું જોઇએ કે–આ જગત્‌માં અનંતા જીવો માનવા શાથી પડે

દરેકે દરેક આસ્તિક દર્શનકારો માને છે કે–'આ જગત્ અનાદિ છે.' જેઓ જગત્‌ની આદિ માને છે, તેઓ પણ બ્રહ્મને તો અનાદિ માને છે: અનાદિ બ્રહ્મ અથવા ઈશ્વર આ જગત્‌નો નાશ કરે છે અને વળી પાછો બનાવે છે. ઇશ્વરનું અસ્તિત્વ માન્ય રાખવા ખાતર બ્રહ્મવાદીઓ સૃષ્ટિની ઉત્પત્તિ અને નાશ માને છે, તો પણ એ ઉત્પત્તિ અને નાશની ક્રિયાને તો તેમને પણ અનાદિથી જ માનવી પડે છે. સૃષ્ટિની ઉત્પત્તિ, નાશ અને જીવાત્માઓનું અસ્તિત્વ, એ ત્રણને કોઈ પણ પ્રકારે અનાદિ આસ્તિક દર્શનકારોને માનવું જ પડે છે. હવે જ્યારે જગતનું અનાદિપણું કબૂલ રાખવું પડે છે, ત્યારે પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે–અનાદિ જગત્‌માં કોઇનો મોક્ષ થાય છે કે નહિ? આસ્તિક માત્ર મોક્ષને પણ માન્ય રાખે જ છે. અને મોક્ષ માન્ય રાખ્યો એટલે અનાદિ જગત્‌માં મોક્ષે જનારાઓની સંખ્યા અનંતની થવાની. પ્રત્યેક સૃષ્ટિમાં એકેક આત્મા મોક્ષે જાય, તો પણ અનાદિ અનંતકાળમાં અનંતા જીવો મોક્ષે જનારા થાય જ. ભૂતકાળમાં અનંતા જીવો મોક્ષે ગયા અને અનાગતકાળમાં અનંતા જશે. નવા જીવોની ઉત્પત્તિ તો કોઇએ માની જ નથી. મનુષ્યભવ અને માનવદેહ વિના કોઇનો પણ મોક્ષ થતો નથી, એમ પણ સૌ કોઈએ સ્વીકાર્યું છે. તો પછી એ વાત આપોઆપ સિદ્ધ થાય છે કે–આ જગત્ એ અનંત જીવોનું નિવાસસ્થાન મોક્ષમાં ગયેલા પણ અનંતા છે અને સંસારમાં રહેલા પણ અનંતા છે.

માનવદેહ સિવાય મોક્ષ છે નહિ અને માનવદેહ છે ત્યાં સુધી એને ટકાવવા માટે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ પણ હયાત હોવાં જ જોઇએ. એમાંથી એક પણ વિના મનુષ્ય જીવી શકતો નથી. તેથી મોક્ષે ગયેલા જેમ અનંતા સિદ્ધ થાય છે, તો એ જ આધારે સંસારમાં રહેલા પણ અનંતા જ સિદ્ધ થાય છે. શાસ્ત્રો કહે છે કે–એ બધાને રહેવા માટે ચૌદ રાજલોકથી અધિક કોઈ બીજું સ્થાન નથી. અને જઘન્યમાં જઘન્ય શરીરની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગથી ઓછી નથી. શાસ્ત્રકથન મુજબ અનંત શરીર જ આ જગત્‌માં છે નહિ. તો પછી અનંત જીવો રહે છે ક્યાં ? કહેવું જ પડશે કે–અસંખ્યાતા શરીરોમાં. સંસારમાં રહેલા અનંતા જીવોને એ અસંખ્યાતા શરીરમાં જ રહેવાનું છે. એથી સિદ્ધ થાય છે કે–એક શરીરમાં અનંતા જીવ રહે છે. એક શરીરમાં જો અનંતા જીવ માનવામાં ન આવે તો આ સંસારનું અસ્તિત્વ જ ટકી શકે નહિ.

અનંત જીવોને ધારણ કરનાર શરીર માત્ર વનસ્પતિ-કાયનું જ માનેલું છે અને તે યુક્તિથી પણ સિદ્ધ છે. અનંતકાય વનસ્પતિનું એક વિશેષણ '**छिन्नरुहा।**' 'છેદાયા છતાં ફરી ઉગે' એવું છે. અનંતકાય સિવાયની કોઇ પણ વનસ્પતિ એવી નથી કે–જેને છેદી નાંખ્યા પછી પૃથ્વીપાણીનો આશ્રય લીધા વિના ઉગી શકે. 'કુંવારનું પાઠું' જમીનમાંથી ખોદી કાઢી, શીંકે મૂકી, એમ ને એમ રાખવામાં આવે, પૃથ્વી–પાણી વિગેરે કોઈ પણ ચીજનો આશ્રય ન મળે તો પણ ઉગે છે. બટાકાના અનેક કકડા કરી નાખવામાં આવે,

તો એ પ્રત્યેક ફકડો પૃથ્વીમાં વાવવાથી ઉગી નીકળે છે. બીજી વનસ્પતિઓ માટે તેમ બનતું નથી. એ જ બતાવે છે કે–બીજી વનસ્પતિઓ કરતાં બટાકા, કુંવારનું પાઠું કે બીજા કંદમૂળ અને અનંતકાયમાં મોટો તફાવત છે. અને એ તફાવત જીવોની અનંત સંખ્યા સિવાય બીજો કોઇ નથી. જીવોની મોટામાં મોટી સંખ્યાનો જ એ પ્રભાવ છે કે–કંદમૂળાદિ છેદ્યા છતાં વાવવાથી ફરી ઉગે છે અથવા વાવ્યા વિના પણ ફરી ઉગે છે.

**પ્રશ્ન૦** હૃદય કબૂલ રાખે તે ધર્મ અને હૃદય કબૂલ ન રાખે તે અધર્મ, એ વ્યાખ્યા બરોબર છે?

**ઉત્તર૦** મૂર્ખ આત્માઓ સિવાય એ વાતને કોઇ પણ નહિ સ્વીકારે. હૃદય કે અંતર પ્રમાણ છે પણ જ્ઞાનીનું, અજ્ઞાનીનું નહિ. અજ્ઞાની કે દુરાચારી આત્માના અંતરમાં જેટલા વિચારો આવે, તે બધા સત્ય છે કે સ્વીકારવા યોગ્ય છે, એમ કોઇ પણ ડાહ્યો પુરૂષ માની શકે નહિ. જે પુરૂષ પ્રામાણિક નથી, તેનો વિચાર કે તેનું વચન પણ પ્રમાણ-નથી અને જે પુરૂષ પ્રામાણિક છે, તેનો વિચાર અને તેનું વચન પ્રમાણભૂત છે. એ જ ન્યાય સઘળા જ્ઞાનીપુરૂષોએ સ્વીકાર્યો છે અને આપણે પણ માન્ય રાખવા લાયક છે. કિલષ્ટ પરિણામ થતો નથી જાણીને વિષ ખાનાર અને અજાણતા વિષ ખાનારમાં જેમ ભેદ પડે છે, તેમ જ્ઞાની અને અજ્ઞાનીના પરિણામમાં ભેદ છે. જ્ઞાનિને સંવેગપ્રધાન અત્યંત શુભ પરિણામ હોય છે. સંવેગ અને સંવેગથી પાપનિવૃત્તિ જે જ્ઞાનીને હોય છે, તે અજ્ઞાનીને સંભવતી

નથી તેથી જ્ઞાન એ જ પરલોકનું સાધક છે. જ્ઞાન-અજ્ઞાનનો વિભાગ પણ જ્ઞાનથી જ થાય છે. તે જ્ઞાન દષ્ટેષ્ટા વિરૂદ્ધ આગમથી આજે પણ સંભવિત છે?

**પ્રશ્ન૦** સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ તથા તેનું સ્વરૂપ શું?

**ઉત્તર૦** ઘર્ષણ ઘુર્ષણ ન્યાયે નાના યોનિઓમાં વિચિત્ર સુખદુ:ખોનો અનુભવ કરતાં કરતાં જ્ઞાનાવરણીયાદિ કર્મની એક કોટાકોટીસાગરોપમ સ્થિતિથી અધિક સ્થિતિ ખપાવી, તેમાંથી પણ પલ્યોપમનો અસંખ્યેય ભાગ ક્ષય થયા બાદ, જીવને પૂર્વે નહિ ભેદાયેલ ગ્રન્થિદેશની પ્રાપ્તિ થાય છે. ગ્રન્થિ, એ જીવનો કર્મજનિત ઘન રાગદ્વેષનો પરિણામ છે. અત્યંત દુર્ભેદ્ય, અતિ નિબીડ, પરિપીંડિત, શુષ્ક, અને ગૂઢ એવી તે ગ્રન્થી હોય છે. અપૂર્વકરણ વડે તેનો ભેદ કરવાથી મોક્ષના કારણભૂત સમ્યક્ત્વની જીવને પ્રાપ્તિ થાય છે. વ્યાધિતને જેમ સદૌષધથી રોગ નાશ પામે અને જે આનન્દ થાય તેનાથી અનંતગુણો તાત્ત્વિક આનન્દ સમ્યગ્દષ્ટિ મહાત્માને થાય છે. પછી તે ઉત્કૃષ્ટ સ્થિતિનાં કર્મો બાંધતો નથી. અહીં કોઈ પ્રશ્ન કરે કે-જેમ નિર્ગુણપણે દીર્ઘ કર્મસ્થિતિ ખપાવી, તેમ બાકીની પણ નિર્ગુણપણે કેમ નહિ ખપાવે? તેનો ઉત્તર એ છે કે-હંમેશાં પૂર્વસેવા મૃદુ એટલે કોમળ હોય છે. ઉત્તર સેવા જ કઠિન હોય છે. વિદ્યાસાધકને વિદ્યા સિદ્ધ થવાની અણી વખતે જેટલી તકલીફ હોય છે, તેટલી પૂર્વે હોતી નથી. તેથી હવે બાકીની કર્મસ્થિતિ ખપાવવા માટે સમ્યક્ત્વાદિ તીવ્ર ગુણોની અત્યંત આવશ્યકતા છે.

સમ્યક્ત્વ થતાંની સાથે જીવના પરિણામ અત્યંત

શુભ થઈ જાય છે. તે આત્મા સ્વભાવથી જ કર્મનો વિપાક અશુભ જાણીને અપરાધી ઉપર પણ કોપ કરતો નથી. નર અને દેવના સુખને પણ ભાવથી દુઃખ માને છે અને એક મોક્ષને છોડીને અન્ય કોઇ પણ વસ્તુને પ્રાર્થતો નથી. અત્યંત નિર્વેદથી તે ચારે ગતિમાં દુઃખે વસે છે. મમતાના વિષવેગથી રહિત હોવા છતાં પરલોકનો માર્ગ સાધી શકતો નથી, તેનું પોતે અત્યંત દુઃખ ધારણ કરે છે.

પ્રાણિસમૂહને ભયંકર ભવસાગરમાં દુઃખાર્ત્ત જોઈને શક્તિ મુજબ દ્રવ્ય અને ભાવ અનુકમ્પા કરે છે: અને કાંક્ષાદિ વિશ્રોતસિકારહિતપણે તે જ સાચું અને શંકા વિનાનું માને છે, કે જે શ્રી જિનવરેન્દ્રોએ ફરમાવ્યું છે.

આ પ્રકારના શુભ પરિણામવાળો સમ્યગ્દષ્ટિ જીવ થોડા જ કાળમાં ભવસમુદ્રને ઓળંગી જાય છે.

**પ્રશ્ન૦** સમ્યક્ત્વની પ્રાપ્તિનાં અને તેના રક્ષણનાં સ્થાનો કયાં?

**ઉત્તર૦** જેમ ધન મેળવવાનું સ્થાન બજાર છે અને તેને રાખવાનુ સ્થાન તીજોરી છે, તેમ શ્રદ્ધા મેળવવાનાં સ્થાન શ્રી જિનમંદિર, ઉપાશ્રય, સાધુ અને સત્સમાગમ વિગેરે છે અને રક્ષણનું સ્થાન નિત્ય આવશ્યકાદિ ક્રિયા છે. નિત્ય આવશ્યકાદિ ક્રિયાના આચરણ વિના શ્રદ્ધાધનનું રક્ષણ થઇ શકવું મુશ્કેલ છે.

**પ્રશ્ન૦** ગૃહસ્થો ઉપર સાધુનો ઉપકાર ગણાય કે સાધુઓ ઉપર ગૃહસ્થોનો ઉપકાર ગણાય?

**ઉત્તર૦** પગારદાર શિક્ષક પાસેથી પણ વિદ્યા લેનાર વિદ્યાર્થી શિક્ષકને પોતાનો ઉપકારી સમજે છે, નહિ કે

તાને શિક્ષકનો ઉપકારી માને છે. શિક્ષકને પગાર આપવા છતાં વિદ્યાનો અર્થી વિદ્યાર્થી કે તેના વાલીઓ શિક્ષક ઉપર પોતાને ઉપકાર કરનાર તરીકે ઓળખાવતા નથી, પણ શિક્ષકને જ ઉપકારી તરીકે ઓળખાવે છે. તો પછી અતિશય દુર્લભ એવી મોક્ષવિદ્યાની પ્રાપ્તિ કરાવનાર સાધુ, કે જેઓ મોક્ષવિદ્યાના બદલામાં કાંઈ પણ પગાર સ્વીકારતા નથી, તેને ઉપકારી માનવામાં વાંધો લેવા જેવું શું છે? આ દુનિયામાં મોક્ષની વિદ્યા સાધુ પાસેથી નથી મળતી, તો કોની પાસેથી મળે છે? એના બદલામાં સાધુનો કરેલો સત્કાર, સન્માન કે ભક્તિ આદિ કાંઇ વિસાતમાં નથી.

**પ્રશ્ન૦** શુદ્ધ સમ્યક્ત્વવાનની નિશાની શું?

**ઉત્તર૦** સુદેવ, સુગુરૂ અને સુધર્મ આદિને મોક્ષના ધ્યેયથી માનવામાં ન આવે, ત્યાં શુદ્ધ સમ્યક્ત્વ નથી. અનાદિકાળથી જન્મોજન્મ નિષ્ફળ મહેનત કરી રહેલો જીવ, સુદેવાદિના આલંબનથી એક જ જન્મની મહેનતમાં સર્વકાલ સ્થિર રહે, એવું ફળ મેળવી શકે છે. સુદેવાદિનું આલંબન, એ નિષ્ફળ મહેનતોને ટાળનાર અને સફળ મહેનતનો માર્ગ બતાવનાર છે–એ બુદ્ધિએ સુદેવાદિને માનનાર આત્મા શુદ્ધ સમ્યક્ત્વી છે. એ બુદ્ધિ વિના સુદેવાદિની માન્યતા અને સેવા આદિ નિશ્ચય સમ્યકત્વને જણાવનાર નથી. 'સુદેવ, સુગુરૂ અને સુધર્મ મને આ સંસાર સમુદ્રથી ઉદ્ધારનારા છે'–એ બુદ્ધિએ એમની કરેલી પૂજાદિ સમ્યક્ત્વને જણાવનાર છે. પરન્તુ એ ત્યારેજ બને, કે જ્યારે જન્મ અને કર્મની અનાદિપરંપરા હંમેશાં ખ્યાલમાં રહે. વહેપારી જેમ ખાતાં–પીતાં,

પહેરતાં-ઓઢતાં કે હરતાં-ફરતાં આબરૂને ભૂલતો નથી, આબરૂ અર્થે પૂર્ણ લક્ષ્યવાળો રહે છે, તેમ સમ્યકત્વવાન્ જીવ આરંભ-પરિગ્રહનાં કાર્યો કરતી વખતે પણ જન્મ-કર્મની પરંપરાથી છૂટવાના જ એક લક્ષ્યવાળો હોય છે. એ આત્મા દુનિયાના વ્યવહારને ખાવા-પીવા જેવો માને છે અને આત્માના વ્યવહારને આબરૂ જાળવવા જેવો માને છે. ગૃહસ્થને 'આબરૂ, આબરૂ'-એમ જપવું પડતું નથી, પણ મનમાં એજ રમ્યા કરે છે અને કોઇ પણ પ્રવૃત્તિથી આબરૂને હાનિ ન પહોંચી જાય, એની સર્વ કાલને માટે સંભાળ રાખ્યા કરે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ 'સમ્યક્ત્વ' 'સમ્યક્ત્વ' એવો પોકાર કરતો નથી, તો પણ એનું લક્ષ્ય એના ઉપર જ હોય છે. પનીયારી પાણીનું બેડું માથે મૂકીને ચાલતી વખતે ગમે તેટલી વાતો-ચીતો કે લ્હેકાલટકા કરે, તો પણ તેનું મન બેડા ઉપર જ રહે છે અથવા નવવધૂ ઘરનાં સઘળાં કામ કરે, તોપણ ચિત્તથી પતિને કે પતિના સમાગમને જ યાદ કર્યા કરે છે. એ સ્થિતિ સમ્યગ્દૃષ્ટિ જીવની હોય છે. જન્મ અને કર્મની પરંપરા તથા તેનાથી છૂટીને મોક્ષને મેળવવા ઉપર જ તેનું લક્ષ્ય હોય છે.

**પ્રશ્ન૦** વગર ઇચ્છાએ કરેલી ક્રિયા ફળે ?

**ઉત્તર૦** જીવ નિગોદમાંથી નીકળીને ઉંચી સ્થિતિએ આવે છે, તે સકામનિર્જરાથી નહિ પણ અકામનિર્જરાથી જ આવે છે. અકામ એટલે ઇચ્છા વિના. જો ઇચ્છા વિના કરેલી ક્રિયા ન જ ફળતી હોત, તો અકામનિર્જરાથી જીવને ઉંચે આવવાનું પણ ક્યાંથી બનત ? માટે વગર ઇચ્છાએ કરેલી ક્રિયા પણ ઓછા-વધતા પ્રમાણમાં અવશ્ય ફળે છે.

**પ્રશ્ન૦** મિથ્યાદષ્ટિનો સંસર્ગ ન કરવો, એ કહેવામાં દષ્ટિની સંકુચિતતા નથી ?

**ઉત્તર૦** નથી. કારણ કે ખાધેલું ઝેર ઉલ્ટીદ્વારા કઢાવી શકાય છે, પણ કાનદ્વારા પ્રવેશેલું મિથ્યાવિચારોરૂપી વિષ દૂર કરવાનો કોઈ પણ માર્ગ આજ સુધી શોધી શકાયો નથી. મિથ્યામતો તરફથી ખરાબ વિચારરૂપી જે વિષ કાનમાં રેડવામાં આવે છે, તે એવું ભયંકર છે કે તેનુ બળ પહોંચે છે ત્યાં સુધી તે મનુષ્યના હાથે ગમે તેવા કુકર્મો કરાવે છે. એટલા માટે મનુષ્ય માત્રની સૌથી પ્રથમ એ ફરજ છે કે વિચારોરૂપી મિથ્યા વિષને કાનદ્વારા કદી પણ ગ્રહણ કરવું નહિ. ઘરની રક્ષા માટે ઘરને તાળું મારવું, એ જેમ સંકુચિત દૃષ્ટિ નથી, તેમ આત્મરૂપી ઘરની રક્ષા માટે કાનદ્વારા મિથ્યા વિચારો પ્રવેશ ન થવા દેવા, એમાં સંકુચિતતા નહિ પણ દીર્ઘદર્શિતા છે.

**પ્રશ્ન૦** બાલક કે યુવાનને નહિ અનુસરતાં વૃદ્ધનેજ કેમ અનુસરવું?

**ઉત્તર૦** બાલ્યાવસ્થામાં સંકલ્પવિકલ્પરહિત અવસ્થા છે અને તે પણ ગુણ છે, તો તેને શા માટે ન અનુસરવું ? –એમ ઘણાઓ કહે છે. પણ તેઓએ સમજવું જોઇએ કે– બાલ્યાવસ્થામાં રહેલો એ ગુણ અજ્ઞાનમૂલક છે. જ્ઞાનશૂન્ય સંકલ્પ–વિકલ્પરહિતપણું કોઈ પણ પ્રકારનું વિશિષ્ટ ફળ આપી શકતું નથી. ગમે તેવા સંકલ્પ–વિકલ્પરહિતપણાથી જ મોક્ષ મળી શકતો હોત, તો એકેન્દ્રિય જીવો જ સૌથી અધિક મોક્ષે ગયા હોત.

જેમ બાલાનુસારિપણું ઈચ્છવાયોગ્ય નથી, તેમ તરૂણા-નુસારિપણું પણ ઇચ્છવાયોગ્ય નથી. યુવાની એટલે ક્ષણિક

વિચારોનું સ્થાન. યુવાન એ આશા અને ઉત્સાહનું પુતળું છે. આશા અને ઉત્સાહ એજ યુવાનોનું જીવન છે, તો પણ યુવાનો યુવાવસ્થામાં વગર દારૂ પીધે સવા શેર દારૂના ઘેન-વાળા હોય છે, એ ભૂલવું જોઈએ નહિ. યુવાવસ્થામાં વૃત્તિ ચંચળ હોય છે. અવિચારી યુવક ભલભલાની સાથે અણબનાવ કરી બેસે છે: ઘડી ઘડીમાં ગભરાઈ ઉઠે છે: અકળાઇ ઉઠે છે: ન કરવાનું કરી નાંખે છે. દિવાની અને ફોજદારી કેસોમાં જે દાવાઓ ચાલે છે, તેના વાદી-પ્રતિવાદીઓનો મોટો ભાગ યુવાનોનો જ નજર પડશે. યુવાની એ ગરમીવાળી દશા છે, તેથી જોખમદાર હોદ્દાઓ ઉપર તેમને ચઢાવી દેવામાં આવતા નથી. યુવાનોમાં જોશ-શક્તિ હોય છે, પણ સાથે જ મગ-જનું ચલચિત્તપણું પણ હોય છે. એવા યુવાનોને અનુસરવાની હઠ કરનારા અંતે ખત્તાજ ખાય છે. સરકાર કાર્ય પડે ત્યારે પેન્શનરોની સલાહ લે છે, પણ યુવક સંઘોની સલાહ લેતી નથી. યુવાનોના વિચારો ક્ષણિક આવેશથી ભરેલા અને અઠરેલપણાવાળા હે [illegible] એજ કારણે જૈન શાસ્ત્રકારો પણ શ્રાવકોના એકવીશ ગુણોમાં વૃદ્ધાનુસારીપણાનેજ ગુણ તરીકે મનાવે છે પણ બાલક કે તરૂણાનુસારીપણાને ગુણ તરીકે મના-વતા નથી. જૈનશાસ્ત્રો કહે છે કે વૃદ્ધોને જે જ્ઞાન મળે છે, તે મફત નહિ પણ પગલે પગલે ઠોકરો ખાઇને મેળવેલું હોય છે. જે તરૂણ વૃદ્ધને અનુસરે છે, તેને વૃદ્ધોનું એ અપાર અને કિંમતી જ્ઞાન વગર પૈસે જ અને વગર કિંમત આપ્યેજ મળી જાય છે. વૃદ્ધોની સેવા એટલે વગર પૈસાનો અનુભવ, વગર ફીનું જ્ઞાન કે વગર ખર્ચની કેળવણી. વૃદ્ધ પુરૂષો, એ એક અપેક્ષાએ ભૂતકાળના બનેલા બનાવોના અનુભવથી ભરેલા

ઐતિહાસિક ગ્રન્થો છે. જે તરૂણ એવા વૃદ્ધોને અનુસરવાની કે તેની સેવા કરવાની ના પાડે છે, તે તરૂણ ભૂતકાળનો ઇતિહાસ વાંચવાની જ ના પાડે છે. ભૂતકાળનો ઇતિહાસ જાણ્યા વિના કોઇ પણ કાર્ય નિર્વિઘ્ને પાર પડી શકે, એ આશા જ અસ્થાને છે. માટે વૃદ્ધોને અનુસરવું એ ગુણ છે, પણ યુવકો કે બાલકોને અનુસરવું તે ગુણ નથી.

**પ્રશ્ન૦** સાધુપણું પાળવા માટે સાધુવેષની જરૂર ખરી ?

**ઉત્તર૦** અવશ્ય. સાધુપણું પાળવા માટે સાધુ વેષની જરૂર છે. કેટલાક માણસો એવા વિચાર ધરાવે છે કે સાધુવેષ ધારણ કરવા છતાં પણ જો મહાવ્રતોનું રીતસર પાલન કરવામાં ન આવે, ઉલટું અનેક પ્રકારની સંસારીઓને પણ ન છાજે તેવી પ્રવૃત્તિઓમાં જીવન વિતાવવામાં આવે, તો એ સાધુવેષ ગ્રહણ કરવાથી વિશેષતા શું ? બીજી તરફ જે માણસને સંસાર ઉપર સાચો જ અણગમો પેદા થયો હોય અને ઘેર બેઠા દીક્ષાનો લેબાશ જે સાધુવેષ, તેને ધારણ કર્યા વિના જ પાંચ મહાવ્રતોનું પાલન કરે, તો તેનું આત્મ-કલ્યાણ કેમ ન થાય ? મન સાફ હોય તો દીક્ષા વગર પણ શું કલ્યાણ ન થાય ? અને મન સાફ ન હોય તો દીક્ષા લેવા છતાં શું કલ્યાણ થાય ? આ વિચાર ઉપલક દૃષ્ટિએ સારો અને સાચો લાગે છે, તો પણ તેની પાછળ ભારોભાર અજ્ઞાન ભરેલું છે. આસપાસના સંયોગ અને સામગ્રીની માણસના મન ઉપર જબરી અસર થાય છે. સંયોગ અને સામગ્રીઓનું બળ આત્મા ઉપર ઓછું નથી. કલ્યાણના અર્થીએ કલ્યાણમાર્ગમાં વિઘ્ન નાખનાર ઘાતક સામગ્રીઓથી જેમ બને તેમ જલ્દી દૂર

ખસી જવું એ શ્રેયસ્કર છે. તીર્થંકર-ગણધર જેવા સમર્થ અને શક્તિશાળી પુરૂષોને પણ આત્મશ્રેય માટે ગૃહત્યાગનું વિધાન સ્વીકારવું પડ્યું છે.

વેષ અને રૂપમાં પણ ચમત્કારિક અસર છૂપાયેલી છે. અનેક વખત પતન પામતાં આત્માને અટકાવનાર એક વેષ જ છે. દરેક વેષની પાછળ અમૂક પ્રકારની ભાવનાઓ રહેલી હોય છે. એક કમજોર અને નબળો માણસ પણ પોલીસનો ડ્રેસ પહેરે, તો એ રાજ્યનો અમલદાર ગણાય છે અને એનું અપમાન એ સમસ્ત રાજ્યનું અપમાન મનાય છે. સાધુવેષની પાછળ પણ એક મહાન ભાવના રહેલી છે. એ વેષને ધારણ કરનાર આત્મા કર્મસત્તાનો સેવક મટી ધર્મસત્તાનો ઉપાસક બને છે. એનું અપમાન એ સમસ્ત ધર્મસત્તાનું અપમાન ગણાય છે. સાધુવેષ ધારણ કરનાર કર્મને આધીન હોવા છતાં કર્મની ગુલામી એને સ્વીકાર્ય નથી, એમ જાહેર કરે છે. કર્મની ગુલામીને તોડવા માટે એ સજ્જ થયો છે, એવી ભાવના એ વેષ ધારણ કરનારને થાય છે તથા એને જોનારને પણ થાય છે. શરીર, ઈન્દ્રિયો, વિષયો, સગાસંબંધીઓ અને સ્નેહીઓ વિગેરે કર્મની પરતંત્રતા વધારનારા છે. એ ગુલામી અને પરતંત્રતા હવે મને માન્ય નથી, એવી ભાવના સાધુવેષ પેદા કરે છે: કારણ કે-તેમાં મૂખ્ય શરત ઘરબાર, પૈસાટકા, સગાસંબંધી અને બીજી પણ શરીર, ઇન્દ્રિય, વિષય, કષાય આદિને પોષનાર સામગ્રીઓ અને તેના સંગના પરિત્યાગની છે.

दुखं पापात् सुखं धर्मात्, सर्वशास्त्रेषु संस्थितिः ।
न कर्त्तव्यमतः पापं, कर्त्तव्यो धर्मसञ्चयः ॥१॥

પાપથી દુઃખ અને ધર્મથી સુખ, એ સર્વશાસ્ત્રોનું કથન છે. એ કારણે પાપ ન કરવું જોઈએ અને ધર્મનો સંચય કરવો જોઈએ. (૧)

हिंसाऽनृतादयः पञ्च, तत्त्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार, इति पापस्य हेतवः ॥२॥

હિંસા જૂઠ વિગેરે પાંચ, તત્ત્વ પ્રત્યે અશ્રદ્ધા અને ક્રોધાદિ ચાર, એ દશ પાપના હેતુઓ છે. (૨)

विपरीतास्तु धर्मस्य, एत एवोदिता बुधैः ।
एतेषु सततं यत्नः, सम्यक्कार्यः सुखैषिणा ॥३॥

એથી વિપરીત એ ધર્મના હેતુઓ છે, એમ પંડિત પુરૂષો કહે છે. સુખના અર્થિ આત્માઓએ સતત તેને વિષે સમ્યક્ પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ. (૩)

साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावतः ।
आत्मीयग्रहमोक्षश्च, धर्महेतुप्रसाधनम् ॥४॥

ભક્તિપૂર્વક સદા સાધુની સેવા, ભાવથી પ્રાણીઓને વિષે મૈત્રી અને પોતાપણાની બુદ્ધિનો ત્યાગ, એ ધર્મહેતુઓનાં સાધન છે. (૪)

उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत्साधुसेवाफलं महत् ॥५॥

નિત્ય કુશલ સાધક શુભ ઉપદેશ, ધર્મને આચરનારા પવિત્ર પુરૂષોનાં દર્શન અને યોગ્ય સ્થાને વિનય, એ સાધુ સેવાનું મોટું ફળ છે. (૫)

मैत्रीं भावयतो नित्यं, शुभो भावः प्रजायते ।
ततो भावोदकाज्जन्तोर्द्वेषाग्निरुपशाम्यति ॥६॥

નિરંતર મૈત્રી ભાવનારને શુભ ભાવ ઉત્પન્ન થાય છે અને શુભ ભાવરૂપી જલથી આત્માનો દ્વેષાગ્નિ શમી જાય છે. (૬)

# અહિંસા

**अशेषदोषजननी, निःशेषगुणघातिनी ।**
**आत्मीयग्रहमोक्षेण, तृष्णाऽपि विनिवर्तते ॥१॥**

પોતાપણાની બુદ્ધિનો ત્યાગ કરવાથી સમગ્ર દોષોની જનેતા અને સમગ્ર ગુણોની ઘાતક એવી તૃષ્ણા પણ ચાલી જાય છે–નાશ પામે છે. (૧)

**પ્રશ્ન૦** જીવ અમર છે, તો પછી તેનો વધ શી રીતિએ થાય?

**ઉત્તર૦** જીવને એકાન્તે અમર (નિત્ય) માનનારના મતે જીવની હિંસા ઘટતી નથી અને એકાન્તે અનિત્ય માનનારના મતે પણ ઘટતી નથી, કારણ કે અનિત્યવાદિના મતે જીવ ક્ષણે ક્ષણે મરી રહ્યો છે અને નિત્યવાદિના મતે જીવ મરતો જ નથી. એ રીતે શરીરથી સર્વથા ભિન્ન કે સર્વથા અભિન્ન માનનારના મતે પણ જીવની હિંસા ઘટી શકતી નથી. સર્વથા ભિન્ન માનવાથી શરીર મરવા છતાં જીવ મરતો નથી. સર્વથા અભિન્ન માનવાથી શરીરની સાથેજ આત્મા મરણ પામે છે. પછી તેને દુઃખ ભોગવવાનું જ કયાં રહે છે? પરમાર્થદર્શી મહાપુરૂષોએ જીવનો વધ ત્રણ પ્રકારે માનેલો છે;

૧. મનુષ્યાદિ પર્યાયનો નાશ કરવાથી,

૨. મરનારને દુઃખ ઉત્પન્ન કરવાથી, તથા

૩. આત્માને સંક્લેશ (બીજાને મારવાની બુદ્ધિ) થવાથી.

એ ત્રણે પ્રકારની હિંસા આત્માને નિત્યાનિત્ય તથા શરીરથી ભિન્નાભિન્ન માનવાથી પરમાર્થ રીતિએ શ્રી જિનમતમાં ઘટી જાય છે. દ્રવ્યપણે આત્મા નિત્ય છે અને પર્યાયપણે અનિત્ય છે. શરીરથી તદ્રૂપ નહિ હોવાથી ભિન્ન છે અને પ્રતિપ્રદેશ વહ્નિઅયઃપિંડની જેમ શરીરને વ્યાપીને રહેલો હોવાથી અભિન્ન પણ છે.

**પ્રશ્ન૦** કોઈ જીવ અકાળે મરતો જ નથી, તેથી વધવિરતિ વંધ્યા પુત્રના માંસની વિરતિ બરાબર નથી ?

**ઉત્તર૦** બાંધેલું આયુષ્ય ઉપક્રમથી ઘટે છે. જેમ બહુ કાળ ચાલે તેટલો આહાર ભસ્મક યા અગ્નિક રોગથી પીડાતો જીવ થોડા કાળમાં જ ખાઈ જાય, તેથી કાંઈ આહાર નાશ પામતો નથી પણ માત્ર થોડા કાળમાં ખવાઈ જાય છે.

અથવા જેમ લાંબી દોરીને બળતાં વખત લાગે છે, પણ એકઠી કરીને સળગાવી હોય તો તે થોડાજ વખતમાં બળી જાય છે.

અથવા જેમ પહોળું કરેલું કપડું જલ્દ સુકાઈ જાય છે અને એકઠાં કરેલાં કપડાંને સુકાતાં વાર લાગે છે, તેમ કર્મ સરખું હોય તો પણ તેના વિપાક-કાળમાં તરતમતા પડી જાય છે.

અથવા જેમ રસ્તો સરખો લાંબો હોય, પણ શિઘ્ર-મંદ ગતિવાળાને ઓછો-વધતો સમય લાગે અથવા બુદ્ધિની

તારતમ્યતાથી એકજ શાસ્ત્ર ઓછા-વધતા કાળે ગ્રહણ થાય અથવા જેમ ફળ ઋતુકાળે પણ પાકે અને અકાળે પણ પાકે, તેમ પ્રદેશથી કર્મ બધું ભોગવાય, વિપાકથી ભોગવાય કે ન પણ ભોગવાય.

જો વિપાકથી જ બધું કર્મ ભોગવાતું હોય, તો અસંખ્યાત ભવોમાં ઉપાર્જન કરેલું અનેક ગતિઓના કારણભૂત કર્મ 'અસંખ્યાતા ભવો અને અનેક ગતિઓમાં ક્રમસર ભોગવાય અને તે ભવોમાં પણ બીજા નવા કર્મોનો બંધ થવાથી બધાં કર્મો વિપાકોદયથી ભોગવાવાં જોઈએ એવો નિયમ નથી. પરન્તુ આયુષ કર્મના વિપાકોદયથી ભોગવાય છે. સોપક્રમ આયુષવાળાને પણ ઘણા કાળે વેદવા લાયક આયુષકર્મના દળો ઉદીરણાદિ કરણથી થોડા કાળમાં ભોગવાઈ જાય છે. માટે વધવિરતિ, એ વન્ધ્યાપુત્રના માંસની વિરતિતુલ્ય નિષ્ફળ નથી પણ સફળ છે.

**પ્રશ્ન૦** મરનારના કર્મ પ્રમાણે મારનાર મારે છે, તેમાં મારનારનો શો દોષ ?

**ઉત્તર૦** મરનાર પોતાના કરેલાં કર્મોને ભોગવે છે, તો પણ મારનારને તો નક્કી સંકલેશ થવાનો: સંકલેશથી કર્મબંધ થાય છે, તેથી મારવાનાં પચ્ચખ્ખાણ-અર્થાત્ નહિ મારવાની પ્રતિજ્ઞા કરવી જ જોઈએ.

**પ્રશ્ન૦** મરનારે એવું કર્મ બાંધ્યું હોય કે મારનારના હાથેજ મરાવું, પછી પચ્ચખ્ખાણથી શું ફળ ?

**ઉત્તર૦** પહેલી વાત. વધવિરતિના પચ્ચખ્ખાણથી શુદ્ધ જીવવીર્ય ઉલ્લસાયમાન થાય છે. તેથી વધ કર્યા પહેલાં

પણ કર્મનો ક્ષય થઇ જવાથી મારનારને તેના વધમાં નિમિત્ત થવાનું બનતું નથી. માર્યા વિના પણ વિરતિધર આત્મા કર્મ ખપાવીને મોક્ષે જઇ શકે છે. કરેલું કર્મ અધ્યવસાય તથા આયુષ્યના અપવર્તનાદિ કારણોએ અન્ય અન્ય રીતિઓએ પણ ભોગવાઇ જાય છે.

બીજી વાત. મારનારને અમૂક જીવને મારવાનું કર્મ હોય, ત્યાં સુધી મરનારને પણ ચારિત્ર કે મોક્ષની પ્રાપ્તિ થશે નહિ. મારનારે કરેલાં કર્મથી મરનારને સંસારમાં રોકાવું પડશે અને એ રીતે પોતાના શુભ પરિણામ હોય તો પણ બીજાનું કર્મ ચારિત્ર લેતાં કે મોક્ષે જતાં રોકે, તો કૃતનાશ, અકૃતાગમ આદિ દોષો આવેઃ કારણકે—પોતાના શુભ પરિણામનું ફળ મળ્યું નહિ અને અન્યનાં કરેલાં કર્મનું ફળ પોતાને ભોગવવું પડયુંઃ માટે વધવિરતિનું ફળ અવશ્ય માનવું જ જોઇએ.

**પ્રશ્ન૦** બાલકનો વધ કરવાથી વધારે પાપ કે વૃદ્ધનો વધ કરવાથી વધારે પાપ ?

**ઉત્તર૦** પાપનો આધાર પરિણામ ઉપર છેઃ ઉપયુક્ત સાધુને બેઇન્દ્રિયાદિ જીવોની હિંસા થવા છતાં પાપ નથી. દોરડાને સર્પ માનીને ખડ્ગથી હણનારને જીવ વધ વના પણ પાપ બંધ છે. મૃગને મારવાની ઇચ્છાએ બાણ ખેંચીને મારે, તેને ઉભય રીતિએ પાપ છે. એ રીતે બાળને મારતાં તીવ્ર પરિણામ ન પણ હોય અને વૃદ્ધને મારતાં હોય પણ, તો ફળ પણ તે પ્રમાણે મળે. વળી વૃદ્ધો ઓછા આયુ-ષ્યવાળાજ હોય અને બાળકો દીર્ઘ આયુષ્યવાળાજ હોય એવો

નિયમ નથી, કે જેથી બાળને મારવામાં અધિક પાપ અને વૃદ્ધને મારવામાં ઓછું, એવો નિયમ કરી શકાય.

**પ્રશ્ન૦** મારવાના પરિણામ વિના મારે, એને કર્મબંધ ન થાય?

**ઉત્તર૦** મારે અને પરિણામ ન હોય, એમ કેમ બને? કદાચિત્ અજ્ઞાનથી કે કુશાસ્ત્રની ભાવનાથી વધના પરિણામ ન હોય અને વધ કરે, તો તેવે સ્થળે અજ્ઞાન અને કુશાસ્ત્રની ભાવનારૂપ પરિણામ વધ કરતાં પણ વધારે અશુભ છે. વધ પરિણામનો જ્ઞાનાદિકથી નાશ થાય છે, તેથી કર્મબંધથી ડરવાવાળા આત્માઓએ સમ્યગ્ જ્ઞાનાદિના અભ્યાસ માટે વિશેષ પ્રયત્નશીલ બનવું જોઇએ. વધવિરતિ માટે જરૂરી સમ્યગ્જ્ઞાનાદિના અભ્યાસ માટે પ્રયત્ન નહિ કરનારનાં પરિણામ શુભ હોતા નથી. પાપનું તીવ્ર મન્દપણું પરિણામની ધારાના આધારે થાય છે, તેથી ગુણીના વધમાં નિર્ગુણીના વધ કરતાં ઘણું જ પાપ માનેલું છે, કારણ કે તેમાં પરિણામની ક્લિષ્ટતા બાધક હોય છે.

**પ્રશ્ન૦** જે જીવોના વધનો સંભવ છે તેની વિરતિ એ તો ઠીક છે, પણ નારકી-દેવાદિના વધની વિરતિનું ફળ માનવું, એ શું ઘટિત છે?

**ઉત્તર૦** ઘટિત છે: કારણકે-તેઓના વધની વિરતિથી તેઓ (નારકી-દેવો)ના સંબંધી અશુભ વિચારોનું વર્જન થાય છે અને શુભાશયની પુષ્ટિ થાય છે. નિશ્ચયથી જીવ-વધની નિવૃત્તિ ન કરવી, તે જ વધ છે. નિવૃત્તિ ન કરે ત્યાં-સુધી પ્રવૃત્તિના પરિણામ રહે છે જ. પ્રવૃત્તિ નહિ કરવા

છતાં નિવૃત્તિ નહિ કરનારને અવિરતિનો દોષ જૈન શાસ્ત્રકારોએ માનેલો છે. આ સંસાર કાંઇ નવો ઉત્પન્ન થયો નથી કે કોઇ પણ કાળે નાશ પામવાનો નથી. તેની અંદર કયા કાળે કયા જીવે કયા જીવને મારવાનો વિચાર નહિ કર્યો હોય ? અથવા કયા જીવે કયા જીવનો વધ કે વિરાધના નહિ કરી હોય ? સર્વની સાથે વૈરાદિક કરેલાં જ છે, તેથી નારકી-દેવાદિનો વધ નથી થતો, તોપણ તેમના વધની નિવૃત્તિ નહિ કરવાથી તેમના પ્રત્યેના ભાવની અશુભતા ટળતી નથી. કર્મ બંધનમાં ભાવની મૂખ્યતા છે. જ્યાં સુધી ભાવની અશુભતા ટળે નહિ, ત્યાં સુધી અશુભ કર્મબન્ધ પણ રોકાય નહિ. કર્મબન્ધથી બચવાની અભિલાષાવાળાએ મન, વચન અને કાયાથી સર્વ જીવોના વધ માત્રની નિર્વૃત્તિ કરવી જોઈએ. જીવ મનથી શું અશુભ ચિન્તવતો નથી ? અને વચનથી શું અશુભ બોલતો નથી ? મન વડે ચિન્તવવાથી કે વચન વડે બોલવાથી કર્મબન્ધ નથી, એમ નથી. માટે સર્વથા સર્વ જીવોના વધની મન વચન અને કાયા વડે વિરતિ કરવી, એ પરમ ઉપાદેય છે.

**પ્રશ્ન૦** હિંસા કેટલા પ્રકારની છે ?

**ઉત્તર૦** હિંસાના મૂખ્ય બે પ્રકારો છે. દ્રવ્ય અને ભાવ. કાયાથી પ્રાણનો વિયોગ કરવો તે દ્રવ્ય હિંસા છે અને પ્રાણ નાશ કરવાના દુષ્ટ અધ્યવસાયવિશેષ તે ભાવહિંસા છે.

કેટલાક જીવો હિંસા કર્યા વિના તંદુલ મત્સ્યની જેમ હિંસાનું ફળ મેળવે છે. કેટલાક જીવો હિંસા કરવા છતાં અપ્રમત્ત મુનિની જેમ હિંસાનું ફળ નથી મેળવતા. કેટલાક

જીવોને **જમાલિ**ની જેમ અલ્પહિંસા પણ અનલ્પ ફળને આપે છે. કેટલાક જીવોને **દૃઢપ્રહારિ**ની જેમ મહાહિંસા પણ સ્વલ્પ ફળ આપે છે. જીવ-વધ એ જ એકાંતે દુઃખ અને દુર્ગતિને દેનાર છે એમ નથી, કિન્તુ પ્રમાદ, દુષ્ટ અધ્યવસાય, હૃદયની નિષ્ઠુરતા, વિગેરેથી સહકૃતપીડોત્પાદન ભાવસાપેક્ષ-પણે કર્મબન્ધ કરાવે છે. કેટલીક હિંસા આ ભવમાં કરેલી **કોણિક**ની જેમ આ ભવમાં જ ફળ આપે છે. કેટલીક કાલા-ન્તરે કરેલી વંશપરંપરાના વૈરની જેમ કાલાન્તરે ફળે છે. કેટલીક ભગવાન **મહાવીર**ને મારવા જનાર લોહકારની જેમ આરંભેલી પણ નહિ કરાયેલી છતાં ફળ આપે છે. કેટલીક વખત હિંસા એક જણ કરે છે અને ફળ ઘણાને ભોગવવું પડે છે. પાપી **પાલકે** કરેલી હિંસાનું ફળ સમસ્ત દેશના લોકોને ભોગવવું પડ્યું હતું અને દંડક દેશ દંડકારણ્ય બની ગયો હતો. કેટલીક વખત હિંસા ઘણા કરે, પણ ફળ એકને જ ભોગવવું પડે છે. પ્રજાનું કરેલું પાપ રાજાને અથવા શિષ્યોએ કરેલું પાપ ગુરૂને ભોગવવું પડે છે. કહ્યું છે કે–

**'राजा राष्ट्रकृतं पापं, राजपापं पुरोहितः ।**
**भर्ता च स्त्रीकृतं पापं,** ઇત્યાદિ.'

કેટલીકવાર ઘણાએ કરેલી હિંસા ઘણાને ભોગવવી પડે છે, **સામ્બપ્રદ્યુમ્ન**કુમારની જેમ. કેટલીકવાર એકવાર કરેલી હિંસા એકવાર ફળે છે, શ્રી **વીર**ભગવાને પૂર્વભવમાં શય્યા પાલકની કરેલી હિંસાની જેમ. કેટલીકવાર એકવાર કરેલી હિંસા ક્રોડવાર ફળે છે. અને અધ્યવસાય વિશેષથી

કોડાકોડિ ગુણુ કે તેથી પણુ અધિક દુષ્ટ વિપાક આપે છે. કેટલીકવાર હિંસા અહિંસાના ફળને પણુ આપે છે. **વિષ્ણુકુમારાદિની** જેમ. દુષ્ટ અધ્યવસાય વિના સંઘ પ્રત્યનીક–નિવારણુ કરવા માટે થયેલી હોય, તો તેવી હિંસા સમ્યક્ત્વની નિર્મળતા કરે અને તેથી મહાનિર્જરા પણુ સાધે. કેટલીક વખત અહિંસા પણુ અભિનિવેશાદિ કારણોએ હિંસાનું ફળ આપે. **જમાલિની** જેમ.

એમ હિંસા–અહિંસાના ફળની અનેક વિચિત્રતા છે, તે ગુરૂગમથી સમજવા પ્રયાસ કરવો.

**પ્રશ્ન૦** સ્થૂલ પ્રાણુાતિપાતનું પચ્ચખ્ખાણુ કરાવતાં સૂક્ષ્મ પ્રાણુાતિપાત કરવાની અનુમતિ લાગે કે નહિ ?

**ઉત્તર૦** શેઠના છ છોકરાની જેમ વિશુદ્ધભાવવાળા સાધુ, વિધિસહિત પચ્ચખ્ખાણુ આપે, તો ન લાગે :

એક શેઠના છ છોકરા રાજાના ગુન્હામાં આવ્યા. રાજાએ છએને દેહાંત દંડની શિક્ષા કરી. શેઠે અનેક પ્રાર્થનાઓ કરવા છતાં રાજા માનતો નથી. પાંચને બચાવવાની માંગણી કરે છે. રાજા માનતો નથી એટલે ચારને, ત્રણુને, બેને અને છેવટે એકને બચાવવાની માગણી કરે છે. છેલ્લી માગણીને રાજા સ્વીકારે છે. નિરૂપાયે એકજ પુત્રની રક્ષા માટે માગણી કરનાર શેઠને જેમ અન્ય પુત્રોના વધની અનુમતિ નથી, કિન્તુ રક્ષાની જ ભાવના છે, તેમ મુનિ પણુ ગૃહસ્થોને છએ જીવનિકાયની રક્ષા કરવા માટે ઉપદેશ આપે છે, કિન્તુ ગૃહસ્થો તેમ કરવા પોતાની અશક્તિ બતાવે છે, તેથી છેવટ એક ત્રસકાયની રક્ષા માટે ગૃહસ્થો પાસે કબૂલ

કરાવે છે અને તે માટેનાં પચ્ચખ્ખાણ આપે છે. તેમાં મુનિને વધની અનુમતિ નથી, પણ રક્ષાની જ અનુમતિ છે.

**પ્રશ્ન૦** ત્રસ જીવોની વિરતિના પચ્ચખ્ખાણ લેનારને ત્રસમાંથી નીકળીને સ્થાવરમાં ગયેલા જીવોનો વધ કરતાં પચ્ચખ્ખાણ-ભંગ થાય ખરો ?

**ઉત્તર૦** ન થાય. સ્થાવરમાં ગયેલા જીવને ત્રસનામ-કર્મનો ઉદય નથી, તેથી તેને હણનાર ત્રસને હણતો જ નથી.

**પ્રશ્ન૦** દુ:ખી જીવોને મારવાથી તેમના પાપનો નાશ થાય છે અને પરિણામે તે સુખી થાય છે, એ બરાબર છે ?

**ઉત્તર૦** બરાબર નથી. દુ:ખી જીવોનો વધ કરવાથી પાપનો ક્ષય થાય છે કે આર્તધ્યાનથી અધિક કર્મબંધ થાય છે, એમાં પ્રમાણ શું ? નારક ન્યાય પ્રમાણ છે એમ કહેવામાં આવે અર્થાત્ નારકીના જીવોને પરમાધામી હણે છે તેથી રૌદ્રધ્યાન કરે છે, તો પણ તેઓને જેટલા કર્મની નિર્જરા છે તેટલા કર્મનો બંધ નથી. પરમાધામીના અભાવે અન્યોન્ય પીડા કરવાથી પણ નારકીઓ કર્મ ખપાવે છે. નરકમાં સંકલેશ એટલે પીડાસહન સિવાય કર્મ ખપાવવાનું બીજું કોઇ સાધન જ નથી, એમ કહેવામાં આવે તો તે ખોટું છે. નારકીઓનું આયુષ્ય નિરૂપક્રમ હોય છે તથા શરીર છેદાયેલું પણ વૈક્રિય હોવાને લીધે પારાની પેઠે એકત્ર થઈ જાય છે: દેહને દહન-પાટનાદિક અત્યંત તીવ્ર વેદનાઓ થવા છતાં પણ, તે દુ:ખથી તેઓ મૂર્ચ્છિત થઇ જતા હોવાથી તેમને તીવ્ર સંકલેશ થતો નથી. આ લોકમાં પણ મૂર્ચ્છાને પામેલા મૂઢચેતનાવાળા અને દુ:ખમાં ઘેરાઈ ગયેલા આત્માઓને સ્ત્રી, ધન આદિ સંબંધી રાગાદિ

સંકેલશ થતો નથી, કારણકે-તેમની ચિત્તવૃત્તિ દુઃખાદિ માત્રની અંદર જ રોકાઈ ગયેલી હોય છે. નારક જીવોને પણ તીવ્ર શારીરીક વેદનાઓનો અનુભવ થવા છતાં ઘણા ક્રૂર અને માઠા પરિણામ થતા નથી, તેથી તીવ્ર રાગદ્વેષનો તેમને અભાવ છે. નારકીઓનો બંધ જેમ પાતળો છે, તેમ ક્ષય પણ એકાન્તે ઉત્કૃષ્ટ નથી. 'જે કર્મ નારકીઓ ઘણા ક્રોડો વર્ષે ખપાવે છે, તે કર્મ ત્રિગુપ્તિથી ગુપ્તજ્ઞાની ઉચ્છ્વાસ માત્રમાં ખપાવે છે.' એવું આગમનું વચન છે. છતાં નારકીઓ જેટલાં કર્મ ખપાવે છે તેટલાં બાંધતાં નથી. તો પછી મૂર્ચ્છા સહિત વધ કરવાથી અધિક નિર્જરાને અલ્પ બંધ થશે. માટે તેમ કરવામાં શું હરકત? એવો પ્રશ્ન કરનારે સમજવું જોઇએ કે-નારકીઓનું શરીર અશાતા-વેદનીય આદિ કર્મોને સહન કરવામાં સમર્થ હોય છે તથા આયુષ્ય નિરૂપક્રમ હોવાથી તેવા તીવ્ર દુઃખોનું વેદન કરી શકે છે, પણ બીજા જીવો કે જેમનું શરીર ઔદારિક અને આયુષ્ય સોપક્રમ છે, તેવાઓને તેવા દુઃખની છાયા માત્રથી મરણ થઇ જાય અને કર્મ તો તેમ ને તેમ આત્મામાં કાયમ રહી જાય.

માટે નારકન્યાય પ્રમાણે દુઃખીનો વધ કરવાથી તેમનું પાપ નાશ પામતું નથી, પણ આર્તધ્યાનાદિથી અશુભ કર્મબંધ થઈ તે જીવોને દુર્ગતિમાં જવાનું થાય છે.

**પ્રશ્ન૦** બધા દુઃખી જીવોનો વધ નહિ, પણ પાપી જીવોનો વધ કર્મક્ષયનો હેતુ ખરો કે નહિ?

**ઉત્તર૦** વધક્રિયાથી જ આત્મા પાપી બને છે, એટલે

તેની તે ક્રિયાથી કર્મનો નાશ કેવી રીતે થાય? અગ્નિથી શીત ટળે, પણ તાપ કેવી રીતે ટળે? અવિરૂદ્ધ વસ્તુથી પણ વસ્તુનો વિનાશ થતો હોય, તો જગતમાં સર્વ પદાર્થોનો વિનાશ થઈ જવો જોઇએ. વધથી થનારા કર્મનો નાશ વધથી નહિ પણ વધ વિરતિથીજ થાય.

**પ્રશ્ન૦** વધવિરતિનાં પચ્ચખ્ખાણ કરવાથી તીર્થોચ્છેદની આપત્તિ નહિ આવે? સિંહ વિગેરે ક્રૂર પ્રાણીઓ યુગપ્રધાનાદિ આચાર્યનો વધ કરવા તૈયાર થાય, તે વખતે પચ્ચખ્ખાણવાળો શ્રાવક સિંહાદિને મારી શકે નહિ અને આચાર્યાદિના પ્રાણનો વિનાશ થાય તો તીર્થનો ઉચ્છેદ થાય, માટે પચ્ચખ્ખાણ લીધા વિનાજ જ્યારે જે ઉચિત હોય, ત્યારે તેમ વર્તવું શું ખોટું?

**ઉત્તર૦** આગામી દોષનો ભય આગળ ધરવામાં આવે, તો કોઇ પણ શુભપ્રવૃત્તિ નહિ થઈ શકે. સિંહવધથી રક્ષણ કરાયલા આચાર્યને રાત્રે સર્પ નહિ ડસે? અથવા તે યોષિદા-સેવનાદિ અકાર્ય કરી તીર્થોચ્છેદક નહિ બને? અથવા અન્નદાન આપવાથી મુનિને અજીર્ણ નહિ થાય? ખાવાથી પોતાને અજીર્ણ નહિ થાય? જવા આવવાથી અકસ્માત્ નહિ થાય? કાંટો નહિ વાગે? ભીંત નહિ પડે? એ વિગેરે ભયોના કારણે ખાવા–પીવા હરવા ફરવા–આદિની ક્રિયા બધા બંધ કરે છે? નહિ જ. એ કારણે શુદ્ધ ચિત્તવાળા, શ્રદ્ધાળુ, અપ્રમાદી અને ધીર પુરૂષો આગામી કાળના સંભવિત દોષોનો વિચાર કર્યા વિના વધ વિરતિના પચ્ચખ્ખાણ કરે છે. પાપના ક્ષય માટે પચ્ચખ્ખાણ અવશ્ય જરૂરી છે. પચ્ચખ્ખાણ નહિ કરવાથી પ્રાણિવધનું ઘોર પાપ આવતું અટકતું નથી. જીવોના વધની વિરતિ નહિ કરવી તેજ વધ છે. નિશ્ચયથી અવિરતિ

એજ વધ છે, કારણકે-નિવૃત્તિ (વિરતિ) ન કરે ત્યાં સુધી પ્રવૃત્તિના પરિણામ રહેવાનાજ. એ કારણે કર્મબન્ધને નહિ ઇચ્છતા પુરૂષે સાવદ્યયોગની નિવૃત્તિ (વિરતિ) અવશ્ય કરવી જોઈએ.

**પ્રશ્ન૦** બાર વ્રતોનું સંક્ષિપ્તમાં સ્વરૂપ શું ?

**ઉત્તર૦** પ્રથમ વ્રતમાં શ્રાવક પાણી ગાળેલું શુદ્ધ વાપરે: લાકડા, ધાન્ય આદિનો પરિભોગ પણ ત્રસ જીવોની રક્ષા માટે યતનાપૂર્વક કરે: અને ત્રસ જીવોની હિંસા જેમ બને તેમ ઓછી થાય તેમ વર્તે.

બીજા વ્રતમાં બુદ્ધિથી સારી પેઠે વચારી, આલોક પરલોકથી અવિરૂદ્ધ અને સ્વપરોભયને અપીડાકારક વચન બોલે.

ત્રીજા વ્રતમાં પૈસાના ઉચિત વ્યાજનેજ ગ્રહણ કરે: દ્રવ્યોના વેચાણથી થયેલા લાભને અહંકાર રહિતપણે ગ્રહણ કરે: બીજાનું પડેલું જાણતો છતો લે નહિ: વિગેરે પરદ્રવ્ય હરણથી જેમ બને તેમ દૂર રહે.

ચોથા વ્રતમાં વિકાર સહિત પારકી પ્રમદા તરફ જૂએ નહિ: પરસ્ત્રી સંબંધી દર્શન, સ્પર્શન, કથનાદિને પ્રયત્નપૂર્વક વર્જે: સ્ત્રી સંબંધી પરિચય, એ મદનનાં બાણો છે અને તે ચારિત્રના પ્રાણનો નાશ કરે છે, એમ સમજીને તેનાથી દૂર રહે.

પાંચમા વ્રતમાં ઇચ્છા પરિમાણ સ્તોક કરે: સચિત્ત, અચિત્ત, મિશ્ર વસ્તુઓને પરિમાણ ઉપરાંત ન સંગ્રહે: પરિગ્રહના અનર્થોને વારંવાર ચિન્તવે.

છઠું વ્રત દિગ્વરતિ અને સાતમું ભોગોપભોગ પરિ-

માણ છે. તેનું સ્વરૂપ તે અધિકારના ગ્રન્થોમાં વિસ્તારથી આપેલું હોય છે, ત્યાંથી જોઇ લેવું.

આઠમા વ્રતમાં શ્રાવક અનર્થ દંડનો પરિત્યાગ કરે. અનર્થદંડથી જીવ બહુ કર્મ બાંધે છે. જરૂરી વસ્તુ હંમેશાં થોડીજ હોય છે, કારણકે તેને દેશકાળનો નિયમ છે. અમૂક દેશમાં તથા અમૂક કાળમાં જેટલી વસ્તુની શરીર-સ્વજનાદિ માટે જરૂર હોય, તે માટેનું પાપ એ અર્થ દંડ છે. બીન-જરૂરી વસ્તુને કોઈ નિયામકજ નથી, તેથી તેનું પાપ ઘણું વધી જાય છે. જીવ જેટલાં કર્મ પ્રયોજનથી બાંધે છે, તેના કરતાં ઘણા વિશેષ કર્મ વગર પ્રયોજને બાંધે છે. નવમું સામાયિક, દશમું દેશાવકાશિક, અગીયારમું પૌષધોપવાસ અને બારમું અતિથિસંવિભાગ,—એ ચાર વ્રતોનું સ્વરૂપ પણ અન્ય ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે.

**પ્રશ્ન૦** વ્રતગ્રહણનો મૂખ્ય વિધિ શું?

**ઉત્તર૦** ૧ ઉપયુક્ત (ઉપયોગવાળા) બનીને ગ્રહણ કરવું જોઇએ.

૨ મોક્ષસુખની અભિલાષાથી લેવું જોઇએ.

૩ બની શકે તો જીવિત પર્યંત લેવું જોઇએ; નહિ તો કાળની મુદત ધારણ કરીને લેવું જોઈએ.

૪ લીધેલાં વ્રતોને રોજ યાદ કરી જવાં જોઈએ.

૫ અંગીકાર કરેલાં વ્રતોને વિશુદ્ધ પરિણામપૂર્વક પાળવાં જોઈએ અને પાળતાં લાગેલા અતિચારોની સદ્ગુરૂઓની પાસે આલોચના અંગીકાર કરીને શુદ્ધિ કરી લેવા તત્પર રહેવું જોઇએ.

उपादेयश्च संसारे, धर्म एव बुधैः सदा ।
विशुद्धो मुक्तये सर्वं, यतोऽन्यद्दुःखकारणम् ॥१॥

સંસારમાં પંડિત પુરૂષોએ મુક્તિને માટે વિશુદ્ધ એવા ધર્મનેજ અંગીકાર કરવો જોઇએ; કારણકે ધર્મ સિવાય સઘળું દુઃખનુંજ કારણ છે. (૧)

अनित्यः प्रियसंयोग, इहेर्ष्याशोकवत्सलः ।
अनित्यं यौवनं चाऽपि, कुत्सिताचरणास्पदम् ॥२॥

વહાલાઓનો સમાગમ અનિત્ય છે અને આ લોકમાં પણ ઈર્ષ્યા અને શોકથી વ્યાપ્ત છે. યૌવન પણ અનિત્ય છે તથા ખરાબ આચરણનું ધામ છે. (૨)

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः ।
अनित्यं जीवितं चेह, सर्वभावनिबन्धनम् ॥३॥

સમ્પત્તિઓ પણ અનિત્ય છે અને તીવ્ર ક્લેશના સમુદાયને ઉત્પન્ન કરનારી છે. સર્વ વસ્તુઓના કારણભૂત આયુષ્ય પણ અનિત્ય અને ક્ષણ ભંગુર છે. (૩)

पुनर्जन्मपुनर्मृत्युर्हीनादिस्थानसंश्रयः ।
पुनः पुनश्च यदतः, सुखमत्र न विद्यते ॥४॥

ફરી ફરીને જન્મ, મરણ અને નીચાદિ ગતિઓનો આશ્રય કરવો પડે છે, તે કારણે આ સંસારમાં સુખ છેજ નહિ. (૪)

प्रकृत्यसुन्दर ह्येवं, संसारे सर्वमेव यत् ।
अतोऽत्र वद् किं युक्ता, क्वचिदास्था विवेकीनाम् ॥५॥

સંસારમાં જેટલું છે તે સર્વ એ રીતે સ્વભાવથીજ ખરાબ છે. તો પછી વિવેકીઓએ તેને વિષે આસ્થા રાખવી, એ શું ઉચિત છે? (૫)

# માનવ કર્તવ્ય.

**मुक्त्वा धर्मं जगद्वन्द्यमकलङ्कं सनातनम् ।**
**परार्थसाधकं धीरैः, सेवितं शीलशालिभिः ॥१॥**

શીલવંત અને ધીર પુરૂષોએ સેવેલ, ત્રિભુવન–જન–વન્દનીય નિષ્કલંક, સનાતન અને પરાર્થસાધક એવા ધર્મને છોડીને બીજી કોઇ પણ વસ્તુ ઉપર આસ્થા કરવા લાયક નથી. (૧)

**કર્ત્તવ્ય.**

"सुणह सोअव्वाइं, पसंसह पसंसणिज्जाइं ।
परिहर परिहरिअव्वाइं, आयरह आयरिअव्वाइं ॥१॥"

સાંભળવા લાયકને સાંભળો, પ્રશંસા કરવા લાયકની પ્રશંસા કરો, પરિત્યાગ કરવા લાયકનો પરિત્યાગ કરો અને આચરવા લાયકનું આચરણ કરો. (૧)

ઉત્તમ માનવભવ અને તેમાં પણ અતિ દુર્લભ ઉત્તમ કુલાદિ સામગ્રી પામ્યા પછી, એ સામગ્રીને સાર્થક કરનારાં કર્ત્તવ્યો ક્યાં, તેનો સુંદરમાં સુંદર ખ્યાલ આ એક જ ગાથા-માંથી મળી રહે છે. અનન્ત પુણ્યરાશિ એકત્રિત થવાના

પરિણામે પ્રાપ્ત થતી દુર્લભ મનુષ્યકાયા અને તેમાં મળતી પાંચે ઇંદ્રિયોની પટુતા આદિને સફળ બનાવવાના ઉપાયો આ ગાથામાં સંગ્રહિત કરી દેવામાં આવ્યા છે. અનન્ત જ્ઞાનિઓના વચનોના પરમાર્થને પામેલા મહર્ષિઓ આ ગાથા દ્વારા ફરમાવે છે કે-મનુષ્યોને મળેલી શ્રવણેન્દ્રિયની સાર્થકતા સાંભળવા લાયકને સાંભળવામાં છે. જીહ્વેન્દ્રિયની સાર્થકતા પ્રશંસા કરવા લાયકની પ્રશંસામાં છે. વિવેકબળની સાર્થકતા ત્યાગ કરવા લાયકનો ત્યાગ કરવામાં છે. તથા મન, વચન અને કાયા, એ ત્રણેની સાર્થકતા આચરવા લાયકને આચરવામાં છે. જેઓ મનુષ્યદેહ પામીને પણ નહિ સાંભળવા લાયકને સાંભળે છે, અપ્રશંસનીયને પ્રશંસે છે, અકર્ત્તવ્યને કરે છે તથા કર્ત્તવ્ય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ ધારણ કરે છે, તેઓ શ્રોત્ર, જીહ્વા, બુદ્ધિ કે મન-વચન-કાયાનો ભયંકર દુરૂપયોગ કરે છે અને સ્વ-પરના આત્માને અનર્થની ભયંકર ખાઇમાં અનન્તકાળ માટે ધકેલી દે છે.

અનાદિ અનન્ત સંસારમાં એક ભવમાંથી અન્ય ભવમાં ભટકતા અને એક દેહને છોડી અન્ય દેહને ધારણ કરતા જીવને એક મોક્ષમાર્ગને છોડીને કોઇ એવી વસ્તુ નથી, કે જે અનેકવાર પ્રાપ્ત થઇ ચૂકી ન હોય. મોક્ષમાર્ગ નહિ પ્રાપ્ત થવાનું કારણ જીવની ભવાભિનંદિતા છે. ચરમ પુદ્ગલ પરાવર્તની પ્રાપ્તિ પહેલાં તો જીવની એ ભવાભિનન્દિતા નાશ પામતી જ નથી. એ ભવાભિનન્દિતાના પ્રતાપે એને ભવ જેટલો વહાલો લાગે છે, તેટલી એ ભવમાંથી છૂટકારો અપાવનારી વસ્તુઓ વહાલી લાગતી નથી. ભવાભિનન્દી આત્મા

સંસાર અને સંસારના પદાર્થોમાં એટલો લુબ્ધ રહે છે કે–એને એ લુબ્ધતાના પરિણામે સહન કરવી પડતી અનંત યાતનાઓ અને દુ:ખપરંપરાઓ પણ ગભરાવી શકતી નથી. સંસારના લોભમાં તે એટલો કૃપણ અને દીન બને છે કે–એક પણ સત્કાર્ય કરી શકતો નથી તથા દયામણી હાલતમાં જ નિરન્તર કાળ નિર્ગમન કરે છે. માયા અને માત્સર્યનું તે કુળગૃહ બને છે. સ્વમહત્તા માટે તે અનેક પ્રકારના માયાચારોને સેવે છે. અન્યની મહત્તા તે એક ક્ષણ પણ સહી શકતો નથી. પોતાની જાત ઉપર કોઇ દુ:ખ આવી ન પડે, તે માટે સદા ભયભીત બન્યો રહે છે અને પોતા સિવાય પરના દુ:ખનો કે તેના પ્રતિકારનો એક ક્ષણ વિચાર પણ કરતો નથી. એની પ્રત્યેક પ્રવૃત્તિ નિષ્ફળ હોય છે, કિન્તુ અજ્ઞાનના યોગે એ પોતાની તે નિષ્ફળ અને હાનિકર પ્રવૃત્તિઓને પણ સફળ માને છે.

ભવાભિનન્દી આત્માઓની આ દશા જ તેમને મુક્તિમાર્ગની પ્રાપ્તિમાં મહાન અંતરાય રૂપ બને છે. ભવમાં પડતી સઘળી તકલીફો, ભવ પ્રત્યેના બહુમાનના યોગે, તે આત્માઓને તકલીફ રૂપ લાગતી નથી : જ્યારે મોક્ષમાર્ગની આરાધના માટેની થોડી પણ તકલીફ તે આત્માઓથી સહી શકાતી નથી. સંસારની તકલીફોને સ્વેચ્છાએ સહે છે અને સંસાર રૂપ કારાગારથી મુક્તિ અપાવનાર ક્રિયાઓ માટેની તકલીફ સ્વેચ્છાએ સહવા માટેની તાકાત તેઓમાં એક તલભાર પણ રહેતી નથી. આ ભવાભિનન્દિપણું, એજ આત્માને મુક્તિમાર્ગની પ્રાપ્તિમાં મોટું પ્રતિબન્ધક છે. એને ટાળવા માટે

જ્યાં સુધી પ્રયાસ કરવામાં ન આવે, ત્યાં સુધી મોક્ષમાર્ગની પ્રાપ્તિ કે આરાધના થવી અશક્ય છે.

## પહેલું કર્તવ્ય.

જીવ અનેક વાર મનુષ્યભવ પામ્યો, પાંચે ઇન્દ્રિયોની પટુતાને પામ્યો, નિરોગી કાયાને પામ્યો, દીર્ઘ આયુષ્યને પામ્યો, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કુળ અને ઉત્તમ જાતિને પણ પામ્યો, છતાં ભવાભિનન્દિતાના યોગે, એ એને સફળ ન કરી શક્યો. અનન્તજ્ઞાનિઓના જ્ઞાનમાં આ વાત સુજ્ઞાત હતી, તેથી તે મહાપુરૂષોએ સઘળીય ઉત્તમ સામગ્રીઓની સાર્થકતા કરાવનાર 'ભવવિરક્તિ' જેનાથી પ્રાપ્ત થઇ શકે, તે કાર્ય કરવાનો સૌથી પ્રથમ ઉપદેશ આપ્યો. '**सुणह सो-अव्वाइं।**' એ પ્રથમ કર્ત્તવ્યનો નિર્દેશ એટલા માટે જ છે. સાંભળવા લાયકને સાંભળવાથી આત્માની ભવાભિનન્દિતા ટળે છે અને તેથી ઉલ્ટું, નહિ સાંભળવા લાયકને સાંભળવાથી ભવા-ભિનન્દિતા દૃઢ બને છે. આ જગતમાં સાંભળવા લાયક શ્રી સર્વજ્ઞભાષિત વચન જ છે અને તે સિવાય બીજું સાંભળવા લાયક નથી, એવો ઉપદેશ ભારપૂર્વક આપવાનું આ એક જ પ્રયોજન છે. શ્રી સર્વજ્ઞભાષિત વચનો, એ આત્માને વસ્તુ-સ્વરૂપનો સાચો ખ્યાલ કરાવે છે. તેથી આત્માની ભ્રાન્તિ નાશ પામે છે. સંસારનાં અનન્ત દુઃખોને સુખ રૂપ માનવાં અને સંસારથી મોક્ષ રૂપ મુક્તિનાં અનન્ત સુખોને દુઃખ રૂપ માનવાં, એ જીવની અનાદિકાળની મિથ્યા ભ્રાન્તિ છે. શ્રી સર્વજ્ઞભાષિત વચનોને વારંવાર સાંભળવાથી, વિચારવાથી, હૈયામાં જચાવવાથી ભ્રાન્તિ નાશ પામે છે અને સત્યનું યથાર્થ

દર્શન થાય છે. આજ સુધી અનન્ત આત્માઓએ એજ રીતે ભ્રાન્તિ ટાળી છે અને પોતાના આત્મામાં સત્યનો પ્રકાશ પ્રગટાવ્યો છે. એ કારણે શ્રી સર્વજ્ઞભાષિત વચનોનો યશ ત્રણ ભવનમાં પ્રતિષ્ઠિત થયેલો છે. એ વચનો પ્રધાન અર્થને કહેનારાં છે. એ વચનો એને સાંભળનાર આત્માઓનો મિથ્યાત્વાદિક મળ સાફ કરી તેમને ઉત્તમ પ્રકારના નર, અમર અને શિવસુખના ભોક્તા બનાવે છે.

## બીજું કર્તવ્ય.

પરમાર્થના સુજ્ઞાત પરમર્ષિઓ બીજું કર્ત્તવ્ય '**पसंसह पसंसणिज्जाइं**' એ શબ્દોદ્વારા ફરમાવે છે. પ્રશંસનીયની પ્રશંસા કરો. પ્રશંસનીયની જ પ્રશંસા કરવાથી વીર્યાંતરાયાદિ કર્મના ક્ષયોપશમથી મળેલ વચનસામર્થ્યને સાર્થક બનાવી શકાય છે. આ સંસારમાં અનંતાનંત જીવો એવા છે, કે જેમને એકેન્દ્રિયાદિ ભવોમાં બોલવાનું સામર્થ્ય મળ્યું નથી. બેઇન્દ્રિયાદિ ભવોમાં જીહ્વા મળે છે, તો પણ વ્યક્ત શબ્દોચ્ચાર કરવાનું સામર્થ્ય તે જીવોને હોતું નથી. બીજાઓ સમજી શકે તેવો વ્યક્ત શબ્દોચ્ચાર કરવાનું પરિપૂર્ણ સામર્થ્ય સંજ્ઞી-પર્યાપ્ત-પંચેંદ્રિય-મનુષ્ય અવસ્થામાં જ પ્રાપ્ત થાય છે અને એ અવસ્થા જીવોને મહાન પુણ્યોદય જાગ્રત થાય ત્યારે જ ક્વચિત્ મળે છે. કોઈ પણ ઉત્તમ વસ્તુની પ્રશંસા કે અધમ વસ્તુની નિન્દા આદિ કરવાની શક્તિ પણ જીવોને આ સંસારચક્રમાં વારંવાર પ્રાપ્ત થતી નથી: તો પણ જીવોનો મોટો ભાગ, જ્યારે પોતાને તે શક્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે પણ તેનો વિપરીત ઉપયોગ કરવામાં જ અધિક રસ લે છે. ઉત્તમ

વસ્તુની પ્રશંસા અને અધમ વસ્તુની નિન્દા કરવાના બદલે, અધમ વસ્તુની પ્રશંસા અને ઉત્તમ વસ્તુની નિન્દા કરનાર વર્ગ જ દુનિયાભરમાં મોટો નજરે પડે છે. એ રીતિએ ઉંધી પ્રવૃત્તિ કરીને ફેર અનન્તકાળ માટે પ્રશંસા અગર નિન્દા કરવા માટે મળેલ વચનસામર્થ્ય ન મળે તેવી સ્થિતિ ઉભી કરી દે છે. દુનિયાના જીવોની આ સ્થિતિ લક્ષ્યમાં રાખીને જ અનન્તજ્ઞાનિઓનાં વચનોનો પરમાર્થ દર્શાવનાર શાસ્ત્રકારમહર્ષિઓ મનુષ્યભવાદિ ઉત્તમ સામગ્રીઓ પામી પ્રશંસનીયની જ પ્રશંસા કરવા ઉપર ભાર મૂકે છે.

પ્રશંસા કરવા લાયકની જ પ્રશંસા કરવી જોઈએ, એ કર્ત્તવ્ય નક્કી થયા પછી, એ સવાલ આવીને આપોઆપ ઉભો રહે છે કે–દુનિયામાં પ્રશંસનીય ચીજો કયી ? પોતાને મનગમતી ચીજોની પ્રશંસા સૌ કોઈ કરે છે. જેનાથી પોતે માનેલા સ્વાર્થની સિદ્ધિ થતી હોય, જેની પ્રશંસા કરવાથી પોતાની જાતની પ્રતિષ્ઠા વધતી હોય, દુનિયાનો બહોળો ભાગ ખૂશ થતો હોય અગર 'વાહવાહ' ઉચ્ચારતો હોય, એની પ્રશંસા કરવા માટે કોઇને ઉપદેશ આપવાની આવશ્યક્તા રહેતી નથી. દુનિયાના જીવોને એ પ્રશંસા તો સહજસિદ્ધ છે. જ્ઞાનિઓનો ઉપદેશ પ્રશંસા કરવાલાયક તથ્ય વસ્તુઓ કયી, એની શોધ કરી, પછી એને જ પ્રશંસવા માટેનો છે. એ દ્રષ્ટિએ પ્રશંસનીય તેજ હોઇ શકે, કે જેને પ્રશંસવાથી જગત્માં કોઇ પણ પ્રકારનો અનર્થ પેદા ન થાય કિન્તુ કલ્યાણની જ વૃદ્ધિ થાય. એવી કલ્યાણકર વસ્તુઓ જ પ્રશંસા કરવા યોગ્ય છે. એવી કલ્યાણકર વસ્તુ શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનો દ્વારા પ્રકાશિત થયેલ

સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર સિવાય બીજી કોઇ મળનાર નથી. સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર, એ એને સાંભળનાર, સદ્દહનાર કે સેવનાર સૌ કોઇનું એકાન્ત કલ્યાણ સાધે છે. સમ્યક્ત્વ, એ આત્માનો મિથ્યાત્વમલ સાફ કરે છે: જ્ઞાન, એ આત્માનો અજ્ઞાન અંધકાર ટાળે છે: અને ચારિત્ર, એ આત્માની અનાદિકાળની અસત્પ્રવૃત્તિને રોકે છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ,—એજ આત્માનાં દુ:ખોની જડ છે. શાસ્ત્રકારો એ ત્રણને 'ભાવશત્રુ' તરીકે ઉપદેશે છે. આત્માનાં અનન્ત સુખોની હોળી કરનાર તથા આત્માને અનન્ત દુ:ખની ભટ્ઠીમાં શેકી નાંખનાર જે કોઇ છે, તે એ ત્રણમાં આવી જાય છે. એ કારણે એ ત્રણને 'પરમાર્થ શત્રુઓ' તરીકે ઓળખાવ્યા છે. એ ત્રણને ટાળનાર જે કોઈ છે, તેજ આત્માને પરમ હિતકર વસ્તુઓ છે: અને એનુંજ નામ સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર છે. પંડિતજનોએ એ ત્રણની જ પ્રશંસા કરવામાં પોતાના જીવનનું સાર્થક્ય માન્યું છે અને એ ત્રણની-જ પ્રશંસા કરવા માટે જગત્‌ને પ્રેર્યું છે. એ ત્રણની જેટલી અધિક પ્રશંસા તેટલી જ આ જગત્‌ના જીવોના સુખની વૃદ્ધિ: એ ત્રણ પ્રત્યે જેટલી ઉપેક્ષા તેટલી જ જગત્‌ના જીવોનાં દુ:ખોની વૃદ્ધિ. એ ત્રણનો જેટલો વિરોધ કે નિન્દા, તેટલો જગત્‌નો સત્વર નાશ. જગત્‌નો નાશ એટલે જગત્‌ના કલ્યાણ-માર્ગનો નાશ. કલ્યાણનો માર્ગ નાશ થવાથી જગત્ માટે કેવળ અકલ્યાણનાં જ દ્વાર ખૂલ્લાં રહે છે. એવી સ્થિતિમાંથી જગત્‌ને ઉગારી લેવા માટે જ્ઞાનિઓ પ્રશંસનીય એવા સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રની પોતાની સર્વ શક્તિ વડે વારંવાર પ્રશંસા કરવા ફરમાવે છે.

## ત્રીજું અને ચોથું કર્ત્તવ્ય.

ત્રીજું કર્ત્તવ્ય–પરિહાર કરવા લાયકનો પરિહાર કરવો, તે છે: અને ચોથું કર્ત્તવ્ય–આચરવા લાયકને આચરવું, તે છે. 'આ દુનિયામાં પરિહાર કરવા લાયક શું? અને આચરવા લાયક શું?'–એનો નિર્ણય પણ જ્ઞાનિપુરૂષોએ જ્ઞાન દ્વારા કરી રાખ્યો છે. કર્ત્તવ્યાકર્ત્તવ્યના વિષયમાં જેઓ અનંતજ્ઞાનિઓના જ્ઞાન અને તે તારકોનાં વચનોનું અવલંબન લેતા નથી, તેઓ તે વિષયમાં સાચા નિર્ણયને પામી શકતા નથી. કર્ત્તવ્યાકર્ત્તવ્યનો નિશ્ચય જ્ઞાનના વિકાસ ઉપર અવલંબે છે. બુદ્ધિના મંદ વિકાસવાળા બાળકને રમવું, એ કર્ત્તવ્ય લાગે છે અને ભણવું, એ અકર્ત્તવ્ય લાગે છે. બુદ્ધિનો એથી કાંઈક અધિક વિકાસ થાય, ત્યારે એને જ ભણવું, એ કર્ત્તવ્ય રૂપ લાગે છે અને રમવું, એ અકર્ત્તવ્ય ભાસે છે. એજ રીતિએ જેમ જેમ બુદ્ધિનો વિકાસ થતો જાય છે, તેમ તેમ કર્ત્તવ્યાકર્ત્તવ્યનો નિર્ણય ફરતો જાય છે. અમૂક અવસ્થાએ આવ્યા પછી ભણવું પણ કર્ત્તવ્ય રૂપ ભાસતું નથી, કિન્તુ પરણવું એ કર્ત્તવ્ય ભાસે છે. પરણ્યા બાદ ધન કમાવું, મિત્રો બનાવવા, વિષયવિલાસાદિ ભોગવવા, એ વિગેરે કર્ત્તવ્ય રૂપ ભાસતું જાય છે, કે જે કર્ત્તવ્યોનો બુદ્ધિના મંદ વિકાસ વખતે બાલ્યાવસ્થામાં ખ્યાલ પણ નહોતો. તેમ બુદ્ધિના પૂર્ણ વિકાસ વખતે કયી કયી વસ્તુઓ કર્ત્તવ્ય અને કયી કયી વસ્તુઓ અકર્ત્તવ્ય ભાસે છે, તે સમજવા માટે અનન્તજ્ઞાનિઓનાં વચનો સિવાય બીજું કોઈ અવલંબન નથી.

બુદ્ધિના ભિન્ન ભિન્ન વિકાસ વખતે ભિન્ન ભિન્ન કર્ત્તવ્યો

ભાસે છે, તેથી તેમાંનું એક પણ કર્ત્તવ્ય હંમેશ માટે નક્કી કરી લેવું એ જેમ નિરર્થક છે, તેમ બુદ્ધિની તરતમતાએ થતો કર્ત્તવ્યોનો નિશ્ચય પણ હંમેશ માટે એક જ રૂપે સ્વીકારી લેવો અગર તેનો સ્વીકાર કરાવવા આગ્રહ સેવવો, એ પણ તેટલું જ નિરર્થક છે. તેજ કર્ત્તવ્યને સદાને માટે એકસરખી રીતિએ આચરવા લાયક કે પરિહાર કરવા લાયક કહી શકાય, કે જે અનન્તજ્ઞાનથી નિશ્ચિત થયેલ હોય. એજ કારણે અનન્ત દયાના નિધાન પરમોપકારી પરમર્ષિઓ અનન્તજ્ઞાનિઓની દ્રષ્ટિથી નિયત થયેલ કર્ત્તવ્યાકર્ત્તવ્યનો જ આદર કે પરિહાર કરવાનો ઉપદેશ આપે છે.

અનન્તજ્ઞાનિઓની દ્રષ્ટિથી પરિહાર કરવા લાયક કે આચરવા લાયક વસ્તુઓ કયી છે?—એને જાણવા અને આચરવા પ્રયાસ કરવો, એજ સર્વકાળ માટે પરમ કલ્યાણકર છે. એ સિવાયની વસ્તુઓ શાશ્વત કલ્યાણનો પથ દર્શાવી શકવા માટે અસમર્થ છે, એટલું જ નહિ કિન્તુ એથી કલ્યાણના નામે જ અકલ્યાણના માર્ગે જગત્‌ના પ્રાણિઓને દોરાઇ જવાનો મોટામાં મોટો સંભવ છે.

કુગતિવાસના હેતુભૂત મિથ્યાત્વાદિક અને લોકવિરૂદ્ધાદિક કાર્યો, એજ સદાને માટે પરિહાર કરવા લાયક છે, એમ અનન્તજ્ઞાનિઓ ઉપદેશે છે. આચરવા લાયક તરીકે દુર્ગતિ ગમનને કાપી નાખનાર ચિન્તામણિ રત્નભૂત સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર જ છે, એમ પણ એજ તારકો ઉપદેશે છે. અર્થાત્‌—ત્રણે કાળમાં મિથ્યાત્વાદિક એ ત્યાગ કરવા લાયક છે અને સમ્યક્ત્વાદિક આદરવા લાયક છે.

મિથ્યાત્વાદિકની સાથે લોકવિરૂદ્ધ કાર્યો પણ ત્યાગ કરવા લાયક છે. લોકવિરૂદ્ધ કાર્યોનો અર્થ સમસ્ત શિષ્ટજનોએ નિષેધેલાં કાર્યો, કે જે લોકોત્તર માર્ગમાં પણ ત્યાજ્ય છે અને લૌકિકમાર્ગમાં પણ ત્યાજ્ય તરીકે ગણાયાં છે. મિથ્યાત્વાદિકનું સેવન એ લોકમાં વિરૂદ્ધ ગણાતું નથી, જ્યારે સર્વ જનની નિન્દા, ધર્મીજનોની હાંસી, લોકપૂજ્ય વ્યક્તિઓની હીલના, બહુજનવિરૂદ્ધનો સંસર્ગ, દેશાચાર આદિનું ઉલ્લંઘન, અતિ ભોગાસકતિ, અતિ ઉડાઉપણું, સાધુપુરૂષો ઉપર આપત્તિથી થતો તોષ, છતી શકિતએ તેનો અપ્રતિકાર, એ વિગેરે જેમ લોકોત્તર માર્ગમાં વર્જ્ય છે, તેમ લોકમાં પણ વિરૂદ્ધ અને વર્જ્ય કાર્યો તરીકે મનાયેલાં છે. નિન્દા આદિ કાર્યોને નહિ તજનારા સામાન્ય શિષ્ટલોકના માર્ગથી પણ બાહ્ય છે, તો પછી લોકોત્તર શિષ્ટપુરૂષોના માર્ગથી સર્વથા બહિષ્કૃત થયેલા ગણાય, એમાં નવાઈ જ શું છે? લોકોત્તર માર્ગમાં રહેલા આત્માઓ સર્વની નિન્દા આદિના ત્યાગી હોય, એમાં કશું જ આશ્ચર્ય નથી. નિન્દા આદિ લોકત્યાજ્ય અકાર્યોમાં ડૂબેલા આત્માઓ પણ પોતાની જાતને લોકોત્તર માર્ગના અનુયાયી કહેવડાવવાનો દાવો ધરાવતા હોય, તો તેઓનો એ દાવો પોકળ છે. લોકોત્તર માર્ગને અનુસરનારા આત્માઓ લોક વિરોધ કરે, એવાં ઉત્તમ કાર્યોને પણ ત્યજી દેનારા હોય એમ નહિ, કિન્તુ લોકવિરૂદ્ધ ગણાતાં કાર્યોને તો તેઓ સ્વપ્ને પણ આચરે નહિ. લોકવિરૂદ્ધ કાર્યોને આચરવાથી લોકોત્તર માર્ગનું અનુયાયિપણું લાજે છે અને તેથી પ્રવચનનિન્દા આદિ ભયંકર દોષોના ભાગી થવાય છે. લોકોત્તર માર્ગમાં રહેલા આત્માઓ પણ સામાન્ય લોકવિરૂદ્ધ કાર્યોને ન ત્યજે,

તો તેઓ અજ્ઞજનોને શાસનમાલિન્યતાદિ પાપોમાં જોડનારા બને છે અને પોતાને મળેલું તારક શાસનનું અનુયાયિપણું નિષ્ફળ બનાવે છે. એ કારણે મિથ્યાત્વાદિક જેમ તજવાં જેવાં છે, તેમ લોકવિરૂદ્ધ કાર્યો પણ સદાને માટે તજવાં જેવાં છે.

આ સ્થળે એ યાદ રાખવું જોઈએ કે–લોકવિરૂદ્ધ કાર્યોને લોકવિરોધ સાથે જોડી દેનાર વર્ગ જ્ઞાનિઓના વચનોનો ભયંકર દુરૂપયોગ કરે છે. સારી અને શાસ્ત્રવિહિત પણ ક્રિયા અજ્ઞાન અને ભવાભિનન્દી લોકના વિરોધ માત્રથી કદાપિ ત્યાજ્ય ઠરતી નથી. કર્ત્તવ્યાકર્ત્તવ્યનો નિર્ણય લોકમત કે લોકવિરોધથી કરવાની વાત શ્રી જૈનશાસને કદી પણ માન્ય રાખેલ નથી. શ્રી જૈનશાસનના અનુયાયિને લોકમત તરફેણમાં છે કે વિરૂદ્ધમાં છે, એ જોવાનું હોતું નથી : એને જે જોવાનું છે તે એક જ છે કે–'શાસ્ત્ર તરફેણમાં છે કે વિરૂદ્ધમાં ?' પોતે જે કાર્ય કરવા માંગે છે તેની શાસ્ત્ર તરફેણ કરે છે, તો તે કાર્ય પ્રત્યે અવસર આવ્યે હજારો કિંવા લાખો લોકોનો વિરોધ પણ ગણવા યોગ્ય નથી. પોતે જે કાર્ય કરવા માંગે છે, તેને જો શાસ્ત્રસમ્મત નથી–તે જો શાસ્ત્રથી અવિહિત છે, તો તેની તરફેણ કરનાર હજારો કે લાખોનાં ટોળેટોળાં હોય તો પણ તે અકર્ત્તવ્ય જ છે. લોકવિરૂદ્ધ કાર્યો પણ શાસ્ત્રે નિયત કરી નાંખેલાં છે. લોક તેનો વિરોધ કરો યા ન કરો, તો પણ શ્રી જિનમતના અનુયાયિને તે ત્યાજ્ય જ છે. ધર્મ કરનાર સરળ જીવોની હાંસી કરવી કે દેશાચાર અને કુળાચાર આદિનું ઉલ્લંઘન કરવું, ઉલ્બણ ભોગો ભોગવવા કે લક્ષ્મીનો

અધાર્મિક કાર્યોમાં ઉડાઉપણે વ્યય કરવો, સાધુજનોને કષ્ટ આપવું કે તેમના ઉપર આવી પડેલ કષ્ટનું છતી શક્તિએ નિવારણ ન કરવું, એ વર્તમાન જમાનાના તેવા પ્રકારના લોકોને વિરોધ કરવા યોગ્ય કાર્યો ન પણ લાગતાં હોય, તો પણ *'શાસ્ત્રોએ તેવાં કાર્યોને જો લોકવિરૂદ્ધ તરીકે ગણાવ્યાં હોય,* તો તેને પ્રાણાન્તે પણ નહિ આચરવાં' એ શ્રી જિનમતના અનુયાયિઓની ફરજ થઈ પડે છે. એથી વિરૂદ્ધ શ્રી જિનોપદિષ્ટ સદનુષ્ઠાનો, જેવાં કે –શ્રી જિનપૂજા, ગુરૂસેવા, દાન, શીલ, તપ, સામાયિક, પૌષધ, તીર્થયાત્રા, રથયાત્રા, દેશવિરતિગ્રહણ, સર્વવિરતિગ્રહણ, એ વર્તમાન વાતાવરણમાં ઘડાયેલ તેવા પ્રકારના લોકોના માનસને વિરોધપાત્ર પણ દેખાતાં હોય અને પોતાને મળેલ શક્તિનો તે માર્ગે બને તેટલો તેઓ દુર્વ્યય પણ કરતા હોય, તો પણ તે સદનુષ્ઠાનો શ્રી જિનમતના સાચા ઉપાસકોને પ્રાણાન્તે પણ ત્યાજ્ય ઠરતાં નથી કિન્તુ એવા વિરોધ વખતે મક્કમપણે એ તારક અનુષ્ઠાનોને સ્વયં આચારમાં ઉતારવાં, બીજાઓ પાસે ઉતરાવવાં અને એની સામે આવતા પ્રત્યેક હુમલાઓનો પોતાના સબળા સામર્થ્યથી પ્રતિકાર કરવો, એ કર્ત્તવ્ય રૂપ થઇ પડે છે.

# સુખ અધિક કે દુઃખ?

"कस्यैकांतं सुखमुपनतं, दुःखमेकान्ततो वा ।
नीचैर्गच्छत्युपरि च दशा, चक्रनेमिक्रमेण ॥"

'એકલું સુખ કે એકલું દુઃખ (આ જગતમાં) કોને પ્રાપ્ત થયું છે? મનુષ્યની દશા ચક્રની ધારા પ્રમાણે નીચે અને ઉંચે ફરતી જ રહે છે.' —**કવિ કાલિદાસ.**

જગતનો વ્યવહાર કેવળ સુખમય નથી, કિન્તુ હમેશાં સુખદુઃખ-મિશ્રિત જ છે, તો સંસારમાં સુખ વધારે કે દુઃખ વધારે, એ પ્રશ્ન હંમેશ માટે ઉભો જ રહે છે. કેટલાકોની એવી માન્યતા છે કે-'આ જગતમાં જો સુખ કરતાં દુઃખ અધિક હોત તો, સર્વેએ નહિ તો પણ ઘણાઓએ તો આત્મહત્યા કરી જ હોત. પરન્તુ કોઇ પણ પ્રાણીને જીવવાથી કંટાળેલો જોવામાં આવતો નથી, તેથી તેને દુઃખ કરતાં સુખ જ વધારે ભોગવવાનું મળતું હોવું જ જોઇએ, એવું સ્પષ્ટ અનુમાન થાય છે. કોઇ કોઈ પ્રસંગે કોઇ માણસ સંસારથી કંટાળી આત્મહત્યા કરે છે, પરંતુ તે અપવાદ રૂપ છે અને લોક પણ તેને ગાંડા તરીકે જ ગણી કાઢે છે. શાસ્ત્ર

પણ તેને પાપી તરીકે જ ઠરાવે છે તથા કાયદો પણ તેને ગુન્હેગાર જ માને છે.'

આ ઉપરથી આત્મહત્યાના પ્રસંગોનો સંબંધ સાંસારિક સુખ-દુઃખ સાથે નહિ ગણતાં સર્વેએ તેને એક સ્વતંત્ર (ચિત્તની કલુષિત) વૃત્તિ તરીકે કલ્પેલ છે. અને એથી એ જ અનુમાન ઉપર આવવું પડે છે કે-સંસારમાં દુઃખ કરતાં સુખ પ્રત્યેક પ્રાણીઓંને વધારે હોવું જોઈએ.

પરન્તુ આ અનુમાન ભ્રામક છે. આત્મ હત્યાની સાથે સંસાર-સુખનો સંબંધ જોડવો, એ કોઇ પણ રીતિએ ઘટિત નથી. દુઃખીમાં દુઃખી અવસ્થામાં પણ કેવળ મનુષ્યો જ નહિ, કિન્તુ પશુપક્ષીઓ પણ પોતાનો પ્રાણ આપવાને તત્પર થતા નથી, તેથી તેઓ દુઃખી જ નથી, એમ કહેવું કોઈ પણ રીતિએ વ્યાજબી નથી. અન્ન અને વસ્ત્ર વિના ભૂખ્યા અને નાગા ફરનારા માણસો પણ મરવા ઇચ્છતા નથી, તેનું કારણ તેઓ બાહ્ય દૃષ્ટિએ સુખી છે એમ નથી, કિન્તુ બાહ્ય દષ્ટિએ ગમે તેટલું કષ્ટ ભોગવવા છતાં મરવું કોઈને પસંદ નથી એટલું જ એથી સિદ્ધ થાય છે. અને એ જ વાત એમ સાબીત કરવા માટે પુરતી છે કે-બાહ્ય અથવા આધિભૌતિક સુખ-દુઃખની સાથે જીવનમરણની અભિલાષાનો સંબંધ નથી.

મરવાની ઇચ્છા કોઇને નથી અને જીવન સૌને પ્યારૂં છે, એના કારણની ખોજ કરવા માટે એકલા આધિભૌતિક સુખ તરફ દૃષ્ટિ નાખ્યે, તેની ઉપપત્તિ મળી શકે તેમ નથી. આધિભૌતિક સુખની અધિકતા જ માણસને જીવવા માટેની પ્રેરણા આપ્યા કરે છે, એવો સિદ્ધાન્ત નક્કી કરવામાં પ્રત્યક્ષ બાધ છે. મનુષ્યોમાં પણ આધિભૌતિક સુખ કરતાં દુઃખ જ

અધિક છે, તો પછી તિર્યંચો (પશુપક્ષી આદિ)માં સુતરાં તે (દુઃખ) અધિક હોય એમાં નવાઈ નથી. છતાં પણ સૌ એક સરખી રીતિએ જીવવા ઇચ્છે છે, એ વસ્તુ જ એમ સિદ્ધ કરે છે કે–'સંસારમાં દુઃખ કરતાં સુખ અધિક હોવું જોઈએ.'

આધિભૌતિક દૃષ્ટિએ સંસારમાં દુઃખ અધિક હોવા છતાં પ્રાણીઓ જીવવાને ઇચ્છે તેનું કારણ કોઇ જૂદુંજ છે અને તે આધિભૌતિક સુખની અધિકતા નહિ, કિન્તુ ચૈતન્ય સુખની જ અધિકતા છે. 'હું પશુ નથી પણ મનુષ્ય છું' એટલી એક જ વાતમાં પ્રત્યેક મનુષ્ય એટલો આનન્દ અનુભવે છે કે–તે આનન્દની આગળ તેને સઘળા પ્રકારના આધિભૌતિક કષ્ટો અને દુઃખો તુચ્છ લાગે છે. આધિભૌતિક દૃષ્ટિએ સંસાર ગમે તેટલો કષ્ટમય હોય તો પણ, તે આત્મા તે કષ્ટોથી છૂટવા ખાતર પોતાનું મનુષ્યપણું ગુમાવવા માટે કદિ પણ તૈયાર રહેતો નથી. મનુષ્યને કેવળ મનુષ્ય રૂપે જન્મવામાં જ એટલો આનંદ અને સુખ અનુભવાય છે કે તેની આગળ બીજા સર્વ આધિભૌતિક સુખો કે દુઃખોની કિંમત અત્યલ્પ બની જાય છે. મનુષ્ય જ નહિ, કિન્તુ પશુ-પક્ષી પણ આત્મહત્યા કરતા નથી, તેટલા માટે તેમનો સંસાર પણ સુખમય જ છે એવું ભ્રામક અનુમાન કાઢવું, એના કરતાં મનુષ્ય કે પશુપક્ષી આદિનો સંસાર ગમે તેવો દુઃખ-મય હોય તો પણ અચેતન સ્થિતિમાંથી સચેતન સ્થિતિમાં આવવામાં જ અનુપમ આનંદ રહેલો છે, અને તેમાં પણ મનુષ્યત્વનો આનંદ તો સર્વથી શ્રેષ્ઠ છે, એ જ અનુમાન કાઢવું વ્યાજબી ઠરે છે.

શાસ્રો પણ કહે છે કે–

"भूतानां प्राणिनः श्रेष्ठाः, प्राणिनां बुद्धिजीविनः ।
बुद्धिमत्सु नराः श्रेष्ठा, नरेषु ब्राह्मणाः स्मृताः ॥१॥

ब्राह्मणेषु च विद्वांसः, विद्वत्सु कृतबुद्धयः ।
कृतबुद्धिषु कर्तारः, कर्तृषु ब्रह्मवादिनः ॥२॥"

સ્થાવરભૂતોથી ત્રસવિકલેન્દ્રિયો શ્રેષ્ઠ છે અને ત્રસવિકલેન્દ્રિયો કરતાં પણ સંજ્ઞી એટલે મનવાળા પ્રાણીઓ શ્રેષ્ઠ છે. મનવાળા પંચેંદ્રિય પ્રાણિઓમાં પણ મનુષ્યો શ્રેષ્ઠ છે અને મનુષ્યોમાં પણ અહિંસક બ્રાહ્મણો શ્રેષ્ઠ છે. બ્રાહ્મણોમાં પણ વિદ્યાવાન અહિંસક બ્રાહ્મણો શ્રેષ્ઠ છે અને વિદ્વાનોમાં પણ નિશ્ચિત બુદ્ધિવાળાઓ શ્રેષ્ઠ છે નિશ્ચિત બુદ્ધિવાળાઓમાં પણ નિશ્ચય પ્રમાણે વર્તનારાઓ શ્રેષ્ઠ છે અને નિશ્ચય પ્રમાણે વર્તનારાઓમાં પણ બ્રહ્મ એટલે મોક્ષવાદિઓ શ્રેષ્ઠ છે.'

અન્યત્ર પણ શાસ્ત્રો ભારપૂર્વક ફરમાવે છે કે–'સર્વ યોનિઓમાં મનુષ્યયોનિ એ શ્રેષ્ઠ છે. મનુષ્યોમાં પણ મુમુક્ષુ અને મુમુક્ષુઓમાં પણ સિદ્ધ, સર્વથી શ્રેષ્ઠ છે.'

મનુષ્ય આત્મહત્યા કરતો નથી, એ ઉપરથી 'સંસાર આધિભૌતિક સુખમય છે'–એવું અનુમાન કાઢવું વ્યાજબી નથી, એ સિદ્ધ થયા પછી સંસાર સુખમય છે કે દુઃખમય, એ પ્રશ્નનો વિશેષ નિર્ણય કરવા માટે નરદેહ મળ્યા પછી પણ મનુષ્યની થતી દશાનો વિચાર કરવો આવશ્યક બને છે. મનુષ્યને કે કોઈ પણ પ્રાણીને જીવ ન કાઢવાની અર્થાત્

જીવવાની બુદ્ધિ સ્વાભાવિક છે, પણ તે સંસારના સુખદુ:ખના તારતમ્યથી ઉત્પન્ન થયેલી નથી. એથી આધિભૌતિક-મત-વાદિઓનો 'સંસાર સુખમય છે'-એ જાતિનો મત આપો-આપ પાંગળો બની જાય છે. પરન્તુ તે ઉપરાન્ત બીજી પણ એક વાત છે કે-મનુષ્યને ગમે તેટલું આધિભૌતિક સુખ મળે છે તો પણ તે સદાય અસંતુષ્ટ જ રહ્યા કરે છે, તેથી પણ એમ સમજાય છે કે-તેના સુખના પાસા કરતાં દુ:ખનું પાસું હંમેશાં નમેલું જ રહે છે. કારણ એમ છે કે-મનુષ્યને જે વસ્તુઓ (નરદેહાદિ) પ્રાપ્ત થઇ ચૂકી હોય છે, તેના ઉપર તેની દૃષ્ટિ રહેતી નથી, પરન્તુ જે જે નવી વસ્તુઓની ગરજ ઉત્પન્ન થતી જાય છે અને તેમાં તેને જેટલી સફળતા મળતી જાય છે, તેટલો તેને આનન્દ થતો જાય છે અને જેટલી સફળતા નથી મળતી, તે જોઇને તે દુ:ખી જ રહ્યા કરે છે.

બળદગાડીના પ્રવાસના મુકાબલે હાલની આગગાડીનો પ્રવાસ ઘણો જ સુખકારક હોવા છતાં, તે સુખ ભૂલી જઇને આજે કોઇક દિવસ રેલગાડી મોડી થઇ જાય અગર ટપાલમાં પત્ર આવતાં જરા વિલંબ થઇ જાય, તો માણુસ દુ:ખનો જ અનુભવ કરે છે. ઉપલબ્ધ થયેલાં સુખનાં સાધનો જમે નહિ કરતાં મનુષ્ય પોતાના સુખદુ:ખનો વિચાર વર્તમાનની નવી નવી ગરજોને ઉદ્દેશીને જ કરે છે અને તેથી ગરજોનો કોઇ અન્ત નહિ હોવાથી, તે પોતાની જાતને સુખી માનવાના બદલે હમેશાં દુ:ખમાં જ ડૂબેલી માને છે. આજ એક ઇચ્છા સફળ થઇ એટલે આવતી કાલે તેની જગ્યાએ નવી ઇચ્છા ઉત્પન્ન થવાની જ અને તે નવી ઇચ્છા પણ પાછી જ્યાં સુધી સફળ ન થાય, ત્યાં સુધી ચિત્ત તેમાં જ પરોવાયેલું

રહેવાનું. ઇચ્છાની આ દોડાદોડ જ્યાં સુધી થતી રહેવાની ત્યાં સુધી મનુષ્યના નસીબમાં દુઃખથી છૂટવાનું સીલક રહેતું જ નથી.

એ જ વાતને સમજાવતાં શાસ્ત્રકારો કહે છે કે–

"न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।

हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥१॥"

'કામ્ય પદાર્થોના ઉપભોગથી કામ કદી શમતો નથી. ઉલટું હોમેલાં દ્રવ્યોથી જેમ અગ્નિ વધે છે, તેમ ઉપભોગથી કામ ફરી ફરીને વધતો જ જાય છે. (૧)'

સુખનાં સાધન ગમે તેટલાં વિપુલ હોય તો પણ ઇન્દ્રિયોની લાલસા સતત્ વધતી જ ચાલે છે. તેથી કેવળ સુખોપભોગથી સુખેચ્છા કદિ પણ તૃપ્ત થઈ શકતી નથી. આથી એ સિદ્ધ થાય છે કે–સુખેચ્છાને શમાવવા માટે ઉપભોગ એ સાધન નથી, કિન્તુ ઈચ્છા ઉપરનો અંકુશ એ જ તેનું સાધન છે. સઘળીએ ઇચ્છાઓ ઉપર અંકુશ મૂકવાનું સામર્થ્ય જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઓછામાં ઓછું કામોપભોગની કાંઇ પણ મર્યાદામાં તો સર્વેએ પણ આવી જવું જોઇએ. વિષયોપભોગ એ જ જગત્માં જન્મીને મનુષ્યોનું સાધ્ય છે, એમ કહેનારા લોકો તદ્દન અજ્ઞાન છે. અનુભવથી પણ એ વાત વિરૂદ્ધ છે: એટલે સૌ કોઈ પોતાના અનુભવ ઉપર પણ નજર નાખતા થઈ જાય, તો પણ વિષયોપભોગની નિઃસારતા આપોઆપ ખ્યાલમાં આવી જાય તેવી છે.

વિષયોપભોગજનિત સુખની આ પ્રમાણે કદિ પણ તૃપ્તિ

થઈ શકતી નથી, એથી જ પ્રત્યેક માણસને હંમેશાં એમ લાગ્યા કરે છે કે–'હું દુઃખી છું' અને એથી જ–

'सुखाद्बहुतरं दुःखं, जीविते नास्ति संशयः।'

અર્થાત્–'જીવનમાં સુખ કરતાં નિઃસંદેહ દુઃખ જ અધિક છે અથવા સુખનું પ્રમાણુ જવ જેટલું છે, તો દુઃખનું પ્રમાણુ પર્વત જેટલું છે,' એ સિદ્ધાન્ત સત્ય થાય છે. સંસાર અસાર, અશાશ્વત અને દુઃખનું જ સંગ્રહસ્થાન જે કહેવામાં આવે છે, તે પણુ આ દૃષ્ટિએ સત્ય ઠરે છે. જર્મનપંડિત શોપનહૌર (Sehopenhaur) પણુ એક જગ્યાએ આજ મતલબનું કહે છે. તે કહે છે કે–

'એકંદર મનુષ્યની જેટલી સુખેચ્છા થાય તેમાંથી કેટલી સફળ થાય છે, તે ઉપરથી જ તે કેટલો સુખી છે, એમ સમજાય છે. અને જો સુખોપભોગ સુખેચ્છાથી કમી પડયો તો તેટલા પ્રમાણુમાં તે દુઃખી સમજાય છે. આ જ પ્રમાણુ ગણિતની રીતિએ નીચે મુજબ આવે છે. 'Happiness divided by will' અર્થાત્–સુખોપભોગનો સુખેચ્છાથી ભાગાકાર કરવો, એટલે અપૂર્ણાંકની રીતિએ સુખોપભોગ ÷ સુખેચ્છા એ પ્રમાણે લખવું જોઇએ. પણુ આ અપૂર્ણાંક એવો તો વિલક્ષણુ છે કે એનો છેદ (સુખેચ્છા), એના અંશ (સુખોપભોગ) કરતાં હમેશાં અધિક પ્રમાણુમાં વધતો જ ચાલે છે. અર્થાત્ પ્રથમ $\frac{૧}{૨}$ હોય તો પછીથી $\frac{૩}{૧૦}$ થાય છે. એટલે સુખોપભોગ ત્રણગુણો થાય તો સુખેચ્છા પાંચગુણી વધે છે. એટલે પરિણામે વધારે ને વધારે અપૂર્ણ જ થયે જાય છે. માટે જ મનુષ્ય સુખથી પૂર્ણ થાય એ આશા જ રાખવી

વ્યર્થ છે. અમૂક કાળમાં સુખ અધિક હતું કે અમૂક દેશમાં સુખ અધિક છે, એનો જ્યારે વિચાર કરવામાં આવે છે, ત્યારે માત્ર સુખના અંશસ્થાનનો જ વિચાર કરવામાં આવે છે: પરન્તુ તે અંશ કરતાં છેદની કેઇગુણી વૃદ્ધિ થાય છે તેના ઉપર લક્ષ્ય દેવામાં આવતું નથી. પરન્તુ અંશ અને છેદ ઉભય તરફ લક્ષ્ય દેવામાં આવે તો અપૂર્ણાંક કદિ પણ પૂર્ણ થનાર નથી, એ વાત બરાબર સમજાય તેવી છે.'

સુખદુઃખનું તારતમ્ય કાઢવાની ગણિતની આ રીત માન્ય ન રાખીએ, તો પણ 'સંસારમાં દુઃખ કરતાં સુખ અધિક છે'–એમ સિદ્ધ કરવા માટે કોઈ પણ સાધન છે નહિ. ઈતિહાસના દાખલાઓ કે શાસ્ત્રનાં દૃષ્ટાન્તો પણ સુખ કરતાં દુઃખની અધિકતાનું પ્રતિપાદન કરનારા મળી આવે છે. તો પણ એ યાદ રાખવું જોઈએ કે–ઇચ્છાથી તૃષ્ણા, તૃષ્ણાથી અસંતોષ અને અસંતોષથી દુઃખ, એ વાત કેવળ આધિભૌતિક સુખને જ લાગુ પડે છે. સર્વ પ્રકારની ઇચ્છાઓ, સર્વ પ્રકારની તૃષ્ણાઓ કે સર્વ પ્રકારના અસંતોષ દુઃખને જ લાવનાર છે, એવો સિદ્ધાન્ત નક્કી કરી શકાય એમ નથી. 'અસંતોષ એટલે દુનિયાદારીના પદાર્થો મેળવવાની હાયવોય'–એવો અર્થ કરીએ, તો તે અસંતોષ નિન્દાપાત્ર છે. પરન્તુ શાન્ત અને સ્વસ્થ ચિત્તથી ઉત્તરોત્તર આત્મિક પ્રગતિની ઈચ્છા અને જીવનમાં દિનપ્રતિદિન અધિકને અધિક આત્મિક સુધારણા બનતી રહે તે માટેનો અસંતોષ, એ કદિ પણ નિન્દ્ય નથી. સંતોષ એ ગુણ છે, તે દ્રવ્યનો સંતોષ કે ઐહિક ઐશ્વર્ય બદલનો સંતોષ: એટલું જ તેનું તાત્પર્ય છે. પરન્તુ પ્રાપ્ત થયેલ જ્ઞાનથી, વિદ્યાથી કે તપથી મને

સંતોષ છે એમ કોઈ કહેતો હોય તો તે સંતોષ તો તેના વિનાશને જ નોંતરનારો છે. જ્ઞાન, વિદ્યા, તપ કે કોઇ પણ આત્મિક ઐશ્વર્યની પ્રાપ્તિ માટે સંતોષ દાખવવો એ સંપત્તિનું મૂળ નથી, કિન્તુ વિપત્તિનું મૂળ છે. અને એ જ કારણે એક સ્થળે કહ્યું છે કે–

'संतोषो वै श्रियं हन्ति ।' અને 'असंतोषः श्रियो मूलं ।'

અર્થાત્–'સંતોષ એ સંપત્તિનો નાશ કરે છે અને અસંતોષ એ સંપત્તિનું બીજ છે.'

તાત્પર્ય એ છે કે–સર્વ પ્રકારનો અસંતોષ એ ત્યાજ્ય નથી. આત્મિક પ્રગતિના વિષયમાં અસંતોષ એ તો ભાવિ ઉત્કર્ષનું બીજ છે. એ જાતિનો અસંતોષ પણ ધારણ કરવામાં ન આવે તો આત્મા સર્વ સારા પણ પ્રયત્નોથી ભ્રષ્ટ થઇ આ લોક તથા પરલોકમાં અધોસ્થિતિ અને અધોગતિને પામનારો જ થાય. એક અંગ્રેજ કવિ પણ કહે છે કે—

'Unhappiness is the cause of progress'

અર્થાત્–'અસંતોષ એ પ્રગતિનું નિદાન છે.'

કલ્યાણકારક વસ્તુ બદલ ઉચિત અસંતોષ ધરાવવો એ કોઇને પણ અમાન્ય નથી. કવિ શિરોમણિ **ભર્તૃહરિ પણ** એક જગ્યાએ કહે છે કે–'નિર્મળ યશ ઉપાર્જન કરવામાં અભિરૂચિ રાખવી કે શાસ્ત્રભ્યાસમાં અસંતોષ ધારણ કરવો, એ દોષને પાત્ર નથી કિન્તુ જરૂરી છે.'

વિષયોપભોગ માટેની તૃષ્ણાની તૃપ્તિ કદિ થતી નથી, કિન્તુ તૃપ્તિ કરવા જતાં તે વધે છે. પરન્તુ એટલા માટે સર્વ-

પ્રકારની તૃષ્ણા કે તેની તૃપ્તિ માટેનો પ્રયત્ન ત્યજી દેવા જેવો છે એમ નથી. એવો નિયમ, એ અપશબ્દ બોલાઇ જવાના ભયે જીભને જ કાપી નાખવાનો પ્રયત્ન કરવા બરાબર છે. અગ્નિથી કદિ કદિ ઘર બળી પણ જાય છે, તેટલા માટે અગ્નિનો સર્વથા ત્યાગ કરીને રાંધવાનું પણ છોડી દેવા માટે કોઈ પણ તૈયાર થયેલ છે ? અગ્નિ જ નહિ, કિન્તુ વિદ્યુતશક્તિ જેવી ચીજ પણ તેની સાથે યોગ્ય અને મર્યાદિત રીતિએ કામ લેવામાં આવે તો નાશક નહિ થતાં અનેક પ્રકારે ફાયદાકારક બની શકે છે. તૃષ્ણા કે અસંતોષની વ્યવસ્થા પણ તેજ રીતિએ કરવામાં આવે, તો એ તૃષ્ણા અને અસંતોષ જ સર્વ પ્રકારના ઉત્કર્ષનું બીજ બની શકે છે.

સુખેચ્છા કેવળ સુખોપભોગથી તૃપ્ત થવી અશક્ય હોવાથી સંસારમાં દુઃખનો સરવાળો અધિક જ રહે છે, એ વાતમાં હવે કોઇ પણ જાતિનો સંશય રહેતો નથી. પરન્તુ દુઃખ ટાળવા માટે તૃષ્ણા અથવા અસંતોષ અને તેની સાથે સર્વ પ્રકારનાં કર્મ પણ ત્યજવા યોગ્ય છે, એમ માનવું ઘટિત નથી. કોઇ પણ પ્રકારની ઐહિક ફલાશા છોડી તૃષ્ણા અને અસંતોષને યોગ્ય દિશાએ વાળવા માટે સર્વ પ્રકારનાં શ્રેયકારી કાર્યો કરતાં રહેવું, એ જ તૃષ્ણા અને અસંતોષથી આવતા દુષ્પરિણામોથી બચવાનો રાજમાર્ગ છે. કેવળ વિષયોપભોગ કદિ પણ પૂર્ણ ન થનાર, અનિત્ય અને અશાશ્વત છે. બુદ્ધિમાન પુરૂષે તેને જ એક સાધ્ય માનવું, એ કોઇ પણ રીતિએ ઉચિત નથી. જે વસ્તુ કદિ પણ પૂર્ણ થનાર નથી તેને જ એક પરમ સાધ્ય માનવું, એ 'પરમ' શબ્દનો દુરૂપયોગ કરવા બરાબર છે. અથવા તો મૃગજળને ઠેકાણે સત્ય-

જળની ભાવના કરવા જેવું અસમંજસ છે. પરમ સાધ્ય જ જ્યાં અનિત્ય અને અપૂર્ણ છે, ત્યાં તેની આશામાં અનિત્ય અને અપૂર્ણ વસ્તુ શિવાય બીજું શું હાથમાં આવવાનું હતું?

જડવાદિઓ સંસારમાં સુખની અધિક્તાનું જે પ્રતિપાદન કરે છે, તે આ રીતે આપોઆપ ખોટું ઠરે છે. જડસુખની દૃષ્ટિએ સંસારમાં સુખની અધિક્તા કદિ પણ સિદ્ધ થઇ શકે તેમ નથી. અને એટલા જ માટે ભારતવર્ષના સર્વ સાચા તત્ત્વજ્ઞોએ એકીઅવાજે પ્રતિપાદન કર્યું છે કે–'સુખની અભિલાષાવાળા આત્માઓએ આ સંસારમાં સુખની ખોજ કરવી છોડી દઇ, આત્મામાં જ તેની ખોજ કરવા પ્રયત્ન કરવો જોઇએ.' સુખ એ આત્મધર્મ છે. એની પ્રાપ્તિ માટે આત્મા સિવાય બીજા પદાર્થોની પૂંઠે ગમે તેટલી મહેનત કરવામાં આવે, તેથી કોઇ પણ પ્રકારની સિદ્ધિ થનાર નથી. ઇન્દ્રિયોના વ્યાપારથી ઉત્પન્ન થનાર સુખદુઃખને જાણવાનું કે સાક્ષાત્કાર કરવાનું કામ પણ મન યા આત્મા વડે જ થનારૂં છે. પૌદ્ગલિક સુખદુઃખનો અનુભવ લેવામાં પણ કેવળ ઇન્દ્રિયોજ કારણ છે, એમ નથીઃ કિન્તુ તે પણ મનની સહાયથી જ બને છે અને આધ્યાત્મિક સુખ–દુઃખ તો માનસિક જ છે. આમ સર્વ પ્રકારનો સુખદુઃખાનુભવ કેવળ માનસિક જ હોવાથી, મનોનિગ્રહ દ્વારાએ જ સુખદુઃખનો નિગ્રહ કરી આત્મિક સુખ મેળવવા ઉદ્યમી બનવું જોઇએ.

# પ્રાર્થના

પ્રાર્થના એ અભિલાષરૂપ છે અને શ્રીવીતરાગના શાસનમાં ધર્મના ફળ રૂપે પણ અભિલાષા કે આશંસા કરવાનો નિષેધ કરેલો છે: એટલું જ નહિ, કિન્તુ ફળની આશંસાપૂર્વક કરાતી શ્રીવીતરાગની પૂજા એ સાચા ફળની પ્રાપ્તિમાં પરમ વિઘ્નભૂત માનેલી છે. તો પછી 'તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ'–'આરોગ્ય આપો'–'બોધિલાભ આપો'–'ઉત્તમ પ્રકારની સમાધિ આપો'–'દુઃખનો ક્ષય કરો'–'કર્મનો ક્ષય કરો'–'સમાધિમારણ આપો'–'સમ્યગ્દર્શન આપો'–'ધર્મ આપો' એ વિગેરે સેંકડો પ્રાર્થનાઓ શ્રી વીતરાગને ઉદ્દેશીને કરવામાં આવે છે, તે સાર્થક છે કે નિરર્થક છે? સાચી છે કે ખોટી છે? જો ખોટી કે નિરર્થક જ તે બધી પ્રાર્થનાઓ કરવામાં આવતી હોય, તો તેવી ખોટી પ્રાર્થનાઓ કરવાનું કહેનાર શાસ્ત્રોને પરમાર્થ સત્ય રૂપ કેવી રીતે માની શકાય? વળી શ્રીવીતરાગને કરેલી પ્રાર્થના ફળે છે, એમ કહેવામાં આવે તો વીતરાગ અવીતરાગ બને છે: કારણ કે–અપ્રસન્નને પ્રસન્ન કરવા માટે જ પ્રાર્થના હોય છે. વીતરાગની પ્રસન્નતા સંપાદન કરવા માટે પ્રાર્થના કરવી, તેનો અર્થ એ છે કે–

વીતરાગ પ્રસન્ન પણ થાય છે અને અપ્રસન્ન પણ થાય છે. જે પ્રસન્ન પણ થતા હોય અને અપ્રસન્ન પણ થતા હોય, તે વીતરાગ હોઈ શકે જ નહિ. એ રીતે શ્રીવીતરાગની સાથે પ્રાર્થના શબ્દ જોડવાથી ઉભય રીતિએ અસંગતપણું પેદા થાય છે. એક તો શ્રીવીતરાગ એ વીતરાગ રહેતા નથી અને બીજું ભક્તિના ફળ રૂપે આશંસા કરવાથી ફળનો જ નાશ થાય છે. તેથી પ્રાર્થના કરનારની અનભિજ્ઞતા પુરવાર થાય છે. તત્ત્વના માર્ગમાં અનભિજ્ઞતા એ અનર્થનું કારણ છે.

શ્રી વીતરાગની પ્રાર્થનાને અંગે આપવામાં આવતા ઉપર્યુક્ત સઘળા દોષો પરમાર્થના અજ્ઞાનને આભારી છે. શ્રી વીતરાગના શાસનમાં ધર્મના ફળ રૂપે જે અભિલાષા યા આશંસાનો નિષેધ છે, તે અભિલાષા યા આશંસાનું લક્ષણ શ્રીવીતરાગની ભક્તિનાં ફળ રૂપે ધર્મ યા ધર્મનાં સાધનોની યાચનામાં ઘટતું નથી. રાગ, દ્વેષ અને મોહગર્ભિત આશંસાનો જ માત્ર નિષેધ છે. જે આશંસા રાગ, દ્વેષ યા મોહગર્ભિત નથી, તેની સિદ્ધિ અર્થે શ્રીવીતરાગની પાસે પ્રાર્થના કરવી, તે દોષ રૂપ નથી કિન્તુ ગુણ રૂપ છે. તેવી પ્રાર્થના કરવાથી પ્રવચનની આરાધના થાય છે અને સન્માર્ગની દૃઢતા થાય છે: એટલું જ નહિ કિન્તુ તેથી ઉત્તરોત્તર સાનુબન્ધ શુભ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. શ્રીવીતરાગની પાસે સંસારનો નિર્વેદ માગવો, તત્ત્વાનુસારિતા માગવી કે મોક્ષમાર્ગને અવિરોધી એવા કોઇ પણ ધર્મ યા પદાર્થની માગણી કરવી, તે વસ્તુત: અભિષ્વંગ કે મોહ રૂપ નથી અને તેથી વસ્તુત: આશંસા જ નથી : કારણ કે–આશંસાનું ફળ જે સંસારવૃદ્ધિ,

તે તેનાથી થતી નથી. પ્રત્યુત સંસારનો નાશ જ થાય છે. સંસારની વૃદ્ધિ એ રાગ, દ્વેષ કે મોહગર્ભિત આશંસાથી જ થનારી છે. સંસારના છેદ અર્થે કે મુક્તિની પ્રાપ્તિ અર્થે કરવામાં આવતી ઉચિત પ્રાર્થનાથી તો કેવળ શુભાશયની જ વૃદ્ધિ થાય છે અને કર્મબન્ધ આશયાનુરૂપ માનેલો છે, તેથી શુભાશયને વધારનાર પ્રાર્થના શુભ કર્મનો જ અનુબંધ કરાવનાર થાય છે. પરિણામે આત્માને ઉત્તરોત્તર શુભ સામગ્રીઓની અધિકાધિક પ્રાપ્તિ થતી જાય છે, કે જે તેને મોક્ષમાર્ગમાં અપૂર્વ સહાયક થઇ પડે છે.

પ્રણિધાન યાને કર્તવ્યતાનો નિશ્ચય કરવા માટે પણ પ્રાર્થના તેટલી જ જરૂરી છે. કર્તવ્યતાના નિશ્ચય વિના થતી પ્રવૃત્તિ નિર્જીવ પ્રવૃત્તિ છે. વસ્તુતઃ તે પ્રવૃત્તિ જ નથી. વારંવાર પ્રાર્થના કરવાથી પ્રાર્થના વિષયક કર્તવ્યતાનો નિશ્ચય દૃઢ બનતો જાય છે અને તેથી પ્રવૃત્તિ પણ પ્રાણવાન બને છે. આમ ઉભય રીતિએ પ્રાર્થનાની ઉપયોગિતા સિદ્ધ છે.

હવે પ્રશ્ન માત્ર શ્રીવીતરાગની વીતરાગતાનો રહે છે. શ્રીવીતરાગની પ્રાર્થના કરવાથી શ્રીવીતરાગની વીતરાગતા ચાલી જાય છે, એમ કહેવા કરતાં પ્રાર્થના કરનારમાં એથી વીતરાગતા પ્રગટ થાય છે, એમ કહેવું એ જ વધારે વ્યાજબી છે. શ્રીવીતરાગ આપતા કે લેતા નથી, પ્રસન્ન કે નારાજ થતા નથી, તો પણ શ્રીવીતરાગના ભક્તને શ્રીવીતરાગની ભક્તિથી જ વીતરાગતા પ્રાપ્ત થાય છે, એમાં પણ સંદેહ નથી અને તેથી જ વીતરાગતાને દેનાર શ્રીવીતરાગ જ છે એમ કહેવું સર્વથા ઉચિત છે.

અગ્નિ, અગ્નિનું આસેવન કરનાર ઉપર પ્રસન્ન પણ

થતો નથી કે નારાજ પણ થતો નથી અગર પોતાનું આ-સેવન કરવા માટે પોતાની પાસે આવો, એમ કોઈને આમંત્રણ પણ કરતો નથી : તો પણ અગ્નિ પાસે જનારની અને તેનું વિધિપૂર્વક આસેવન કરનારની શીત નાશ પામ્યા સિવાય રહેતી પણ નથી. એનું કારણ અગ્નિનો એવો સ્વભાવ જ છે, તે છે. તેમ શ્રીવીતરાગની ભક્તિ અને પ્રાર્થનાનો પણ એ સ્વભાવ જ છે કે-તેનું વિધિપૂર્વક સમાસેવન કરનારની ભવરૂપી શીતનો તેથી અવશ્ય નાશ થાય છે. અચેતન એવી અગ્નિનું સેવન કે અચેતન એવા મન્ત્રાદિનો જાપ પણ તેનો આશ્રય લેનારના પ્રયોજનને અવશ્ય સિદ્ધ કરે છે, તો પછી પરમ ગુણોત્કર્ષને પામેલા, અચિન્ત્ય ચિન્તારત્નસમા, મહાભાગ ભગવાન વીતરાગનો આશ્રય લેનારના ઇચ્છિતની સિદ્ધિ તેમની ભક્તિથી થાય, એમાં કાંઈ આશ્ચર્ય નથી.

ભગવાન વીતરાગ એ ક્ષીણક્લેશ છે, તેથી તેઓ પ્રસન્ન કે નારાજ થતા નથી, એ વાત સત્ય હોવા છતાં ચિન્તારત્ન આદિના દૃષ્ટાંતે તેમનો આશ્રય કરનારને તથા વિધિપૂર્વક તેમનું સમાસેવન કરનારને તેઓ અવશ્ય રાગદ્વેષના ક્ષય રૂપી કે અપવર્ગની પ્રાપ્તિ રૂપી અચિન્ત્ય ફળને આપનારા થાય, એમાં સંદેહને જરા માત્ર અવકાશ નથી. એ વસ્તુનો સ્વભાવ જ એવો છે કે-અપૂર્વ ચિન્તામણિ અને મહાભાગ એવા શ્રીતીર્થંકરોની સ્તુતિ, સ્તુતિ કરનારને અવશ્ય બોધિલાભને અપાવનાર થાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે-

'भत्तीए जिणवराणं, खिज्जन्ती पुव्वसंचिया कम्मा ।
गुणपगरिसबहुमाणो, कम्मवणदवाणलो जेण ॥१॥'

'શ્રી જિનવરોની ભક્તિ વડે પૂર્વસંચિત કર્મો ક્ષય પામે છેઃ કારણ કે–ગુણના પ્રકર્ષને પામેલાનું બહુમાન, એ કર્મવનને દગ્ધ કરવા માટે દાવાનલ સમાન છે.

શ્રી જિનેશ્વરોની ભક્તિનો સ્વભાવ જ કર્મવનને બાળી નાંખવા માટે દાવાનળ તુલ્ય છે અને સ્વભાવ એ હંમેશાં દુર્નિવાર હોય છે. એ કારણે અનન્તજ્ઞાની શ્રીવીતરાગના શાસનમાં શ્રીવીતરાગની પ્રાર્થના કરવા માટે વારંવાર ઉપદેશ કરવામાં આવે અને એ માટે સૂત્રોમાં ઠેર ઠેર પ્રાર્થનાવાચક વાક્યો રચાયેલાં હોય, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી.

ભગવાનના આદિ શિષ્ય મહામતિ શ્રી ગણધરદેવો વિરચિત શ્રી ચતુર્વિંશતિસ્તવમાં–

**' तित्थयरा मे पसीयंतु ।'**

અર્થાત્–' શ્રીતીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.'

**'आरुग्गबोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ।'**

અર્થાત્–'લોકોત્તમ એવા શ્રી તીર્થંકરદેવોનું કીર્તન, વન્દન અને પૂજન મેં કર્યું, તો તેના ફળ રૂપે મને ભાવારોગ્ય (મુક્તિ), એના અનન્ય સાધન રૂપ બોધિલાભ (શ્રી જિનધર્મની પ્રાપ્તિ) અને એના ફળ સ્વરૂપ સર્વોત્કૃષ્ટ ભાવસમાધિ (જ્ઞાન દર્શન–ચારિત્રની આરાધાના દ્વારાએ આત્માને પ્રાપ્ત થતું પરમ સ્વાસ્થ્ય ) મને આપો '–એવી યાચના કરવામાં આવી છે.

એજ રીતે ચતુર્દશપૂર્વધર શ્રુતકેવલી ભગવાન **શ્રી ભદ્રબાહુસ્વામિ** વિરચિત 'શ્રીઉપસર્ગહર' સ્તોત્રમાં **શ્રી પાર્શ્વનાથ** ભગવાનની સ્તુતિના પ્રાન્તે–

'ता देव दिज्ज बोहिं, भवेभवे पास ! जिणचंद !।'

'હે પાર્શ્વ ! હે જિનચંદ્ર ! નિર્ભર ભક્તિયુક્ત ચિત્ત વડે મેં આપની સ્તુતિ કરી, તેનાં ફળ રૂપ મને ભવોભવને વિષે બોધિ [સમ્યગ્દર્શન અગર શ્રી જિનધર્મ]ને આપો.'

એજ રીતે ઉત્કૃષ્ટ બુદ્ધિના નિધાન, ચતુર્દશપૂર્વધર શ્રી ગણધર મહર્ષિઓ વડે નિર્મિત થયેલ શ્રી ચૈત્યવન્દન સૂત્રાન્તર્ગત 'પ્રાર્થનાસૂત્ર' અપરનામ 'શ્રીજયવીયરાય સૂત્ર'માં પ્રગટ રીતે ભવનિર્વેદાદિ અનેક પ્રકારની પ્રાર્થનાઓ શ્રીવીતરાગ પાસે સાક્ષાત્ કરવામાં આવી છે: બીજા શબ્દોમાં પ્રાર્થનાઓની પરંપરા માટે જ ખાસ તે સૂત્રની અલગ રચના કરવામાં આવી છે. એ વિગેરે દેખીને કોઇ પણ બુદ્ધિમાનને એ પ્રતીતિ થયા સિવાય રહેશે નહિ કે-શ્રીવીતરાગની પ્રાર્થના, એ એના સ્વભાવથી જ એના કર્તાને અવશ્ય મહાન ફળને આપનારી થાય છે.

શ્રીવીતરાગ સાક્ષાત્ આપતા નથી કે પ્રસન્ન થતા નથી, તો પણ શ્રીવીતરાગની પ્રસન્નતાથી થનારાં કાર્યને તો તેઓ અવશ્ય કરે છે. અર્થાત્-શ્રીવીતરાગની પ્રસન્નતાથી થનારા ભવનિર્વેદાદિ કાર્યોમાં તેઓ જ પ્રધાન નિમિત્ત છે: અને તેથી જ કારણમાં કાર્યનો ઉપચાર કરીને શ્રીવીતરાગને પણ પ્રસન્ન થનારા કે તેમની ભક્તિનું ફળ આપનારા તરીકે વર્ણવ્યા છે.

શ્રીવીતરાગ આપે છે કે પ્રસન્ન થાય છે, એ કહેવું જેમ સત્ય નથી તેમ અસત્ય પણ નથી: અને તેથી સત્ય-અસત્ય ઉભયનું મિશ્રણ પણ નથી, કિન્તુ અસત્ય અને અમૃષા

નામનો એક ચોથી જ જાતનો ભાષાનો પ્રકાર છે અને તેના આધારે જ સામાન્ય જગતનો સઘળો વ્યવહાર ચાલે છે. 'તું આવ, જો'–'તારે અમૂક કરવું જોઈએ, અમૂક ન કરવું જોઈએ'–'હું તારો ઉપકારી છું, તું મારો ઉપકાર્ય છે'–એ વિગેરે ભાષાના સઘળા પ્રકારો સત્ય, અસત્ય કે સત્યાસત્યના મિશ્રણ રૂપ નથી, તો પણ વ્યવહાર ચલાવવા માટેનાં અનન્ય સાધન છે. એ જાતિના વાક્યપ્રયોગો વિના કોઇ પણ પ્રકારનો વ્યવહાર ચાલવો સર્વથા અશક્ય છે, તેથી તેને પણ ભાષામાં પ્રધાન સ્થાન આપવામાં આવેલું છે. 'પિતા પુત્રનો ઉપકારી છે'–એ વાત સત્ય નથી, કારણ કે–પુત્રનું પુણ્ય છે, ત્યાંસુધી જ પિતા તેના ઉપર ઉપકાર કરે છે: તેમ અસત્ય પણ નથી, કારણ કે–બાલ્યકાળથી પુત્રનું પાલન તેના માતાપિતા દ્વારાએ જ થાય છે: સત્યાસત્ય પણ નથી, કારણ કે–ઉપરોક્ત સત્યઅસત્ય ઉભયથી ભિન્ન છે. માટે 'પિતા પુત્રનો ઉપકારી છે'–એ વાત માત્ર વ્યવહારથી સત્ય છે, એમ કહેવું એજ યોગ્ય છે અને એ વ્યવહાર સારા જગતે સ્વીકારેલો છે.

એજ ન્યાયે શ્રીવીતરાગ પણ ભક્તને કર્મક્ષય કે મુક્તિ આપે છે, એ વાત સત્ય નથી, કારણ કે–ભક્ત પોતાની યોગ્યતા અને પ્રયત્નથી જ તેને સંપાદન કરે છે: અસત્ય પણ નથી, કારણ કે–યોગ્યતા અને પ્રયત્ન હોવા છતાં વીતરાગના અવલંબન વિના મુક્તિ રૂપી કાર્ય સિદ્ધ થતું નથી: સત્યાસત્ય પણ નથી, કારણ કે–સત્ય અને અસત્ય ઉભયમાં નથી. ત્યારે તેને પણ એક વ્યવહારભાષાનો જ પ્રયોગ માનવો જોઇએ, કે જેને શાસ્ત્રોમાં '**असत्यामृषा**' એવા નામથી સંબોધેલી છે. એ '**असत्यामृषा**' ભાષા સાચી કે

ખોટી નહિ હોવા છતાં પણ સ્વકાર્યકર હોવાથી અવશ્ય આદરણીય છે. વ્યવહારમાં જેમ તેના ઉપયોગ વિના ચાલતું નથી, તેમ પરમાર્થના માર્ગમાં પણ તેના ઉપયોગ વિના ચાલી શકતું નથી, એ વ્યવહારસત્ય છે. એનો અર્થ એ નથી કે–તે પરમાર્થથી અસત્ય છે. પરન્તુ પરમાર્થ-સત્યનું એકનું એક કારણ હોવાથી તે પરમાર્થ–સત્ય જેટલી જ ઉપાદેય છે. વ્યવહારમાં એ જાતિની ભાષાનો પૂરેપૂરો સ્વીકાર કરવા છતાં પરમાર્થમાં એનો સ્વીકાર કરવાની જેઓ ના પાડે છે, તેઓ પરમાર્થની પ્રાપ્તિના સાચા રહસ્યને પામી શક્યા નથી, એટલું જ કહેવું આ સ્થાને પર્યાપ્ત છે.

આ સ્થાને વિશેષમાં એટલું સમજવું જોઇએ કે–'આવ, જા'–'મૂક, લે'–'કર, ન કર'–'કરવું જોઇએ, ન કરવું જોઈએ'–'આ ઉપકારી છે, આ ઉપકાર્ય છે'–એ વિગેરે ભાષા સત્ય પણ નથી, અસત્ય પણ નથી અને મિશ્ર પણ નથી. તેનું કારણ એ છે કે–'**सद्भ्यो हितम्।**' એ સત્ય શબ્દની વ્યુત્પત્તિ છે. એના ત્રણ અર્થ થાય છે.

(a) 'સત્' એટલે સજ્જન પુરૂષ અથવા ઉત્તમ મુનિ. તેને હિતકારી એટલે મુક્તિમાર્ગને અનુકૂળ હોવાથી ઉપકારી.

(b) 'સત્' એટલે સુંદર એવા મૂલ ઉત્તર ગુણો. તેને હિતકારી એટલે તેની આરાધનામાં જોડવા માટે ઉપકારી.

(c) 'સત્' એટલે વિદ્યમાન એવા જીવાજીવાદિ સત્ પદાર્થો. તેને હિતકારી એટલે યથાવસ્થિત સ્વરૂપનું પ્રત્યાયન કરાવવા દ્વારાએ ઉપકારી.

એ ત્રણ પ્રકારના સત્યથી વિપરીત, તે અસત્ય. જેમકે–

(a) મુક્તિમાર્ગને અહિતકારી—આત્મા નથી, કર્મ નથી, પરલોક નથી, વિગેરે.

(b) અતિ પ્રશંસનીય મૂલ ઉત્તર ગુણોની આરાધનામાં વિઘ્નકારી. જેમકે—અહિંસાનું ફળ નથી, બ્રહ્મચર્યનું ફળ નથી, તપનું ફળ નથી, વિગેરે.

(c) વિદ્યમાન એવા આત્માદિ પદાર્થોની અન્યથા પ્રતીતિ કરાવનાર. જેમકે—આત્મા અણુરૂપ છે, આત્મા સર્વ-વ્યાપી છે, લોક સાત દ્વિપ-સમુદ્ર-પ્રમાણ છે, વિગેરે.

સત્ય અને અસત્યના મિશ્રણવાળી ભાષા. જેમકે—આ અશોકવન છે, આ આમ્રવન છે, આ ખરાબ ગામ છે, વિગેરે. અશોકવનમાં અશોકના વૃક્ષો છે માટે તે સત્ય છે અને અશોક સિવાયના વૃક્ષો પણ છે માટે અશોકવન કહેવું, એ અસત્ય છે. એ રીતે આમ્રવનાદિ માટે પણ સમજી લેવું. આ ખરાબ ગામ છે, તેનું તાત્પર્ય એ નથી કે—ગામમાં રહેતા બધા માણસો ખરાબ છે: કિન્તુ ઘણાખરા ખરાબ છે, તેથી તે પણ સત્યાસત્યનું મિશ્રણ જ છે.

વસ્તુનું પ્રતિષ્ઠાપન કરવાની ઇચ્છા વિના કેવળ વ્યવહાર ચલાવવા ખાતર કે માત્ર સ્વરૂપનું પ્રતિપાદન કરવાની ખાતર જે સંબોધન, આજ્ઞા, વિધિ આદિ ભાષાનો પ્રયોગ થાય છે, તે 'અસત્યામૃષા' અપરનામ 'વ્યવહારભાષા' છે. જેમકે—'હે દેવદત્ત!' 'ઘટ લાવ!' 'મને ઘટ આપ!' 'ગાયને દોહ!' વિગેરે

શ્રીવીતરાગની પ્રાર્થના એ પણ વ્યવહારભાષા છે, કારણ કે—તેમાં કોઇ પણ વસ્તુના પ્રતિષ્ઠાપનનો આશય નથી,

કિન્તુ સ્વરૂપ માત્ર દર્શાવવાનો આશય છે અને એ સ્વરૂપદર્શન જેમ નિશ્ચય મતે સત્ય નથી, તેમ વ્યવહારનયના મતે અસત્ય પણ નથી. માત્ર ભક્તિ માટે વપરાયેલી છે, તેથી તે 'અસત્યામૃષા' નામની ચતુર્થ ભાષા સ્વરૂપ છે. રાગદ્વેષ જેમના ક્ષીણ થઈ ગયા છે, તેવા શ્રીવીતરાગપુરૂષો સમાધિ કે બોધિને આપતા નથી, તો પણ તેમની પ્રાર્થનાથી તે અવશ્ય પ્રાપ્ત થાય છે, તેથી તે મૃષાવાદ પણ નથી. ચિન્તામણિ-રત્નાદિને રાગ દ્વેષનો અભાવ છે, તો પણ તેની ભક્તિ કરનારને તે અવશ્ય ફળે છે, તેમ શ્રી વીતરાગ પણ રાગદ્વેષ-રહિત હોવા છતાં, તેમની ભક્તિ સમાધિ અને બોધિને આપનારી અવશ્ય થાય છે. સર્વનું તાત્પર્ય એ છે કે-યદ્યપિ તે શ્રીવીતરાગ ભગવન્તો આરોગ્યાદિને કે બોધિ-સમાધિ આદિને પોતે વીતરાગ હોવાથી આપતા નથી, તો પણ 'મને આરોગ્ય, બોધિ અને સમાધિ આપો'-એવી જાતિના વાક્ય-પ્રયોગોથી અપૂર્વ ચિન્તામણિકલ્પ મહાભાગ એવા તે શ્રી વીતરાગ ભગવન્તોની આરાધના અર્થાત્ સન્મુખ વૃત્તિ થાય છે, તેમના ઉપકારનું સ્મરણ થાય છે તથા બોધિ અને સમાધિ આદિની પ્રાપ્તિમાં તેઓ પ્રધાન નિમિત્ત છે, તેનું સતત ભાન જાગ્રત રહે છે; તેથી તે જાતિના ભક્તિસૂચક વાક્ય પ્રયોગો અત્યંત આવકારદાયક છે: એટલું જ નહિ કિન્તુ બોધિ આદિ પરમાર્થ સદ્‌ગુણોની પ્રાપ્તિની ભાવના ટકાવી રાખવા માટે એ સિવાય અન્ય કોઇ પ્રધાન માર્ગ છે નહિ.

સમાધિ અને બોધિ આદિની પ્રાર્થના માટે શ્રી વીતરાગની વારંવાર પ્રાર્થના એ પ્રધાન અને મૂખ્ય માર્ગ છે. તેનો અર્થ એ છે કે-યદ્યપિ બોધિ અને સમાધિ આદિની

પ્રાપ્તિ આત્માને પોતાની યોગ્યતા અને પોતાના જ પુરૂષાર્થ આદિથી થનારી છે, તો પણ કાલ, નિયતિ, પૂર્વકૃત આદિ બીજા સહકારી કારણોની પણ તેમાં આપેક્ષા છે, તેમ અચિન્ત્ય શક્તિયુક્ત શ્રી વીતરાગના આલંબનની પણ પ્રધાન આવશ્યકતા છે. શ્રી વીતરાગ એ ગુણની પરમ પ્રકર્ષતાને પામેલા હોવાથી તથા સમાધિ અને બોધિ આદિ ગુણોને ક્ષાયિકભાવે પામેલા હોવાથી, સઘળા સહકારી કારણોમાં તેમનું આલંબન એ સૌથી પ્રધાન બને છે: એટલું જ નહિ કિન્તુ એ આલંબનના અભાવમાં બીજા સર્વ સહકારી કારણો સ્વકાર્યસાધક થતા નથી. વ્યવહારમાં પણ ગુણની પ્રાપ્તિ ગુણીના આલંબનથીજ માનેલી છે અને ગુણીના આલંબન સિવાયના બીજા કારણો ગૌણભાવે સ્વીકારેલા છે, તેમ પરમાર્થમાં પણ ગુણપ્રકર્ષને પામેલા ગુણીનું આલંબન એજ ગુણની પ્રાપ્તિમાં પ્રધાન કારણ છે. એ પ્રધાન આલંબન દ્વારા પ્રધાન ગુણની પ્રાપ્તિ રૂપ સ્વકાર્યની સિદ્ધિ થાય છે. એ કારણે શ્રી વીતરાગની ભક્તિસૂચક શ્રી વીતરાગની પ્રાર્થનાના વચનો પરમ ઉપકારક છે. જ્ઞાનિ પુરૂષોએ શ્રી વીતરાગની પ્રાર્થનાને ઉત્કૃષ્ટ ગુણોની પ્રાપ્તિમાં પરમાવશ્યક માનેલી છે, તેનું આ સાચું રહસ્ય છે.

શ્રી વીતરાગની પ્રાર્થનાના આ સાચા રહસ્યને નિપુણમતિ આત્માઓએ સૂક્ષ્મ બુદ્ધિ વડે વારંવાર વિચારવું અને આચરવું, એ બુદ્ધિનું સાચું અને પરમાર્થિક ફળ છે.

---

# સૃષ્ટિ-કર્ત્તા

**પ્રશ્ન૦** સૃષ્ટિનો કર્તા કોઈ છે કે નહિ ?

**ઉત્તર૦** સૃષ્ટિનો કર્તા કોઈ છે જ નહિ. અનાદિ કાળથી સૃષ્ટિ છે, છે ને છે જ. જીવ અનાદિ છે, એમ માન્યા પછી સૃષ્ટિની આદિ માનવી, એ સર્વથા ન્યાય વિરૂદ્ધ છે. જે ઘર બંધાવ્યાને પાંચ વર્ષ થયા, તે ઘરમાં હું પચીસ વર્ષથી રહું છું, એમ બોલવું એ દેખીતી રીતેજ ખોટું છે: તેજ પ્રમાણે આદિ સૃષ્ટિમાં અનાદિ આત્મા રહેલો છે, એમ કહેવું પણ ખોટું છે.

જીવ અનાદિ છે એમ માન્યા પછી જગતનો કતા ઈશ્વર છે, એ માન્યતા પણ ટકી શકતી જ નથી. ઈશ્વરે સૃષ્ટિને નિર્માણ કરી તે પહેલાં અનાદિનો જીવ કયાં હતો ? તે વખતે જીવ, જન્મ અને કર્મ સહિત હતો કે રહિત ? જો જન્મ અને કર્મ રહિત હતો, એમ માની લઈએ તો ઇશ્વરે જગત બનાવીને આત્માને જન્મ અને મરણની પીડા માં નાખ્યો, એમજ સિદ્ધ થાય. સમુદ્રમાં સ્વતંત્ર ફરતા માછલાને જાળમાં નાખીને પરાધીન બનાવનાર માછી એ

માછલાનો ઉપકારી ગણાય કે અપકારી? અપકારી. એ રીતે અનાદિ કાળથી સ્વતંત્ર આત્માને જન્મ અને કર્મની જંજાળમાં નાંખનાર ઈશ્વર ઊપર પણ ઉપકારકપણાની બુદ્ધિ કે પૂજ્યપણાની બુદ્ધિ શી રીતે થાય? સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં પણ આત્મા જન્મ અને કર્મથી બંધાયલો હતો, એમ માનીએ તો સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં પણ સૃષ્ટિ હતી, એમજ સાબીત થાય છે. જન્મ અને કર્મ એજ સૃષ્ટિ છે.

સૃષ્ટિનો કર્તા ઈશ્વર છે, એમ માનવાથી બીજી પણ અનેક આપત્તિઓ ઊભી થાય છે. પહેલું–આત્માએ ઈશ્વરનું શું બગાડ્યું હતું કે તેને સૃષ્ટિ ઉત્પન્ન કરીને સ્વતંત્ર આત્માને ગર્ભાવાસ અને જન્માદિનાં અસહ્ય દુઃખો સમર્પ્યાં? બીજું–આત્માને વગર કારણે દુઃખ આપનાર ઈશ્વર દયાળુ કેમ કહેવાય? ત્રીજું–સુખ, દુઃખ, સંપત્તિ, દરિદ્રતા, જન્મ, મરણ આદિ સઘળું આપનાર ઈશ્વર છે, એમ માનીએ તો ઈશ્વર થોડાઓનો પક્ષપાતી અને ઘણાઓનો શત્રુ ઠરે અને જેનામાં પક્ષપાત અને શત્રુવટ હોય, તે ઈશ્વર કેમ હોઈ શકે? ચોથું–નાના બાળકોને પણ અનેક પ્રકારના રોગ અને મૃત્યુ આપનાર ઈશ્વર દયાળુ કેમ હોઇ શકે? બાળકે ઈશ્વરનો ગુન્હો કર્યો હોય તો પણ તેણે તે માફ કરવો જોઇએ. મોટા માણસ પણ ઇશ્વરની આગળ તો બાળક જેવાજ અજ્ઞાની છે. તો તેઓના અપરાધની પણ ઇશ્વરે ક્ષમા આપવી જોઇએ. પણ વ્યવહારમાં તેમ દેખાતું નથી. બાળકો કે મોટા માણસો, સૌ કોઇને સુખ દુઃખ ભોગવવું પડે જ છે. પાંચમું–ઉપરના બધા દોષમાંથી બચવા માટે સુખ દુઃખ

આપનાર ઇશ્વર નથી પણ સૌને પોતપોતાના કર્મ પ્રમાણે સુખ દુ:ખ મળ્યા જ કરે છે,એમ કહેવામાં આવે તો કર્મ પ્રમાણે સુખ દુ:ખ મળે અને એ કર્મ કરાવનાર ઇશ્વર જ હોય તો એ કર્મની સજા જીવાત્માને થવી જોઇએ કે ઇશ્વરને ? ગુન્હો કરનાર કરતાં કરાવનાર બેવડો ગુન્હેગાર ગણાય. વળી ચોરી કરાવનાર અને સજા કરનાર બન્ને એકજ વ્યક્તિ કેમ હોઇ શકે ?

માટે માનવું જોઇએ કે આત્માને હાથે જે શુભાશુભ કર્મ થાય છે, તે ઈશ્વર કરાવતો નથી પણ આત્મા પોતે જ કરે છે. અને તેથી સુખદુ:ખ ઉપજાવનાર ઇશ્વર નથી પણ જીવનાં પોતાનાં જ કર્મ છે. ઇશ્વર સઘળું સુખ દુ:ખ ઊપજાવનાર હોય અને કર્મમાં કાંઇ શક્તિજ ન હોય, તો આખું પદાર્થ–વિજ્ઞાન–શાસ્ત્ર ખોટું ઠરે. પદાર્થોના પરમાણુઓમાં ફળ આપવાની શક્તિ રહેલી જ છે. પદાર્થમાં રહેલી શક્તિ અને સ્વભાવ ભિન્ન ભિન્ન પ્રકારનાં ફળોને આપે જ છે. સાકર સ્વભાવે મીઠી છે. લીમડો સ્વભાવે કડવો છે. આમલી સ્વભાવે ખાટી છે: તો તેનો ઊપયોગ કરનારને તે તેવા પ્રકારનું ફળ આપેજ છે. સોમલના ડોઝથી મરણ થાય તે વખતે મરણ ઇશ્વરે આપ્યું એમ માનવું, એના જેવી બીજી મૂર્ખતા એક પણ નથી. સોમલ તેવા પ્રકારના ઝેરી પરમાણુઓથી બનેલું છે, તેથી તેનો ઉપભોગ કરનારના પ્રાણ જાય છે, તેમ કર્મના પણ પરમાણુઓ જેવા પ્રકારના સ્વભાવવાળા હોય છે, તેવા પ્રકારનું સુખ દુ:ખ જીવને આવ્યા કરે છે. સારૂં કામ કરનારને સારો બદલો મળે છેઃ નઠારૂં કામ કરવારને નઠારો બદલો

મળે છે. એ રીતે કોઇપણુ કર્મનું ફળ ઈશ્વર આપે છે, એમ નથી પણ કર્મમાંજ ફળ આપવાની શક્તિ રહેલી છે.

વળી ગુન્હેગાર વ્યક્તિ અને બીનગુન્હેગાર વ્યક્તિ વચ્ચે દેખીતો ફેર છે, તે પણ કર્મશક્તિને સાબીત કરે છે. જેણે ગુન્હો નથી કર્યો તે વ્યક્તિ પોલીસને જોઇને ગભરાતી નથી, પરંતુ જેણે ગુન્હો કર્યો છે, તે વ્યક્તિ પોલીસને જોઇને અવશ્ય ભય પામે છે. તેનું હૈયું ધડકે છે. શરીરમાં કંપારી આવે છે. એ રીતે ગુન્હેગારના હૃદયમાં જે વેદનાઓ ઉત્પન્ન થાય છે, તેને બીજી કોઈ વ્યક્તિ ઉપજાવતી નથી, પણ તેણે જે કર્મ કર્યાં છે, તે કર્મજ ઉપજાવે છે. ગુન્હાની શિક્ષા ભય રૂપે, પશ્ચાતાપરૂપે, રોગરૂપે કે દુઃખરૂપે અવશ્ય મળે છે જ. ઇશ્વરને ગમે તેટલી વિનંતિ કરવા છતાં તે મટતાં નથી. અને ઇશ્વરને વિનંતિ ન કરવામાં આવે, તો પણ ભોગવવાં જ પડે છે.

'પાપ કે પુણ્ય એમાંથી એક પણ ઇશ્વર કરાવતો નથી, પણ આમા સ્વતંત્ર રીતે તે કરે છે. ઈશ્વર તો માત્ર મનુષ્યના કલ્યાણને માટે જ શુભાશુભ કર્મોનાં ફળને આપે છે' એ માન્યતા પણ કર્મમાં સ્વાભાવિક ફળ આપવાની શક્તિ છે, તેનો ઇન્કાર કરવા બરાબર છે પુદ્દગલોમાં ફળ આપવાની શક્તિ સ્વાભાવિક છે, એ વાતનો કોઇથી પણ અપલાપ થઇ શકે તેમ નથી.

'જીવ પાપ કરવામાં સ્વતંત્ર છે, પણ સજા સ્વતંત્રપણે ભોગવતો નથી,' એમ કહેવું, એ પણ પ્રત્યક્ષ વિરૂદ્ધ છે. કારણ કે એમ માનવાથી કર્મ શક્તિનું મહત્વ રહેતું નથી. ઇશ્વરને

ન માનીએ તો પણ સારૂં નરસું કર્મ સારા નરસા ફળને આપે જ છે. તેથી કર્મનો, કર્મફળનો કે સૃષ્ટિનો કર્તા ઈશ્વર સિદ્ધ થતો નથી.

**પ્રશ્ન૦** સૃષ્ટિ સંબંધી **વેદાન્ત** દર્શનની શું માન્યતા છે?

**ઉત્તર૦** વેદાન્ત દર્શન બ્રહ્મને અનાદિ માને છે, અને જીવને બ્રહ્મમાંથી છૂટો પડનાર રજકણ માને છે. અગ્નિમાંથી તણખા ઝરે છે, તેમ બ્રહ્મમાંથી જીવ જૂદા પડે છે. પરંતુ એ રીતે જીવની ઉત્પત્તિ તર્ક વડે ઘટી શકતી નથી. જીવ કોઇ પણ કાળે ઉત્પન્ન થયો છે, એ વાત તર્કથી સર્વ પ્રકારે વિરૂદ્ધ છે. માટે જ નૈયાયિકો જીવની સત્તા અનાદિની સ્વીકારે છે. પરંતુ જગતને તેઓ આદિવાળું માને છે. તેથી તેઓનો મત પણ અસત્ય ઠરે છે. જીવને અનાદિ માની સૃષ્ટિને આદિવાળી માનવાથી તેઓનો મત વેદાન્ત કરતાં પણ પાંગળો બને છે. પચાસ વરસના દીકરાની મા વીસ વર્ષની છે, એમ માનવું જેટલું બેહુદું છે, તેમ જીવની સત્તા અનાદિ સ્વીકારી સૃષ્ટિને આદિ માનવી, એ પણ તેટલુંજ બેહુદું છે. સૃષ્ટિની આદિ હોય તો જીવની પણ આદિ હોવી જોઇએ. જીવ અનાદિ હોય તો સૃષ્ટિ પણ અનાદિ જ હોવી જોઈએ.

**પ્રશ્ન૦** જીવ અનાદિ છે કે માતપિતાના સંયોગથી ઉત્પન્ન થયેલો છે?

**ઉત્તર૦** માતા પિતાના સંયોગથી જીવ ઉત્પન્ન થતો નથી, પણ પોષણ પામે છે. માટી અને પાણીના સંયોગ માત્રથી વૃક્ષ ઉત્પન્ન થતું નથી પણ બીજ હોય તોજ વૃક્ષ ઉત્પન્ન થાય માટી અને પાણીથી તો માત્ર વૃદ્ધિ પામે છે. તે રીતે માતાનું

રક્ત અને પિતાનું વીર્ય, એ જીવરૂપી બીજ હોય તોજ કાર્યકર થાય છે. બીજ સ્વયં વૃક્ષરૂપે પરિણમે છે, તેથી વૃક્ષ અવસ્થામાં બીજને જેમ વૃક્ષથી જુદું પાડી શકાતું નથી, તેમ આત્મ પ્રદેશો સ્વયં શરીરના પ્રત્યેક ભાગમાં ગોઠવાઇ ગયેલા હોવાથી શરીરથી જુદા પડી શકતા નથી. એન્જીનડ્રાઈવર એન્જીનમાં હોય છે, તોપણ જેમ તે તેનાથી જુદો છે, તેમ શરીર-રૂપી એન્જીનનો સંચાલક જીવરૂપી ડ્રાઇવર પોતાના લક્ષણો વડે શરીરથી જુદો છે. છતાં તે શરીરમાંજ હોવાથી તેને શરીરથી જુદો જાણવામાં આવતો નથી. શરીર આદિ પદાર્થો અમૂક સમયે ઉત્પન્ન થયા એવી કલ્પના થઇ શકે છે, પરંતુ આત્મા ક્યારે ઉત્પન્ન થયો, એ કલ્પના થઇ શકતી નથી. એજ એમ સાબીત કરે છે કે આત્મા અનાદિ છે: અનાદિ એટલે વસ્તુ વિદ્યમાન હોય છતાં કદી ઉપ્તન્ન થયેલી ન હોય. જીવ અથવા આત્મા એવીજ વસ્તુ છે.

**પ્રશ્ન૦** સંસાર પરિભ્રમણ સકારણ છે કે જીવની માફક સ્વયંસિદ્ધ છે?

**ઉત્તર૦** જે વસ્તુ સ્વયંસિદ્ધ હોય કે નિષ્કારણપણે થયાજ કરતી હોય, તે વસ્તુને રોકવાનો કોઇ ઉપાયજ નથી. જે વસ્તુ કારણને લીધે થતી હોય, તેને અવશ્ય રોકી શકાય છે. કારણ બંધ કરો એટલે કાર્ય આપોઆપ બંધ થઇ જાય. ચકલી બંધ કરો એટલે પાણી આવતું પોતાની મેળેજ બંધ પડી જાય. જે વસ્તુ કોઈ વખત થતી હોય અને કોઇ વખત ન થતી હોય તે વસ્તુ કારણ જન્ય જ હોય છે. જે કારણ વગર થતું હોય તે સદાકાળ થયાજ કરવાનું અથવા તેનું અસ્તિત્વજ

નહિ હોવાનું. બીજા શબ્દોમાં જે વસ્તુનું કોઈ પણ કારણ ન હોય તેની બે સ્થિતિ છે: એક તો તેનું સદાકાળ અસ્તિત્વ જ રહેવાનું અથવા એ વસ્તુનો સર્વથા સદાકાળને માટે અભાવજ રહેવાનો. કારણવાળી વસ્તુઓનો જ નાશ સંભવે છે: નિષ્કારણ વસ્તુનો નાશ સંભવતો નથી. આત્મા કોઈએ પેદા કર્યો નથી, માટે એનો નાશ પણ કોઈ કરી શકતું નથી. સંસાર પરિભ્રમણ આત્માએ પેદા કર્યું છે, તેથી તેનો નાશ પણ આત્મા પોતાના પ્રયત્નવડે કરી શકે છે. સંસારના કારણોથી પ્રતિપક્ષી કારણોનું સેવન સંસાર નાશનો ઉપાય છે.

**પ્રશ્ન૦** નાસ્તિક દર્શન જીવને કેવો માને છે?

**ઉત્તર૦** નાસ્તિક દર્શન જીવને ઉત્પન્ન થવાવાળો માને છે. અને એની ઉત્પત્તિના કારણ તરીકે પૃથ્વી, પાણી આદિ પાંચ ભૂતોને ઓળખાવે છે. એ પાંચનો સંયોગ થતાં જીવ પેદા થાય છે અને વિયોગ થતાં નાશ પામે છે. પરન્તુ એ વાત સાવ ગલત છે. તેઓ કહે છે કે અમે કેવળ પ્રત્યક્ષ પ્રમાણને માનીએ છીએ. કેવળ પ્રત્યક્ષ પ્રમાણને માનનારા એ નાસ્તિકો કેવી રીતે કહી શકે કે પાંચ ભૂતોના સંયોગથી જીવ ઉત્પન્ન થાય છે? પાંચ ભૂતોના સંયોગથી ઉત્પન્ન થતો જીવ તેમણે કદી પણ પ્રત્યક્ષથી દેખ્યો જ નથી. જીવને આસ્તિકો જેમ પ્રત્યક્ષ જોઈ શકતા નથી, તેમ નાસ્તિકો પણ જોઇ શકતા નથી: કારણ કે જીવ અતીન્દ્રિય છે. એ અતીન્દ્રિય જીવને ઉત્પન્ન થતો નાસ્તિકોએ કઇ ઇન્દ્રિયો વડે જોયો? કોઇ પણ ઈન્દ્રિયોવડે નહિ જોવા છતાં જીવ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એમ કહેવું એ પ્રલાપ માત્ર છે. ઇન્દ્રિય

પ્રત્યક્ષથી નાસ્તિકો જ્યારે જીવને પ્રત્યક્ષ કરી શકતા નથી ત્યારે તેને ઉત્પન્ન થવાની તો વાતજ ક્યાં રહી? જ્યાં લુગડાંજ ન હોય ત્યાં તેને પહેરવાની વાત તો હોયજ ક્યાંથી?

ચક્ષુ આદિ કોઇ ઇન્દ્રિય દ્વારાએ આત્મા પ્રત્યક્ષ થતો નથી પણ ચેતના દ્વારાએ થાય છે, એમ નાસ્તિક કહેવા જાય તો ઇન્દ્રિયપ્રત્યક્ષ ઉપરાંત અતીન્દ્રિય પ્રત્યક્ષની સત્તા તેને સ્વીકારવી પડે છે. અને તે તેના મતથી વિરુદ્ધ છે. પદાર્થો ભિન્ન ભિન્ન છે માટે જ પ્રમાણો ભિન્ન ભિન્ન માનવા પડે છે. જગતમાં જો બધાજ પદાર્થો એક સરખા હોત, તો તેનું જ્ઞાન કરનાર પ્રમાણ એકજ હોત: પણ પદાર્થો ભિન્ન ભિન્ન છે, માટે તેને જાણવા માટેના પ્રમાણ પણ ભિન્ન ભિન્ન માનવા પડે છે. જીવ, સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ આદિ અતીન્દ્રિય અને પરોક્ષ પદાર્થો છે, તેથી તેનું જ્ઞાન કરવા માટે અતીન્દ્રિય અને પરોક્ષ પ્રમાણ પણ માનવું જ જોઇએ. અતીન્દ્રિય પ્રમાણ માન્યા વિના પાંચ ભૂતોના સંયોગથી જીવ ઉત્પન્ન થાય છે, વિગેરે વાતો કરવી એ સ્વ-વચન વિરોધી છે. જેને ઘરની બહાર પગજ ન મૂક્યો ન હોય તે કહે કે નદી કીનારે ઘી ગોળના ગાડા લુંટાય છે, એનો અર્થ લોકોને ઠગવા સિવાય બીજો શું હોઇ શકે?

**પ્રશ્ન૦** આત્મા સંબંધી વેદાંત દર્શનની માન્યતા શું છે?

**ઉત્તર૦** વેદાન્તી નાસ્તિક કરતાં પણ એક ડગલું આગળ વધે છે. નાસ્તિકો કહે છે કે જે આંખે દેખાય તેજ માનવું. જ્યારે વેદાંત દર્શનના પ્રણેતાઓ કહે છે કે જે આંખે દેખાય છે તેને જ ખોટું માનવું.

'**सत्यं ब्रह्म, जगन्मिथ्या।**' 'બ્રહ્મ સાચું અને જગત્ જૂઠું.' એનો અર્થ એ કે જે સગી આંખે દેખાય છે, તે બધું જૂઠું અને જે કદી દેખાતું નથી તે જ સાચું. વેદાન્તીઓના મત પ્રમાણે તો જેટલું પ્રત્યક્ષ તે બધું ભ્રાન્ત અને ભ્રમણા. નાસ્તિક કહે છે કે પુણ્ય, પાપ, સ્વર્ગ, નરકાદિ, અમને દેખાય નહિ, તો કેવી રીતે માનીએ? ન દેખવાના કારણે ન માને તે ખરાબ કે દેખવા છતાં ઇન્કાર કરે તે ખરાબ? આત્મા સિવાય બીજી વસ્તુઓ અસાર છે, એમ કહેવાને બદલે અસત્ છે, એમ કહેવા તૈયાર થનાર વેદાન્તી એક અપેક્ષાએ સારાએ જગતનો અપલાપ કરનાર નાસ્તિક નહિ પણ મહાનાસ્તિક અથવા આસ્તિકના વેષમાં છુપાએલ પ્રચ્છન્ન નાસ્તિક છે, એમ કહેવામાં આવે તો શું ખોટું છે? સંસાર અસાર રૂપ હોવા છતાં તેના અસ્તિત્વનો ઈન્કાર નજ કરી શકાય. ઝેર ખરાબ છે એમ કહી શકીએ પણ ઝેર જગતમાં છે જ નહિ, એમ કેમ કહી શકાય? અસાર શબ્દ વસ્તુના ખરાબપણાને બતાવે છે અને અસત્ શબ્દ વસ્તુના અસ્તિત્વનોજ ઈન્કાર કરે છે. સંસાર જો અસત્ જ હોય, તો આત્મા ઉપર તેની પ્રબળ અસર કેવી રીતે જમાવી શકે? આકાશકુસુમે કોઈના ઉપર કશી પણ અસર નિપજાવી છે? માટે આ સંસાર અસત્ નથી પણ અસાર છે, એજ સત્ય સ્થિતિ છે. સંસારની અસત્તાના નહિ પણ અસારતાના સમ્યગ્ જ્ઞાનથી જ જીવ એના મોહમાં કદિ ફસાતો નથી.

**પ્રશ્ન૦** ગર્ભવાસ અને જન્મદશાનાં દુઃખો પ્રત્યેક જીવે અનુભવ્યા છે, છતાં તે ભૂલી કેમ જાય છે?

**ઉત્તર૦** એ દુઃખોનું વિસ્મરણ થવાનું કારણ કાળ છે. કાળ સર્વભક્ષી છે. જન્મકાળ પછી દુનિયાની સમજણ આવે છે ત્યારે પૂર્વકાળે ભોગવેલી વેદનાનો ખ્યાલ જતો રહે છે: કોઈ ખ્યાલ કરાવવા માગે તો પણ આવી શકતો નથી. જેને વીંછી કરડી જાય છે, તેને એ વીંછીના ડંખની અસહ્ય વેદના તે સમયે પૂરેપૂરી અનુભવાય છે પરંતુ બે ચાર દિવસ ગયા પછી એ જ વેદનાનો વિચાર કરવા છતાં, તેનું પુરેપુરૂં ભાન કે સાક્ષાત્કાર કરી શકાતો નથી. વીંછીના ડંખની વેદના ભાનપૂર્ણ દશામાં અનુભવેલી છે, જ્યારે ગર્ભવાસ અને જન્માદિની વેદના અણસમજવાળી અવસ્થામાં ભોગવેલી છે. તેથી તેનું ભાન ન આવે, એ સહજ છે. બાળક જન્મે છે ત્યારે, દાંત બહાર આવવાનાં છિદ્રો હોતાં નથી, પરંતુ પૃથ્વીમાંથી અંકુરો જેમ પૃથ્વી ભેદીને બહાર નિકળે છે, તેમ દાંત પણ અવાળુ ભેદીને બહાર નિકળી આવે છે. એ સમયે બાળકને કેટલી વેદના થતી હશે? તે તેની ચિચિયારીયો અને રૂદન ઉપરથી માલુમ પડે છે. કૂમળા અવાળુ તીક્ષ્ણ દંતધારાઓથી ભેદાય ત્યારે અસહ્ય વેદના થાય જ. એ વેદના જન્મ પછી દરેક વ્યક્તિએ બાળકરૂપે અનુભવેલી હોય છે, છતાં મોટી વયે એ વેદનાનો ખ્યાલ કોને આવે છે? કાળ એ ખ્યાલને ભૂલાવે છે.

**પ્રશ્ન૦** મરણથી શા માટે ડરવું નહિ?

**ઉત્તર૦** મરણ જન્મની સાથે જોડાએલું છે. જેને જન્મવાનું થાય તેને મરવાનું થાય જ, એ આ પૃથ્વી ઉપરનો અવિચળ નિયમ છે. જન્મ બાદ મરણમાંથી કોઈ બચી શક્યું નથી અને અમરત્વ કોઇને મળ્યું નથી. તેથી જ જન્મ્યા પછી

મરણુ ભય રાખવો નિરર્થક છે: ખોટા સંતાપને વધારનારો છે. જે વસ્તુ અવશ્ય થનારી છે, તેનાથી બચવા ફાંફાં મારવા, એ અધિક દુ:ખી થવા માટે છે. જન્મ એ અટકાવી શકાય એમ છે. જન્મના કારણે જ જીવને જરા અને મરણુના દુ:ખો છે. એ જન્મ જ ન થાય, એવો પ્રયત્ન કરવો, એ જીવનો સત્ય પુરૂષાર્થ છે. જીવને રખેને 'હું મરી જાઉં ?' એવો ભય રહ્યા કરે છે. પણુ રખેને 'મારે ગર્ભવાસ' જન્મ, બાલ્યા-વસ્થા કે વૃદ્ધાવસ્થાનાં દુ:ખો ભોગવવા પડે ? એ ભય લેશ પણુ થતો નથી. એ એની ઘોર અજ્ઞાનતા છે. સર્વભક્ષી કાળ એને જન્મ વખતનાં અને ત્યાર પછીનાં દુ:ખો ભૂલાવી દે છે, તેથી તે એક મરણુને જ યાદ રાખે છે, અને સર્વ દુ:ખનું કારણુ એક મરણુ છે, એમ માનીને તેનાથી બચવાના પ્રયાસો કરે છે. પણુ એ પ્રયાસો અર્થહીન હોવાથી મરણુ તો અવશ્ય ભોગવવું જ પડે છે અને તેની સાથે જન્માદિકનાં દુ:ખ ટાળવાનો કાંઇપણુ પ્રયાસ નહિ હોવાથી, એ દુ:ખો પણુ પ્રત્યેક ભવોમાં નવાં નવાં અનુભવવા પડે છે. તત્ત્વદૃષ્ટિવાળો આત્મા એ મરણુભયને દૂર કરી દઈ જન્મના વાસ્તવિક ભયને જ હૃદયમાં સ્થાન આપે છે, અને તેથી ફરી વાર જન્મ ન થાય તેવા જ પ્રયત્નોમાં પરોવાઇ જઈ, જન્મનાં બીજભૂત જે કર્મ, તેને સર્વથા બાળી નાંખવાનો પ્રયાસ કરે છે. બીજ બળી ગયા પછી જેમ અંકુર ઉત્પન્ન થતો નથી તેમ કર્મ દગ્ધ થઈ ગયા પછી, જન્મ-રૂપી અંકુરો પણુ ઊગતો નથી. જન્મ નષ્ટ થવાની સાથે જ જરા મરણુાદિ ઉપદ્રવો પણુ આપોઆપ નાશ પામે છે.

# વારસો

**પ્રશ્ન૦** જૈન કુળનો સાચો વારસો કયો ?

**ઉત્તર૦** જૈન કુળનો સાચો વારસો કેવળ ધનમાલ નથી પણ ધર્મ-ભાવ પણ છે. ધનમાલ ઉપાર્જન કરવાનો મૂખ્ય ઉદ્દેશ કોઇ હોય, તો તે પોતાના જીવનનો વહીવટ સારી રીતે ચલાવી શકાય, જીવનની અનિવાર્ય આવશ્યકતાને પહોંચી વળી શકાય અને વ્યવહારની અમૂક સગવડોને સાચવી શકાય. પરંતુ ધન ઉપાર્જન કર્યા પછી આ ઉદ્દેશ ભૂલાઇ જાય છે અને એનું સ્થાન ધનનો સંચય કરવાનો હલકો ઉદ્દેશ લે છે. પછી આદમી વિચારે છે કે-અમૂક ધન મેળવી લઉં એટલે સંતાનને પણ વારસો આપતો જાઉં. એ જ હકીકત હાટ-હવેલી માટે બને છે. શરૂઆતમાં ટાઢ, તડકો અને વરસાદથી બચવાના ઉપાય તરીકે મકાન બાંધવાની ભાવના ઉત્પન્ન થાય છે, પણ

પાછળથી અનેક મકાનો બંધાવે છે અને ભાડાનો વહેપાર માંડી બેસે છે. રાજ્ય તરફથી એવો કાયદો થાય કે-દરેક માણસ પોતાના હાથે જેટલું વાપરે અને ખર્ચે એટલું ધન એનું: બાકી બીજા કોઈ પણ ધનનો તે કે તેનાં સંતાન માલીક નહિ, પણ રાજ્ય માલીક; તો ધનસંચયની ભાવના ટકે ? ન જ ટકે. રાજા એવો કાયદો ન કરે તો પણ ધર્મી આત્માએ તો એ રીતે જ વર્તવું જોઈએ. બાળકોને ધનનો વારસો આપવાના બદલે ધર્મભાવનાનો કે આત્મભાવનાનો વારસો આપવાની ભાવના જ રાખવી જોઇએ. બાળકને ધાર્મિક વારસો ન અપાય, તો એના આત્મકલ્યાણનું શું થાય ? એને પોતાનું ભવિષ્ય સુધારવાનો પાઠ ક્યાં મળે ? એક સાચા હિંદુનો બચ્ચો ગમે તેટલો ભૂખ્યો થાય, તો પણ માંસ ખાવાનો વિચાર સરખો પણ નહિ કરે: ગમે એટલો તરસ્યો થશે, તો પણ દારૂનું નામ પણ નહિ લેવાનો : તેમ શ્રી જિનેશ્વરદેવનો સાચો સેવક ભૂખથી પેટમાં લ્હાય લાગે તો પણ અનન્તકાય-કંદ-મૂળ ખાવાનો વિચાર સરખો પણ નહિ કરે. એ સાચો ધાર્મિક વારસો છે. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં દરેક જીવને જીવવાનો સરખો હક્ક છે. પોતાની ઇચ્છાતૃપ્તિ માટે અન્ય જીવોનો નિરર્થક સંહાર કરવાની કોઇને છૂટ નથી. એ વારસાને પામેલો જીવનનિર્વાહને માટે હિંસા કરવી પડે તોય તે બળતા હૈયે કરે. તે પણ એટલી જ કરે, કે જે અનિવાર્ય અને ઓછામાં ઓછી હોય. અનંતકાયમાં ક્યાં જીવ દેખાય છે ? એવો કુતર્ક એ ન કરે.

અનંત કાયમાં ક્યાં જીવ દેખાય છે ? એવા કુતર્ક

કરનારાઓને પૂછવું કે–તારા શરીરમાં જીવ ક્યાં દેખાય છે? આંધળો માણસ એમ કેમ કહી શકે કે–અહીં કોઇ નથી? અહીં કોઇ નથી એમ કહેવામાં આંધળો માણસ જેમ ભીંત ભૂલે છે, તેમ અનંતકાયમાં જીવનો ઇન્કાર કરનાર પણ એવી જ ભૂલ કરે છે. જીવને દેખવા માટેની અતીન્દ્રિય ચક્ષુ નહિ હોવાથી, તે આંધળો જ છે. એક સોયના અગ્રભાગ પર એક લાખ દીવાનો પ્રકાશ રહી શકે કે નહિ? મૂર્તપ્રકાશ રહી શકે તો અમૂર્ત એવા અનંત જીવો તેટલા સ્થાનમાં રહી શકે, તેમાં આશ્ચર્ય શું? જેઓ જીભને રાજી રાખવા ખાતર અનંતકાયનું ભક્ષણ કરે છે, તેઓને એમાં પાપ રહેલું છે, એ વાતનું કથન રૂચતું નથી: પરંતુ એક વસ્તુ રૂચે યા ન રૂચે તેથી વસ્તુસ્થિતિમાં તલ માત્ર પણ પરિવર્તન નથી જ થતું. કોઇ પણ સારા યા નરસા નિયમને ચાહનારા અને વખોડનારા–બન્ને જાતિના લોકો દુનિયામાં હોય જ છે. અજ્ઞાન અને વિષયાસક્ત જીવોના નહિ માનવાથી કે ઈન્કાર કરવાથી અનન્તકાયભક્ષણ આદિનું પાપ મિથ્યા થઇ શકતું નથી.

કેવળ જિહ્વેંદ્રિયના સ્વાદમાં જ આનંદ સમાયલો હોય, તો મુસ્લીમ કે ક્રિશ્ચિયન કુળોમાં અવતાર લેવો વધુ ઉત્તમ ગણાય કે જ્યાં ભોજન માટે કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ છે નહિ. હિંદુ બનવામાં ઓછામાં ઓછો માંસ–મદિરાનો ત્યાગ. મુસલમાન બનવામાં પણ ડુક્કરના માંસથી તો અળગું રહેવું પડે. પરંતુ ખ્રિસ્તિ બનવામાં તો કોઇ પ્રકારનો પ્રતિબંધ જ નહિ. ખાવા, પીવા અને મોજશોખની દૃષ્ટિએ વિચારીએ, તો જૈન કુળનો નંબર સૌથી છેલ્લો જ આવે. અને જૈન કુળમાં જન્મનાર કમનશિબ જ ગણાય, કે જેથી

અનેક પ્રકારના પ્રતિબંધવાળા કુળમાં એનો જન્મ થયો. પણ જગતમાં કોઈ પણ સ્થળે ખાવા-પીવાની અમર્યાદિતતાને ઉત્તમપણાનાં ચિહ્ન તરીકે કે ઉત્તમ કુળનાં લક્ષણ તરીકે કદિ પણ વર્ણવામાં નથી આવી. ઉત્તમ કુળની ખૂબી તો એની ખાનદાનીમાં છે. અને એ ખાનદાની બીજા જીવોને ઓછામાં ઓછું દુઃખ દેવાની શુદ્ધ ભાવનામાં રહેલી છે. એ ભાવનાને આચરણમાં ઉતારવાનો સૌથી ઉંચામાં ઉંચો અને અત્યંત જરૂરી માર્ગ જૈન કુળમાં રહેલો છે. જે જિહ્વેંદ્રિય ઉપર સંયમ કેળવી શકે, તે બીજી અનેક વસ્તુઓ ઉપર જરૂરી સંયમ મેળવી શકે છે અને જેને જિહ્વેંદ્રિય ઉપર સંયમ નથી, તે બીજા કોઈ પણ ઉંચા પ્રકારના આત્મિક સયંમ માટે લાયક બની શકતો નથી.

પોતાના સંતાનોને આ જાતિનો ધાર્મિક વારસો આપવા પ્રયત્ન કરવો, એજ સમ્યગ્દૃષ્ટિ માતાપિતાઓનું સાચું કર્તવ્ય છે. એથી જ પોતાના સંતાનોનું આત્મિક ભવિષ્ય સુધરે છે. કેવળ ધનનો વારસો આપી જવાથી જ સંતાન ભવિષ્યમાં સુખી થશે, એ જાતિની માન્યતામાં દીર્ઘદૃષ્ટિ નથી કિન્તુ કેવળ મોહ છે.

**પ્રશ્ન૦** જૈન કુળોમાં પર્વતિથિએ લીલોતરી નહિ ખાવી, ઇત્યાદિ સામાન્ય બાબતો ઉપર બહુ ભાર દેવામાં આવે છે, તે શું વ્યાજબી છે?

**ઉત્તર૦** તદ્દન વ્યાજબી છે. પરંતુ જે સ્ત્રી સદાચાર નામની વસ્તુનું અસ્તિત્વ જ સ્વીકારતી ન હોય, શીલ કે બ્રહ્મચર્ય જેવી વસ્તુમાં જેને શ્રદ્ધા જ ન હોય અને વેશ્યાવૃત્તિને પણ જે સુંદર વસ્તુ ગણતી હોય, તે સ્ત્રી પોતાના

ઉત્તમ કુળને ડગલે ને પગલે પોતાના મનતરંગી વિહારમાં આડખીલી રૂપ માને અને એ કુળને એક પ્રકારના શ્રાપરૂપ સમજે તથા તેનાથી દૂર થવાના વિચારો કર્યા કરે, એ શું બનવા જોગ નથી? તેમ જૈન કુળમાં ઉત્પન્ન થવા છતાં જેઓને કંદમૂળ, રાત્રિભોજન કે અનંતકાયાદિનું ભક્ષણ છોડવું નથી, તેવાઓ પોતાના ઉત્તમ કુળને અને તેની ઉત્તમ રીતભાતને પણ વગોવે તે સ્વાભાવિક છે. તિથિ કે પર્વના દિવસે લીલોતરી છોડવાની વાત આવે છે, ત્યારે એવાઓની બુદ્ધિ બોલી ઉઠે છે કે-શું પર્વતિથિઓના દિવસોમાં સૂર્યોદય નથી થતો? કે જેથી અમૂક દિવસે અમૂક ખાવું અને અમૂક દિવસે અમૂક ન ખાવું, એવો ભેદ કરો છો? કુદરતે જે વસ્તુમાં ભેદ નથી કર્યો એ વસ્તુમાં માણસે શા માટે ભેદ કરવો? સૂર્યને માટે તેરસ અને ચૌદસ બન્ને સરખાં છે, તો પછી એક દિવસે લીલોતરી ખાવી અને એક દિવસે ન ખાવી, એવું શા માટે? પરન્તુ શ્રી જૈનશાસનને તારક સમજનાર ધાર્મિક પુરૂષને સ્વપ્ને પણ આવો વિચાર આવતો નથી. તે તો એકજ વસ્તુને ધ્યાનમાં રાખે છે કે-જેમ બને તેમ જીવનમાં પાપનું સેવન ઓછું થાય, એમાં જ શ્રેય છે. અન્ય દિવસોએ આપણે પાપનું સેવન કરીએ છીએ, એનો અર્થ એવો શા માટે કરવો જોઈએ કે-દરેક દિવસે એ પાપનું સેવન કરવું? પાપથી તો જેટલું બચાય તેટલું સારૂં. પાપથી થોડું પણ બચાય તો તે શું ખોટું છે? એક દિવસ કમાણી ન થઇ, તો બીજે દિવસે પણ કમાણી કરવાનું માંડી વાળવું? એક દિવસ દાન ન દઈ શકયા, તો બીજે દિવસે પણ ન દેવું, એ કયાંનો નિયમ? તેરસ અને ચૌદસે સૂર્ય

એક હોવા છતાં તેરસે જીવીએ છીએ અને ચૌદસે શું મરવું પડતું નથી ? કુદરતે ભેદ નથી રાખ્યો, તમે ભેદ રાખ્યો પણ છે, એટલે માણસે પણ ભેદ રાખવો જોઈએ છે. જેમ સૂર્યોદય છતાં જીવન અને સૂર્યોદય છતાં મરણ થાય છે, તેમાં બીજા કોઈ ગુહ્ય સંયોગોને પણ કારણભૂત માનવા પડે છે, તેમ પાપ–પુણ્યનો આધાર પણ અમૂક દિવસો ઉપર નથી, પરંતુ એ પવિત્ર દિવસોનું અવલંબન લઈને આપણે જેટલા પ્રમાણમાં પાપથી બચી શકીએ છીએ, તેના ઉપર પણ છે. આત્મા નિમિત્તવાસી છે. ઉત્તમ નિમિત્ત પામીને જેટલું પાપથી બચી શકાય તેટલું બચવું, એ જ ધર્મી આત્માઓનું ધ્યેય છે. તેથી પર્વતિથિઓએ લીલોતરી આદિનો ત્યાગ અવશ્ય કરવો, જેથી એ નિમિત્ત પામીને પણ આત્મા પાપ અને આસક્તિથી તેટલા પ્રમાણમાં તો અવશ્ય બચી જાય. વળી પર્વતિથિઓએ વિશેષે કરીને આયુષ્યનો બંધ પડતો હોવાથી, તે દિવસે આત્મા જેમ વધુ સંયમમાં રહે તેમ વધુ લાભ થાય છે, એ પણ એની પાછળ ધ્યેય છે.

**પ્રશ્ન૦** પુરૂષ મોટો કે પૈસો ?

**ઉત્તર૦** એ વસ્તુ સમજવા જેવી છે. કેવળ શ્રીમંતાઈને લઈને માન પામનાર અને માન આપનાર બન્ને ભયંકર કોટિની ભૂલો કરી રહ્યા છે. તે મનુષ્ય ઉત્તમ નથી કે જેની પાસે અપાર દ્રવ્ય હોય, જે દેખાવમાં સુંદર હોય કે જે વિવિધ વિલાસોને સેવનારો હોય. પરન્તુ જેને પોતાના આત્માનું ભાન થયું છે, તે જ પુરૂષ ઉત્તમ છે. જેના આત્મામાં જડ અને ચૈતનનો વિવેક પ્રકટ થયો છે, તેજ વાસ્ત-

વિક સન્માનને પાત્ર છે. જો આત્મામાં એ વિવેક ન હોય તો તે બીજી રીતે ગમે તેટલો આગળ વધેલો હોય, શ્રીમંત હોય, મોટી લાગવગવાળો હોય કે લોકમાં આબરૂદાર ગણાતો હોય, તો પણ વાસ્તવિક માનને પાત્ર નથી.

શ્રીમંતને જે માન મળે છે, તે તેને નથી મળતું પણ તેના દ્રવ્યને, સુવર્ણને અને માલમિલ્કતને મળે છે. લક્ષાધિપતિ આજે પૂજાય છે અને તેની કિંમત ગણાય છે, પણ કાલેજ જો તેની સંપત્તિ ચાલી જાય, તો તેને કોઈ ઓળખતું પણ નથી. પૈસાદાર ઉપર લોકો જે સ્નેહ રાખે છે, તે તેના ઉપર નહિ પણ તેના પૈસા ઉપર છે. પૈસા ઉપર સ્નેહ રાખવાની આ વૃત્તિ ભયંકર ભૂલ ભરેલી છે. લોકોએ મનુષ્યના વૈભવને નહિ પણ મનુષ્યને માન આપતાં શીખવું જોઇએ. મનુષ્યમાં માનને પાત્ર મનુષ્યત્વ છે: નહિ કે તેનો વૈભવ કે ઇન્દ્રિયોનો વિલાસ. ઇન્દ્રિયોનો વિલાસ તો જેમ મનુષ્યોમાં હોય છે, તેમ પશુઓમાં પણ હોય છે. મનુષ્યોને જેમ સ્વાદ પ્રિય છે, તેમ પશુઓને પણ છે. વાડ આંબાને જ કરવી પડે છે, લીંબડાને નહિ. એક પણ ચીજ નહિ છોડનાર ઊંટ પણ તમાકુના ખેતરમાં ચરવા જતું નથી. અમૂક વસ્તુ ખાવી કે ન ખાવી, તેનો વિવેક જેમ મનુષ્યમાં છે, તેમ પશુઓમાં પણ છે. બન્નેને પાંચ ઇન્દ્રિયો છે. ક્ષુધા આદિ વિકારો બન્નેને સરખાં છે. બન્ને મરણના ભયથી ડરે છે. ટાઢું, ઊનું, લીસું, ખરબચડું, મનુષ્ય અને જાનવર બન્નેને સમજાય છે. સુન્દર દેખાવવાળી વસ્તુઓ

બન્નેને ગમે છે. સંગીતનો સુન્દર શબ્દ બન્નેને પસંદ આવે છે. કડવો, કઠોર કે કર્કશ શબ્દ બન્નેને ગમતો નથી. કામ ક્રોધાદિ (ઇંદ્રિયો અને મનના વિકારો) બન્નેને સરખા છે. બન્નેમાં બુદ્ધિ રહેલી છે. પશુઓ ઝેરી પદાર્થોને સુંઘવા માત્રથી પરખી લે છે. એ શક્તિ માણુસોમાં નથી. સિંકાપર રહેલી વસ્તુ ખારી છે, ખાટી છે, કે મીઠી છે, તે મનુષ્ય નજરે જોયા કે ચાખ્યા વિના પારખી શકતો નથી, જ્યારે કીડી એક ઝપાટામાં પારખી કાઢે છે. જો ઇન્દ્રિયોથી વધારે ઓછી બુદ્ધિનું માપ નિકળી શકતું હોય, તો મનુષ્ય કરતાં પશુ કોઈ પણ રીતે ઉતરતું નથી. પોતાને અમૂક વસ્તુનો સ્પર્શ થયો છે, એ પશુઓ ઝપાટામાં પારખી નાંખે છે. માલીકના સ્પર્શથી આનંદ પામે છે, ખાટકીના સ્પર્શથી કંપ પામે છે. છતાં માણુસ ઊત્તમ છે, અને પશુ નહિ, એનું શું કારણુ? જેની પાસે વધારે ચાંદી હોય, વધારે સોનું હોય, વધારે મોતી હોય, વધારે જવાહીર હોય, વધારે જંગમ કે સ્થાવર મિલ્કત હોય, એ સન્માનને પાત્ર ગણુાય છે, તે વ્યાજબી નથી. માણુસ એ દ્રવ્યથીજ જો સન્માનને પાત્ર હોય તો—એ હીરા અને એ મોતી વિગેરે તો તેથી પણુ અધિક સન્માનને પાત્ર હોવા જોઇએ. પરંતુ એ બધી વસ્તુઓ તો જડ છે. અવસરે આત્માને જરા જેટલી પણુ ઉપયોગી થઈ શકતી નથી. મરણુ આવીને ઊભું રહે ત્યારે હીરા અને મોતીનો ભંડાર તે મરણુને અટકાવી શકતો નથી. આગ લાગી હોય ત્યારે સુવર્ણુના ભંડારથી શાંત કરી શકાતી નથી. તૃષા લાગી હોય ત્યારે મોતીનો હાર તૃષાને

છીપાવી શકતો નથી અગર ખારા પાણીને મીઠું બનાવી શકતો નથી.

શ્રીમંતને જે માન અપાય છે, તેમાં મૂળ વસ્તુને ભૂલી જવાય છે અને બહારના દેખાવ ઉપર મોહિત થઇ જવાય છે. શ્રીમંત માણુસમાં પણ જો માણુસાઇનો એક અંશ પણ ન હોય, આત્મભાનનો લેશ પણ પ્રગટયો ન હોય, પ્રતિદિવસ ગમે તેવાં પાપ કર્મો કરવા માટે લેશ પણ સંકોચ ન હોય, શરીર ઉજળું પણ હૃદય કાળું હોય, તો તે એક અંશે પણ માનને પાત્ર રહેતો નથી.

મનુષ્યની ઉત્તમતા કે મહત્તા તેની માણુસાઈના અંગે જ છે : તેના આત્મભાનના અંગે છે. જેનો આત્મા સંસ્કારી છે, તેજ વાસ્તવિક સન્માનને પાત્ર છે. આત્મસંસ્કાર વગરનું સર્વ કાંઇ નકામું છે. શાસ્ત્રકારોએ, સાહિત્યકારોએ, કવિઓએ, જ્ઞાની કે મહાત્મા પુરૂષોએ મનુષ્યભવની કિંમત ગણી છે, તે તમામ તેના આત્મભાનને અંગે ગણી છે. જેને પોતાના આત્માનું ભાન થયું છે, તે મનુષ્ય છે અને જેને આત્મભાન થયું નથી, તે આકારથી મનુષ્ય હોવા છતાં પણ વર્તનથી પશુ છે. શરીર અને આત્મા અલગ થઈ ગયા એટલે મેળવેલાં કરોડો એ ધૂળ બરાબર છે. પશુથી મનુષ્યને જૂદું પાડનાર કોઇપણ હોય તો તે આત્માનો વિચાર છે. પશુને બીજો ગમે તે વિચાર આવતો હશે પણ તેને એવો વિચાર આવતો નથી કે હું કોણ છું ? કયી ગતિમાંથી આવ્યો છું ? ક્યાં કર્મ કરૂં છું ? એ કર્મનો બદલો કેવો મળશે ? અહીંથી મરીને મારે કયાં જવાનું છે ? આ જાતિનો આત્મવિચાર પશુ-

ઓમાં નથી. મનુષ્યને મનુષ્યત્વ પ્રાપ્ત કરાવનાર આ આત્મ-વિવેક જ છે. જાનવર જન્મે, જીવે અને માલીકનું કામ કરીને યથાસમયે ચાલતો થાય, તેમ મનુષ્ય પણ જન્મે, જીવે અને આખા કુટુંબની ચાકરી કરી, કુટુંબ માટે વૈભવ ભેળો કરી, આયુષ્ય કર્મ પૂરૂં થયે મરી જાય, તો તે મનુષ્ય અને પશુમાં ફેર શું રહ્યો ? જેમ જાનવર પોતાના જીવનનો કાંઈ વિચાર કરતો નથી અને એમને એમ મરણ પામે છે, તેમ મનુષ્ય પણ આત્મજીવનનો કાંઇ પણ વિચાર કર્યા સિવાય જ મરણ પામે, તો તેનું જીવતર પણ ધૂળ છે. મનુષ્ય જે કુટુંબમાં જન્મે છે, તે આખા કુટુંબની ચાકરી કરે છે, કુટુંબના દરેક માણસોના જાતજાતના વૈભવો પૂરા કરાવવા માટે પોતાના દેહને ઘસી નાખે છે, હજારો રૂપીઆ મેળવે છે, કુટુંબને માતબર બનાવે છે, પણ જ્યારે સંસાર છોડી પરલોક જાય છે, તે વખતે તેના જીવનની કેટલી કિંમત રહે છે ? તેને બદલામાં તેને શું મળે છે ? જીંદગીભરનું અનાજ અને કપડાં લત્તાં સિવાય શું ? કાંઈ જ નહિ. માટે જ જ્ઞાનીઓ કહે છે કે—

મનુષ્યની ઉત્તમતા આત્મભાવના પર અવલંબેલી છે. હીરા ને કોલસામાં ફરક હોય તો માત્ર પ્રકાશનો છે. જે કોલસો તેજસ્વી છે, સુંદર પ્રકાશ આપે છે, તે હીરો છે. અને જે કોલસો કાળો છે, તેને લોકો કોલસો કહે છે. તે જ પ્રમાણે પશુઓમાં અને મનુષ્યમાં આત્મા એક જ છે. પરન્તુ આત્મા જો આત્મભાન ન મેળવે તો તેનો દેહ મનુષ્યનો હોવા છતાં તે પશુ છે: જે ઘડીયે એ, આત્મા અને કર્મનું ભાન મેળવે છે, તેજ ઘડીયે તે સાચો મનુષ્ય બને છે.

**પ્રશ્ન૦** સાચો સંજ્ઞી કોણ?

**ઉત્તર૦**–જેને મન:પર્યાપ્તિ–મનના પુદ્‍ગલો પરિણમાવવાની તાકાત છે, તે સંજ્ઞી છે. એ તાકાત જેને નથી તે અસંજ્ઞી છે. સંજ્ઞી એટલે લાંબાકાળની સંજ્ઞાવાળા, લાંબા કાળનો વિચાર કરવાવાળા. ભૂત, ભવિષ્ય અને વર્તમાન, ત્રણે કાળનો વિચાર કરવાવાળા. વિચાર શબ્દ એક હોવા છતાં તેના અર્થમાં ફેર છે. **'પુરૂષોત્તમ'** શબ્દનો જૈન દૃષ્ટિએ તીર્થંકર અર્થ અને વૈષ્ણવ–દૃષ્ટિએ તેનો અર્થ **'કૃષ્ણ'** થાય છે. અર્થ કરવામાં ચારે બાજુ દૃષ્ટિ રાખવી પડે છે. અહીં "સંજ્ઞી" શબ્દનો અર્થ કરતાં પણ શાસ્ત્રકારો ફરમાવે છે કે કેવળ ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો વિચાર કરે, તેટલા માત્રથી તે સંજ્ઞી નથી, પણ આત્મા સંબંધી ત્રણે કાળનો અર્થાત્ નવતત્ત્વાદિકનો વિચાર કરે તે સાચો સંજ્ઞી છે. સ્ત્રી, પુત્ર, સંપત્તિ આદિ સંબંધી ત્રણે કાળના વિચારો કરે, તેટલા માત્રથી શાસ્ત્રકારોની દૃષ્ટિએ તે સંજ્ઞી નથી. ગાંડો માણસ પણ ભૂખ અને તરસની વખતે ડાહ્યો બની જાય છે: ગંદા પદાર્થનું ભક્ષણ કરતો નથી : પઠાણને દેખીને અક્કલવાળો બની જાય છે: પરન્તુ તેટલા માત્રથી તે ડહાપણવાળો ગણાતો નથી. કારણ કે–તેને આહાર વિહારનો વિચાર છે પણ તેના સાધનોનો વિચાર નથી. તેમ જેઓને કેવળ પૌદ્‍ગલીક સુખો અને તેના સાધનોનોજ વિચાર છે, પરન્તુ આત્માનો કે તેના મોક્ષનો વિચાર જ નથી, તે પણ શાસ્ત્રકારોની દૃષ્ટિએ વિચારક નથી કિન્તુ અવિચારક છે. નિરંતર સંસારવ્યવહારના વિચારોને સેવે છે, તેને શાસ્ત્રકારો સાચો વિચારશીલ માનતા નથી.

શાસ્ત્રકારો તેને જ સાચો વિચારશીલ માને છે કે જે આત્માના પણ વિચારો કરે છે.

**જેમ ખાવા પીવાનો વિચાર કરે પણ કમાવાનો વિચાર ન કરે તો વ્યવહારમાં ગતાગમ વિનાનો કહેવાય છે. તેમ દુનિયાદારીના વિચારો કરે પણ આત્માનો વિચાર ન કરે તો તેને પણ શાસ્ત્રકારોની દૃષ્ટિએ ગતાગમ વિનાનો કહેવાય છે.** શાસ્ત્રકારોની દૃષ્ટિએ સાચો દૃષ્ટિવાદી કે સાચો વિચારક તે જ છે કે જે થઈ ગયેલા અનંતા ભવો, વર્તમાન ભવ, ભવિષ્યના ભવો, જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ સંબંધી વિચાર નિરંતર કરે છે. કેવળ વિષયોના વિચારથી ભરેલું મનુષ્યપણું, એ મનુષ્યપણું નથી પણ જાનવરપણું છે. કિંમતની અપેક્ષાએ એવું મનુષ્ય જીવન જડ જીવન કરતાં પણ હલકું છે. પત્થર જેવું જડ જીવન, ભલે તે કોઈના ઉપયોગમાં આવનારૂં ન હોય છતાં તે જીવન કોઇને દુઃખ પણ આપતું નથી. જ્યારે વિષયોના વિચારવાળું મનુષ્ય જીવન બીજાને પીડાકારી નિવડે છે. તેવું જીવન જીવનારને શાસ્ત્રકારો વિચારશીલ કે સંજ્ઞી કેવી રીતે માને ? સંજ્ઞા ત્રણ પ્રકારની છે તેમાં દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા તે છે કે જેમાં સ્પર્શાદિક વિષયોમાં ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિ અને પરિહાર માટે કે આ ભવને અંગેજ ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં થતી ઈષ્ટાનિષ્ટની પ્રાપ્તિ કે પરિહાર માટેજ માત્ર દૃષ્ટિ રખાતી ન હોય પરંતુ આત્માના સમ્યગ્દર્શનાદિ સ્વરૂપમાં, આશ્રવ અને સંવરાદિના હેયોપાદેયપણામાં તથા અતીત અનાગતનાં

ભવભ્રમણનાં દુઃખો દૂર કરવામાં, તત્ત્વદૃષ્ટિ રખાતી હોય. એવી તત્ત્વદૃષ્ટિવાળા આત્માઓ જ શ્રી જૈન સંઘમાં સાચો સંજ્ઞી અને વિચારક મનાય છે.

**પ્રશ્ન૦** સાચા વિચારપણાની સ્પષ્ટ વ્યાખ્યા શું?

**ઉત્તર૦** જે હમેશાં પાપથી બચવાનો વિચાર કરે, જે શરીરના પોષણ શોષણનો વિચાર એક તરફ અથવા ગૌણ બનાવી પોતાના આત્માને અનાદિકાલથી લાગેલ ભવરોગના પ્રતિકારની ચિંતા કરે, જે ભવાભિનન્દિતાનો માર્ગ મૂકી ભવ-ભીરૂતાના પંથે વિચરે, તેજ તત્ત્વદૃષ્ટિએ સાચો વિચારશીલ, સાચો સમજદાર અને સાચો જ્ઞાની છે. પીંડ પોષવા માટે, નશ્વર કાયાને આનંદ આપવા માટે, શરીરની, ઘરની, કુટુંબની, સંસારવ્યવહારની, ધનદોલતની કે લાડી, વાડી અને ગાડીની સાર સંભાળ કરવાના રાત દિવસ જે વિચારો થયા કરે છે, એમાં કાંઈ પણ ખામી ન આવે તે માટે હમેશાં સચેત રહેવાય છે તથા એમાં જણાતી ઊણપ દૂર કરવા માટે ભરચક કોશિષ કરવામાં આવે છે, તેને અર્થાત્ ભૌતિક આનંદ વૈભવના વિચારોને-શાસ્ત્રોમાં બીલકુલ ઊંચું સ્થાન આપવામાં આવ્યું નથી. એ વિચારોમાં પૂરો થતો જન્મ એ ભવોની હારમાળામાં એક મણકાનો વધારો કરતો જાય છે, એ સિવાય એનો બીજો કોઈ ઉપયોગ નથી. સંસાર તથા વ્યવહારના-કાર્યો દેખાવમાં કદાચ ભલે સુંદર લાગતા હોય, તત્કાળ અનુભવની અપેક્ષાએ ભલે એમાં મધુરતા પણ અનુભવાતી હોય, પરંતુ એનું પરિણામ છેવટે કપરૂં જ છે. જ્યારે શાસ્ત્રકારોએ બતાવેલા આત્મિક કાર્યોમાં

કદાચ બાહ્ય આડંબર, દેખીતી સુંદરતા કે પ્રત્યક્ષ મધુરતા ન પણ અનુભવાતી હોય, છતાં એનું પરિણામ આત્મશુદ્ધિમાં, આત્મ ઉદ્ધારમાં અને આત્માના ભવરોગના નાશમાં જ આવવાનું છે. 'જેનું છેવટ સારૂં તેનું સઘળું સારૂં અને જેનો અંત ખરાબ તેનું સઘળું ખરાબ.' એ ન્યાય જગપ્રસિદ્ધ છે. એ કારણે વિચાર-શીલ પુરૂષો ઝાંઝવાંના નીરના જેવી ભ્રામક સુંદરતાના પાશમાં ન ફસાતાં શાશ્વત આનંદને આપનાર આત્મ વિચારમાં જ નિમગ્ન બને છે.

# શ્રી જિનાગમ

**શ્રી જિનાગમની આઠ ઉપમાઓ.**

૧ સૂર્ય, ૨ ચંદ્ર, ૩ દીપક, ૪ દર્પણ, ૫ અગ્નિ, ૬ ઔષધ, ૭ આંખ અને ૮ હાટ.

૧ સૂર્ય જેમ પોતાના પ્રકાશ વડે બાહ્ય પદાર્થોને દેખાડે છે તેમ શ્રી જિનાગમ પણ તેનું અધ્યયન કરનારને લોકાલોકના ભાવને જણાવે છે.

૨ ચંદ્ર જેમ પોતાની શીતળતા વડે જગતને આનંદ આપે છે તેમ શ્રી જિનાગમ પણ જગતને નિજસ્વરૂપ (જ્ઞાન દર્શન)માં રમણુતા–તન્મયતા રૂપી આનંદને પમાડે છે.

૩ દીપક જેમ અંધકારનો નાશ કરે છે તેમ શ્રી જિનાગમ પણ આન્તર તિમિર–મોહાન્ધકારનો નાશ કરે છે.

૪ દર્પણ જેમ તેની અંદર જોનારને પોતાની આકૃતિ બતાવે છે, તેમ શ્રી જિનાગમ પણ તેનું અધ્યયન કરનારને પોતાનું આત્મ સ્વરૂપ બતાવે છે.

૫ અગ્નિ જેમ ઇન્ધનને બાળે છે તેમ આગમ જ્ઞાન-રૂપી અગ્નિ કર્મરૂપી ઈન્ધનને બાળવાનું કામ કરે છે.

૬ ઔષધ જેમ શરીરના રોગોને મટાડે છે તેમ આગમ રૂપી દવા મિથ્યાત્વાદિ આત્માના ભાવરોગોને મટાડે છે.

૭ આંખ જેમ જોનારને માર્ગ ઉન્માર્ગ બતાવે છે તેમ આગમ પણ તેના ભણનારને સન્માર્ગ ઉન્માર્ગનું ભાન કરાવે છે.

૮ હાટ જેમ અનેક કરીયાણાઓનું સંગ્રહસ્થાન હોય છે તેમ શ્રીજિનાગમ પણ અનેક શાસ્ત્રો અને તેની વ્યાખ્યાઓનું સંગ્રહસ્થાન છે.

ઉપરોક્ત ગુણવાળા શ્રી જિનાગમને અન્ય શાસ્ત્રોની સાથે સરખાવવું તે અમૃતને વિષની સાથે, જલને અગ્નિની સાથે, અંધકારના સમૂહને સૂર્યના તેજની સાથે, મિત્રને શત્રુની સાથે, ફુલની માળાને સર્પની સાથે, ઐરાવતને રાસભની સાથે, ચિન્તામણિરત્નને પાષાણની સાથે અને ચંદ્રની કાન્તિને સૂર્યના આતપની સાથે સરખાવવા બરાબર છે.

શ્રી જિનવચનને સાંભળવાની રીત—

निद्दा–विकहापरिवज्जिएहिं पंजलीउडेहिं ।
भत्तिबहुमाणपुव्वं सुणेअव्वं जिणवयणं ॥१॥

નિદ્રા વિકથાનો પરિત્યાગ કરી, બે હાથ જોડી, ભક્તિ બહુમાન પૂર્વક શ્રી જિનવચન સાંભળવું જોઇએ.

નિદ્રા—સુસ્તી અને ઊંઘ વગેરે આળસ—પ્રમાદ.
વિકથા—સ્ત્રી, ભક્ત, દેશ અને રાજકથા વિગેરે.
ભક્તિ—અભ્યુત્થાનાદિ બાહ્ય વિનયોપચાર.

બહુમાન—આંતરિક પ્રીતિ વિશેષ.

શ્રી જિન વચન સાંભળવાથી થતા ગુણો—

શ્રી જિન વચન સાંભળવાથી શ્રમ દૂર થાય છે, આધિ વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપ શમે છે, જડતાનો ઉચ્છેદ થાય છે, સમતા ભાવની વૃદ્ધિ થાય છે તથા ઈન્દ્રિયો રૂપી અશ્વો અને મનરૂપી વાનર વશમાં આવે છે.

શ્રીજિનવચનને શાસ્ત્રમાં નોળવેલની પણ ઉપમા આપી છે. નોળવેલ એક એવી જાતની વનસ્પતિ છે કે જેને સુંઘ-વાથી નોળીયાને સર્પદંશથી ચઢેલું ઝેર ઉતરી જાય છે. તેજ રીતીએ પ્રાણીઓને મોહ રૂપી ફણિધરના ડસવાથી ચઢેલું રાગ રૂપી વિષ નિરંતર વિધિપૂર્વક શ્રીજિનવચનનું શ્રવણ કરવાથી ઉતરી જાય છે.

શ્રીજિનવચનની મીઠાશ અમૃત, દ્રાક્ષ, શર્કરા અને ઈક્ષુ રસની મીઠાશ કરતાં પણ અનંત ગુણી અધિક છે. શ્રી જિનવચન ઉત્તમ મંત્ર સમાન અને અપૂર્વ રસાયણ તુલ્ય પણ છે.

શ્રીજિનવચનનું શ્રવણ કરનાર જન્માંતરમાં અંધતા, મૂકતા, જડતા અને મતિમંદતાને પામતો નથી. તથા આ ભવમાં પણ સમૃદ્ધિ, પાંડિત્ય અને પ્રતિષ્ઠાને પામે છે.

નિરંતર શ્રીજિનવચનનું શ્રવણ કરનારને નિત્ય નવીન નવીન સંવેગ, વૈરાગ્ય, વિષય સુખો પ્રત્યે ઉદાસીનતા, મોક્ષા-ભિલાષ, આત્મ રમણતા તથા રાગ દ્વેષની મંદતા વગેરે સુરતરૂ અને કામકુંભથી પણ ચઢીયાતા ગુણો પ્રાપ્ત થાય

છે. અથવા શ્રીજિનવચનરૂપી જહાજ જેને પ્રાપ્ત થાય છે તે જીવ આ સંસાર સાગરને સહેલાઇથી તરી જાય છે.

જેઓએ શ્રી જિન વચનનું શ્રવણ કર્યું નથી, તેઓને નીચેની વસ્તુઓનું જ્ઞાન કદી થતું નથી.

૧ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના જીવો.

૨ ચાર ગતિ અને છ જીવનિકાયનું સ્વરૂપ.

૩ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવને રહેવાનાં સ્થાન.

૪ ચારે ગતિમાં રહેલા જીવોનાં આયુષ્ય, પ્રાણુ, અને કાયસ્થિતિ (ફરીને તેની તે અવસ્થા પામવી તે).

૫ દુઃખ તથા સુખ અને બંધ તથા મોક્ષનાં હેતુઓ.

૬ મોક્ષ અને સિદ્ધના જીવોનું સ્વરૂપ.

૭ ષડ્દ્રવ્યો અને નવતત્ત્વો.

૮ કર્મનો બંધ, સત્તા, ઉદય, ઉદીરણા અને અબાધા.

૯ કર્મનો સંક્રમ, ઉદ્વર્તના, અપવર્તના, સ્થિતિઘાત, રસઘાત ઇત્યાદિ.

૧૦ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ.

૧૧ નય, ભંગ, પ્રમાણ અને નિક્ષેપ.

૧૨ વિધિ, નિષેધ, ઉત્સર્ગ, અપવાદ, વ્યવહાર, નિશ્ચય, સામાન્ય, વિશેષ, જ્ઞાન, ક્રિયા, ક્ષેત્ર, કાળ, દ્રવ્ય અને ભાવ.

પૂર્વ મહર્ષિઓ ફરમાવે છે કે શ્રી જિનવચન રૂપી સૂત્રમાં પરોવાયેલ જીવરૂપી સોય આ ભવચક્રમાં કદિ પણ ખોવાઇ જતી નથી. ભાવથી પ્રાપ્ત કરેલ શ્રી જિનવચનનું એક પણ સૂત્ર જીવને આ સંસારસાગરથી ઉદ્ધારવાને સમર્થ થાય છે.

એ સંબંધે કહ્યું છે કે—

एकमपि तु जिनवचनाद् यस्मान्निर्वाहकं पदं भवति ।
श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥१॥

શ્રીજિનવચનનું એક પણ પદ સંસારસાગરથી પાર ઉતારનારૂં થાય છેઃ કારણ કે એક સામાયિક માત્ર પદને પામીને પણ અનંતા આત્માઓ સિદ્ધિ પદને પામ્યાનું સંભળાય છે.

# "श्रीपरमात्मद्वात्रिंशिका।"*

सत्त्वेषु मैत्रीं गुणिषु प्रमोदं,
क्लिष्टेषु जीवेषु कृपापरत्वम्।
मध्यस्थभावं विपरीतवृत्तौ,
सदा ममात्मा विदधातु देव! ॥१॥

હે દેવ ! મારો આત્મા સદા પ્રાણિઓને વિષે મૈત્રી, ગુણવાનોને વિષે પ્રમોદ, દુઃખી જીવોને વિષે દયા અને વિપરીત વર્તન વાળાઓ પ્રત્યે મધ્યસ્થ ભાવને ધારણ કરવાવાળો થાઓ. (૧)

---

* દિગમ્બરાચાર્ય શ્રી **અમિતગતિ**સૂરિ વિરચિત 'શ્રીપરમાત્મદ્વાત્રિંશિકા' એ નામની પ્રસિદ્ધ સ્તુતિ અહીં ભાવાનુવાદ સહિત આપવામાં આવે છે. ધર્મ–શ્રદ્ધાનું અંતિમ ફળ, આત્માને પરમાત્માની સાથે તન્મય બનાવવો, તે છે. તે કાર્યમાં આ સ્તુતિ યત્કિંચિત્ મદદગારરૂપ થાય, તેવો સંભવ છે. શ્વેતામ્બર આચાર્યો વિરચિત બીજી આથી પણ વિશેષ ભાવવાહી સ્તુતિઓ ઘણી છે છતાં પણ ગુણાનુરાગથી આકર્ષાઈ એક દિગમ્બરાચાર્યની કૃતિને અહી સ્થાન આપવામાં આવ્યું છે. દિગમ્બરો અમૂક વિષયમાં શ્વેતામ્બરો સાથે સમાન તંત્રવાળા હોવાથી નિષ્પક્ષ શ્વેતામ્બર મહર્ષિઓએ દિગમ્બર આચાર્યોની કૃતિઓ ઉપર ટીકાઓ વિગેરે લખ્યાના અને એ રીતે પણ પોતાનો ગુણાનુરાગ વ્યક્ત કરવાની સાથે સમ્યગ્ જ્ઞાનના પ્રચાર માટે પ્રયાસ કર્યાના દાખલા મળી આવે છે.

शरीरतः कर्तुमनन्तशक्तिं,
विभिन्नमात्मानमपास्तदोषम् ।
जिनेन्द्र ! कोषादिव खड्गयष्टिं,
तव प्रसादेन ममास्तु शक्तिः ॥२॥

હે જિનેન્દ્ર ! આપના પ્રસાદથી અનન્ત શક્તિવાળા અને દોષ વિનાના મારા આત્માને, મ્યાનથી તલવાર જેમ અલગ કરાય, તેમ શરીરથી અલગ કરવાની શક્તિ પ્રાપ્ત થાઓ. (૨)

दुःखे सुखे वैरिणि बन्धुवर्गे,
योगे वियोगे भुवने वने वा ।
निराकृताशेषममत्वबुद्धेः,
समं मनो मेऽस्तु सदापि नाथ ! ॥३॥

હે નાથ ! દુઃખને વિષે અથવા સુખને વિષે, વૈરિને વિષે અથવા બન્ધુ વર્ગને વિષે, સંયોગને વિષે અથવા વિયોગને વિષે, ઘરને વિષે અથવા જંગલને વિષે, દૂર કરી નાંખી છે સમસ્ત મમત્વની બુદ્ધિ જેણે એવા મને સમાન મન પ્રાપ્ત થાઓ. (૩)

मुनीश ! लीनाविव कीलिताविव,
स्थिरौ निखाताविव बिम्बिताविव ।
पादौ त्वदीयौ मम तिष्ठतां सदा,
तमोधुनानौ हृदि दीपिकाविव ॥४॥

હે મુનીશ ! અંધકારને દૂર કરનાર બે દીપકોની જેમ આપના બે ચરણો મારા હૃદયને વિષે જાણે લીન થયા હોય, જોડાઇ ગયા હોય, સ્થિર થયા હોય, રોપાઇ ગયા હોય અથવા પ્રતિબિમ્બિત થયા હોય, તેમ થઇ જાઓ. (૪)

**एकेन्द्रियाद्या यदि देव! देहिनः,**
**प्रमादतः संचरता इतस्ततः।**
**क्षता विभिन्ना मीलिता निपीडिता-**
**स्तदस्तु मिथ्या दुरनुष्ठितं तदा ॥५॥**

હે દેવ ! પ્રમાદથી અહીં તહીં ફરતા એવા મેં એકેન્દ્રિયાદિ પ્રાણિઓને હણ્યા હોય, વિખુટા પાડ્યા હોય, એકઠા કર્યા હોય, અથવા અત્યંત પીડા ઉપજાવી હોય, તે મારા દુષ્ટચેષ્ટિતનો, મિથ્યા દુષ્કૃત હો. (૫)

**विमुक्तिमार्गप्रतिकूलवर्त्तिना,**
**मया कषायाक्षवशेन दुर्धिया।**
**चारित्रशुद्धेर्यदकारि लोपनं,**
**तदस्तु मिथ्या मम दुष्कृतं प्रभो! ॥६॥**

હે પ્રભો ! મોક્ષ માર્ગથી પ્રતિકૂલ વર્તનારા, કષાય અને ઇન્દ્રિયોને પરવશ થયેલા અને દુષ્ટ બુદ્ધિવાળા એવા મારા વડે જે કાંઇ ચારિત્ર શુદ્ધિનો લોપ કરાયો હોય, તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. (૬)

**विनिन्दनालोचनगर्हणैरहं,**
**मनोवचःकायकषायनिर्मितम्।**

**निहन्मि पापं भवदुःखकारणं,**
**भिषग्विषं मन्त्रगुणैरिवाखिलम् ॥७॥**

મન, વચન, કાયા અને કષાયોથી કરાયેલું, સંસાર દુઃખનાં કારણ ભૂત એવું પાપ, વૈદ્ય જેમ મન્ત્રના ગુણો(પ્રભાવ) વડે સમગ્ર વિષને હણી નાંખે, તેમ આલોચના, નિન્દા અને ગર્હણા વડે હું હણી નાંખું છું. (૭)

**अतिक्रमं यद्विमतेर्व्यतिक्रमं,**
**जिनातिचारं सुचरित्रकर्म्मणः ।**
**व्यधामनाचारमपि प्रमादतः,**
**प्रतिक्रमं तस्य करोमि शुद्धये ॥८॥**

હે જિન ! વિપરીત મતિ અને પ્રમાદથી ઉત્તમ ચારિત્ર-ક્રિયાને વિષે મેં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર લગાડ્યા હોય, તેની શુદ્ધિ માટે હું પ્રતિક્રમણ કરૂં છું. (૮)

**क्षतिं मनःशुद्धिविधेरतिक्रमं,**
**व्यतिक्रमं शीलवृतेर्विलंघनम् ।**
**प्रभोऽतिचारं विषयेषु वर्तनं,**
**वदन्त्यनाचारमिहातिसक्तताम् ॥९॥**

હે પ્રભો ! મનઃશુદ્ધિને વિષે ક્ષતિને અતિક્રમ, શીલવૃદ્ધિના વિલંઘનને વ્યતિક્રમ, વિષયોને વિષે પ્રવૃત્તિને અતિચાર અને તેનેજ વિષે અતિ આસક્તિને મહર્ષિઓ અનાચાર કહે છે. (૯)

यदर्थमात्रापदवाक्यहीनं,
मया प्रमादाद्यदि किञ्चनोक्तम् ।
तन्मे क्षमित्वा विदधातु देवी,
सरस्वती केवलबोधलब्धिम् ॥१०॥

પ્રમાદથી મેં જે કાંઇ અર્થહીન, માત્રાહીન, પદહીન કે વાકયહીન કહ્યું હોય તેની ક્ષમા કરીને શ્રી સરસ્વતી દેવી મને કેવલ જ્ઞાનની લબ્ધિને આપો. (૧૦)

बोधिः समाधिः परिणामशुद्धिः,
स्वात्मोपलब्धिः शिवसौख्यसिद्धिः ।
चिन्तामणिं चिन्तितवस्तुदाने,
त्वां वंद्यमानस्य ममास्तु देवि ! ॥११॥

હે દેવિ ! ચિન્તિતવસ્તુનું દાન કરવાને વિષે ચિન્તામણિ તુલ્ય એવી તને વંદન કરતાં, મને બોધિ, પરિણામશુદ્ધિ, સ્વ-આત્મોપલબ્ધિ તથા શિવ સૌખ્યની સિદ્ધિ થાઓ. (૧૧)

यः स्मर्यते सर्वमुनींद्रवृन्दैः, यः स्तूयते सर्वनरामरेन्द्रैः ।
यो गीयते वेदपुराणशास्त्रैः, स देवदेवो हृदये ममास्ताम् ॥१२॥

સર્વ મુનીન્દ્રના વૃંદો વડે જે સ્મરણ કરાય છે, સર્વ નરેન્દ્રો અને દેવેન્દ્રો વડે જે સ્તુતિ કરાય છે તથા વેદ, પુરાણાદિ શાસ્ત્રો વડે જે ગવાય છે, તે શ્રી દેવાધિદેવ મારા હૃદયને વિષે રહો. (૧૨)

यो दर्शनज्ञानसुखस्वभावः, समस्तसंसारविकारबाह्यः ।
समाधिगम्यः परमात्मसंज्ञः, स देवदेवो हृदये ममास्ताम् ॥१३॥

જે દર્શન, જ્ઞાન અને સુખ સ્વભાવવાળા છે, સમસ્ત સંસારના વિકારથી બાહ્ય છે અને સમાધિ વડે ગમ્ય છે, તે પરમાત્મસંજ્ઞાવાળા શ્રી દેવાધિદેવ મારા હૃદયને વિષે રહો. (૧૩)

**निषूदते यो भवदुःखजालं, निरीक्षते यो जगदन्तरालं।**
**योऽन्तर्गतो योगिनिरीक्षणीयः,स देवदेवो हृदये ममास्ताम् ॥१४॥**

જે સંસાર દુઃખની જાલને છેદી નાંખે છે, જે જગત્‌ના અંતરાલને જૂએ છે, જે અંતર્ગત છે અને યોગિઓ વડે નિરીક્ષણીય છે,તે શ્રી દેવાધિદેવ મારા હૃદયને વિષે રહો. (૧૪)

**विमुक्तिमार्गप्रतिपादको यो, यो जन्ममृत्युव्यसनाद्यतीतः।**
**त्रिलोकलोकी विकलोऽकलंकः, स देवदेवो हृदये ममास्ताम्॥१५॥**

જે મુક્તિ માર્ગના પ્રતિપાદક છે, જે જન્મ મૃત્યુના સંકટથી દૂર થઇ ગયેલા છે, જે ત્રણલોકને જોનારા છે, જે કર્મકલાથી રહિત છે અને જે અકલંક છે, તે શ્રી દેવાધિદેવ મારા હૃદયને વિષે રહો. (૧૫)

**क्रोडीकृताशेषशरीरिवर्गाः, रागादयो यस्य न सन्ति दोषाः।**
**निरिन्द्रियो ज्ञानमयोऽनपायः, स देवदेवो हृदये ममास्ताम् ॥१६॥**

સમસ્ત પ્રાણિઓના સમૂહને જેણે વશ કર્યા છે એવા રાગાદિ દોષો જેમને છે નહિ, તે નિરિન્દ્રિય, જ્ઞાનમય અને અનપાય શ્રી દેવાધિદેવ મારા હૃદયને વિષે રહો. (૧૬)

**यो व्यापको विश्वजनीनवृत्तेः, सिद्धो विबुद्धो धूतकर्मबन्धः।**
**ध्यातो धूनीते सकलं विकारं, स देवदेवो हृदये ममास्ताम् ॥१७॥**

*વિશ્વને હિતકારી વૃત્તિથી જે વ્યાપક છે, જે સિદ્ધ છે,*

બુદ્ધ છે, જે કર્મબન્ધથી રહિત છે, તથા જે ધ્યાન કરનારના સકલ વિકારને દૂર કરે છે, તે દેવાધિદેવ મારા હૃદયને વિષે રહો. (૧૭)

**न स्पृश्यते कर्मकलंकदोषैः, यो ध्वान्तसंघैरिव तिग्मरश्मिः ।**
**निरञ्जनं नित्यमनेकमेकं, तं देवमाप्तं शरणं प्रपद्ये ॥१८॥**

અંધકારના સમૂહોવડે જેમ સૂર્ય સ્પર્શ કરાતો નથી, તેમ કર્મરૂપી કલંક અને દોષોવડે જે અસ્પૃશ્ય છે, નિરંજન છે, નિત્ય છે, અનેક છે અને એક છે, તે આપ્ત એવા દેવનું હું શરણુ અંગીકાર કરૂં છું. (૧૮)

**विभासते यत्र मरीचिमाली, न विद्यमानो भुवनावभासी ।**
**स्वात्मस्थितं बोधमयप्रकाशं, तं देवमाप्तं शरणं प्रपद्ये ॥१९॥**

ભુવનને પ્રકાશિત કરનાર સૂર્યનો પ્રકાશ જ્યાં પહોંચતો નથી, તે સ્વ–આત્મ–સ્થિત જ્ઞાનમય પ્રકાશવાન દેવનું હું શરણુ અંગીકાર કરૂં છું. (૧૯)

**विलोक्यमाने सति यत्र विश्वं, विलोक्यते स्पष्टमिदं विविक्तम् ।**
**शुद्धं शिवं शान्तमनाद्यनन्तं, तं देवमाप्तं शरणं प्रपद्ये ॥२०॥**

જેમને જોવાથી સમસ્ત વિશ્વ સ્પષ્ટ અને વિવિક્તપણે જોવાય છે, તે શુદ્ધ, શિવ, શાન્ત, અનાદિ, અનંત અને આપ્ત એવા દેવનું હું શરણુ અંગીકાર કરૂં છું. (૨૦)

**येन क्षता मन्मथमानमूर्छाविषादनिद्राभयशोकचिन्ता ।**
**क्षय्योऽनलेनेव तरुप्रपञ्चस्तं देवमाप्तं शरणं प्रपद्ये ॥२१॥**

અગ્નિ વડે જેમ વૃક્ષના સમૂહનો નાશ કરાય છે, તેમ

જેમના વડે મન્મથ, માન, મૂર્ચ્છા, વિષાદ, નિદ્રા, ભય, શોક અને ચિન્તા વિગેરે દોષોનો નાશ કરાયો છે, તે આપ્ત એવા દેવનું હું શરણુ અંગીકાર કરૂં છું. (૨૧)

**न संस्तरोऽश्मा न तृणं न मेदिनी,**
**विधानतो नो फलको विनिर्म्मितः ।**
**यतो निरस्ताक्षकषायविद्विषः,**
**सुधीभिरात्मैव सुनिर्मलो मतः ॥२२॥**

વિધિપૂર્વક ઘડેલો પત્થર, ઘાસ, પૃથ્વી કે પાટીયું, એ સંથારો નથી કિન્તુ ઈન્દ્રિય અને કષાયરૂપી વૈરિઓને જેણે દૂર કરી નાંખ્યા છે એવા પુરૂષને, અત્યંત નિર્મળ આત્મા, એજ સંથારો માનેલો છે. (૨૨)

**न संस्तरो भद्र ! समाधिसाधनं,**
**न लोकपूजा न च संघमेलनम् ।**
**यतस्ततोऽध्यात्मरतो भवानिशं,**
**विमुच्य सर्व्वामपि बाह्यवासनाम् ॥२३॥**

હે ભદ્ર ! જે કારણુ માટે સમાધિનું સાધન કરવું તે સંથારો નથી, લોકપૂજા કે સંઘનું મેલન, એ પણુ સંથારો નથી, તે કારણુ માટે સઘળીયે બાહ્ય વાસના છોડીને તું અધ્યાત્મમાં રક્ત થા. (૨૩)

**न सन्ति बाह्या मम केचनार्था,**
**भवामि तेषां न कदाचनाऽहम् ।**
**इत्थं विनिश्चित्य विमुच्य वाह्यं,**
**स्वस्थः सदा त्वं भव भद्र ! मुक्त्यै ॥ २४॥**

બાહ્ય કોઇપણ પદાર્થો મારા નથી, હું પણ કદિ તેઓનો નથી-એ પ્રમાણે નિશ્ચય કરીને તથા બાહ્ય ભાવનો ત્યાગ કરીને, હે ભદ્ર ! મુક્તિ માટે તું સદા સ્વસ્થ થા. (૨૪)

**आत्मानमात्मन्यवलोक्यमान-**
**स्त्वंदर्शनज्ञानमयोविशुद्धः ।**
**एकाग्रचित्तः खलु यत्र तत्र,**
**स्थितोऽपि साधुर्लभते समाधिम् ॥२५॥**

આત્માને વિષે આત્માને જોતો એવો તું વિશુદ્ધ દર્શન-જ્ઞાનમય છે. એ રીતે આત્માને વિષે એકાગ્રચિત્તવાળો એવો સાધુ ગમે ત્યાં રહેલો હોય તો પણ સમાધિને પામે છે. (૨૫)

**एकः सदा शाश्वतिको ममात्मा,**
**विनिर्मलः साधिगमस्वभावः ।**
**बहिर्भवाः सन्त्यपरे समस्ताः,**
**न शाश्वताः कर्मभवाः स्वकीयाः ॥२६॥**

જ્ઞાન સ્વભાવવાળો મારો આત્મા સદા નિર્મળ, શાશ્વત અને એકલો છે. કર્મથી ઉત્પન્ન થયેલા બીજા મારા સમસ્ત બાહ્ય ભાવો શાશ્વત નથી. (૨૬)

**यस्यास्ति नैक्यं वपुषापि सार्द्धं,**
**तस्यास्ति किं पुत्रकलत्रमित्रैः ।**
**पृथक्कृते चर्मणि रोमकूपाः,**
**कुतोहि तिष्ठन्ति शरीरमध्ये ॥२७॥**

શરીરની સાથે પણ જેનું ઐક્ય નથી, તેનું પુત્ર, કલત્ર અને મિત્ર સાથે ઐક્ય ક્યાંથી હોય? શરીરથી ચામડી દૂર કર્યે છતે રોમકૂપની સ્થિતિ પણ ક્યાંથી રહે? (૨૭)

**संयोगतो दुःखमनेकभेदं,**
**यतोऽश्नुते जन्मवने शरीरी ।**
**ततस्त्रिधाऽसौ परिवर्जनीयो,**
**यियासुना निर्वृत्तिमात्मनीनाम् ॥२८॥**

સંસારરૂપી વનમાં શરીરાદિના સંયોગથી પ્રાણી અનેક પ્રકારનાં દુઃખોને ભોગવે છે. તે કારણે મુક્તિમાં જવાની અભિલાષાવાળા આત્માર્થી જીવોએ તે સંયોગનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરવો જોઈએ. (૨૮)

**सर्वं निराकृत्य विकल्पजालं,**
**संसारकान्तारनिपातहेतुम् ।**
**विविक्तमात्मानमवेक्ष्यमाणो,**
**निलीयसे त्वं परमात्मतत्त्वे ॥२९॥**

સંસાર અટવીમાં પડવાના હેતુભૂત સઘળી વિકલ્પ-જાલને દૂર કરીને એકલા આત્માને જોતો એવો તું પરમાત્મ-તત્ત્વને વિષે લીન થઈશ. (૨૯)

**स्वयं कृतं कर्म यदात्मना पुरा,**
**फलं तदीयं लभते शुभाशुभम् ।**
**परेण दत्तं यदि लभ्यते स्फुटं,**
**स्वयं कृतं कर्म निरर्थकं तदा ॥३०॥**

આત્માએ પૂર્વે સ્વયં જે કર્મ કર્યું છે, તેનું જ શુભાશુભ

ફ્લ તે પામે છે. બીજાએ આપેલું જો મળતું હોય તો પોતે કરેલું કર્મ સ્પષ્ટપણે નિરર્થક થાય. (૩૦)

**निजार्जितं कर्म विहाय देहिनो,**
**न कोऽपि कस्याऽपि ददाति किंचन।**
**विचारयन्नेवमनन्यमानसः,**
**परो ददातीति विमुञ्च शेमुषीम् ॥३१॥**

પોતે ઉપાર્જન કરેલાં કર્મને છોડીને બીજો કોઈ પણ, કોઇને પણ, કાંઇ પણ આપતો નથી. અનન્ય મન વડે એ રીતે વિચાર કરતો એવો તું, બીજો આપે છે, એવી બુદ્ધિનો ત્યાગ કર. (૩૧)

**यैः परमात्माऽमितगतिवन्द्यः,**
**सर्वविविक्तो भृशमनवद्यः।**
**शश्वदधितो मनसि लभन्ते,**
**मुक्तिनिकेतं विभववरं ते ॥३२॥**

**'અમિતગતિ'**(આચાર્ય) વડે વન્દ્ય, સર્વથી ભિન્ન અને અને અત્યન્ત અનવદ્ય એવા પરમાત્માનું જેઓ હંમેશાં ધ્યાન કરે છે, તેઓ વૈભવથી ભરેલા એવા મુક્તિ સ્થાનને પોતાના મનની અંદર પ્રાપ્ત કરે છે. (૩૨)

**इति द्वात्रिंशतिवृत्तैः, परमात्मानमीक्षते।**
**योऽनन्यगतचेतस्को, यात्यसौ पदमव्ययम् ॥३३॥**

એ રીતે બત્રીસ શ્લોકોવડે અનન્ય ચિત્તવાળો જે પરમાત્માને જૂએ છે, તે અવ્યય પદને પામે છે. (૩૩)

# Faith in Religion.

[ The following are the extracts from the expressions of some of the world's greatest thinkers in English literature. This selection will be helpful to the readers for cultivating faith and confidence in religion in their daily activities, which is a prime necessity of leading a pure, virtuous, meritorious progressive, and fruitful life.]

1 Religion is a prime necessity for all.

**-Jesus Christ.**

2 The great aim of education is not knowledge, **but action.** **—Herbert Spencer.**

3 I have but one merit, that of **never despairing.** **—Marshal Foch.**

4 I have lived eighty six years. I have watched man climb up to success, hundreds of them, and of all the elements that are important for success, **the most important is faith.**

**—Cardinal Gibbons.**

5 Perhaps there is no more important component of character than steadfast resolu-

tion. The boy who is going to make a great man, or is going to count in any way in after-life, must make up his mind not merely to overcome a thousand obstacles, but to win in spite of a thousand repulses and defeats.

—**Theadore Roosevelt.**

6 If you think you are beaten, you are.
If you think you dare not, you don't.
If you'd like to win, but think you can't,
It's almost a cinch you won't.
Life's battles don't always go.
To the stronger or faster man;
But soon or late the man who wins.
Is the one who thinks he can.

—**Anon.**

7 Our doubts are traitors,
And make us lose good
We oft might win,
By fearing to attempt.

-**Shakespeare.**

8 I have **succeeded** in whatever I have undertaken, because I have **willed** it. I have **never hesitated** which has given me an **advantage** over the rest of mankind.

-**Napolean.**

9 Men are saved from error by belief in the supremacy of Truth. They are saved from

sin by belief in Holiness or Perfection. They are saved from evil by the belief in Good, for every belief is manifested in the life.

10 True courage and courtesy always go hand in hand. The bravest men are the most forgiving and the most anxious to avoid quarrels. —**Thakeray.**

11 You do not educate a man by telling him what he knows not, but by making him **what he was not.** —**Ruskin.**

12 There are three vitamins in education, how to study, the love of study, and a realisation that study by itself **is not enough.**

13 Fear makes man powerless.

14 Failure leads to success and should not be feared.

15 The most destructive of all emotions is fear.

16 **Fear is faith in evil.** He who fears becomes a psycological coward and the thing he fears will surely **overpower him.**

17 A courageous foe is better than **a** cowardly friend.

17 It is more blessed to give than to receive. Self must be forgotten and that

the needs of others must be put first. When this is understood and practiced, the peace of mind which has been promised to man will **become a reality.**

18 Get rid of wishing habit and replace it with the habit of decission and action.

19 Humility is natural to wisdom.

20 A man convinced against his will, **is of the same opinion still.**

21 Men must be taught as if you taught them not: And things unknown proposed as things forgot.

22 Every man is my superior in some way. **In that, I can learn of him.**

**—Emerson.**

23 Do unto others as you would have others to do unto you. **—Jesus Christ**

24 Don't be afraid of the enemies, who attack you. Be afraid of the friends, who flatter you.

25 Nothing is good or bad but **thinking makes it so. —Shakespeare.**

26 Remember that it is not he who gives abuse or blows who affronts, but the view we take of these things as insulting. When, there-

fore anyone provokes you, be assured that it is your opinion which provokes you.

—**Epictetus.**

27 He who is patient, calm and forgiving under all circumstances, manifests the truth.

28 The greater the cause, the richer the suffering.

29 Obedience alone gives the right to command. —**John Glorio.**

30 He is the man who dies before the death.

31 Lives of great men all remind us,
We can make our lives sublime;
And departing leave behind us,
Foot-prints on the sands of time.
Foot-prints that perhaps another,
Sailing over life's solemn main,
A forlorn and ship-wrecked brother,
Seeing shall take heart again.

—**Longfellow.**

32 One picture is worth ten thousand words. —**Chinese proverb.**

33 Contentment does not arise from wealth, rank or power, but from the simple mind that is easily pleased with what he gets and simple tastes that are easily qualified, to-

gether with the habit of considering that whatever is, is best.

34 It is the mind and heart that make a man poor or rich, miserable or happy, for these are always stronger than fortune.

35 Enthusiasm is one of the most powerful energies of success. When you do a thing, do it with your might. Put your whole soul into it. Stamp it with your own personality. Be active, be energetic, be enthuiastic and faithful and you will accomplish your object. **Nothing great was ever achieved without enthusiasm.**

36 Success comes to the man who does not fear failure.

37 Biggest room in the world is the room **for self-improvement.**

38 The whole science of life is to avoid sowing the seeds of regret.

39 Seek the good of other men, but be not in bondage to their faces or fancies.

40 There is very little wrong with the world. It is with the individual, his prejudicies, his hatred, jealousy, greed, selfishness cause all trouble in life. Before setting out to reform the world, man should reform himself.

41 Stop grieving over being misunder-

stood and try your hand at understanding other people. It is much saner and happier.

—**Carlyle.**

42 If you want to gather honey, don't kick over the beehive.

43 Nobody likes criticism. Everybody's shilling is worth 13d. **Stinging criticism, even if it is justified, spoils human relations.**

44 Criticism is a dangerous spark, a spark that is liable to cause an explosion in the powder megazine of pride-an explosion that sometimes hastens death.

45 I will speak ill of no man and speak all the good I know of every body.

—**Benjamin Franklin.**

46 Any fool can criticize, condemn, and complain-and most fools do that. But it takes character and self-control to be understanding and forgiving.

47 A great man shows his greatness by the way he treats little man.

—**Carlyle.**

48 **Instead of condemning people, let us try to understand them.** Let us try to figure out why they do what they do. That is

a lot more profitable than criticism. It breeds sympathy, to–lerance and kindness. As Dr. **Johnson** said,**"God Himself. Sir, does not propose to judge man until the end of his days," why should you and I ?**

**—Dale Carnegie.**

49 There is only one way under high Heaven to get anybody to do anything. That is by making the other person want to do it.

50 When a misfortune befalls you, do not find fault with the person who is the apparent agent. Scrutinize your conduct and perhaps you will find yourself responsible for the same.

51 Bad temper is its own scourge. **Few things are bitterer than to feelbitter.** Anger is a venem that poisons self more than the victim. **—Buxton.**

52 Character is property. A man is known by what he loves–friends, places, books, thoughts, good or bad; from these his character is told.

53 Today is the day for us to repeat the words of **Lincoln** "Let us have faith that **right makes might.**"

54 Only be clear about what is finally right, whether you can do it or not; and every

day you will be more and more able to do it, if you try. —**Ruskin.**

55 Doing right is first hard, than delightful. Such is the history of every virtue. At first, it may mean self-denial and effort, but the reward comes when at length the effort grows into a pleasure.

56 The sacrifice that is regretted is no longer an acceptable sacrifice and the gift that is grudged loses its moral worth.

57 Selfishness is but the survival of the animal in us. Humanity only begins for man with doing things for others.

58 Selfishness is the basis of all the world's troubles. Working for one's self means disaster: it encourages others to do likewise, and gets no return.

59 No quality will get a man more friends than a disposition to admire the qualities of others.

60 **The best way to succeed in life is to act on the advice you give to others.**

61 One inflamed with anger is as responsible as one intoxicated with fiery liquor.

62 What a futile thing is anger! It does us more harm than the thing which makes us angry and we suffer more from the anger and

vexation than from the acts themselves which cause the anger.

63 Strong characters are produced by strong thinkfng. Good deeds are the outcome of good thoughts. No man lives a noble life without thinking nobly.

64 The noblest charity is to prevent a man from accepting charity and the best alms are to enable a man to dispense with alms.

65 Prue charity is the desire to be useful to others without thought of recompense.

—**Swedenbrg.**

66 There are no circumstances however unfortunate, that clever people dont extract some advantage from.

—**La Rochefoucauld.**

67 A poor man wants some things: a covetous man, all things.

68 The easiest thing of all is to deceive one's self: for what a man wishes he generally believes to be true.

—**Demosthenes.**

69 Set a bound to your desires. Think not of how much others have, but of how much

which they have you can do perfectly well without. Be not the slave of show or circumstance.

**—*Sir* Theodore Martin.**

70 The right performance of this hour's duties will be the best preparation for the hours or ages that follow it. **—Emerson.**

71 We are not in this world to do what we wish, but to be willing to do that which it is our duty to do.

72 Econony is not how little one can spend, but how wisely one can spend it.

73 A well educated man is one who is of quick imagination, wide sympathy and disciplined intelligence. He must be able quickly to see how a thing looks from other people's point of view. For **no one is so stupid as the man who only sees thing from one point of view.**

74 True eloquence consists in saying all that is necessary, and nothing but what is necessary.

**—La Rochefoucauld.**

75 Evil is wrought by want of thought. As well as want of heart.

**—T. Hood.**

76 The best sermon is the example of a good unselfish life. **Be it ever so obsure, it is more active in helping others than many eloquent orations.**

77 Better mend one fault in yourself than a hundred in your neighbour.

—**Elbort Hubbard.**

78 Never smile at other people's faults. Your own faults may be a huge joke to others.

79 It is a greater thing to know how to acknowledge a fault than to know how not to commit one.

—**Cardinal De Ratry.**

80 Circumstances are the rulers of the weak: they are but the instruments of the wise.

81 Hope for the better but prepare for the worst.

82 The secret of success is constancy in purpose. —**Disraeli.**

83 Fear of God. is the beginning of wisdom.

84 Love of money is the root of evil.

85 **Not all of me, shall die.**

86 As you sow, so shall you reap.

87 Frost and fraud both end in evil.

88 Patience and perseverance overcome *mountains.*

89 Youth is not a time of life. It is not a matter of pink cheeks and supple limbs. It is a state of mind. We are as young as our self-confidence: as old as our fear.

90 Confidence makes man strong, therefore have confidence in yourself, your work.

91 There is no other human being in the world like you. It is your only real claim to importance. It is your most precious possession.

—**Dale Carnegie.**

92 All Fords are exactly alike, but no two men are just alike. —**Henry Ford.**

93 Three things matter in a speech. Who says it ? How he says it ? And what he says ? And of the three, the last matter the least.

—**Dale Carnegie.**

94 Real religion is not a luxury of 'respectable' folk, but it is a prime necessity of all.

—**Bernard Shaw.**

95 Square dealing, kind feeling, and reverant thought–these are the fundamentals of Religion.

96 Everywhere the tendency has been to seperate religion from morality, to set them in opposition even. But a religion without morality is a superstition: and anything like an adequate and complete morality without religion is impossible. —**Mark Hopkins.**

97 In taking revenge a man is but on the same low level as his enemy, but in passing it over he is superior, for it is a prince's part to pardon. It is the glory of a man to pass by the offence.

98 We pray to be forgiven all our wrong doings but we forget we were taught to say "forgive us, **as we forgive those who wrong us." We have to give before we ask to be given to.**

99 Prayer is not to be used as a confessional to cancel sin. Asking god to be God is vain reptition. Who would stand before a blackboard and pray the principal of mathematics to solve the problem ? The rule is already established and it is our task to work out the solution. Prayer cannot change the Science of being **but it tends to bring us into harmony with it.**

**—Mary Baker Eddy.**

100 If ye have faith as a grain of mustard seed, ye shall say unto this mountain, remove hence to younder place; and it shall remove; and nothing shall be impossible unto you.

**—Bible.**

[ 'વિચાર અને વર્ત્તન' એ નામનો આ નાનો નિબંધ 'જેમ્સ એલન' નામના એક અંગ્રેજ વિદ્વાને લખ્યો છે અને તે આજે ઘણાના જીવન પર અસર કરનારો બન્યો છે. આ નાના લેખને આજે યુરોપ અને અમેરીકા વિગેરે દેશોમાં મોટી પ્રસિદ્ધિ મળતી જાય છે અને એ એક જ નિબંધે ઘણા લોકોના જીવનમાં મોટું પરિવર્તન આણ્યું છે. જીવન ઘડતર માટે આ નાનકડા સંદેશાએ આધુનિક યુગમાં ઘણો પ્રકાશ ફેલાવ્યો છે, એમ અમેરીકન વિદ્વાનો મુક્તકંઠે જાહેર કરે છે. અહીં તેનું સારભૂત અવતરણ આપ્યું છે. તેને ઉતાવળથી નહિ વાંચતાં વિચારપૂર્વક અને વારંવાર વાંચવા તેના મૂળ લેખકની ભલામણ છે. આ નિબંધ અહીં પ્રગટ કરવાનો આશય એટલોજ છે કે–વિચારની વર્ત્તન ઉપર થતી અસરને જણાવનાર આવા એક સામાન્ય (સર્વ રીતીએ પ્રમાણભૂત નહિ એવા) લેખથી પણ મધ્યસ્થ દૃષ્ટિની વિચારક દુનિયા મંત્રમુગ્ધ બને છે, તો શ્રી જૈનશાસને દર્શાવેલ કર્મસાહિત્ય અને તેમાં વર્ણવેલ યોગસ્થાનકો અને અધ્યવસાયસ્થાનકોની ભૂત, ભાવિ અને વર્ત્તમાન જીવન ઉપર થતી ચોક્કસ અને પ્રમાણભૂત અસરોને જણાવતી વિગતો સામે જો દુનિયાની નજર ખેંચાય, તો જીવનને સુખ અને શાન્તિની ટોચ ઉપર લઇ જવા માટે શ્રી જૈનશાસને જગત ઉપર કરેલા અપ્રતીમ ઉપકારનો ખરો ખ્યાલ આવે.]

# વિચાર અને વર્તન*

## વિચારોની જીવન પર થતી અસર

"મનુષ્ય હૃદયમાં જેવા વિચારો કરે છે, તેવો જ તે હોય છે."–આ કહેવત જેટલી મનુષ્યને લાગુ પડે છે, તેટલીજ તેની દરેક અવસ્થા તેમજ તેના દરેક સંયોગને લાગુ પડે છે. ખરેખર! મનુષ્યનું વર્ત્તન પોતાના વિચારોનો સરવાળો જ છે.

જેમ છોડ બીજમાંથી ઉગે છે પરન્તુ બીજ વિના નથી ઉગતો, તેમ મનુષ્યનું દરેક કાર્ય છૂપાઈ રહેલા વિચાર રૂપી બીજમાંથી ઉદ્ભવે છે. વિચારપૂર્વક થતાં કાર્યને આ કાયદો જેટલો લાગુ પડે છે, તેટલો જ વિચાર વિનાનાં અને આપોઆપ સ્વાભાવિક થતાં કાર્યોને પણ લાગુ પડી શકે છે.

વર્ત્તન, એ વિચારનું પુષ્પ છે અને સુખ–દુઃખ, એ ફળ છે. માણસ પોતે જ પોતાના માટે કડવાં તથા મીઠાં ફળો પોતાની માલિકી નીચેના બગીચામાં રોપે છે. આથી નક્કી થાય છે કે–શુભ વિચારોથી સુખ થાય છે અને દુષ્ટ વિચારોથી દુઃખ આવે છે. આના માટે મનુષ્યની છાયા દૃષ્ટાંત છે,

---

* As a man thinketh–By James Allen.

કેમકે–છાયા પણ મનુષ્યની સાથે જ રહે છે.

કાર્ય–કારણ ભાવનો કાયદો જગતમાં વ્યાપક છે અને તે જ કાયદો વિચાર અને વર્તનને લાગુ પડે છે. આથી સિદ્ધ થાય છે કે–મનુષ્યમાં પ્રગતિ થાય છે તે કાયદા પ્રમાણે થાય છે, પણ તે પ્રગતિ કોઇ અકસ્માતથી થતી નથી. જેવી રીતે ઉમદા અને ઉચ્ચ વર્તન એ કાંઈ અકસ્માત નથી પરંતુ લાંબા કાળના શુદ્ધ વિચારોનું સ્વાભાવિક ફળ છે, તેવી જ રીતિએ ખરાબ અને હલકું વર્તન એ પણ દુષ્ટ વિચારોનું કુદરતી ફળ છે.

મનુષ્ય પોતે જ પોતાની ઉન્નતિ તથા વિનાશ કરે છે. વિચારોની શસ્ત્રશાળામાં તે એવાં હથિયારો ઘડે છે, કે જેના વડે તે પોતાનો જ નાશ કરે છે: તેમજ તેવાં પણ એજારો બનાવે છે, કે જેના વડે તે પોતાને માટે સુખ અને શાંતિના દિવ્ય મહેલો બાંધે છે. વિચારોને સાચી દિશામાં લગાડવાથી માણસ દિવ્ય સંપૂર્ણતાને પામે છે. અને ખોટી દિશામાં લગાડવાથી પશુ કરતાં પણ નીચો ઉતરી જાય છે. આ બે અંતિમ અવસ્થાઓની વચ્ચે બધી મધ્યમ અવસ્થાઓ છે અને મનુષ્ય જ તેનો કર્ત્તા અને માલિક છે.

વર્તમાનકાળમાં આત્મા સંબંધી ઘણાં સુંદર સત્યો પ્રકાશમાં આવ્યાં છે, પરન્તુ–"**મનુષ્ય પોતાના વિચારોનો માલિક છે, વર્તનનો કર્ત્તા છે અને પોતાના સંયોગ, સ્થિતિ તથા ભાગ્યનો રચનાર છે.**"–એ સત્ય કરતાં કોઇ પણ સત્ય અધિક સુખકારક કે અધિક ભરોંસાપાત્ર નથી.

મનુષ્ય શક્તિમય, બુદ્ધિમય અને પ્રેમમય છે, તેમજ પોતાના વિચારોનો માલિક છે અને તેટલા જ માટે પોતાની દરેક અવસ્થા માટે પોતા પાસે જ ચાવી રાખે છે અને પોતાની ઈચ્છા મુજબ પોતાની અંદર પરાવર્તન અગર તો નવી સ્થિતિ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે.

નબળી અને હલકામાં હલકી અવસ્થામાં પણ મનુષ્ય પોતાનો માલિક જ છે, પણ તેવી અવસ્થામાં તે મૂર્ખ માલિક બની જાય છે: પરંતુ જ્યારે તે પોતાના વર્ત્તનના મૂળ પાયા ઉપર પ્રયત્નપૂર્વક વિચાર કરે છે, ત્યારે તે શાણો માલિક બની જાય છે અને પોતાની શક્તિને સાચે માર્ગે વાપરે છે.

શોધ કરવાથી અને ખાણ ખોદવાથી જ સોનું અને હીરા પ્રાપ્ત થાય છે, તેવી જ રીતિએ આત્મા રૂપી ખાણને ઉંડી ખોદવાથી જ સત્યની પ્રાપ્તિ થાય છે. જો મનુષ્ય પોતાની જાત ઉપર કાબુ રાખે, પોતાના વિચારોના પરિવર્તનની અસર પોતા ઉપર, બીજા ઉપર અને પોતાના જીવન તથા સંયોગો ઉપર તપાસે, તેમજ ધીરજ અને ખંતપૂર્વક કાર્ય–કારણભાવનો વિચાર કરે તથા તે જ્ઞાનની પ્રાપ્તિ માટે પોતાના દૈનિક અનુભવનો ઉપયોગ કરે, તો જરૂર તે માણસ ખાત્રી કરી શકે છે કે–તે પોતે જ પોતાના વર્ત્તનનો બનાવનાર છે તથા પોતાના જીવનનો અને ભાગ્યનો રચનાર છે. 'જે શોધ કરે છે તે મેળવે છે અને જે ધક્કો મારે છે તે દરવાજાને ઉઘાડી શકે છે.' એ ન્યાયે ધીરજ અને ખંતથી મનુષ્ય જ્ઞાન રૂપ મંદિરના દરવાજામાં પ્રવેશ કરી શકે છે.

## બાહ્ય વાતાવરણ ઉપર વિચારોની અસર

મનુષ્યનું મન બગીચા સાથે સરખાવી શકાય તેમ છે. તેમાં કાળજીપૂર્વક વાવેતર કરવાથી સારા વૃક્ષો ઉગે છે અને બેદરકારી કરવાથી તેમાં નડતર રૂપ ઘાસ ઉત્પન્ન થાય છે. માટે 'પોતેજ પોતાના બગીચાનો માલિક છે'–એમ વિચારીને, કાળજીપૂર્વક સારાં ફળોની પ્રાપ્તિ થાય તેમ કરવું જોઇએ.

વિચાર અને વર્ત્તન બન્ને એક છે. જેમ વર્ત્તનને આજુબાજુના વાતાવરણ ઉપરથી કળી શકાય છે, તેમ મનુષ્યની માનસિક સ્થિતિ પણ બાહ્ય સંયોગ સાથે સંબંધ ધરાવે છે.

દરેક મનુષ્ય જે અવસ્થા ભોગવે છે, તે પોતાના વિચારને આધીન છે. આ કાયદો જીવનની દરેક ગોઠવણમાં છે. ત્યાં અકસ્માતને સ્થાન જ નથી. સઘળાંએ પરિણામો આ કાયદાને અનુસરીને છે, કે જેમાં ભૂલનો સંભવ નથી. જેમને પોતાનું વાતાવરણ અનુકૂળ હોય છે તેમને આ કાયદો જેટલો લાગુ પડે છે, તેટલોજ પ્રતિકૂળ વાતાવરણથી ઘેરાયેલાઓને પણ લાગુ પડી શકે તેમ છે.

મનુષ્ય એક અપેક્ષાએ પ્રગતિશાળી પ્રાણી છે અને તેથી જ્યાં તે છે ત્યાં તે આગળ પ્રગતિ કરવાનું શીખવાને માટે નિર્માયલો છે: અને તેથી અમૂક સંયોગો પસાર થયા પછી બીજા જે સંયોગો ઉભા થાય છે, ત્યાં તેને વિશેષ રીતિએ આધ્યાત્મિક પાઠો શીખવાનું મળે છે.

મનુષ્ય બાહ્ય સંયોગો સાથે ત્યાં સુધી જ અફળાય છે, કે જ્યાં સુધી તે પોતાની અભ્યંતર સ્થિતિને ઓળખતો નથી. ઓળખાણ પડયા પછી તો તે પોતાના સંયોગો ઉભા કરવામાં પોતાની જ માલિકી ધરાવે છે.

જે માણુસે અમુક કાળ સુધી આત્મિક સયમ અને શુદ્ધિ માટે પ્રયત્નો કર્યા છે, તે તો જાણે છે કે-બાહ્ય વાતાવરણુની ઉત્પત્તિનું સ્થાન પોતાના વિચારો છે: કારણુ કે-તે જોઇ શકે તેમ છે કે-બાહ્ય વાતાવરણુ અને માનસિક સ્થિતિમાં એકસરખા પ્રમાણુથી પરિવર્તન થયા કરે છે. આ વસ્તુ એટલી બધી સાચી છે કે-મનુષ્ય જેવો પોતાના વર્ત્તનની ખામીઓને દૂર કરવાને આ કાયદો લાગુ પાડવા જાય જે, તેવો જ તે સપાટાબંધ પોતાના સંયોગોમાં પરિવર્તન નિહાળે છે.

જે જે વિચાર રૂપી બીજને મનમાં પ્રવેશ કરવા દેવામાં આવે છે, તે પોતાનાં ફળો વહેલાં અગર તો મોડાં ઉત્પન્ન કરે જ છે. બાહ્ય સંયોગો વિચારોથી ઉભા થાય છે, પરન્તુ આટલું યાદ રાખવું જોઈએ કે-સંયોગો સુખદાયક હોય કે દુઃખદાયક હોય, પણુ તેનાથી મનુષ્યને જે પાઠ મળે છે, તે મનુષ્યની પ્રગતિમાં સહાયક છે.

પોતાના જ હલકા વિચારો અને દુષ્ટ ઈચ્છાઓથી મનુષ્ય દુઃખદ અવસ્થામાં આવી પડે છે. શુદ્ધ મનવાળો પણુ જ્યારે દુઃખદ અવસ્થા ભોગવે, ત્યારે આટલું સમજી લેવું જોઇએ કે-ઉંડે ઉંડે પણુ ક્યારેક તે દુષ્ટ વિચારને આધીન હતો અને આ બાહ્ય દુઃખદ સ્થિતિ, તે છૂપાયેલી દુષ્ટ વિચારોની શક્તિનું પ્રદર્શન છે. બાહ્ય સંયોગો મનુષ્યને અસર કરી શકતા જ નથી. તે તો તેને પોતાની જાત ઓળખવાનું સાધન છે. જન્મથી માંડીને સંસારયાત્રામાં આત્મા જે જે પગથીયાં ચડે છે, ત્યાં ત્યાં તેની જે સ્થિતિ હોય છે, તે સ્થિતિ પોતાના શુભાશુભ વિચારોનું પ્રતિબિંબ છે. આથી જ, જે વસ્તુની પ્રાપ્તિ મનુષ્યને થાય છે, તે પોતે તેને માટે પ્રાર્થના

કરે છે માટે મેળવે છે એવું નથી, પરંતુ તે પોતે તેની કમાણી ભોગવે છે. પોતાની ઈચ્છાઓ અને પ્રાર્થનાઓ જો વિચારોની સાથે એકમેક થઇ જાય, તો જરૂર તેને સફળતા પ્રાપ્ત થાય છે.

હવે ત્યારે વિચારો કે–"વિચારોની અસર"–એનો અર્થ શો ? તેનો અર્થ એ જ છે કે–માણુસ બાહ્ય સંયોગો સામે બળવો કરે છે, જ્યારે તેના કારણુને પોતાના હ્રદયમાં પોષે છે. કાં તો જાણુવા છતાં આ કારણુ વ્યસન બની ગયું છે માટે પોષાય છે અગર તો અજાણુપણે પોતાની નબળાઈથી પોષે છે: પણુ ગમે તે હો, તેની લડતમાં તેને પાછું જ પડવાનું થાય છે.

પોતાની બાહ્ય સ્થિતિને સુધારવાને ઘણા ઇચ્છે છે, પરન્તુ પોતાની જાતને સુધારવાને કોઇ ઇચ્છતું નથી અને તેથી જ તેઓને બંધનમાં રહેવું પડે છે. જે માણુસ આત્મ-શુદ્ધિથી પાછો હઠતો નથી, તે જરૂર પોતાનું કાર્ય સાધી જાય છે. આ વસ્તુ જેટલી લૌકિક વસ્તુઓને લાગુ પડે છે, તેટલી જ લોકોત્તર વસ્તુઓને પણુ લાગુ પડે છે. જે માણુસનું ધ્યેય કેવળ લક્ષ્મી પ્રાપ્ત કરવાનું છે, તેને પણુ ખૂબ ખૂબ ભોગ આપવો પડે છે; તો પછી જે પોતાનું જીવન દ્રઢ અને સુસ્થિત જોવા માગે છે, તેને માટે તો પૂછવાનું જ શું ?

હવે એક માણુસ દરિદ્રતાથી પીડાઇ રહ્યો છે. તે પોતાની સાંસારિક સ્થિતિ સુધારવાને બહુ જ આતુર છે, છતાં હંમેશાં પોતાના કામમાં આળસુ રહે છે અને માને છે કે–'પોતે પોતાના શેઠને છેતરવામાં ઠીક જ કરી રહ્યો છે : તેમજ ઉપરથી દલીલ કરે છે કે–'શેઠ મને પૂરતો પગાર નથી આપતા!'

આવો માણુસ સાચી આબાદીનો સાદો પણ સિદ્ધાંત નથી સમજતો અને ઉંચે ચડવા માટે તદ્દન નાલાયક છે : તે તો છેતરબાજીથી ખરેખર અધિક દરિદ્રતાને આમંત્રણ કરી રહ્યો છે.

આ બાજુ એક પૈસાદાર માણુસ છે, પણ તે પોતાની પાચનશક્તિ કરતાં અધિક આહાર કરવાની ટેવથી રોગને વશ પડેલો છે. તેમાંથી મુક્ત થવાને માટે તે ખૂબ પૈસા ખર્ચવાને માટે તૈયાર છે, પરન્તુ પોતાની હદ ઉપરાંત ખાવાની ઇચ્છા પર અંકુશ મૂકવા માગતો નથી. પોતાની તૃપ્તિ ખાતર સારા અને સ્વાદિષ્ટ ભોજનનો ગુલામ એવો આ, તંદુરસ્તી માટે સર્વથા નાલાયક છે : કારણ કે–તંદુરસ્તીના મૂળ સિદ્ધાંતનું પણ તેને ભાન નથી.

ત્રીજી બાજુ એક મોટો શેઠ છે. તે વાંકા રસ્તા અખ-ત્યાર કરી પોતાના નોકરોના પગારો ઘટાડીને નફો ઉઠાવવા માગે છે. આવો માણુસ આબાદી પામવાને સર્વથા અયોગ્ય છે. તેવા માણુસના પૈસાનું અને આબરૂનું દેવાળું જ્યારે નીકળે છે, ત્યારે તે પોતાના બાહ્ય સંયોગોના દોષો કાઢે છે, પરંતુ જાણતો નથી કે–પોતે જ પોતાની દુર્દશાનો કર્તા છે.

'માણુસ પોતાની સ્થિતિનો કર્તા છે'–એ સત્યનું દર્શન કરવા માટે મેં તમારી પાસે ઉપરનાં ત્રણ દૃષ્ટાંતો રજૂ કર્યાં છે. આવાં અનેક દૃષ્ટાંતો આપી શકાય તેમ છે, પણ વાચકને સમજવા માટે આટલું પુરતું છે. વિચારશીલ માણુસ સમજી શકે છે કે–બાહ્ય સંયોગોને જીવનના ઘડતરમાં મુખ્ય સ્થાન છે જ નહિ.

જો કે-બાહ્ય સંયોગો એટલા બધા ગુંચવાયેલા હોય છે, વિચારોનાં મૂળ પણ એટલાં બધાં ઉંડાં હોય છે અને

પ્રત્યેક વ્યક્તિની સુખ–દુ:ખની અવસ્થા પણ એટલી બધી ભિન્ન ભિન્ન હોય છે કે–માણુસની આભ્યંતર સ્થિતિ (પોતે જાતે જાણુતો હોય છતાં) કેવળ બાહ્ય સંયોગોથી કળી શકાતી જ નથી. કોઈ એક માણુસ પ્રામાણિક હોવા છતાં તેને વેઠવું પડે છે અને બીજો એક માણુસ અપ્રામાણિક હોવા છતાં ખૂબ પૈસો પેદા કરે છે. આથી કેટલાક લોકો અનુમાન કરે છે કે–'પ્રામાણિકપણાથી નિષ્ફળતા અને અપ્રા-માણિકપણાથી સફળતા પ્રાપ્ત થાય છે.' પરન્તુ બહોળા અનુભવથી અને ઉંડા ઉતરવાથી આ અનુમાન ખોટું છે, એમ સમજાશે. પ્રામાણિક માણુસમાં ઉંડે ઉંડે પણ જરૂર દુર્ગુણો દેખાશે અને અપ્રામાણિક માણુસમાં છૂપાઇ રહેલા પણ એવા કેટલાક સદ્‌ગુણો હોય છે કે જેને લઈને તે આબા-દીને પામે છે. સારા વિચાર અને વર્ત્તનથી ખરાબ પરિણામ કદી આવતું જ નથી. બીજી બાજુ ખરાબ વિચાર અને વર્ત્ત-નથી સારૂં પરિણામ પણ આવતું નથી. ટૂંકમાં, જેવું બીજ નાખ્યું હોય તેવું જ ફળ ઉગી શકે છે, પણ વિપરીત બનતું નથી. બાહ્ય દુનિયામાં આ કાયદો લાગુ પડે છે એવું સૌ કોઈ સમજી શકે છે, પરન્તુ માનસિક દુનિયાને પણ આ સીધો અને સાદો કાયદો તેટલો જ લાગુ પડે છે, એવું ભાગ્યે જ કોઇ સમજે છે અને તેથી જ બાહ્ય સ્થિતિને અનુસાર વિચારનો જે સહચાર જોઇએ, તે સહચાર દેખાતો નથી.

**દુ:ખ, એ ખોટા વિચારોનું પરિણામ છે: અને એ દુ:ખનું કાર્ય જો કાંઇ હોઇ શકે, તો કેવળ આત્મામાં રહેલા કચરાને બાળવાનું જ છે. શુદ્ધ આત્માને કદી પણ સહન કરવાનું હોતું જ**

**નથી. સોનું માટીથી જૂદું થયા પછી અને સર્વથા શુદ્ધ થયા પછી કદી બાળવામાં આવતું નથી, તેમ સર્વથા શુદ્ધ અને પ્રકાશિત થયેલો આત્મા પણ દુઃખને પામતો જ નથી.**

બાહ્ય શ્રીમંતાઈ અને દરિદ્રતા ઉપરાંત આત્માની શાંતિ અગર તો અશાંતિનો મન ઉપર આધાર છે. પૈસાદાર પણ ખોટા વિચારોથી આત્માની સમાધિને દૂર કરે છે, જ્યારે ગરીબ માણસ પણ શુભ વિચારોથી આત્મિક શાંતિને આમંત્રણ કરે છે. જેવી રીતિએ પૈસાને સાચે માર્ગે વાપરવાથી માણસ શ્રીમંતાઈ અને આત્મિક શાંતિ બન્નેનો ભોક્તા બને છે, તેવી જ રીતિએ ગરીબ માણસ પોતાના દુર્ભાગ્યની બૂમો પાડવાથી ગરીબાઈ અને અશાંતિનો વધારે ભાગીદાર થાય છે. આથી સમાધિ, તંદુરસ્તી અને આબાદી કે જે માણસને સુસ્થિત બનાવે છે, તેની પ્રાપ્તિને માટે બાહ્ય અને આભ્યંતર સ્થિતિનું ઐકય કરવાની જરૂર છે.

મનુષ્ય ત્યારે જ મનુષ્ય બની શકે છે, કે જ્યારે તે સુખ-દુઃખની ફરીયાદો કરતો મટીને પોતાની આભ્યંતર શક્તિને તપાસવાનું શરૂ કરે છે : અને જેમ જેમ તે પોતાના મનને સુધારે છે, તેમ તેમ તે બાહ્ય સંયોગને ઠોકરે મારે છે અને પોતાની અંદર એવી શક્તિ શોધે છે કે જે શક્તિદ્વારા પોતે ખૂબ ઝડપથી પ્રગતિ કરે છે. **જેમ જેમ માણસ બીજી વસ્તુઓ અને બીજા લોકો પ્રત્યે વિચારો ફેરવે છે, તેમ તેમ તે વસ્તુઓ અને તે લોકો પણ તેની તરફ ફેરવાઈ જાય છે.**

આ સત્યનો પુરાવો દરેક વ્યક્તિમાં છે અને તેથી

પોતાની જાતનું પૃથક્કરણ કરવાથી આની તપાસ સહેલાઇથી થઈ શકે છે. જો તમે વિચારમાં પરિવર્તન લાવશો, તો તમને આશ્ચર્ય થશે કે–ખૂબ સપાટાબંધ તમારા સંયોગો પણ પલટાય છે. લોકો માને છે કે–'વિચારો છૂપા રહી શકે છે' પરંતુ તે અશકય છે. વિચારોથી જ અમૂક આદત પડી જાય છે અને તે આદતથી જ બાહ્ય સંયોગો ઉભા થાય છે. ડરપોક વિચારોથી નબળાઈ અને પરિણામે ગુલામી પ્રાપ્ત થાય છે. આળસુ વિચારોથી ગંદી ટેવ અને પરિણામે દરિદ્રતા પ્રાપ્ત થાય છે. સ્વાર્થી વિચારોથી સ્વાર્થી ટેવો અને પરિણામે દુઃખની પ્રાપ્તિ થાય છે. બીજી બાજુએ શુદ્ધ વિચારોથી આત્મિક સંયમ અને પરિણામે શાંતિ પ્રાપ્ત થાય છે. નિડર વિચારોથી પુરૂષાર્થ અને પરિણામે સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. ઉદ્યમી વિચારોથી સ્વચ્છતા અને પરિણામે આબાદી પ્રાપ્ત થાય છે. નિઃસ્વાર્થ વિચારોથી જાતને ભૂલવાનું અને પરિણામે સાચી શાંતિને પ્રાપ્ત કરવાનું થાય છે.

વિચારોની માળા, વર્ત્તન અને બાહ્ય સંયોગો ઉપર અસર લાવ્યા વિના રહેતી જ નથી. માણુસ પોતાના બાહ્ય સંયોગોને સીધી રીતિએ ચૂંટી શકતો નથી, પણ તે પોતાના વિચારોની ચૂંટણી કરી શકે છે અને તેથી કરીને આડકતરી રીતિએ પણ પોતાનું બાહ્ય વાતાવરણ ઘડી શકે છે માણુસ જે વિચારને ખૂબ પોષે છે, તે વિચારને અનુકૂળ વાતાવરણ કરી આપવામાં કુદરત ઘણી સહાય કરે છે.

## શરીર અને તંદુરસ્તી ઉપર વિચારોની અસર

શરીર એ મનનું ગુલામ છે. ખોટા વિચારોથી શરીર ક્ષીણ થાય છે અને સાચા વિચારોથી શરીર પ્રફુલ્લિત રહે છે.

બાહ્ય સંયોગોની માફક રોગ અને તંદુરસ્તીનું મૂળ પણ વિચારો જ છે. ભયભરેલા વિચારો માણસને પીસ્તોલના જેટલી ઝડપથી મારી નાખે છે અને નિરંતર બીજા પણ હજારો માણસોને ધીરે ધીરે પણ નિશ્ચિતપણે મારે જ છે. રોગના ભયથી પીડિત જરૂર રોગી બને છે. ચિંતાતુર વિચારોથી શરીર ક્ષીણ થાય છે અને પરિણામે રોગનાં દ્વાર ખુલ્લાં થાય છે. બીજી બાજુએ સારા વિચારોથી શરીરની સુંદરતા વધે છે. શરીરની સારી અગર તો ખરાબ અવસ્થા સારા અગર તો નઠારા વિચારોનું પ્રતિબિંબ છે.

વિચારોના પરિવર્તન વિના ખોરાકનું પરિવર્તન જરા પણ અસર કરતું નથી. જો તમે શરીરની આબાદી ઇચ્છતા હો, તો તમારા મનની બરાબર રક્ષા કરો.

હું જાણું છું ત્યાં સુધી એક ૯૬ વર્ષની સ્ત્રી પણ સુંદર કુમારિકા જેવી મુખાકૃતિ ધરાવે છે, જ્યારે બીજી બાજુ એક મધ્યમ વયની નીચેનો માણસ પણ ઘરડા ડોસા જેવો લાગે છે. એક સારા વિચારોનું પરિણામ છે અને બીજું અસંતોષ તથા વાસનાવાસિત વિચારોનું પરિણામ છે.

જેવી રીતિએ સારી હવાની આવ-જાવવાળું અને સૂર્યનાં કિરણોથી પ્રકાશિત એવું મકાન રહેવા માટે સુંદર લાગે છે, તેવી રીતિએ સુંદર વિચારોની આવ-જાવથી આત્માને રહેવા માટે સારા શરીરની પ્રાપ્તિ થાય છે. હમણાં જ મેં, સારા વિચારમાં રક્ત એવા માણસને મરણપથારીએ જોયેલો હતો. તે કેવળ વયમાં જ વૃદ્ધ હતો. જેટલી શાંતિપૂર્વક તે જીવતો હતો, તેટલી જ શાંતિપૂર્વક તે મૃત્યુને પામ્યો.

શરીરને સુધારવા માટે આનંદમય વિચારો સમાન કોઈ ડૉકટર નથી. તેના સમાન કોઇ દુ:ખમાં દિલાસો આપનાર નથી.

શુદ્ધ વિચારો અને શુદ્ધ ધ્યેય કાર્યસાધક બને છે. ધ્યેય વિનાનો માણુસ ચિંતાનો શિકાર બની જાય છે, જેથી ધ્યેય હંમેશાં શુદ્ધ અને દૃઢ હોવું જોઇએ. પછી તે ધ્યેય સાંસારિક હોય કે આધ્યાત્મિક હોય! ઉચ્ચ ધ્યેય સ્વીકારવાની જેઓની શક્તિ નથી, તેઓએ પણુ પોતાની મામુલી ફરજ અદા કરવામાં પોતાના વિચારોને સ્થિર કરવા જોઇએ અને તેમ કરવાથી જ આગળ વધવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

નબળામાં નબળો આત્મા પણુ, પોતાની નબળાઇને જાણીને અને ‘પ્રયત્નો દ્વારા જ બળની પ્રાપ્તિ થાય છે’— એમ જાણીને તુરત જ પ્રયત્નો કરે છે અને તેવો માણુસ પ્રગતિ કર્યા વિના રહેતો જ નથી. જેમ શારીરિક નબળાઇ કસરત કરવાથી દૂર થાય છે, તેમ માનસિક નબળાઈ પણુ સાચી દિશામાં વિચારો કરવાથી દૂર થાય છે.

ધ્યેય નક્કી કર્યા પછી તેની પરિપૂર્ણતાને પામવા માટે માણુસે લાઇનદોરી કરી રાખવી જોઈએ, શંકા તથા ભયથી રહિત બની જવું જોઇએ અને બીજે કયાંય દૃષ્ટિ રાખવી નહિ જોઇએ. કોઈ પણુ કાર્ય, તેમાં શંકા અગર તો ભય રાખવાથી સાધી શકાતું જ નથી. કાર્ય કરવાની ઇચ્છા ‘હું કરી શકું એમ છું’—એ જ્ઞાનથી થાય છે અને શંકા તથા ભય આ જ્ઞાન થવામાં આડાં આવે તેવાં હોય છે, માટે જે તેમને પોષ્યા કરે છે, તે પગલે પગલે ગોથાં ખાય છે. તેમને

જીતનાર નિષ્ફળતાને જીતનાર છે. ધ્યેયમાં નિડરપણે વિચારોને જોડવાથી માણુસ ઘણા જ ઉંચા દરજ્જાને પામી શકે છે.

## સફળતામાં વિચારોનો હિસ્સો

સફળતા અને નિષ્ફળતા—એ વિચારોનું પરિણામ છે. માણુસની નબળાઇ અને બળ, શુદ્ધિ અને અશુદ્ધિ, એના પોતાના જ છે પણ બીજા કોઇના નથી. તેમાં પરિવર્તન પણ પોતે જ લાવી શકે તેમ છે. તેના સંયોગો, સુખ, દુ:ખ વિગેરેનો કર્ત્તા પણ પોતે જ છે. જેવા તેના વિચારો છે, તેવો જ તે છે. ઘણા લોકોનું કહેવું છે કે—"અમુક માણુસ જુલ્મી છે એટલે બીજાઓ ગુલામી ભોગવે છે, માટે જુલ્મી માણુસને ધિક્કારવો જોઇએ."

બીજા કેટલાકોનું એમ કહેવું છે કે—"ઘણા લોકો ગુલામ છે એટલે તેઓ ઉપર અમૂક માણુસ જૂલ્મ કરી શકે છે, માટે ગુલામોનો તિરસ્કાર કરો."

વસ્તુત: જૂલ્મી માણુસ અને ગુલામો અજ્ઞાનપણે પણ પરસ્પરના સહાયક છે. સાચી રીતિએ બન્ને પક્ષો પોતાને જ નુકશાન કરી રહ્યા છે અને તેથી બન્ને દયાપાત્ર છે. જેણે નબળાઇને જીતી છે અને સ્વાર્થને છોડયો છે, તે આ બન્નેથી જૂદો જ પડે છે અને તે જ સ્વતંત્ર છે.

આ વિશ્વ પણ લોભી, અપ્રામાણિક તથા ગુણહીનને સહાય કરતું નથી: પછી ભલે ઉપરથી સહાય કરતું દેખાતું હોય! વાસ્તવિક રીતિએ પ્રામાણિક માણુસને જ તે સહાય કરે છે. સઘળાય જ્ઞાનિઓએ આ વસ્તુને ભિન્ન ભિન્ન સ્વરૂપે જાહેર કરેલ છે અને તેની સત્યતાનો પૂરાવો જેને જોઈતો

હોય, તેણે કેવળ પોતાના વિચારોને સુધારીને ગુણીયલ બનવું જોઇએ.

## ઉંચા આદર્શો

ઉંચા સ્વપ્ન સેવનારાઓ જગતના રક્ષક છે. જે માણુસ પોતાના હૃદયમાં ખૂબ ઉંચા આદર્શને ધરી રાખે છે, તે એક દિવસ જરૂર તેના પારને પામે છે. **કોલમ્બસ** બીજી દુનિયા જોવાનાં સ્વપ્નો સેવતો હતો અને તેણે તેની શોધ પણ કરી. **બુદ્ધ** સંપૂર્ણ શાંતિ અને કલંક વિનાની સુંદર દુનિયા જોવાની ધારણા ધારતો હતો અને તે પ્રમાણેની આધ્યાત્મિક દુનિયામાં તેણે પ્રવેશ કર્યો. માટે જો તમે તમારા આદર્શો પ્રત્યે વફાદાર રહેશો, તો અંતે તમારા મનોરથો પૂરા થશે.

માણુસની હલકી જાતિની ઈચ્છાઓ સફળતાને પામે તથા શુદ્ધ અને ઉચ્ચ કોટિની ઈચ્છાઓને નિષ્ફળતા મળે, એવું કદી બની શકે છે ? નહિ જ. કુદરતના કાનુનમાં એવો એક તરફી કાયદો હોઈ શકતો જ નથી. તમે ભવિષ્યમાં કેવા થવાના છો, તે તમારા આદર્શ ઉપરથી કહી શકાય તેમ છે. મહાન્ કાર્યો અમુક વખતને માટે સ્વપ્ન જેવાં જ હોય છે, પરન્તુ સ્વપ્નો એ સાચી વસ્તુસ્થિતિનાં બીજ છે.

તમારા ઉંચા વિચારોની સામે પ્રતિકૂળ સંયોગો પણ લાંબો વખત નહિ ટકી શકે. તેને માટે એક યુવકનું દૃષ્ટાંત છે. એક કારખાનામાં તે યુવકને ઘણા વખતથી મજુરી કરવી પડે છે. તેણે કોઇ જાતિની કેળવણી પણ પ્રાપ્ત કરી નથી, પરન્તુ તે સારા વિચારોને સેવે છે અને મનમાં પોતાના

જીવન માટેની આદર્શ સ્થિતિની કલ્પના કરે છે. આથી સ્વતંત્રતા તરફ તેનું મન ખેંચાય છે. પોતાની ફુરસદનો અલ્પ સમય પણ તે પોતાની શક્તિને ખીલવવામાં કાઢે છે. થોડા વખતમાં જ તે, શરીરથી વસ્ત્ર દૂર કરવામાં આવે છે તે રીતિએ, કારખાનાથી દૂર થાય છે. થોડાં વર્ષો બાદ તે પોતા ઉપર મોટી જવાબદારીવાળાં કામો ઉઠાવવાને શક્તિસંપન્ન થાય છે અને તેના વચનથી લાખોનાં જીવન પલટાઇ જાય છે. પરિણામે આજે તે પોતાના આદર્શની સાથે એકમેક બની ગયો છે.

જેઓ બહુ વિચારશીલ નથી હોતા, તેઓ આ બધું ભાગ્યાધીન છે અગર તો અકસ્માતથી થાય છે, એમ માને છે. તેઓ સામા માણુસના કેટલા પ્રયત્નો છે, કેટલો ભોગ છે, કેટલા પ્રમાણુમાં નિષ્ફળતા છે, એ તરફ લક્ષ્ય પણ આપતા નથી. મનુષ્યના દરેક વ્યવહારમાં પરિણામનું માપ પ્રયત્નની દૃઢતા ઉપર અવલંબે છે.

## મનની શાંતિ

'મનની શાંતિ'—એ ડહાપણનું સુંદર રત્ન છે. આત્મિક સંયમમાં ખૂબ કાળજી અને પ્રયત્નનું એ પરિણામ છે. તેની હાજરી પરિપકવ અનુભવની નિશાની છે. જેટલા પ્રમાણુમાં માણુસ—'વિચારોની અસર બાહ્ય સામગ્રી ઉપર કેટલી છે'—એવું સમજી શકે છે, તેટલા પ્રમાણુમાં તેનું મન શાંતિનો અનુભવ કરે છે. પછી તો તે જગતની હરેક સ્થિતિમાં કાર્ય—કારણ ભાવનો વિચાર કરીને નિશ્ચિંતપણે બેસી શકે છે. તેને કોઈ જાતિનું દુઃખ થતું જ નથી.

શાંત માણુસ પોતા પર કાબૂ રાખવા ઉપરાંત બીજાને

પણ અનુકૂળ થઈ જાય છે. અને બીજાઓ તેના પ્રત્યે આદર-ભાવ રાખનારા બને છે તથા તેની આધ્યાત્મિક શક્તિ જોઇને તેના પર વિશ્વાસ રાખતા થાય છે. જેમ જેમ માણસ વધુને વધુ શાંત બને છે, તેમ તેમ તેની સફળતા અને શક્તિ વધતી જાય છે. સંસારમાં પણ તે જ માણસ આબાદી ભોગવે છે, કે જે પોતાના મન ઉપર કાબુ રાખે છે અને જેનો સ્વભાવ બીજાઓને અનુકૂળ હોય છે.

શાંત માણસને સૌ કોઇ ચાહે છે. તે માણસ ગરમીમાં છાયાવાળા વૃક્ષ સમાન છે. મનની શાંતિ, એ સંસ્કૃતિની પરાકાષ્ઠા છે, જીવનનું પુષ્પ છે, આત્માનું ફળ છે, ડહાપણ જેટલું કિંમતી છે અને સોના કરતાં પણ અધિક ઇચ્છવા યોગ્ય છે.

લક્ષ્મીનો ગુલામ શાંત માણસની અપેક્ષાએ કેટલો તુચ્છ છે? પોતાના ખરાબ સ્વભાવથી તો કેટલાય લોકો પોતાના જીવનોને ખાટાં બનાવે છે તથા જીવનની મધુરતાનો નાશ કરે છે. દુનિયાનો બહોળો ભાગ સારા વિચારના અભાવે આ રીતિએ દુ:ખી થઈ રહ્યો છે.

માટે વિચારના શિખર ઉપર તમારા હાથને દૃઢ રીતિ-એ ધારી રાખો અને આત્મા રૂપી વહાણુમાં માલિક સુતો છે, તેને જગાડો. આત્મિક સંયમ એ બળ છે, વિચાર એ માલિક છે અને શાંતિ એ શક્તિ છે. માટે તમારા હૃદયને ઉદ્દેશીને કહો કે 'હે હૃદય! તું શાંત થઇ જા!' અથવા શાંતિને ઉદ્દેશીને કહો કે "હે શાંતિ! તું સ્થિર થઇ જા!!"

# અન્તિમ-કથન.

ધર્મ-શ્રદ્ધા એટલે ધર્મના અસ્તિત્વની દૃઢ પ્રતીતિ: ધર્મના ફલનો અખંડ વિશ્વાસ: ધર્મના સ્વરૂપનો ચોક્કસ નિર્ધાર. ધર્મ એક અતીન્દ્રિય વસ્તુ છે. ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થોના અસ્તિત્વની પ્રતીતિ કે સ્વરૂપનો નિર્ધાર કરવો એ જેટલો સુલભ હોય, તેટલો ઇન્દ્રિયોને અગોચર પદાર્થનો સુલભ ન હોય, એ સહજ છે. પરન્તુ જે વસ્તુ અતિશય કીંમતી હોય, જેનો ઉપયોગ અને જરૂર સૌથી વિશેષ પડતી હોય, તેવી ઐન્દ્રિયક કે અતીન્દ્રિય વસ્તુને ઓળખવી, ઓળખીને તેના સ્વરૂપનો નિશ્ચય કરવો, નિશ્ચય કરીને તેના શુભાશુભ ફળ ઉપર પ્રતીતિ અને વિશ્વાસ કેળવવો, કેળવીને તેને જીવનના ઉપયોગમાં ઉતારવું, એ આ દુનિયામાં કોઇ નવી ચીજ નથી. ઈલેકટ્રીક, રેડીઓ, વાયરલેસ વિગેરેની શોધો, એ વિષયના જીવતાં અને જાગતાં ઉદાહરણો છે. એ બધી વસ્તુઓનાં કાર્યો ભલે ઈન્દ્રિય ગોચર હોય પરન્તુ એ બધી વસ્તુઓ શું છે? તેનાં ચોક્કસ સ્વરૂપ આદિ ઇન્દ્રિય ગોચર હજુ સુધી થઈ શક્યાં નથી. છતાં તેનાં કાર્યો ઉપરથી તેનાં પ્રથક્ પ્રથક્ સ્વરૂપની પણ હયાતિ અવશ્ય સ્વીકારવામાં આવે છે. જો કે એ બધી

વસ્તુઓ આ એક જ જીવનને ઉપયોગી નિવડે છે એટલુંજ નહિ, કિન્તુ ઘણીવાર ભયંકર ઘાતક સ્વરૂપ પણ ધારણ કરી લે છે, તો પણ રોજના ઉપયોગમાં અવનારી હોવાથી એની શોધો નિરર્થક છે, એમ કોઇ માનતું નથી. ધર્મ એ પણ એક એવી ચીજ છે કે જે કોઇને પણ અહિતકર થયા વિના સૌ કોઈને ઉપયોગી નિવડે છે. તે બાહ્ય ચક્ષુને ગોચર નહિ હોવા છતાં તેનાં કાર્ય, કારણ અને સ્વરૂપ વિગેરેથી સદાય પ્રત્યક્ષ છે. બાહ્ય દૃષ્ટિએ તેનો કાંઇ પણ ઉપયોગ નહિ દેખાવા છતાં આંતર દૃષ્ટિએ તેજ એક સૌ કોઈના જીવનમાં સદા સૌથી અધિક અને ખરેખરી ઉપયોગમાં આવનારી વસ્તુ છે.

ધર્મ અધર્મની વાતો મિથ્યા છે અને સ્વાર્થી માણસોએ સ્વાર્થ સાધવા માટે ઉપજાવી કાઢેલી છે, એમ કહેનારાઓ પણ આ દુનિયામાં છે પરન્તુ તેઓ સાવ અજ્ઞાન છે અને તેથી તેવાઓની વાત સદંતર અવિશ્વાસ કરવા લાયક છે. ધર્મ અધર્મની વાત મિથ્યા પણ નથી અને સ્વાર્થીઓએ પોતાની કલ્પનામાંથી ઉપજાવી કાઢેલી પણ નથી કિન્તુ જગતના સર્વશ્રેષ્ઠ પુરૂષોએ, સંપૂર્ણ જ્ઞાની અને સંપૂર્ણ સ્વાર્થ ત્યાગી મહાપુરૂષોએ પોતાના જ્ઞાનમાં જોયેલી અને કેવળ લોક હિત માટે જ કહેલી વાત છે. જગતનાં સર્વશ્રેષ્ઠ પ્રમાણોથી સિદ્ધ તે વાતને નહિ સમજી શકનારા અથવા સમજવા છતાં માનવાની આનાકાની કરનારાઓ જ ખરેખરા અજ્ઞાની, સ્વાર્થી અને ધૂર્ત પુરૂષો છે, એ વાત કદીપણ ભૂલવી જોઈએ નહિ.

ધર્મ જેવા અતીન્દ્રિય પદાર્થને ઓળખવા માટે મૂખ્ય પ્રમાણ તો અતીન્દ્રિય જ્ઞાનને ધારણ કરનારા મહાપુરૂષોએ

પ્રકાશેલું શાસ્ત્ર જ છે. એ સિવાય એને સાક્ષાત્ જાણવાનો બીજો કોઈ સત્ય ઉપાય છે જ નહિ. તો પણ બીજી જેટલી જેટલી રીતિઓએ ધર્મની પ્રતીતિ થાય છે, તે સર્વ રીતિઓએ, ધર્મને, ધર્મનાં અસ્તિત્વને, ધર્મનાં સ્વરૂપને અને ધર્મનાં ફળને સમજાવવા માટે હિતસ્વી પૂર્વ પુરૂષોએ પ્રયાસ કરવામાં કમીના રાખી નથી. અને તે રીતિઓ–આગમ પ્રમાણ ઉપરાંત પ્રત્યક્ષ અનુભવ પ્રમાણ અને એના ઉપરથી ફલિત થતાં અનુમાન વિગેરે પ્રમાણો દ્વારા ધર્મને ઓળખવાની છે.

ધર્મ અતીન્દ્રિય હોવા છતાં તેની સત્તાને સાબિત કરનાર પ્રાણી માત્રનો પ્રત્યક્ષ અનુભવ પણ છે. જેમકે:—

કોઇ પણ સચેતન એવું પ્રાણી આ જગતમાં છે નહિ કે જેને રોજના જીવનમાં કાંઈ ને કાંઇ સુખ દુ:ખનો અનુભવ કરવો પડતો હોય નહિ. સુખ દુ:ખ એ પ્રત્યક્ષ અનુભવની વસ્તુઓ છે. એનો ઈન્કાર કોઇથી પણ થઇ શકે તેમ નથી. જગતની વિચિત્રતા પણ પ્રત્યક્ષ છે. મનુષ્યત્વ દરેક મનુષ્યમાં સમાન હોવા છતાં કેટલાક સ્વામિપણું ભોગવે છે અને કેટલાક દાસપણું અનુભવે છે. કેટલાક હજારો અને લાખોનું પોષણ કરનારા હોય છે. અને કેટલાક પોતાનું પેટ પણ પુરૂં ભરી શકતા નથી. કેટલાક દેવોની જેમ નિરન્તર ભોગવિલાસમાં લીન દેખાય છે અને કેટલાક નારકીઓની સમાન પીડાઓનો અનુભવ કરી રહ્યા હોય છે. કેટલાક મરણ પર્યંત નિરોગી દેખાય છે અને કેટલાક જન્મથી જ રોગી નજરે પડે છે. કેટલાક દીર્ઘ આયુષ્ય ભોગવે છે અને કેટલાક બાલ્યાવસ્થામાં જ મરણને શરણ થાય છે. કેટલાકને ત્યાં ઋદ્ધિ અને સિદ્ધિની

નિરંતર છોળો ઉછળે છે અને કેટલાકને હોય તેમાં પણ હંમેશાં હાનિ થતી રહે છે. આમ સુખ-દુ:ખની વિચિત્રતાથી સમસ્ત સંસાર ભરેલો છે, એટલુંજ નહિ પણ એક જ મનુષ્ય કે પ્રાણિનું જીવન સુખ-દુ:ખ અને ચઢતી-પડતીના અનેક પ્રસંગોથી વ્યાપ્ત દેખાય છે. એ સુખ-દુ:ખને ઉત્પન્ન કરનાર કોણ? સુખ-દુ:ખ એ કાર્ય છે, અને કાર્ય માત્ર કારણપૂર્વક જ હોય છે, એવો આ સૃષ્ટિનો અવિચળ નિયમ છે. તો પછી એ સુખ-દુ:ખનાં કારણો ક્યાં? બાહ્ય અનુકૂળ સંયોગો એ સુખનાં કારણો અને બાહ્ય પ્રતિકૂળ સંયોગો એ દુઃખનાં કારણો-એમ એક વાર માની લઈએ, તો પણ એવા બાહ્ય સંયોગોની પ્રાપ્તિમાં હેતુ કોણ? અથવા એક સરખા બાહ્ય સંયોગોમાં પણ જે સુખ-દુ:ખની અનેક પ્રકારની તરતમતાઓ દેખાય છે, તેનાં કારણો શું? આ કારણોની શોધમાં ઉતરતાં બાહ્ય કારણોની પાછળ રહેલાં આભ્યન્તર કારણો સુધી પહોંચવું જ પડે છે. એ આભ્યન્તર કારણો-પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ-કે શુભાશુભ કર્મ સિવાય બીજાં કોઇ જડે તેમ નથી. કોઇ એને દૈવ કહે છે તો કોઈ એને ભાગ્ય કહે છે, કોઇ એને પ્રારબ્ધ કહે છે તો કોઇ એને ઈશ્વરદત્ત કહે છે, અથવા કોઈ એને ભગવાનની લીલા કહે છે, કિન્તુ સૌ કોઈને કોઇ પણ નામથી સુખ-દુ:ખનાં કારણ રૂપ એક અતીન્દ્રિય સત્તાનો સપ્રમાણ સ્વીકાર કરવો જ પડે છે. અંકુરનું કારણ જેમ બીજ છે, તેમ સુખ-દુ:ખ રૂપી અંકુરોનું કારણભૂત બીજ માનવું જ જોઇએ. અને એ બીજને જ ભિન્ન ભિન્ન દર્શકારોએ ભિન્ન ભિન્ન નામોથી સંબોધેલું છે. પ્રમાણશાસ્ત્રને સમજનાર કોઇ પણ દર્શનકાર તેનો ઈન્કાર કરી શકયું નથી.

જૈન શાસ્ત્રકારોએ તેને શુભાશુભ કર્મની સંજ્ઞા આપેલી છે. સુખ-દુ:ખનાં કારણભૂત એ કર્મબીજનું સ્વરૂપ સ્પષ્ટતયા સમજાવવા માટે આજે પણ જૈન દર્શનમાં, જગત્‌ની સર્વશ્રેષ્ટ ભાષાઓમાં લખાયેલું, લાખો શ્લોક પ્રમાણ સાહિત્ય હયાતિ ધરાવે છે.

સુખ, દુ:ખ અને જગત્-વૈચિત્ર્યના પ્રત્યક્ષ અનુભવ ઉપરથી ફલિત થતાં કર્મરૂપી અદૃષ્ટ કારણ સુધી સૌ કોઇ બુદ્ધિમાનને પહોંચવું જ પડે છે. શાસ્ત્રીય પરિભાષામાં એને 'કાર્યાનુમાન' કહેવાય છે. ધૂમ દર્શનથી અગ્નિનું અનુમાન, એ જેટલું સત્ય છે, તેટલું જ સત્ય સુખ-દુ:ખ રૂપી કાર્ય દર્શનથી તેના કારણભૂત પુણ્ય-પાપ અને ધર્મ-અધર્માદિનું અનુમાન કરવું તે છે.

બીજી રીતે જોતાં જીવ માત્રમાં આત્મત્વ સરખું છે, છતાં નર, પશુ આદિ દેહવૈચિત્ર્ય જણાય છે, તેનું કારણ પણ હોવું જ જોઈએ. માતાપિતાદિ દૃષ્ટ હેતુઓજ તેનાં કારણો છે, એમ કહેવું એ ઠીક નથી, કારણ કે-દૃષ્ટ હેતુ સમાન હોવા છતાં સુરૂપ, કુરૂપાદિ દેહવૈચિત્ર્ય પણ પ્રત્યક્ષ દેખાય છે. તે પણ કારણ વિના થવું અશક્ય છે. શુભ દેહની પ્રાપ્તિ એ પુણ્ય યા ધર્મનું કાર્ય છે અને અશુભ દેહની પ્રાપ્તિ એ પાપ યા અધર્મનું કાર્ય છે, એમ માન્યા સિવાય કોઇને પણ ચાલે તેમ છે જ નહિ.

જેમ 'કાર્યાનુમાન'થી ધર્મ-અધર્મની સત્તા પ્રત્યક્ષ થાય છે તેમ 'કારણાનુમાન'થી પણ ધર્મ અધર્મની સત્તા પ્રત્યક્ષ થાય છે. ક્રિયા માત્ર કાંઇને કાંઈ ફળ આપનારી

છે જ, એ પણ આ વિશ્વનો એક અવિચળ નિયમ છે. આ જગતમાં પ્રાણિઓ દ્વારા બે વિરૂદ્ધ પ્રકારની ક્રિયા થઇ રહેલી સ્પષ્ટ દેખાય છે. કેટલાક દાનાદિ શુભ ક્રિયાઓમાં રક્ત હોય છે, અને કેટલાક હિંસાદિ અશુભ ક્રિયાઓમાં રક્ત હોય છે. કૃષિ વિગેરે ક્રિયાનું ધાન્યનિષ્પત્તિ આદિ દૃષ્ટ ફલ દેખાય છે, તેમ દાનાદિ અને હિંસાદિ ક્રિયાનું પણ દૃષ્ટ ફલ દેખાય છે: પરન્તુ એ દૃષ્ટ ફલ એકાંતિક કે આત્યંતિક નથી. દાનાદિ કરનારને કીર્તિ આદિ દૃષ્ટ ફલ મળે છે અને કેટલીક વાર નથી પણ મળતું અને કેટલીક વાર વિપરીત પણ મળે છે. હિંસાદિ કરનારની પણ અપકીર્તિ આદિ થાય જ છે, એવો નિયમ નથી. એ રીતિએ દૃષ્ટફલમાં અનેક ભેદ અને તરતમતાઓ પડી જાય છે, જ્યારે અદૃષ્ટ ફલ બધાને અવશ્ય ભોગવવું જ પડે છે. હિંસાદિ ક્રિયા-ઓનું અદૃષ્ટ ફલ પાપ રૂપ માનવામાં ન આવે તો અદૃષ્ટ ફલના અભાવે સર્વે પાપ કરનારાઓની મરણની સાથે જ મુક્તિ થઈ જવી જોઇએ અને થોડાજ વખતમાં સંસાર જીવોથી શૂન્ય થઇ જવો જોઇએ. તથા સંસારમાં કોઇ દુ:ખી પણ રહેવું જોઇએ નહિ પરન્તુ આ સંસારમાં તેમ કદી બનતું જ નથી. સંસાર અનંતકાળ થયા અનંતાનંત જીવોથી ભરેલો જ દેખાય છે અને તેમાં સુખી કરતાં દુ:ખીની સંખ્યા જ અધિક જણાય છે. આ સંસારમાં હિંસાદિ અશુભ ક્રિયાઓ કરનારા અધિક છે અને દાનાદિ શુભ ક્રિયાઓ કરનારા અલ્પ છે, એથી એ ફલિત થાય છે કે હિંસાદિ અશુભ ક્રિયાઓ કરનારા, એ હિંસાદિથી ઉત્પન્ન થયેલું, (પોતે નહિ ઇચ્છેલું એવું પણ) દુ:ખ રૂપી ફલ અવશ્ય ભોગવે છે. અને દાનાદિ શુભ ક્રિયાઓ કરનારા (અણુચિંતવી રીતિએ પણ) સુખ રૂપી ફલને મેળવે

છે. એ રીતિએ આ સંસારનો પ્રત્યક્ષ અનુભવ, એજ પુણ્ય, પાપ અને તેના અનુક્રમે સુખ દુઃખ રૂપી ફલોની હયાતિને સિદ્ધ કરે છે.

પુણ્ય અને પાપ તથા ધર્મ અને અધર્મની પ્રત્યક્ષ સાબિતી આપનારાં કાર્ય અને કારણો આ જગતમાં જેમ નજરે દેખાય છે તેમ તેનાં સ્વરૂપનો નિશ્ચય કરાવનાર સાબિતીઓ પણ આ જગતમાં પ્રત્યક્ષ ગોચર થાય જ છે. ધર્મ–અધર્મ કે પુણ્ય–પાપ એ આત્મધર્મ રૂપ છે. આત્મા એ સ્વસંવેદન પ્રત્યક્ષ સિદ્ધ તત્ત્વ છે. સારી નરસી અનેક પ્રકારની લાગણીઓ આત્મામાં થયા જ કરે છે. કોઇ વાર આત્મા રાગયુક્ત બને છે, તો કોઈ વાર દ્વેષયુક્ત બને છેઃ કોઈવાર હર્ષયુક્ત દેખાય છે, તો કોઈ વાર વિષાદયુક્ત જણાય છે: એ પ્રમાણે કોઇ વાર ક્ષમાવાન તો કોઇવાર ક્રોધી, કોઈવાર માનયુક્ત તો કોઈવાર વિનયી, કોઇવાર માયાયુક્ત તો કોઈ વાર સરળ સ્વભાવી, કોઈવાર તૃષ્ણાવાન તો કોઈવાર સંતોષી– એમ અનેક પરિવર્તનો થતાં આત્મામાં પ્રત્યક્ષ અનુભવાય છે. ભિન્ન ભિન્ન નિમિત્તો દ્વારા થતાં આત્માના આ ભિન્ન ભિન્ન પરિવર્તનો એજ નિશ્ચયથી ધર્મ-અધર્મનું સ્વરૂપ છે: ક્ષમા–મૈત્રી આદિ ભાવો એ ધર્મનું સ્વરૂપ છે અને ક્રોધ-દ્વેષાદિ ભાવો એ અધર્મનું સ્વરૂપ છે.

ધર્મના અસ્તિત્વને સિદ્ધ કરનાર કારણો, કાર્યો અને સ્વરૂપની જેમ હયાતિ પ્રત્યક્ષ સિદ્ધ છે, તેમ તેનાં ફલને જણાવનાર સુખ, દુઃખ અને તેને ભોગવવાનાં સારાં નરસાં સ્થાનોની હયાતિ પણ દુનિયામાં પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ છે. આગમ પ્રમાણ તો એ વાતનું ખૂબજ સમર્થન કરે છે.

ઉત્કૃષ્ટ પુણ્યનું ફલ સ્વર્ગ છે, ઉત્કૃષ્ટ પાપનું ફલ નરક છે, અને સર્વથા પુણ્ય પાપથી રહિત અવસ્થા એ મોક્ષ છે, એમ શ્રી જિનાગમ જોરશોરથી પ્રતિપાદન કરે છે. અને ધર્માધર્મનો વાસ્તવિક નિર્ણય કરવાનું આખરી સાધન પણ તેજ છે. આપ્ત પુરૂષોનાં વચન સ્વરૂપ આગમ, એને અનુસરતી યુક્તિ અને જીવોનો પ્રત્યક્ષ અનુભવ, એ સર્વ એ રીતે એકી અવાજે ધર્મ અને તેનાં ફલની હયાતિને સિદ્ધ કરે છે.

એ ધર્મને ધર્મશાસ્ત્રકારોએ અનેક ઉપમાઓ વડે પ્રશંસ્યો છે. ધર્મને **માતા, પિતા, બન્ધુ, સ્વામી, ગુરૂ અને મિત્રાદિની** ઉપમાઓ શાસ્ત્રમાં આપી છે. જેમ કે:—ધર્મ એ **માતાની** જેમ ઉત્તમ ગતિમાં જન્મ આપે છે, **પિતાની** જેમ અગ્નિ જળ આદિની આપત્તિઓથી રક્ષણ કરે છે, **બન્ધુની** જેમ ઘોર પાપકર્મ કરનારાઓને પણ દુર્ગતિમાં પડતાં બચાવી લે છે, **સ્વામિની** જેમ નિગોદાવસ્થા જેવી ક્ષુદ્ર અવસ્થામાંથી દેવેન્દ્રોને પણ પૂજ્ય એવી ઉચ્ચ અવસ્થાએ પહોંચાડે છે, **ગુરૂની** જેમ એકેન્દ્રિયાદિમાં જઘન્ય ચેતના ધારણ કરનારને પણ કેવળજ્ઞાનાદિ અસાધારણ ગુણો પમાડે છે, અને **મિત્રની** જેમ સદા સાથે રહીને અનેક પ્રકારના આનંદ, કલ્લોલ અને સુખનાં સાધનો પૂરા પાડે છે. બાહ્ય કે આંતર શત્રુના પરાભવ વખતે ધર્મ એ બખ્તરનું કાર્ય કરે છે, જડતારૂપી શૈત્યનો ઉચ્છેદ કરવા માટે ધર્મ એ સૂર્યના આતપનું કાર્ય કરે છે અને મિથ્યાત્વાદિ પાપના મર્મ સ્થાનોને ભેદવા માટે ધર્મ એ અદ્વિતીય શૂલ અને શસ્ત્રનું કાર્ય કરે છે. ધર્મનું ફળ દર્શાવતાં, પણ શાસ્ત્રકાર મહર્ષિઓ

ફરમાવે છે કે ધર્મથી રાજા મહારાજાપણું મળે છે, બળદેવ વાસુદેવપણું મળે છે, તથા નવનિધાન, ચૌદ રત્ન અને છ ખંડની માલિકીવાળું ચક્રવર્તિપણું પણ ધર્મથી જ મળે છે. વૈક્રિય શક્તિવાળું દેવપણું, દેવોના આધિપત્યવાળું ઇન્દ્રપણું કે કોઈના પણ આધિપત્ય કે સ્વામિ–સેવકભાવ વિનાનું અહમિન્દ્રપણું તથા અનંત અતિશયોના ધામસ્વરૂપ ત્રૈલોક્યપૂજનીય શ્રી તીર્થંકરદેવ યા દેવાધિદેવપણું પણ ધર્મથી જ મળે છે. આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક સર્વ ઇષ્ટના સર્વ સમાગમો ધર્મથી જ પ્રાપ્ત થાય છે. ધર્મ એ અમિત્રનો મિત્ર છે, અબન્ધુનો બન્ધુ છે અને અનાથનો નાથ છે. પુણ્યરૂપી ધર્મ જીવનું ધારણ પોષણ કરે છે અને નિર્જરારૂપી ધર્મ આત્માને યાવત્ સર્વજ્ઞપણાના વૈભવવાળા અવ્યાબાધ પદને પમાડે છે. એ રીતે જગતના હિતમાં સૌથી મોટો ફાળો કોઈનો પણ હોય તો તે ધર્મનો જ છે: પરન્તુ એ વાત જગતના લક્ષ્ય બહાર છે. તે તરફ જગતનું લક્ષ્ય ખેંચવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ અથાગ પરિશ્રમ સેવ્યો છે. તેનાં ફલસ્વરૂપે નાનાં મોટાં અનેક શાસ્ત્રો સમ્યગ્દૃષ્ટિ મહાપુરૂષોપ્રણીત આજે પણ મળી આવે છે. એ શાસ્ત્રોની સાથે સીધો સંપર્ક ન સાધી શકે એવાઓ પણ ધર્મના સ્વરૂપને પિછાની શકે, ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને દૃઢ રીતે ધારણ કરી શકે અને ધર્મનાં આચરણથી પરિણામે પારાવાર લાભ ઉઠાવી શકે, એ માટે આવા પુસ્તકોની પણ આજકાલ ઉપયોગિતા છે. આ પુસ્તકનું વાંચન એમાં ચર્ચેલા વિષયોનું પ્રતિપાદન કરનારા મહાન શાસ્ત્રગ્રન્થોને ભણવાની અને તે ન બની શકે તો છેવટે અધિકારી આત્માઓના મુખથી શ્રવણ

કરવાની જિજ્ઞાસાને પણ ઉત્પન્ન કરે, તો પણ શ્રમ સફળ થયો લેખાશે.

ધર્મ કરવો એ જૂદી વાત છે અને શ્રદ્ધાપૂર્વક ધર્મ કરવો એ જૂદી વાત છે. શ્રદ્ધાહીન ધર્મ કરનાર કરતાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા ધારણ કરનાર કર્મવશાત્ ધર્મ નહિ કરી શકનાર પણ ઘણો આગળ છે. આત્મા પરલોકાદિ પદાર્થોનું સમ્યગ્જ્ઞાન શ્રદ્ધા રુપી શરીરના પ્રાણસમાન છે. એના સમ્યગ્જ્ઞાનવડેજ શ્રદ્ધા નિર્મળ થાય છે અને શ્રદ્ધા સહિતની ક્રિયા એજ મુક્તિરૂપી પરમ ફલની પ્રાપ્તિમાં પ્રધાન હેતુ છે,–એમ સમજી સૌ કોઇ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને સુદૃઢ બનાવવાના પ્રયત્નમાં તલ્લીન, તન્મય અને તદ્રૂપ બની જાઓ.

"शिवमस्तु सर्वजगतः,
परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखी भवतु लोकः ॥१॥"



सर्वसुखमूलबीजं
सर्वार्थविनिश्चयप्रकाशकम् ।
सर्वगुणसिद्धिसाधन-
धनमर्हच्छाशनं जयति ॥ १ ॥